વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ

ભાગ 3

● નગેન્દ્ર વિજય

VISIT…

LANZAROTE

Caliente.COM



વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ

ભાગ 3

લેખક :
નગેન્દ્ર વિજય

■

મુખપૃષ્ઠ ડિઝાઇન :
હર્ષલ પુષ્કર્ણા

■

મુદ્રક અને પ્રકાશક :
મૌર્ય મીડિયા
અમદાવાદ

■

મુદ્રણસ્થાન :
એલાઇડ ઑફસેટ પ્રિન્ટર્સ
ગોમતીપુર, અમદાવાદ

■

કિંમત :
પચાસ રૂપિયા

■

વેબસાઇટ :
www.safari-india.com

પ્રથમ વિશ્વવિગ્રહમાં ઑક્ટોબર ૩૧, ૧૯૧૪નો દિવસ ઐતિહાસિક હતો. એ દિવસે બપોરે છોડવામાં આવેલી એક બુલેટ જો તેના નિશાન પર વાગી હોત તો બાકીની વીસમી સદીનો ઇતિહાસ સદંતર જુદી રીતે લખાયો હતો, પણ ન વાગી એટલે ઇતિહાસ એવો જ લખાયો કે જેવો લખાવાનો હતો.

બેલ્જિયમને સાર્વજનિક રસ્તો સમજી તેની આરપાર નીકળી ફ્રાન્સ પર હુમલો કરવા જતી જર્મન ફોજમાં ૧૬મી રિઝર્વ રેજિમેન્ટ કહેવાતી ટુકડી હતી. બેલ્જિયમના યાયપર શહેર વટાવ્યા બાદ ફ્રાન્સનો સીમાડો આવતો હતો. ફ્રાન્સ પર કયા લશ્કરી વ્યૂહ પ્રમાણે હુમલો કરવો તેની સૂચના રેજિમેન્ટને હજી મળી ન હતી, એટલે તેના ૧,૨૦૦ સૈનિકોએ એક પુરાણા કિલ્લા ફરતેના લીલાછમ મેદાનમાં ધામો નાખ્યો. અમુક સૈનિકો આરામ ફરમાવતા બેઠા, જ્યારે અમુક જણા કિલ્લો જોવા અંદર ગયા. આ ટુકડી પશ્ચિમમાં આગળ વધી ફ્રાન્સના બોલોન અને કેલાઇ બંદરો પર સકંજો ન જમાવે એ માટે અહીં જ તેનો સજ્જડ મુકાબલો કરવો જરૂરી હતો. ફ્રાન્સની કુમકે પહોંચેલા બ્રિટિશ સૈન્યના એક બ્રિગેડિયર ચાર્લ્સ ફિટ્ઝક્લેરેન્સ દોઢ કિલોમીટર છેટે શંકુદ્રૂમ જંગલમાં રહી દૂરબીન વડે નિરીક્ષણ કરતી વખતે જર્મન સૈનિકોને જોયા અને જરા ચિંતિત બન્યો. ફિટ્ઝક્લેરેન્સની બ્રિગેડમાં ત્યારે ફક્ત ૩૭૦ સૈનિકો હતા. આમ છતાં ફરજનો પડકાર ઝીલી તેણે હલ્લો બોલાવ્યો. જર્મનોએ વળતો ગોળીબાર શરૂ કર્યો. જંગલનો આશ્રય છોડી ખુલ્લી જગ્યામાં આગળ વધવાનું થયું ત્યારે ઘણા અંગ્રેજ સૈનિકો વીંધાયા અને ઢળી પડ્યા. બાકીના સૌએ આગેકૂચ ચાલુ રાખી. જર્મન રેજિમેન્ટે પીછેહઠ કરવી પડી. ગણતરીની મિનિટોમાં પુષ્કળ ખુવારી તેણે વેઠી. અંતે જર્મનો ભાગ્યા અને ભાગતી વખતે પણ સોએક જણા તો વીંધાયા.

ન વીંધાયા તેમાં એક જણ ખાસ હતો, જેને એક બુલેટ સહેજ માટે ચૂકી ગઇ એ જર્મન સૈનિકનું નામ હતું : એડોલ્ફ હિટલર.

ગોળી નિશાનચૂક કેમ બની ? કારણ કે વીસમી સદીની તવારીખનાં અનેક પ્રકરણો એડોલ્ફ હિટલરના નામે લખાવાનાં હતાં. માત્ર યુરોપનો જ નહિ, બલકે સમગ્ર દુનિયાનો ઇતિહાસ બદલી નાખનાર તે પ્રકરણો પૈકી અમુક પ્રકરણો 'વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ'ના અગાઉ પ્રસિદ્ધ કરાયેલા બે અંકોમાં રજૂઆત પામ્યાં હતાં. આ ત્રીજા સંકલનમાં એવાં વધુ કેટલાંક પ્રકરણો વાંચો.■

--હર્ષલ પુષ્કર્ણા

અનુક્રમ




1

હિટલરના સિક્રેટ કોડ મશીન એનિગ્માને હાઇજેક કરવાનું મિશન : પ્રોજેક્ટ અલ્ટ્રા

એનિગ્મા નામ એ મશીનનું છે કે જે બીજા વિશ્વયુદ્ધમાં છેવટ સુધી હાર-જીતનું પલ્લું ઘડીકમાં એક તરફ તો ઘડીકમાં બીજી તરફ નમાવતું હતું. ગ્રીક ભાષામાં એનિગ્મા શબ્દનો અર્થ થાય કોયડો, ઉખાણું કે ગૂઢ રહસ્ય. સાદા વાયરલેસ સંદેશાને ભેદી કોડ લેન્ગવેજમાં ફેરવતું હિટલરનું એનિગ્મા ખરેખર રહસ્યની જાળ ગૂંથનારૂં મશીન હતું. હિટલરે તેનું રહસ્ય અત્યંત ખાનગી રાખ્યું હોવા છતાં દુશ્મન દેશોને એનિગ્માની ભાળ લાગી અને તેને મેળવવા તેઓ મરણિયા બન્યા.

પહેલા વિશ્વયુદ્ધની માફક બીજું વિશ્વયુદ્ધ અનેક મોરચે લડાતું હોવા છતાં તેમાં પણ હાર-જીતના નિર્ણય માટે 'ધ બેટલ ઑફ ધ ઍટલાન્ટિક' નામનો સાગરસંગ્રામ આખરે નિર્ણાયક બનવાનો હતો. આ સંગ્રામમાં વિજયી બનતો પક્ષ વિશ્વયુદ્ધ પણ જીતે એ સમીકરણ માનો કે શિલાલેખ જેવું પાકું હતું, કેમ કે--




બ્રિટનની જીવાદોરી ઍટલાન્ટિક મહાસાગરમાં પસાર થતી હતી. અઠવાડિયે ચાલીસ-પચાસ માલવાહક જહાજો તેના માટે સરેરાશ ૫,૯૫,૦૦૦ ટન શસ્ત્રસરંજામ અને બીજી સામગ્રી લાવતાં હતાં. બદલામાં પોતાને ત્યાં બનતી અમુક ચીજો નિકાસ કરી બ્રિટન આયાત માટે પૈસા રળતું હતું. હિટલર સામેના યુદ્ધમાં બ્રિટનનું અસ્તિત્વ સરવાળે આવા માલવાહક જહાજોને લીધે જ ટકી રહ્યું હતું. હિટલરની નાઝી સબમરિનો પણ એટલે જ વરુના ટોળાની જેમ પેંતરા રચી ઢોરોના ધણ જેવા માલવાહક જહાજોના કાફલા પર વારંવાર ત્રાટકતી હતી. એકલદોકલ સબમરિનો ક્યારે ટોળે મળી તે જાણી શકાય નહિ, કેમ કે તેમના વચ્ચે બિનતારી વાર્તાલાપ સાંકેતિક ભાષામાં ચાલતો હતો. હિટલરના નૌકાદળની સબમરિન શાખાનો સેનાપતિ એડમિરલ કાર્લ ડોનિટ્ઝ જર્મનીમાં બેસીને કેવી રીતે 'ધ બેટલ ઑફ ધ ઍટલાન્ટિક'નું સંચાલન કરે છે તે પામી શકાતું ન હતું, કારણ કે ડોનિટ્ઝ પણ સબમરિનો જોડે સાંકેતિક ભાષામાં વાર્તાલાપ ચલાવતો હતો. બ્રિટિશ નૌકાદળના ગુપ્તચરો તે સંદેશા ઝીલી શકતા હતા, પરંતુ સમજી શકતા ન હતા. વિશ્વયુદ્ધ શરૂ થયા બાદ ડિસેમ્બર, ૧૯૪૦ સુધીના માત્ર પંદર મહિનામાં બ્રિટને ૪૪૩ માલવાહક જહાજો ગુમાવ્યા... જીવાદોરીના તાંતણા એક પછી એક તૂટતા હોય એમ લાગવા માંડ્યું... જીવ પર આવેલા બ્રિટને સાંકેતિક ભાષાના જર્મન મશીન એનિગ્માને હસ્તગત કરવાના પ્રયાસો આદર્યા... અને તે સાથે 'ધ બેટલ ઑફ ધ ઍટલાન્ટિક' કહેવાતા સાગરસંગ્રામ ભેગો શરૂ થયો જીવસટોસટનો પકડદાવ !

આ સસ્પેન્સભરી અને વારંવાર સરપ્રાઇઝભર્યાં વળાંકો લેતી સત્યકથાનાં મંડાણ થયાં એ તારીખ હતી : ઑગસ્ટ ૨૬, ૧૯૧૪. દિવસના હિસાબે ગણો તો પ્રથમ વિશ્વયુદ્ધની હોળી સળગ્યા પછીનો બાવીસમો દિવસ.

સત્યકથાના પહેલા સીનનો પડદો જ્યાં ખૂલ્યો એ સ્થળ હતું ફિનલેન્ડ તથા રશિયા વચ્ચે આવેલા ફિનલેન્ડના અખાતનું મુખ, જ્યાંથી રશિયન મનવારો તેમના નૌકામથક સેન્ટ પિટર્સબર્ગ તરફ હંકારતી હતી. સમય હતો મધદરિયે ગાઢ ધુમ્મસ તેમજ અંધકાર પાથરી દેતી મધરાતનો.

--અને સત્યકથાનાં મંડાણ જેણે આડકતરી રીતે કર્યાં એ કમનસીબ જર્મન યુદ્ધજહાજનું નામ હતું 'મેગ્ડેબર્ગ'. ત્રણ વર્ષ અગાઉ 'મેગ્ડેબર્ગ'ને



◆ જર્મન નૌકાદળનું 'મેગ્ડેબર્ગ' યુદ્ધજહાજ, જે પ્રથમ વિશ્વયુદ્ધની બાજીને અણધારી રીતે પલટો મરાવવામાં નિમિત્ત બન્યું.

તરતું મૂકાયું ત્યારે જ નસીબે નક્કી કરી નાખ્યું કે પ્રથમ વિશ્વવિગ્રહમાં તેના પાપે જર્મન નૌકાદળનાં બારેય વહાણો ડૂબવાનાં ! આ ફજેતીના પગલે વર્ષો પછી બીજા વિશ્વવિગ્રહમાં એવા જ પરાજયનું જુદી રીતે (અને વધુ કફોડી રીતે) પુનરાવર્તન થાય એ વાત પણ નક્કી!


પહેલેથી જ 'મેગ્ડેબર્ગ'ના ભાગ્યનો પડિયો કાણો હોય તેમ જહાજવાડાને તેનું બાંધકામ કરવામાં અનેક વિઘ્નો નડ્યાં અને ખાસ્સો વિલંબ થયો. બંધાયા પછી જર્મન નૌકાદળે તેને મોખરાના યુદ્ધજહાજ તરીકે માન્યતા આપવાને બદલે નવા ટોરપિડોના પ્રેક્ટિકલ ટેસ્ટિંગનું તદન સામાન્ય કામ સોંપ્યું. આ યુદ્ધજહાજનું નામ બર્લિન નજીક આવેલા પ્રાચીન નગર મેગ્ડેબર્ગના નામે રાખવામાં આવ્યું હતું. નગરના હરખઘેલા રહીશોએ યુદ્ધજહાજના ઉદ્ઘાટન નિમિત્તે બે દિવસનો શાનદાર ઉત્સવ મનાવ્યો ત્યારે ધજાપતાકા વડે શણગારેલા 'મેગ્ડેબર્ગ'નું નસીબ ફરી વાંકુ પડ્યું. નગરજનોની સલામી ઝીલવા તેણે કાંઠાની સમાંતર 'ક્વીક માર્ચ' કરવાની હતી. એક ટર્બાઇનમાં એ જ વખતે મિકેનિકલ ડખો પેદા થયો અને બડી ધામધૂમ સાથે ગોઠવેલો શૉ નછૂટકે વહેલો સમેટી લેવાનો થયો.

'મેગ્ડેબર્ગ'ની સાથે બંધાયેલાં તેનાં જોડકાં યુદ્ધજહાજો જર્મન નૌકાદળના લડાયક કાફલામાં જોડાયાં, પરંતુ 'મેગ્ડેબર્ગે' ટોરપિડોના અખતરા કરનાર જહાજનો મામૂલી પાઠ બેએક વર્ષ સુધી ભજવ્યો. ઑગસ્ટ ૪, ૧૯૧૪ના રોજ પહેલું વિશ્વયુદ્ધ શરૂ થયું એ વખતે તેનો ભાવ પૂછવામાં આવ્યો. વિશ્વના બધા મુખ્ય દેશો જેમાં સામટા સંડોવાયા એવું તે પ્રથમ યુદ્ધ હતું. એક તરફ જર્મની, ઑસ્ટ્રિયા-હંગેરી સામ્રાજ્ય, બલ્ગેરિયા તથા ઓટોમાન (તુર્કી) સામ્રાજ્ય એમ ચાર દેશો હતા, જ્યારે બીજી તરફ બ્રિટન, ફ્રાન્સ અને રશિયા સહિત ૨૪ દેશોનો વળતો મોરચો ગોઠવાતો હતો. મારામારી ખાસ કરીને જમીન માટે હતી. રશિયા અને જર્મની પોતપોતાના સીમાડા ફેલાવવા માગતા હતા, એટલે મૂળ સંઘર્ષ તો એ બન્ને દેશો વચ્ચે હતો.


બ્રિટનને થયું કે યુરોપમાં રખે જર્મની બળવાન થયું તો વખત જતાં તે ભારત, કેન્યા, ઇજિપ્ત, નાઇજિરિયા વગેરે ગુલામ દેશોમાં અંગ્રેજ હકૂમતને પડકારે, એટલે બ્રિટિશ સરકારે રશિયાના પડખે રહી લડવાનું નક્કી કર્યું. આમેય બ્રિટનનો રાજા પંચમ જ્યોર્જ અને રશિયાનો ઝાર નિકોલસ બીજો નજીકના સંબંધી જ નહિ, જિગરી મિત્રો પણ હતા. પંચમ જ્યોર્જની સગી ફોઇ (બ્રિટનની રાણી વિક્ટોરિયાની દીકરી) ઝાર નિકોલસને પરણી હતી. જોગાનુજોગની વાત એ કે જર્મન સમ્રાટ વિલ્હેમ કૈઝર અને પંચમ જ્યોર્જ મામા-ફોઇના દીકરા હોવાના નાતે ભાઇ હતા. વિક્ટોરિયાની દીકરી વિલ્હેમ કૈઝરની માતા હતી. આમ છતાં વિલ્હેમને તથા જ્યોર્જને એકમેક સાથે બોલવાના પણ સંબંધ નહિ--અને રાજકારણમાં વળી સ્વાર્થ મહત્વનો કે સંબંધ ?

અહીં રજૂ કરેલા નકશામાં જર્મન સામ્રાજ્યનું ડાન્ઝિંગ બંદર જુઓ. ઑગસ્ટ ૨૩, ૧૯૧૪ના રોજ પુરવઠો લેવા માટે અહીં રોકાયેલા 'મેગ્ડેબર્ગ'ના કેપ્ટન (લેફ્ટનન્ટ-કમાન્ડર) રિચાર્ડ હેબનિશને ઉત્તરના મેમેલ બંદરે પહોંચવાનો અને ત્યાં પોતાની તાકાતનું પ્રદર્શન કરવાનો હુકમ મળ્યો. નકશો બતાવે છે તેમ મેમેલ બંદર

બાલ્ટિક સમુદ્રમાં 'મેગ્ડેબર્ગ'નો પ્રવાસમાર્ગ



'મેગ્ડેબર્ગ'નો પ્રવાસમાર્ગ નીચેના નકશામાં કાળી લીટીએ તથા ડાબા નકશામાં સફેદ લીટી વડે આંકી બતાવ્યો છે



જર્મનીનું છેક સરહદી નગર, એટલે રશિયન સૈન્ય જોતજોતામાં ફરી વળે એ બીકે ત્યાંના લોકો ફફડતા હતા. 'મેગ્ડેબર્ગ'ની તોપચી ટુકડીએ ૪''ના વ્યાસવાળી બાર તોપો વડે હવામાં ફાયરિંગ કરી મેમેલના પ્રજાજનોનું નૈતિક બળ વધાર્યું. એ પછી બીજી સૂચના માટે લેફ્ટનન્ટ-કમાન્ડર રિચાર્ડ હેબનિશ અને તેના ૩૩૭ નાવિકો રાહ જોવા લાગ્યા.

થોડી જ વારમાં જર્મન નૌકાસેનાપતિ એડમિરલ વૉન ટિર્પિટ્ઝના હેડક્વાર્ટરનો સંદેશો આવ્યો : 'ગોટલેન્ડ ટાપુના દક્ષિણ છેડા તરફ મહત્તમ વેગે આગળ વધો.'


◆ જર્મન નૌકાસેનાપતિ વૉન ટિર્પિટ્ઝ

સ્વિડનના ગોટલેન્ડ ટાપુ સુધી પહોંચ્યા બાદ શું કરવાનું તે પૂછી શકાય તેમ ન હતું, કેમ કે જરૂર કરતાં સહેજ પણ વધારે માહિતી વાયરલેસ દ્વારા મોકલવામાં આવતી ન હતી. ટેલિફોનનો વાર્તાલાપ સાંભળવો હોય તો એ માટે તારના દોરડામાં ક્યાંક ઇઅરફોનનું જોડાણ સ્થાપવું પડે, પણ છડેચોક વહેતા બિનતારી એટલે કે વાયરલેસ સંદેશાને છૂપા રાખી શકાય નહિ. આથી જર્મન યુદ્ધજહાજો, સબમરિનો, માલવાહક જહાજો વગેરે સાથે મેસેજની આપ-લે કાયમ સાંકેતિક ભાષામાં કરાતી હતી. ઉપરાંત સંદેશાને અનેક ટુકડામાં વહેંચી દરેક ટુકડાનું પ્રસારણ અમુક સમયના અંતરે કરવામાં આવતું હતું, જેથી વચ્ચેનો એકાદ ટુકડો પણ ઝીલવામાં દુશ્મનના જાસૂસો સફળ રહે તો પણ આખો મેસેજ તેમના માટે અર્થહીન બને. અમુક જહાજને કે સબમરિનને જે તે સમયે માત્ર ખપ પૂરતી જ માહિતી પાઠવવાનો બીજો લાભ પણ ખરો : 'મેગ્ડેબર્ગ'ને જણાવવામાં આવ્યું તેમ 'ગોટલેન્ડ ટાપુના દક્ષિણ છેડા તરફ મહત્તમ વેગે આગળ વધો.' એવું પ્રસારણ ઝીલ્યા પછી દુશ્મન જાસૂસીતંત્ર તેનો હેતુ ન પામી શકે, માટે જર્મનીના નૌકાદળનો પ્લાન યા પેંતરો શો છે એ તેને સમજાય નહિ. આગામી સંદેશા મારફત એ વાતનો ફોડ પડે ત્યાં સુધી 'મેગ્ડેબર્ગ' ગોટલેન્ડ ટાપુએ પહોંચી ચૂક્યું હોય, એટલે પછી વળતો દાવ ખેલવાનો વખત રહે કે કેમ તે સવાલ!


'મેગ્ડેબર્ગ' ઑગસ્ટ ૨૫, ૧૯૧૪ના રોજ ગોટલેન્ડના દક્ષિણ કાંઠે પહોંચ્યું. સ્વિડનના એ ટાપુની હોબુર્જેન દીવાદાંડીના કાંઠે તેને બીજા યુદ્ધજહાજ 'ઑગ્સબર્ગ'નો ભેટો થયો. (વિશ્વયુદ્ધમાં સ્વિડન તટસ્થ હતું.) એક સબમરિન, ત્રણ ટોરપિડો બોટ અને વધુ ત્રણ યુદ્ધજહાજો પણ આવ્યાં. દરિયાઇ યુદ્ધ ખેલી શકે એવો કાફલો રચાયો, જેનું ધ્વજજહાજ 'ઑગ્સબર્ગ' હતું. હવે સૌને કહેવામાં આવ્યું કે તેમણે ફિનલેન્ડના અખાત તરફ શિકારે નીકળવાનું હતું. અખાતના પ્રવેશ-માર્ગમાં જે પણ રશિયન મનવારો આવતી-જતી દેખાય તેમને ગોલંદાજી વડે સાગરપેટાળના હવાલે કરી દેવાની હતી.

નાવિકોમાં સોપો પડી ગયો. અફસરો પણ સહેજ વિચારે ચડ્યા. શિકાર કરવાનો પ્લાન તો બરાબર, પરંતુ એ માટે સામે ચાલીને વાઘની બોડમાં દાખલ થવું જરૂરી ખરૂં ? એડમિરલ વૉન ટિર્પિટ્ઝના હેડક્વાર્ટરે એટલી સહજ રીતે હુકમ આપેલો કે જાણે બખ્તરબંધ ક્રૂઝર મનવારો ધરાવતા રશિયનો પાસે લડવા માટે તોપના ઝાઝા ગોળા કે પછી લડવાની ગતાગમ હોય જ નહિ ! આ સાહસ જોખમી હતું. રશિયા પાસે લડવા માટે ત્રણ ડઝન કાળમુખી મનવારો હતી, જેમાંની કેટલીકે સેન્ટ પિટર્સબર્ગ બંદરે પડાવ નાખ્યો હતો. ફિનલેન્ડ એ વખતે રશિયાના કબજામાં હતું, એટલે તેણે સાંકડા અખાતના સામસામા બેય કાંઠે તોપોનાં બુલંદ નાળચાં ગોઠવ્યાં હતાં. સમુદ્રમાં અહીંતહીં સુરંગો પાથરી હતી--અને સુરંગમુક્ત જળવિસ્તાર કયો એ માત્ર રશિયન યુદ્ધજહાજોના કપ્તાનો અને માલમો (દિશાશોધક) જાણતા હતાં. આ હાલતમાં 'મેગ્ડેબર્ગ'ના નાવિકો એટલું સમજી ચૂક્યા કે તેમના પૈકી ઘણાખરાનો પ્રવાસ વન-વે નીવડે એ નક્કી હતું. મોતનો પીછો છોડાવવાને બદલે મોતનો પીછો કરવા નીકળો ત્યારે બીજું શું બને ?

શિસ્તની પ્રણાલિકાને અનુસરી જર્મન કાફલો એ જ સવારે ૮:૩૦ વાગ્યે ફિનલેન્ડના અખાતની દિશામાં રવાના થયો. 'મેગ્ડેબર્ગ' પ્રતિકલાકે ૫૧ કિલોમીટરના વેગે હંકારી શકે તેમ હતું, પરંતુ બીજાં જહાજોની માફક તેણે પણ સરેરાશ ઝડપ ૩૭ કિલોમીટર રાખી.

ઉત્તર ગોળાર્ધમાં ઑગસ્ટ માસની આખરે ઊનાળો વીતી ચૂક્યો હતો, એટલે બપોર પછી ઓચિંતું જ બાલ્ટિક સમુદ્રનું વાતાવરણ ઠંડું બન્યું. સાંજે ૫:૦૦ વાગ્યે ધુમ્મસ ચડી આવ્યું. રાત્રે ૯:૦૦ સુધીમાં તો આકાશનાં વાદળો સમુદ્રસપાટી પર બેસી પડ્યાં હોય તેમ 'મેગ્ડેબર્ગ'ના બ્રિજમાં (કૂવાસ્થંભની કેબિનમાં) રહેલો લેફ્ટનન્ટ-કમાન્ડર રિચાર્ડ હેબનિશ જહાજના તૂતકને પણ દેખી શકતો ન હતો. બાલ્ટિક સમુદ્રના પાણીને બદલે કપાસના ઢગ પર 'મેગ્ડેબર્ગ' અડધું ખૂંપીને હિલોળાં લેતું હોય એવું તેને લાગ્યું. કઇંક અજુગતું બનવાની આશંકા તેને જાગી. અંધારી રાત, ધુમ્મસિયું વાતાવરણ અને સુરંગો બિછાવેલો સાવ અજાણ્યો જળવિસ્તાર ! દિશાશૂન્ય કરી દેતા સંજોગોમાં એકમાત્ર હોકાયંત્રના સહારે આગળ વધવાનું હતું. 'મેગ્ડેબર્ગ'ની આગળ હંકારતા ધ્વજજહાજ 'ઑગ્સબર્ગ'નો કપ્તાન સંભવિત એવા સુરંગક્ષેત્રને ટાળવા માટે આશાવાદી હતો. ફિનલેન્ડના અખાતનું મુખ આવ્યું ત્યારે 'મેગ્ડેબર્ગ'ને તેણે દક્ષિણ-પૂર્વ વળવાનું જણાવતો વાયરલેસ સંદેશો

◆ જર્મન નૌકાકાફલાની આગેવાની કરતું 'મેગ્ડેબર્ગ'ની સાથે હંકારી જનાર ધ્વજજહાજ 'ઑગ્સબર્ગ'.



મોકલ્યો. લેફ્ટનન્ટ-કમાન્ડર હેબનિશે વળાંક લીધા પછી ૩૭ કિલોમીટરના નિર્ધારિત વેગે પ્રવાસ ચાલુ રાખ્યો.

અગાઉ નક્કી થયા પ્રમાણે વેગ તો બરાબર હતો, પરંતુ વળાંક જ્યાં લેવાયો તે જગ્યા ખોટી હતી. એકેક કિલોમીટરનો હિસાબ ગણાતો હોય ત્યારે દિશાની ફક્ત અછડતી ડિગ્રી બતાવતું હોકાયંત્ર શા કામનું ? 'ઑગ્સબર્ગ'થી અડધો કિલોમીટર પાછળ રહીને 'મેગ્ડેબર્ગ' એ જ માર્ગે હંકારતા જવાનું હતું, પણ ધુમ્મસિયા અંધકારમાં બેય જહાજોના પ્રવાસમાર્ગો બે સમાંતર લીટી જેવા અંકાયા હતા અને ડાબી-જમણી લીટી વચ્ચે પોણા બે કિલોમીટરનું અંતર હતું.


♦ પ્રથમ વિશ્વયુદ્ધમાં પરાજિત થયા બાદ દેશ છોડીને નાસી છૂટેલા જર્મન સમ્રાટ વિલ્હેમ કૈઝર.

પરિણામ શું આવ્યું ? ઉત્તરની યાને કે પ્રવાસ મુજબ જોતાં ડાબી લીટીનું 'ઑગ્સબર્ગ' પોતે ટર્ન માર્યા પછી સલામત રીતે હંકાર્યું, પણ તેની જમણી બાજુના 'મેગ્ડેબર્ગે' સીધો ઑડેનશૉલ્મ નામના ટાપુનો રસ્તો માપ્યો. હોકાયંત્ર મુજબ એ ટાપુ પોણા બે કિલોમીટર વધુ છેટે હતો. હકીકતમાં ન હતો. યુદ્ધજહાજ બિલકુલ તેની દિશામાં હંકારતું રહ્યું. ધ્વજજહાજનો બીજો મેસેજ ન મળે ત્યાં સુધી તેણે સતત આગળ વધવાનું હતું.

લેફ્ટનન્ટ-કમાન્ડર રિચાર્ડ હેબનિશ અવાજનાં મોજાં વડે સાગર-પેટાળનું માપ કઢાવતો હતો. ઊંડાઇ ૧૯૦ ફીટ, મધરાતે ૧૨:૦૦ના સુમારે ૧૪૧ ફીટ, તારીખ બદલાયા પછી ૧૨:૩૦ વાગ્યે ૧૧૨ ફીટ... ઊંડાઇ ક્રમશઃ ઘટ્યે જતી હતી. દિશા બદલવા માટે ધ્વજજહાજ હજી કેમ સંદેશો મોકલતું ન હતું ? એ જહાજ પોતે કેવી રીતે છીછરા સમુદ્રમાં આગળ નીકળી શક્યું? હોકાયંત્રના આધારે કરાયેલી ગણતરી મુજબ 'ઑગ્સબર્ગ' બરાબર અડધો કિલોમીટર આગળ હોવું જોઇએ. હકીકતમાં તે પોણા બે કિલોમીટર પછવાડે હતું--અને સદ્‌ભાગ્યે એવે ઠેકાણે કે જ્યાં સમુદ્ર છીછરો ન હતો.

લેફ્ટનન્ટ-કમાન્ડર હેબનિશનો ઉચાટ વધ્યો. કંઇક ગરબડ હતી. નહિતર આવા જોખમી માર્ગે હંકારવાનું થાય જ નહિ. અંતે ૧૨:૩૭ના સમયે તેના ફર્સ્ટ રેડિઓ ઑફિસર વૉલ્થર બેન્ડરે ધ્વજજહાજનો સાંકેતિક મેસેજ સાંભળ્યો. મેસેજમાં અપાયેલી સૂચના હતી : મોરો પૂર્વ તરફ વાળો અને ફિનલેન્ડના અખાતમાં પ્રવેશો.



દુશ્મનના હાથે ગિરફતાર થવાનું નક્કી હતું, પણ જર્મન નૌકાદળની ગુપ્ત કોડ બૂક દુશ્મનના હાથમાં ન જાય તે ખાસ જોવાનું હતું !

ખરી ગરબડ તો હવે થઇ. ધ્વજજહાજ 'ઑગ્સબર્ગે' કોડેડ સંદેશો પ્રસારિત કર્યા બાદ તરત પૂર્વ દિશા તરફ વળી ગયું, જ્યારે 'મેગ્ડેબર્ગ'ને એવો વળાંક લેવામાં હજી કેટલોક સમય લાગવાનો હતો. લેફ્ટનન્ટ બેન્ડર અને તેનો સેકન્ડ રેડિઓ ઑફિસર ઑલ્ફ જર્મન નૌકાદળની સિક્રેટ કોડ બૂક વાપરીને સંદેશો ઉકેલે તે પછી જ ખબર પડે કે ધ્વજજહાજે શો હુકમ ફરમાવ્યો હતો. હંમેશના કોડને વળી સાઇફર કી તરીકે ઓળખાતી જે તે દિવસની ચાવી લાગુ પાડવાની હોય, એટલે સ્વાભાવિક રીતે સાંકેતિક મેસેજને સાદી ભાષામાં ફેરવતાં સહેજ વાર લાગી. લેફ્ટનન્ટ-કમાન્ડર હેબનિશે જહાજનો મોરો ફેરવવાનો હુકમ આપ્યો.

સુકાનીએ વ્હીલ ઘુમાવ્યું. ઑડેનશૉલ્મ ટાપુ એ વખતે માંડ હજારેક ફીટ દૂર હતો. મોરો હજી તો વળે એ પહેલાં 'મેગ્ડેબર્ગ'નું તળિયું સમુદ્રના તળિયા સાથે ઘસાયું અને જહાજ હચમચી ઊઠ્યું. પ્રવાસ ત્યાં જ અટકી ગયો. નાવિકોનો જીવ તાળવે ચોંટ્યો. એકાએક શું બન્યું તે કોઇને સમજાયું નહિ. હેબનિશે તરત બેય એન્જિનો પૂરજોશે રિવર્સમાં ચલાવવાનો આદેશ ફરમાવ્યો. ઊંધાં ફરતાં પ્રોપેલરોએ દરિયો વલોવી નાખ્યો, છતાં 'મેગ્ડેબર્ગ' છીતેલું જ રહ્યું. આ યુદ્ધજહાજને તરવા માટે કમ સે કમ ૧૬.૫ ફીટ ઊંડું પાણી જોઇએ, પરંતુ અહીં સમુદ્રનું રેતાળ તળિયું ફક્ત ૯ ફીટ જેટલું ઊંડે હતું. સત્તાવીસ કિલોમીટરના વેગે હંકારતું 'મેગ્ડેબર્ગ' રીતસર તળિયા પર ચડી ગયું હતું.

ફસાયા ! ચિંતાની વાત એ કે દુશ્મનના જળવિસ્તારમાં ફસાયા, જ્યાંથી છૂટવા માટે ભરતીનો પણ આધાર મળે તેમ ન હતો. જળસપાટી સાતેક ફીટ વધે તો 'મેગ્ડેબર્ગ' આપોઆપ તરતું થાય, પરંતુ બાલ્ટિક સમુદ્રમાં ભરતી વખતે પાણી માંડ અડધો ફૂટ વધતું હતું. યુદ્ધજહાજને હળવું બનાવવા હેબનિશે લંગર અને સાંકળ નીચે ફેંકાવ્યાં. નાવિકોએ કોલસા ઉલેચવાની ક્રેનો ઉખેડીને સમુદ્રમાં પધરાવી. દરિયા તરફ સુરંગો ગબડાવવાની પોલાદી લસરપટ્ટી પણ કાઢીને પાણીમાં નાખી. પોલાદના દરવાજા, તૂતક પર જડેલા હૂક, લોખંડના પાઇપ વગેરે અનેક ચીજોને સ્વાહા કરી, છતાં 'મેગ્ડેબર્ગ' છીતેલું રહ્યું. તેલમાં જાણે માખ ડૂબી.

હવે લેફ્ટનન્ટ-કમાન્ડર રિચાર્ડ હેબનિશ માટે ચિંતાનો વિષય બદલાયો. સવાર પડે એટલે દુશ્મનના હાથે ગિરફતાર થવાનું તો નક્કી જ હતું, પણ જર્મન નૌકાદળની ગુપ્ત કોડ બૂક અને સાઇફર કી દુશ્મનના હાથમાં ન જાય તે ખાસ જોવું રહ્યું. એક કોડ બૂકને તેની સાઇફર કીનાં ખાનગી કાગળિયાં સહિત પૂળો મૂકવામાં આવ્યો. વધારાની બે કોડ બૂકને તથા કીને તત્પુરતી જાળવવાનું હેબનિશે નક્કી કર્યું. કદાચ જર્મન બચાવકારો સાથે વાર્તાલાપ ચલાવવા માટે તે કામ લાગે. ચોથી કોડ બૂક અને કી હેબનિશની કેબિનમાં તિજોરીની અંદર પડી રહેતી હતી. અગાઉ કદી ન વપરાયેલી એ નકલ હેબનિશના ધ્યાન બહાર રહી ગઇ.

સવાર પડી. ધુમ્મસ વિખેરાયું અને વાતાવરણ સ્વચ્છ બન્યું. એક જર્મન ટોરપિડો બોટ ફસાયેલા યુદ્ધજહાજને મુક્ત કરાવવા દેમાર ઝડપે આવતી જોવા મળી. નાવિકોને હાશકારો થયો. હવે જો કે સમય કિંમતી હતો. દક્ષિણમાં હજારેક ફીટ દૂર ઑડેનશૉલ્મના કાંઠે રશિયન દીવાદાંડી અને સિગ્નલમથક દેખાતાં હતાં. અહીંના કર્મચારીઓ તાલિનના નૌકામથકને સાબદા કરે તો રશિયન કાફલો બે કલાકમાં અહીં ટપકી પડે, એટલે હેબનિશે જરાય વિલંબ કર્યા વગર તેમને નિશાન બનાવ્યાં.

'મેગ્ડેબર્ગ'ની તોપચી ટુકડીએ ૧૨૦ ગોળા ફેંકી દીવાદાંડીને તેમજ સિગ્નલ મથકને 'નૉક આઉટ' કરી દીધાં. વિલંબ તો જો કે થયો જ હતો. ફર્સ્ટ રેડિઓ ઑફિસર વૉલ્થર બેન્ડરે માઠા ખબર આપ્યા કે રશિયન મનવારો વચ્ચે કોડેડ સિગ્નલોની પુષ્કળ આપ-લે થતી હતી. મનવારોનો કાફલો સ્વાભાવિક રીતે 'મેગ્ડેબર્ગ' તરફ પૂરઝડપે આગળ વધી રહ્યો હતો.

જર્મન ટોરપિડો બોટે દોરડું બાંધી 'મેગ્ડેબર્ગ'ને ખેંચવાનો પ્રયત્ન કર્યો, પરંતુ યુદ્ધજહાજ દોરાવાર પણ ન ચસક્યું ત્યારે હેબનિશે તેને દુશ્મનની ટ્રોફી બનતું રોકવા તેમાં સ્ફોટક દારૂના બોમ્બ મૂકાવ્યા. દોરડું પડતું મૂકીને ટોરપિડો બોટ જ્યારે યુદ્ધજહાજના પડખા નજીક આવે ત્યારે નાવિકોએ તેના પર ચડી જવાનું હતું.

'ફ્યૂઝ સળગે છે ! ભાગો !' કોઇકે બૂમ પાડી. લેફ્ટનન્ટ-કમાન્ડર હેબનિશ ચોંક્યો. ફ્યૂઝને આગ ચાંપવાનો હુકમ અપાય તે પહેલાં કોણે દોઢ ડહાપણ કર્યું? નાવિકોમાં રઘવાટ ફેલાયો, કેમ કે સાડા ચાર મિનિટ પછી દારૂગોળો ફાટવાનો હતો. ફર્સ્ટ રેડિઓ ઑફિસર વૉલ્થર બેન્ડર અને તેના મદદનીશો કોડ બૂક તથા સાઇફર કી અંકે કરવાની તજવીજમાં પડ્યા. વાયરલેસ રૂમમાં પડેલી બે નકલો તેમણે લીધી, જહાજના પડખા તરફ દોડ્યા અને વારાફરતી પાણીમાં છલાંગ મારી. બીજા કેટલાક નાવિકો ટોરપિડો બોટ તરફ જવા માટે ત્યાં જ પડતું મૂકી રહ્યા હતા અને પરસ્પર ટકરાતા હતા. એક કોડ બૂક તો અથડામણમાં છટકીને નીચે પહોંચી.

થોડી વારમાં બારૂદ ફાટ્યો અને યુદ્ધજહાજનાં બે ફાડિયાં થયાં. બીજી નકલ ધરાવતો રેડિઓ ઑફિસર તે ધડાકામાં માર્યો ગયો. બન્ને હાથમાં તેણે પકડી રાખેલી કોડ બૂક પણ તળિયે બેઠી હોય એ નક્કી હતું, કારણ કે ૧૫'' × ૧૨'' લાંબી પહોળી અને ૬'' જાડી કોડ બૂક તરી શકે તેમ ન હતી. બાઇન્ડિંગ કરતી વખતે જર્મનોએ તેમાં સીસાનો ગઠ્ઠો જડી લીધો હતો. દુશ્મનના શરણે જવાનો વખત આવે ત્યારે કોડ બૂકને દરિયામાં સ્વાહા કરી દેવાય એટલે નિરાંત!

થોડી જ વાર પછી રશિયન મનવારોના તોપગોળા 'મેગ્ડેબર્ગ' નજીક વરસવા લાગ્યા. આ યુદ્ધજહાજનો ફ્યૂઝ ચંપાયાનું જાણ્યા પછી ટોરપિડો બોટના કપ્તાને સલામત અંતર જાળવ્યું હતું. નાવિકો તરીને બોટ પર ચડી રહ્યા હતા. એક તોપગોળો બોટના તૂતક પર ટીચાયો અને તેના વિસ્ફોટમાં આઠ નાવિકો માર્યા ગયા, એટલે કપ્તાને વેળાસર મોરો ઘૂમાવી વળતો રસ્તો માપ્યો. લેફ્ટનન્ટ બેન્ડર સહિત કેટલાય નાવિકો રખડી પડ્યા. તરીને ઑડિનશૉલ્મ ટાપુના કાંઠે તેઓ ગયા, જ્યાં તેમને યુદ્ધકેદી બનાવવા માટે રશિયન સૈનિકટુકડી રાહ જોતી હતી.

બે ભાગે વહેંચાયેલા 'મેગ્ડેબર્ગ' જહાજનો સરદાર લેફ્ટનન્ટ-કમાન્ડર રિચાર્ડ હેબનિશ ક્યાં હતો ? યુદ્ધજહાજ સાથે જ તે મોતને ભેટવા માગતો હતો. મરતી વખતે તેને ફરજના સ્થળે રહેવું હતું, માટે પોતાની કેબિનમાં તે પાછો ગયો હતો. નસીબની બલિહારી કે બોમ્બવિસ્ફોટે તેનો વાળ વાંકો ન કર્યો.

રશિયન મનવારો જોતજોતામાં 'મેગ્ડેબર્ગ' પાસે આવી પહોંચી. રૂસી નૌકાઅફસર લેફ્ટનન્ટ ગેલિબિન ભરી રિવૉલ્વરે 'મેગ્ડેબર્ગ' પર ચડ્યો. સાથે બીજા રશિયનો પણ હતા. હેબનિશની તેમણે ધરપકડ કરી. લેફ્ટનન્ટ ગેલિબિને તેની બંધ તિજોરી ખોલી. અંદર પડેલું જાડું થોથું બહાર કાઢ્યું. જુએ છે તો જર્મન નૌકાદળની કોડ બૂક ! સાઇફર કી પણ તેમાં સામેલ હતી. વાહ કિસ્મત ! રશિયન મનવારોનો શિકાર કરવા આવેલું યુદ્ધજહાજ 'મેગ્ડેબર્ગ' પોતે રશિયનો માટે લાજવાબ શિકાર સાબિત થયું હતું. હવે ભંગાર બનેલા યુદ્ધજહાજ પર રાઉન્ડ મારતી વખતે લેફ્ટનન્ટ ગેલિબિનને અનાયાસે બીજું સુખદ આશ્ચર્ય પણ મળ્યું. જર્મનોએ પાણીમાં ફેંકી દીધેલા સરંજામને તે જોતો હતો. બાલ્ટિક સમુદ્રનું પાણી એકદમ સ્વચ્છ હતું. વહેલી સવારનો તડકો છેક તળિયા સુધી પહોંચતો હતો. ગેલિબિને તેના હાથમાં રહેલી કોડ બૂક જેવી જ વધુ બે કોડ બૂક તળિયે પડેલી દીઠી. એકદમ સ્પષ્ટ દેખાતી હતી. આ તો જેકપૉટ પર જેકપૉટ અને તેના પર જેકપૉટ !

થોડા દિવસ પછી રશિયન નૌકાદળે 'મેગ્ડેબર્ગ'ના યુદ્ધકેદી નાવિકોને તેમજ લેફ્ટનન્ટ-કમાન્ડર રિચાર્ડ હેબનિશને લાંબો અજ્ઞાતવાસ ભોગવવા છેક સાયબિરિયા મોકલી આપ્યા. અગાઉ પકડાયેલા જર્મન યુદ્ધકેદીઓ સાથે તેમને રખાય નહિ, કેમ કે જર્મન નૌકાદળની ગુપ્ત કોડ બૂક હાથ લાગ્યાનો મામલો પણ ગુપ્ત રહેવો જોઇએ. નૌકાદળને પોતાનું રહસ્ય ખુલ્લું પડી ગયાની જાણ થાય તો કોડને તે રાતોરાત બદલી નાખે.

રશિયા જો કે પોતાના મિત્રદેશ બ્રિટનને કોડનો લાભ આપવા માગતું હતું. સપ્ટેમ્બર ૬, ૧૯૧૪ના રોજ બ્રિટન ખાતે આવેલી રશિયન એલચી કચેરીનો નૌકાઅફસર બ્રિટિશ નૌકાખાતાના વડા (ફર્સ્ટ લોર્ડ ઑફ ધ એડમિરાલ્ટી) વિન્સ્ટન ચર્ચિલને મળ્યો અને જર્મન કોડ બૂક આપવાની શરતી ઑફર કરી. શરત એ કે બ્રિટનનું નૌકાદળ કોડ બૂક લાવતી રશિયન સ્ટીમરને આખે રસ્તે સુરક્ષિત રાખવા વળાવિયા જેવું યુદ્ધજહાજ મોકલે. આ યુદ્ધજહાજે રશિયાના ઉત્તર કાંઠે મુર્માન્સ્ક બંદરે પહોંચવાનું હતું. ચર્ચિલના આનંદની ન

Zahlen- Signal	Buchstaben- Signal	Bedeutung
534 27	C a E	Bodenanstrich
28	C a F	Bodenbeplattung
29	C a G	Bodenbeschaffenheit
534 30	C a H	Bodenbeschlag
31	C a İ	Bodenstück
32	C a J	Bodenventil (Nr. n)
33	C a K	Bodenverschluß +
34	C a L	Bodenzünder
35	C a M	Bö ·ig
36	C a N	Bogen
37	C a O	bogenförmig
38	C a Ö	Bogenlampe
39	C a P	Bohle
534 40	C a Q	Bohne (n kg)
41	C a R	bohren -ung, Bohr- [s. Grund]
42	C a S	Bohrer
43	C a T	Boje, Bojen- [s. Anker, Kohlen, Leine]
44	C a U	Boje auf den Anker stecken
45	C a Ü	Boje aufnehmen (fischen)
46	C a V	Boje auslegen
47	C a W	Boje beleuchten
48	C a X	Boje über Bord
49	C a Y	eine Boje über Bord werfen und wieder fischen
534 50	C a Z	an der Boje festmachen
51	C a γ	an die Boje gehen
52	C γ A	Boje falsch hinlegen
53	C γ Ä	Boje legen

◆ આ પાનું 'મેગ્ડેબર્ગ'ની સિક્રેટ કોડ બૂકનું છે, જેમાં પાનાની જમણી કોલમમાં દરેક કોડનો તરજુમો જર્મન ભાષામાં લખેલો હતો.


સીમા રહી કે ન આશ્ચર્યની, કેમ કે પ્રથમ વિશ્વયુદ્ધના પ્રથમ ત્રીસેક દિવસમાં જ આવડો મોટો વ્યૂહાત્મક લાભ મળી જાય એ તો કલ્પના બહારની વાત હતી. બ્રિટિશ યુદ્ધજહાજ 'થેસિઅસ' સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં મુર્માન્સ્ક પહોંચ્યું, જ્યાંથી તે અને રશિયન સ્ટીમર બ્રિટન જવા માટે નીકળ્યાં. સ્ટીમરનો એકમાત્ર મુસાફર રૂસી નૌકાદળનો યુવાન ઑફિસર હતો. 'થેસિઅસ'ના અંગ્રેજ કપ્તાનને તેની હાજરી અંગે કે પ્રવાસના મહત્વ અંગે કશી ખબર ન હતી. કોઇને નવાજૂનીનો અણસાર પણ ન જાય એ માટે રશિયન અફસર ઑક્ટોબર ૧૦, ૧૯૧૪ની રાત્રે બ્રિટનના સ્કાપા ફ્લો નૌકામથકે એકલો જ ઉતર્યો, લંડન જવા માટે ટ્રેનની ટિકિટ લીધી, આખી રાત જાગતા બેસીને જર્મન કોડની એટેચી તેણે હાથમાં પકડી રાખી અને સવારે ટેક્સી કરી લંડન ખાતેની રશિયન એલચી કચેરીએ પહોંચ્યો. ઑક્ટોબર ૧૧, ૧૯૧૪ની સવારે બ્રિટિશ નૌકાખાતામાં વિન્સ્ટન ચર્ચિલને તે રૂબરૂ મળ્યો. બંધ એટેચી તેમને સુપરત કરી. ઇતિહાસની તે નિર્ણાયક પળ હતી. સમજો કે એ જ પળે ઇતિહાસને જબ્બર પલટો મળી ગયો ! પરંતુ વિશ્વયુદ્ધમાં હોમાયેલું જગત તેના વિશે અજાણ હતું. આ પ્રસંગના ત્રીજા સાક્ષી હોય તો એ ૧૪ વર્ષના પ્રિન્સ લુઇસ માઉન્ટબેટન, જેઓ વર્ષો બાદ ભારતના છેલ્લા અંગ્રેજ વાઇસરૉય બનવાના હતા.

ચર્ચિલે સાંકેતિક ભાષાની નિષ્ણાત ટુકડીને જર્મન કોડ બૂક આપી. નિષ્ણાતોએ થોડા જ વખતમાં તે ભાષાનું દરેક રહસ્ય સમજી લીધું. જર્મન નૌકાદળના રેડિઓ સંદેશા ઝીલી તેમનું અંગ્રેજીમાં રૂપાંતર કરતું રહ્યું. વિશ્વયુદ્ધ શરૂ થયું તેના માત્ર ૨૪ કલાકમાં બ્રિટનના 'ટેલકોનિયા' નામના કેબલ જહાજે મધદરિયે જર્મનીનું ટેલિગ્રાફિક દોરડું કાપી નાખ્યું હતું, એટલે તે દેશે પોતાનો બધો આંતરરાષ્ટ્રીય સંદેશાવ્યવહાર વાયરલેસ રેડિઓ દ્વારા ચલાવવો પડતો હતો. દરેક સંદેશો કોડ લેન્ગ્વેજમાં, છતાં અંગ્રેજો માટે તો એ ખુલ્લી કિતાબ ! એડમિરલ વૉન ટિર્પિટ્ઝ અને જર્મન નૌકાદળના બધા નાયબ સેનાપતિઓ જો કે પોતાના કોડને હજી સિક્રેટ અને સુરક્ષિત માનતા હતા.

આ માન્યતાને જર્મનો શી ખબર કેમ વળગી રહ્યા, જ્યારે તેને ખોટી ઠરાવતા બનાવો અવારનવાર બનતા હતા. દા. ત. ડિસેમ્બર, ૧૯૧૪માં જર્મન નૌકાકાફલો બ્રિટનનાં તટવર્તી શહેરો પર ગોલંદાજી કરવા માટે ગુપચુપ રવાના થયો. સેંકડો તોપગોળા ઝીંક્યા બાદ તેણે ઝડપભેર વળતો પ્રવાસ ખેડ્યો એ દરમ્યાન કેટલાંય બ્રિટિશ યુદ્ધજહાજો તેના માર્ગમાં ટપકી પડ્યાં. ઓચિંતો વરસાદ શરૂ થયો ન હોત અને ધુમ્મસ છવાયું ન હોત તો જર્મનો છટકી શકત નહિ. બ્રિટિશ યુદ્ધજહાજો ૨૨૫ કિલોમીટરનું અંતર કાપીને આટલા જલદી શી રીતે આવી પહોંચ્યાં તે વળી રહસ્યમય વાત હતી.


બીજે મહિને ઉત્તર સમુદ્રમાં જર્મન નૌકાકાફલો અંગ્રેજોનાં માલવાહક જહાજોને ફૂંકી દેવા માટે નીકળ્યો તો અંગ્રેજોની સ્ફૂર્તિલી અને બળવાન ક્રૂઝર મનવારોએ તેનું સ્વાગત કર્યું. જાન્યુઆરી ૨૫, ૧૯૧૫નો એ દિવસ હતો. બન્ને નૌકાકાફલા વચ્ચે અણધાર્યો સાગરસંગ્રામ ફાટી નીકળ્યો--અને તે પણ એટલો તુમુલ કે દરિયાઇ યુદ્ધોની તવારીખમાં 'બેટલ ઑફ ડોગર બેન્ક' (ડોગર કિનારેના યુદ્ધ) તરીકે યાદગાર બન્યો. જર્મનીએ તેનું રાક્ષસી યુદ્ધજહાજ તેમાં ગુમાવ્યું. બે યુદ્ધજહાજો સખત નુકશાન વેઠીને માંડ નાસવામાં સફળ થયા.

માર્ચ, ૧૯૧૫માં જર્મન નૌકાકાફલો ફ્રાન્સના કાંઠા તરફ હંકારવાની તૈયારી કરતો હતો, પરંતુ બંદર છોડીને બહાર નીકળાય તે પહેલાં હવામાન બગડ્યું અને ફ્રાન્સ નજીક દુશ્મન માલવાહક જહાજોનો સફાયો કરવાનું મિશન તેણે રદ કરવું પડ્યું. બીજે દિવસે તેને એ જળવિસ્તારમાં હંકારી રહેલી પોતાની સબમરિનનો વાયરલેસ સંદેશો મળ્યો કે બહુ મોટો બ્રિટિશ નૌકાકાફલો ત્યાં પહોંચ્યો હતો ! આ કાફલાને તેના બંદરે ખરાબ હવામાન નડ્યું ન હતું. માર્ચ ૨૯, ૧૯૧૫ના રોજ એક તરફ જર્મન યુદ્ધજહાજો હંકાર્યાં તો બીજી તરફ બ્રિટિશ યુદ્ધજહાજો તેમનું 'અભિવાદન' કરવા રવાના થયાં. ફરી યુદ્ધ ખેલાયું અને ફરી જર્મન કાફલાને માર પડ્યો. એપ્રિલ ૧૫, એપ્રિલ ૨૧, મે ૧૭ અને મે ૨૯ના રોજ પણ જર્મનોને આશ્ચર્યનો જબ્બર આંચકો મળ્યો. વળી કેટલાંક યુદ્ધજહાજો તેણે ગુમાવ્યાં.


◆ 'બેટલ ઑફ ડોગર બેન્ક'ના સંગ્રામમાં બ્રિટિશ યુદ્ધજહાજોનો શિકાર બન્યા બાદ જળસમાધિ લઇ રહેલું જર્મન જહાજ.

મે ૩૧, ૧૯૧૬ના દિવસે તો અભુતૂપર્વ ઘટના બની. નોર્વેની દક્ષિણે જટલેન્ડના કિનારે જર્મનોએ ૯૯ યુદ્ધજહાજો વડે દુશ્મન માલવાહક જહાજો પર ત્રાટકવાનું નક્કી કર્યું, પરંતુ રસાલો ત્યાં પહોંચ્યો ત્યારે ૧૫૦ બ્રિટિશ યુદ્ધજહાજો તેના પર ત્રાટક્યાં. બેએક દિવસ સુધી ભીષણ સંગ્રામ ખેલાયો અને સામટી ગરજતી સેંકડો તોપોનાં નાળચાં વાતાવરણને કંપાવતાં રહ્યાં. એકસાથે લગભગ અઢીસો યુદ્ધજહાજો ગોલંદાજી ચલાવે ત્યારે સર્જાતા રૌદ્ર સીનનું કલ્પનાચિત્ર મનમાં રચી જુઓ. વિશ્વના સૌથી મોટા એવા 'બેટલ ઑફ જટલેન્ડ' નામના સાગરસંગ્રામમાં બ્રિટને ૧૪ જહાજો અને ૬,૦૯૭ નાવિકો ગુમાવ્યાં. જર્મનીનાં ૧૧ જહાજો અને ૨,૫૫૧ નાવિકો ડૂબ્યાં, એટલે સરખામણી કરો તો ખુવારીનો આંક તેના માટે નીચો રહ્યો. આમ છતાં જર્મનોનું નૈતિક બળ ઓસરવા લાગ્યું. બને ત્યાં સુધી યુદ્ધજહાજોને બદલે સબમરિનો વડે લડવાનું તેમણે નક્કી કર્યું. સબમરિનો છૂપી રહી શકતી હતી એટલું જ નહિ, પણ અશ્રાવ્ય અવાજના આધારે તેનો પત્તો લગાડી આપતું ચુગલીખોર સોનાર યંત્ર એ જમાનામાં હજી શોધાયું ન હતું. જળસપાટી નીચે હંકારતી સબમરિનનો નાશ કરી શકે તેવા ડેપ્થ ચાર્જનો (જળગોળાનો) પણ આવિષ્કાર થયો ન હતો.

વિશ્વયુદ્ધ આરંભાયું ત્યારે જર્મન સમ્રાટ વિલ્હેમ કૈઝરને તેના યુદ્ધનિષ્ણાતોએ જણાવેલું કે બ્રિટનનાં માલવાહક જહાજોને મોટી સંખ્યામાં ડૂબાડી દેવાય તો પરદેશી માલ-સામાનના પુરવઠા પર નભતું ટાપુરૂપી બ્રિટન જહાજો વગર સાવ લાચાર બને. ઉપરાઉપરી ડૂબતાં જહાજોની ખોટ પુરવા તે એટલી જ સંખ્યામાં નવાં જહાજો બાંધી શકે નહિ. આયાતી ખોરાક, કાચું લોઢું, દારૂગોળો બનાવવા માટે વપરાતાં રસાયણો વગેરેના અભાવે છેવટે તેણે પરાજય સ્વીકારી લેવો રહ્યો.



♦ ડેપ્થ ચાર્જ : જર્મન સબમરિનોને ભારે પડી ગયેલા બ્રિટિશ જળગોળા

જર્મન નૌકાદળનાં યુદ્ધજહાજો તો 'બેટલ ઑફ જટલેન્ડ' પછી મોટે ભાગે બંદરોમાં જ પડી રહેતાં હતાં. બ્રિટનની સપ્લાય લાઇન કાપી નાખવાનું કાર્ય હવે ફક્ત સબમરિનો કરી શકે તેમ હતી. (જર્મન ભાષામાં સબમરિન માટે untersee boot એટલે કે undersea boat નામ હતું. અંગ્રેજો તેના માટે ટૂંકો શબ્દ U-boat વાપરતા હતા.) વિશ્વયુદ્ધ શરૂ થયું એ વખતે જર્મન નૌકાદળ પાસે ફક્ત ૨૦ સબમરિનો હતી. ૧૯૧૬માં તેણે વધુ તડામાર રીતે સબમરિનો બાંધીને ૩૬૪નો જંગી કાફલો રચ્યો. બ્રિટને એ જ વર્ષે પહેલવહેલા ડેપ્થ ચાર્જ (જળગોળા) બનાવ્યા. નામ પ્રમાણે એ ચાર્જ (બોમ્બ) તેના મીટરમાં સેટ કરી શકતા જે તે આંકડા મુજબની ડેપ્થ (ઊંડાઇ) સુધી પહોંચે એટલે પાણીનું દબાણ તેના ફ્યૂઝને દાગતું હતું અને ત્યાર પછી ફાટતો ડેપ્થ ચાર્જ તેની આસપાસ ક્યાંક રહેલી દુશ્મન સબમરિનને ભીંસી નાખતું દબાણ સર્જતો હતો. એક વાર સબમરિનનો માત્ર પત્તો લાગવો જોઇએ. ડેપ્થ ચાર્જ વડે ત્યાર પછી તેનો ફેંસલો આણી દેવામાં વાર નહિ. સબમરિનની ભાળ કાઢતું સોનાર યંત્ર હજી શોધાયું ન હતું. જર્મનો એ જ વાતે ખોટા આત્મવિશ્વાસમાં રહ્યા અને ડેપ્થ ચાર્જના જોખમ સામે પોતાની સબમરિનો એકદમ સલામત હોવાનું માનતા રહ્યા. બીજી તરફ બ્રિટિશ નૌકાદળના ગુપ્તચર નિષ્ણાતો કોડેડ મેસેજ સાંભળીને જર્મન સબમરિનોની હિલચાલ અંગે જાણી લેવા માંડયા. સબમરિનનો એટેક થવાનો હોય ત્યાં બ્રિટિશ યુદ્ધજહાજો આગોતરાં પહોંચી જવા લાગ્યાં. વારાફરતી દરેક સબમરિનનો તેઓ ડેપ્થ ચાર્જ વડે થપ્પો પણ કરતાં રહ્યાં.

આ સંતાકૂકડીનું રીઝલ્ટ છેવટે એ આવ્યું કે બ્રિટનની નાકાબંધી કરવા માગતી કુલ ૩૬૪ પૈકી ૧૮૬ જર્મન સબમરિનો નાશ પામી (બ્રિટનના કાંઠે દફન પામેલી જર્મન સબમરિનો જમણા નકશામાં ટપકાં સ્વરૂપે બતાવી છે.) બાકીની ૧૭૮ સબમરિનો નુકશાન પામી--અથવા તો નાસીપાસ થયેલા નાવિકો તેમને પાછી નૌકાબંદરે હંકારી લાવ્યા. બ્રિટિશ નૌકાદળે ત્યાર બાદ જર્મનીને એવો ઘેરો નાખ્યો કે તેણે પ્રથમ વિશ્વયુદ્ધમાં પરાજય કબૂલ્યા વગર આરો ન રહ્યો. સમ્રાટ વિલ્હેમ કૈઝરે વતન છોડીને ભાગી જવું પડયું. વિજેતા દેશોએ કૈઝરના દુઃસાહસની સજા જર્મન પ્રજાને આપી. વાર્ષિક ખંડણી તેના પર ઠોકી બેસાડી અને વર્ષો સુધી તેનું શોષણ તથા દમન કરતા રહ્યા. જર્મની માટે આર્થિક ગુલામીનો કસોટીકાળ શરૂ થયો.

બ્રિટનના કાંઠે શિકાર બનેલી U-boats



આખરે કોના વાંકે ? ઍટલાન્ટિક મહાસાગર પર જે દેશ પોતાનો ડંકો વગાડી શકે તે પ્રથમ વિશ્વયુદ્ધમાં જીતે એટલી વાત સ્પષ્ટ હતી. આ માટે જર્મની દર મહિને ૩ નવાં યુદ્ધજહાજો અને ૭ નવી સબમરિનો બનાવતું હતું, છતાં ૯૦ યુદ્ધજહાજો અને ૧૮૬ સબમરિનો ગુમાવીને તે હાર્યું કેમ?

પરાજયનાં બીજાં કારણો જે હોય તે પણ મોટો ફાળો હોય તો ઑગસ્ટ ૨૬, ૧૯૧૪ના રોજ ઑડેનશૉલ્મ ટાપુના કાંઠે અકસ્માતે છીતી ગયેલા 'મેગ્ડેબર્ગ'ની ટોપ સિક્રેટ કોડ બૂકનો ! વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મન નૌકાદળે હાથ ધરેલા દરેક ખાનગી મિશનને એ કોડ બૂકે ખુલ્લું કરી દીધું હતું. નસીબનો કટાક્ષ તો એ કે દુશ્મન પાસે એ કોડ બૂક હોવાનો લેશમાત્ર સંદેહ જર્મન નૌકાદળને જાગ્યો નહિ ! વિશ્વયુદ્ધના ૧,૫૩૫ દિવસો સુધી તે અંધારામાં જ રહ્યું અને પોતાની જ કોડ બૂકના પાપે દુશ્મનના હાથે ફટકા ખાતું રહ્યું. સૌથી મોટો ફટકો તેણે નવેમ્બર ૮, ૧૯૧૮ના દિવસે પરાજ્ય કબૂલ્યા પછી વેઠવો પડયો. યુદ્ધવિરામની શરત અનુસાર તેણે પોતાનો અકબંધ રહેલો નૌકાકાફલો તત્કાળ બ્રિટનના હવાલે કરી દેવાનો હતો.

નવેમ્બર ૨૧, ૧૯૧૮ની સવારે ૧૨૯ જર્મન સબમરિનો કતારબંધ રીતે બ્રિટનના વિશાળ હાર્વિક નૌકાબંદરમાં પ્રવેશી. બેઉ કાંઠે એકત્રિત થયેલા હજારો અંગ્રેજો દિગ્મૂઢ ચહેરે તે દ્રશ્ય જોતા રહ્યા. સબમરિનોની પાછળ ૯૨ જર્મન યુદ્ધજહાજોનો અને ૫૦ બ્રાન્ડ ન્યૂ ટોરપિડો બોટનો રસાલો આવ્યો. બ્રિટિશ નૌકાદળનો વડો એડમિરલ ડેવિડ બીટી દુશ્મનના નૌકાદળનો વિધિસર કબજો લેવા માટે ત્યાં ખાસ હાજર રહ્યો હતો. થોડા કલાક પછી સૂર્ય ઢળ્યો ત્યારે કાફલાના જર્મન વાવટા ઉતારી લેવામાં આવ્યા--હંમેશને માટે!

ઇતિહાસને ઘણીવાર કેટલી નાની વાતે કેવો જબ્બર વળાંક મળે એ જુઓ : પ્રથમ વિશ્વયુદ્ધમાં કુલ ૨૮ દેશોએ અનેક પ્રકારનાં સંહારક શસ્ત્રો વાપર્યાં, પણ એકેય શસ્ત્ર 'મેગ્ડેબર્ગ'ની ૧૫'' લાંબી, ૧૨'' પહોળી અને ૬'' જાડી કોડ બૂક જેટલું ખતરનાક ન હતું. 'મેગ્ડેબર્ગ'ના નાવિકોને તે કોડ બૂકનો નાશ કરવા માટે પૂરતો સમય મળ્યો હોત એટલે કે તેમાંના એકાદ જણે દારૂગોળાનો ફ્યૂઝ વગર કહે ચાંપવાનું દોઢ ડહાપણ ન દાખવ્યું હોત તો પહેલું વિશ્વયુદ્ધ અને તેના ભેગો ઇતિહાસ પણ કેવો વળાંક લેત કોને ખબર!

ઇતિહાસ વાસ્તવમાં જુદી રીતે લખાયો એ માટે કદાચ બીજી નાની અમથી વાત પણ જવાબદાર હતી. જર્મની હાર્યું તેના સાતેક મહિના પહેલાં સોમવાર, એપ્રિલ ૧૫, ૧૯૧૮ની તારીખવાળો એક પત્ર જર્મન

નૌકાદળને મળ્યો હતો. આર્થર શેર્બિયસ નામના એન્જિનિઅરે પત્રમાં લખેલાં મહત્ત્વનાં કેટલાંક વાક્યો આમ હતાં :

મેં સાઇફર મશીન બનાવ્યું છે.... આ સાથે તેની વિગતો મોકલું છું.... મશીન એવું છે કે એકનો એક ફકરો તેના વડે લાખો વખત ટાઇપ કરવા છતાં મૂળાક્ષરોનું પુનરાવર્તન થતું નથી. આકસ્મિક રીતે શત્રુના હાથમાં મશીન જાય તો પણ તેનો ભેદ એ ખોલી ન શકે અને તેના થકી (જર્મન નૌકાદળના) કોડેડ વાયરલેસ સંદેશા કોઇ પણ સંજોગોમાં ઉકેલી ન શકે કારણ કે એ કાર્ય માટે સાઇફર કી અનિવાર્ય છે....



◆ આર્થર શેર્બિયસ, જેના સાઇફર મશીનને જર્મનોએ પહેલાં અવગણ્યું અને પછી અપનાવ્યું.

જર્મન નૌકાદળના ગુપ્તચર વિભાગે પત્ર મોકલનારા આર્થર શેર્બિયસને બોલાવ્યો અને તેનું મશીન તપાસ્યું. રચના સરસ હતી. કિંમત (૫,૦૦૦ જર્મન માર્ક એટલે કે તે સમયના હુંડિયામણ દરે ૨,૦૦૦ ડોલર) વાજબી હતી. શેર્બિયસ બે મહિનામાં એક હજાર મશીનો તૈયાર કરી શકે તેમ હતો, એટલે ડિલિવરી માટે ઝાઝી રાહ પણ જોવાની ન હતી.

આમ છતાં ગુપ્તચર વિભાગના નિયામકોને થયું કે મશીનો અપનાવીને સાંકેતિક વાયરલેસ સંદેશાવ્યવહારનો આખો કાર્યપ્રકાર બદલવો એ કરતાં હાલ વપરાતી છાપેલી કોડ બૂક શું ખોટી હતી ? શેર્બિયસનું મશીન શત્રુના હાથમાં ગયા પછીયે 'જબાન' ન ખોલે એ માન્યું, પરંતુ સીસાનું વજન ધરાવતી કોડ બૂકને સમુદ્રમાં પધરાવ્યા બાદ તેનીયે 'જબાન' ખૂલવાનો ક્યાં પ્રશ્ન હતો ? ઇમરજન્સી વખતે નાવિકો તેને અગ્નિદાહ પણ આપી શકે તેમ હતા. આ કોડ બૂકનું રહસ્ય એટલે જ તો અત્યાર સુધી અકબંધ હતું.

કેવો ઠગારો આશાવાદ ! અને કેવો છેતરામણો આત્મવિશ્વાસ ! અલબત્ત, દેશના ભાગ્યમાં લશ્કરી પરાજય, રાજકીય પરાધીનતા તેમજ આર્થિક પાયમાલી લખ્યાં હોય ત્યારે જર્મનોને સદ્‌બુદ્ધિ પણ કેમ સૂઝે ? વિશ્વયુદ્ધના પહેલા જ મહિને બ્રિટન માટે ખુલ્લી કિતાબ બનેલી કોડ બૂકને તેઓ વિશ્વયુદ્ધના છેલ્લા મહિના સુધી ટોપ સિક્રેટ માનતા રહ્યા!

શરણાગતિ પછી ખંડણી તરીકે બ્રિટનના હવાલે થવા માટે બહુમૂલાં યુદ્ધજહાજો, સબમરિનો અને ટોરપિડો બોટનો કાફલો જર્મનીનું કીલ નૌકામથક છોડીને હંકારી ગયો તેના બીજા અઠવાડિયે ત્રીસેક વર્ષનો એક રાષ્ટ્રવાદી જર્મન દૂરના મકાનની બારીમાંથી કીલની બેહાલી જોતો હતો. મગજમાં અનેક જ્વાળામુખો ક્રોધનો અને દેશદાઝનો ભભૂકતો લાવારસ ઓકતા હતા. હજી થોડા સમય પહેલાં નૌકામથકમાં ચહલપહલનો પાર ન હતો, જ્યારે હવે સંચારબંધી લાગુ પડી હોય તેમ સંપૂર્ણપણે સોપો છવાયો હતો. વાતાવરણ ભેંકાર હતું. અંગ્રેજો બધું લૂંટી ચૂકયા હતા.

બારીમાંથી કીલની દુર્દશા જોનાર રાષ્ટ્રવાદી જર્મને માત્ર એ મથકની નહિ, આખા દેશની રોનક પાછી લાવવાનો મનોમન નિર્ધાર કર્યો. વિજેતા રાષ્ટ્રો સામે ઝનૂનભેર મેદાને પડવાનું નક્કી કર્યું. નિર્ધાર પાકો હતો. ઍડોલ્ફ હિટલર જેનું નામ હોય એ ક્રાંતિકારી જર્મન નર્યા હવાઇ કિલ્લા તો બાંધે જ નહિ.

◆


પાંચેક વર્ષ પસાર થયાં.

ઇતિહાસે ફરી વખત જબ્બર વળાંક લેવાનો સમય આવ્યો. વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટિશ નૌકાદળના વડા નિયામકનો હોદ્દો ભોગવનાર વિન્સ્ટન ચર્ચિલ એક નાનકડી ભૂલ કરી બેઠા-- એમ ધારીને કે જર્મની હવે ક્યાં પાછું લડવા માટે પગભર થવાનું હતું? વિજેતા દેશોએ વિશ્વયુદ્ધ પછી ઠોકી બેસાડેલા સંધિકરાર મુજબ ૧,૦૦,૦૦૦ સૈનિકો કરતાં વધુ મોટું લશ્કર રાખવાનું ન હતું, બોમ્બર વિમાનો બનાવવાનાં ન હતાં, નૌકાકાફલો ૨૪ નાનાં યુદ્ધજહાજો પૂરતો સીમિત રાખવાનો હતો. કાફલામાં સબમરિન તો એક પણ ન જોઇએ.

વિન્સ્ટન ચર્ચિલ બાહોશ લીડર હોવા ઉપરાંત સારા લેખક પણ હતા. ૧૯૨૩માં તેમણે પ્રથમ વિશ્વવિગ્રહનો ચિતાર આપતું પુસ્તક 'ધ વર્લ્ડ ક્રાઇસિસ' પ્રગટ કર્યું. 'મેગ્ડેબર્ગ'ની કોડ બૂક કેવી રીતે મળી તેનો કિસ્સો વર્ણવ્યા બાદ અને તે કોડના પ્રતાપે બ્રિટિશ નૌકાદળે કેટલા જર્મન યુદ્ધજહાજોને તથા સબમરિનોને જળસમાધિ આપી તેનું વર્ણન કર્યા પછી ચર્ચિલે લખ્યું : 'આ કોડ બૂક વાપરીને અંગ્રેજ નિષ્ણાતો જર્મન નૌકાદળના બધા સાંકેતિક મેસેજ ઉકેલી નાખતા હતા. દરિયાઇ મોરચે જર્મની અનેક ભારે પત્તાં વડે ખેલતું હતું, પણ એ બધાં પત્તાં ખુલ્લાં હતાં...'

ચર્ચિલે પોતાના નૌકાખાતાનું પરાક્રમ છાનું જ રહેવા દીધું હોત એટલે કે બડાશ હાંકવાનો મોહ દાબી રાખ્યો હોત તો સારૂં હતું. 'ધ વર્લ્ડ ક્રાઇસિસ' પ્રગટ થયા પછી જર્મનીનું (નવેસરથી રચાયેલું) નૌકાદળ એકાએક ઝબકીને સાવધાન બન્યું. વાયરલેસ સંદેશાને ગુપ્ત રાખવા શું કરવું તેની વિચારણા માટે તેણે સાંકેતિક ભાષાના નિષ્ણાતોની ખાસ સમિતિ નીમી. સમિતિએ નૌકાદળને વધુ અટપટા કોડ અપનાવવા

◆ પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીને બૂરી રીતે હરાવ્યા બાદ બ્રિટને એ દેશના નૌકાદળની સબમરિનો તથા યુદ્ધજહાજો કબજે લીધાં. અહીં તસવીરમાં દેખાતી સબમરિન મૂળ જર્મન છે, પરંતુ તેનું સંચાલન કરતા નાવિકો બ્રિટિશ નૌકાદળના છે.



જણાવ્યું અને તે માટે પેલા આર્થર શેર્બિયસના મશીનને બેસ્ટ ગણાવ્યું.

આર્થર શેર્બિયસને પાછો જર્મન નૌકાદળના હેડક્વાર્ટરે બોલાવવામાં આવ્યો. બિચારાની પેઢી ફડચામાં જવા બેઠી હતી, પણ ૧૯૨૫ની સાલના આરંભે નૌકાદળનો મોટો ઓર્ડર મળ્યો એટલે તેને જીવતદાન મળ્યું. ઉપરાઉપરી બીજા ઓર્ડરો નોંધાતા જાય તેમ સરવાળે તો એ પેઢી ૩૦,૦૦૦ મશીનોનું ઉત્પાદન કરવાની હતી ! પહેલા વિશ્વયુદ્ધમાં જર્મનીનો 'વન્સ ફોર ઑલ' ફેંસલો આવી ગયો હોવાનું માનતા અંગ્રેજો માટે બીજા વિશ્વયુદ્ધમાં આર્થર શેર્બિયસનું દરેક મશીન અત્યંત માથાભારે શસ્ત્ર સાબિત થવાનું હતું. મશીનનું નામ હતું : એનિગ્મા.



પોલેન્ડને ફાડી ખાવા માટે તેના પડોશી દેશો જર્મની અને રશિયા તત્પર હતા. બસ, મોકો હાથ લાગે એટલી વાર હતી.

◆

૧૯૨૬નું વર્ષ હતું. પ્રથમ વિશ્વયુદ્ધ પછીયે બ્રિટનમાં કોડબ્રેકિંગના નિષ્ણાતો ચોવીસે કલાક જર્મન સૈન્યોના વાયરલેસ સંદેશાનું મોનિટરિંગ કરતા હતા. 'મેગ્ડેબર્ગ'ની કોડ બૂકને રદિયો આપી જર્મનોએ નવા જે પણ કોડ અપનાવ્યા તેમનું બંધ 'તાળું' અંગ્રેજ નિષ્ણાતોએ તોડી નાખ્યું હતું. જર્મનોની લશ્કરી હિલચાલ એ રીતે બ્રિટિશ સરકાર માટે છૂપી રહી શકતી ન હતી. હિલચાલ પર સતત નજર રાખવાનું અનિવાર્ય પણ હતું. વિજેતા દેશો બ્રિટન, ફ્રાન્સ, અમેરિકા તથા રશિયા દ્વારા કરાતા જર્મનીના આર્થિક શોષણ સામે લડવા નેશનલસોઝિઆલિસ્ટિશ નામનો ક્રાંતિકારી રાજકીય પક્ષ સ્થપાયો હતો. ટૂંકમાં, નાઝી કહેવાતા એ પક્ષનો ત્રીસેક વર્ષનો યુવાન નેતા ઍડોલ્ફ હિટલર તો જર્મનીને થયેલા અન્યાયોનો બદલો લેવા જર્મન પ્રજાજનોને હાકલ કરતો હતો. બર્લિન, મ્યુનિક, હેમ્બર્ગ, કીલ, ફ્રેન્કફર્ટ અને બીજાં શહેરો ખાતે જાહેર સભાઓ યોજતો હિટલર તેજાબી ભાષણો આપે ત્યારે નાસીપાસ જર્મનો પણ એકાએક જુસ્સાનો અનુભવ કરતા હતા.

બ્રિટનની કોડબ્રેકર્સ ટીમને ૧૯૨૬માં પહેલી વખત જર્મન સૈન્યના એવા સંદેશા વાયરલેસ રીસીવર પર સાંભળવા મળ્યા કે જે તેમને સમજાયા નહિ. શરૂઆતમાં સોએ દસ સંદેશાની કોડ લેન્ગ્વેજ અગાઉ કરતાં જુદી હતી, તો કેટલાક મહિના પછી તે આંકડો સોએ વીસનો, પછી ચાલીસનો અને ત્યાર બાદ પચાસનો થયો. સંદેશાનો મતલબ અંગ્રેજોને ભલે ન સમજાયો, પરંતુ તેમની સંખ્યા વધ્યાનો મતલબ સાફ હતો: જર્મન સૈન્યો નવી સાંકેતિક ભાષા અપનાવી રહ્યા હતા ! ક્રમશઃ અપનાવતા હતા, માટે કદાચ એ ભાષા રાતોરાત પ્રિન્ટ કરી શકાતી માત્ર કોડ બૂકમાં વર્ણવેલી ન હતી--બલકે, જેમનું ઉત્પાદન કરવામાં વાર લાગે એવાં મશીનો વડે સૈન્યોનાં વિવિધ એકમોને ક્રમવાર સજ્જ કરાતાં હતાં.

ચિંતાજનક વાત હતી, છતાં અંગ્રેજો નિશ્ચિંત રહ્યા. જર્મન સંદેશા ઝીલનાર ફ્રેન્ચ કોડબ્રેકિંગ વિભાગ બ્યૂરો દુ શિફરના નિષ્ણાતોએ તેમનો કોડ તોડવાના અધકચરા પ્રયાસો કર્યા, પરંતુ થોડીક કોશિશો બાદ તેઓ પણ આળસી ગયા. અમેરિકા પણ બેફિકર હતું. સૌના મનમાં એવો ભ્રમ કે પ્રથમ વિશ્વયુદ્ધ હારીને ધૂળ ચાટતું થયેલું અને વિજેતા દેશોને નુકશાની પેટે હજી દર વર્ષે અબજો ડોલરની પેનલ્ટી ચૂકવતું મુડદાલ જર્મની હવે ક્યાં ફરી લડવા માટે બેઠું થવાનું હતું ? યુદ્ધવિરામ વખતે થયેલી સમજૂતી અનુસાર તેને અમુક લિમિટ કરતાં વધારે શસ્ત્રો બનાવવાની કે સૈનિકોને ભરતી કરવાની છૂટ ન હતી. આ શરતનું પાલન થાય છે કે કેમ તેની જાતતપાસ માટે બ્રિટિશ, ફ્રેન્ચ, રશિયન તથા અમેરિકન નિરીક્ષકો વારંવાર જર્મન કારખાનાંની અને લશ્કરીમથકોની વિઝિટ લેતા હતા.

આ બધો સમય હંમેશા સતર્ક રહેલો એકમાત્ર દેશ હોય તો પોલેન્ડ, કેમ કે તેની બેય તરફ દુશ્મનો હતા. પશ્ચિમ સીમાડે જર્મની હતું; પૂર્વ સરહદે રશિયા હતું. બેઉ દેશોએ પોલેન્ડને બે ભાગે વહેંચી લીધા બાદ વર્ષો સુધી તાબામાં રાખ્યું હતું. પહેલા વિશ્વયુદ્ધને અંતે નવેમ્બર, ૧૯૧૮માં (સવાસો વર્ષે) માંડ સ્વતંત્રતા મળી હતી, છતાં બેય પડોશી દેશો ફરી પોલેન્ડને ફાડી ખાવા તત્પર હતા. બસ, મોકો હાથ લાગે એટલી વાર હતી.

સ્વાભાવિક વાત કે આવા સંજોગોમાં પોલેન્ડને ગાફેલ રહેવું પરવડે નહિ. રશિયન તથા જર્મન સૈન્યો શી હિલચાલ કરે છે અને તેમના રાજકીય આગેવાનો કેવા પ્લાન ઘડે છે તે જાણવા પોલેન્ડનું ગુપ્તચર ખાતું બેય દેશોના સાંકેતિક વાર્તાલાપો ઝીલતું હતું. યુવાન કોડબ્રેકર્સની ટીમ એ વાર્તાલાપોનાં 'તાળાં' ખોલવાનું કાર્ય બજાવતી હતી. બધા યુવાનો સરેરાશ ઓગણીસ-વીસ વર્ષના હતા. સૌથી બાહોશ ગણાતો મરિયન રેજેવ્સ્કી દેખાવે જરા મોટી વયનો લાગે, છતાં ફક્ત ૨૩ વર્ષનો હતો. કોડબ્રેકિંગના ક્ષેત્રે તેનો કદાચ યુરોપભરમાં જોટો નહિ. એનિગ્મા જો કે તેના માટે પડકારરૂપ બનવાનું હતું. બ્રિટન અને ફ્રાન્સ જેવા દેશોએ તો એ અવળચંડા મશીનના સંદેશા ઉકેલવાના પ્રયાસો ક્યારના તજી દીધા હતા.

દરમ્યાન થયું એવું કે ૧૯૩૧માં ફ્રાન્સના સંરક્ષણખાતાને એક સીલબંધ પત્ર મળ્યો. કવર પર લખેલી સૂચના મુજબ ટોચના ઑફિસરે જ તેને ખોલ્યો. હાન્સ શ્મિટ નામના જર્મને પત્રમાં જણાવેલું કે તેની પાસે ગુપ્ત લશ્કરી બાતમી હતી, જેનો સોદો તે ૧૦,૦૦૦ માર્કના (૪,૦૦૦ ડોલરના) સાટામાં કરવા તૈયાર હતો. ફ્રેન્ચોને જો રસ હોય તો ઑક્ટોબર ૧, ૧૯૩૧ના રોજ તેમણે પોતાના જાસૂસને સ્વિત્ઝરલેન્ડના બાસેલ શહેરમાં અમુક સરનામે મોકલવાનો હતો.

બાતમી શેના અંગે હતી ? પત્રમાં એ લખ્યું ન હતું. ફ્રેન્ચ ઑફિસરને દસ હજાર માર્ક બહુ મામૂલી રકમ લાગી, એટલે તેણે લશ્કરી ગુપ્તચર વિભાગના એક જાસૂસને સ્વિત્ઝરલેન્ડ રવાના કર્યો. હાન્સ શ્મિટ અને જાસૂસ મળ્યા. શ્મિટે તેને બે દસ્તાવેજો બતાવ્યા. એક

◆ *પૉલિશ કોડબ્રેકર મરિયન રેજેવ્સ્કી, જેનો પનારો માથાભારે એનિગ્મા સાથે પડવાનો હતો!*





◆ એનિગ્માનું રહસ્ય ઉઘાડું પાડનાર પ્રથમ વિશ્વયુદ્ધનો જર્મન સૈનિક હાન્સ શ્મિટ.

દસ્તાવેજમાં એનિગ્મા વાપરવાની રીત વર્ણવેલી હતી. બીજામાં એનિગ્માની કીનું સેટિંગ કેવી રીતે કરવું તે સમજાવ્યું હતું.

નવેમ્બર ૮, ૧૯૩૧ના રોજ બેલ્જિયમની એક હોટલમાં ફ્રેન્ચ ગુપ્તચરોની ટુકડી અને હાન્સ શ્મિટ વચ્ચે ગોઠવાયેલી મુલાકાત દરમ્યાન ફ્રેન્ચોએ દસ્તાવેજોના ફોટા પાડી લીધા. શ્મિટને તેના બદલામાં ૧૦,૦૦૦ માર્કની નોટો ગણી આપી. શ્મિટ અત્યંત ખુશ થયો. દસ હજાર માર્ક તદ્દન સામાન્ય રકમ ગણાય, છતાં આર્થિક રીતે કંગાળ થયેલા જર્મનીમાં એટલી રકમ પણ રોજિંદી જરૂરિયાતની ચીજો ખરીદવા માટે ખૂબ કામ લાગે. આ જર્મને વળી માત્ર પૈસાને ખાતર દેશની ગુપ્ત લશ્કરી બાતમી વેચી ન હતી. દેશ પ્રત્યે તેને થોડોક અણગમો પણ હતો. પ્રથમ વિશ્વવિગ્રહમાં તે જર્મન ખુશ્કીદળના સૈનિક તરીકે વીરતાપૂર્વક લડ્યો હતો. વિગ્રહ પછી તેણે ઊંચા હોદ્દા પર બઢતીની અપેક્ષા રાખેલી, પરંતુ વિજેતા દેશો સાથે કરાયેલી સમજૂતી પ્રમાણે લશ્કરનું સંખ્યાબળ ઘટાડવામાં આવ્યું ત્યારે ખુશ્કીદળે હાન્સ શ્મિટને છૂટો કરી દીધો. દસેક વર્ષ સુધી તેણે અને તેના કુટુંબે ભારે ગરીબી વેઠી. બીજી તરફ ખુશ્કીદળના જ ગુપ્ત સંદેશાવ્યવહારનું નેટવર્ક સંભાળતી ટુકડીમાં તેના ભાઇ કેપ્ટન રૂડોલ્ફ શ્મિટને એ ટુકડીના સેનાપતિનો હોદ્દો મળ્યો, એટલે હાન્સને જરા વધારે લાગી આવ્યું. રૂડોલ્ફે પોતાની લાગવગ વાપરી તેને સંદેશાવ્યવહારના મથકમાં નોકરીએ રખાવ્યો, છતાં તેનું મગજ શાંત ન પડ્યું. તક મળતાં જ તેણે એનિગ્માના દસ્તાવેજો તફડાવ્યા અને તેની અવગણના કરનાર ખુશ્કીદળ પર દાઝ કાઢવા વેચી પણ માર્યા. પૈસાની તો આમેય તેને જરૂર હતી.

આ દસ્તાવેજો ફ્રાન્સને જરાય કામ ન લાગ્યા, કેમ કે એનિગ્માની રચના સમજાવતી બ્લૂપ્રિન્ટ તેમાં ન હતી. એનિગ્મા કેમ વાપરવું અને કીનું સેટિંગ શી રીતે કરવું એટલું જાણીને શું વળે ? ફક્ત એ જાણકારીના આધારે તેના કોડનું રહસ્ય પામી શકાય તેમ ન હતું. રહસ્ય સુધી પહોંચવા માટે પહેલાં તો એકાદું મશીન કોપી-ટુ-કોપી બનાવવું જોઇએ. ડિઝાઇનની બ્લૂપ્રિન્ટ વગર તે કામ અસંભવ, માટે ફ્રેન્ચ સરકારે બન્ને દસ્તાવેજો પોતાના નવા મિત્રદેશ પોલેન્ડને આપી દીધા.

◆

જાન્યુઆરી ૩૦, ૧૯૩૩.

આગલે વર્ષે યોજાયેલી ચૂંટણીમાં સૌથી વધુ (૪૦%) મતો ઍડોલ્ફ હિટલરના નાઝી પક્ષને મળ્યા હતા, એટલે જર્મનીના વયોવૃદ્ધ પ્રમુખ વૉન હિન્ડનબર્ગે તેને દેશનો વડા પ્રધાન બનાવ્યો. હિટલરે બીજે જ મહિને હિન્ડનબર્ગની બધી સત્તા આંચકી લીધી. જર્મનીનો પોતે સર્વોચ્ચ નેતા (ફયુહ્રર) હોવાનું જાહેર કર્યું. જર્મની હજી બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ વગેરેને દર વર્ષે નુકશાનીના વળતરની રકમ ચૂકવતું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ પછી વિજેતા દેશોએ પોલેન્ડને આપી દીધેલો પૂર્વ પ્રશિયા નામનો પ્રદેશ હજી પોલેન્ડના કબજામાં હતો. કેટલાક જર્મન પ્રદેશને ફ્રાન્સ પણ દાબીને બેઠું હતું. વિજેતા દેશોએ સર્જેલા ઑસ્ટ્રિયા, હંગેરી અને ચેકોસ્લોવેકિયા પણ વર્ષો પહેલાં જર્મનીના પ્રાન્તો હતા. હિટલર પોતે ઑસ્ટ્રિયન હતો.

આ સરમુખત્યારનો મિજાજ જોતાં પોલેન્ડના લોકો ફફડી રહ્યા હતા. નાઝી સેનાનું વહેલુંમોડું આક્રમણ નક્કી જણાતું હતું. પોલેન્ડની સરકાર પોતાના સૈન્યને શસ્ત્રસજ્જ બનાવવા માંડી હતી. લશ્કરી તાકાત જેટલું જ મહત્વ જો કે કોડબ્રેકિંગનું હતું. જર્મની આક્રમણ કરે એ પહેલાં તેની લશ્કરી વ્યૂહરચના અંગે ગુપ્ત બાતમી મળી જાય તો પોલેન્ડ સામા દાવપેચ રમી તેને સજ્જડ લડત આપી શકે તેમ હતું. અલબત્ત, બધો મદાર હવે કોડબ્રેકર ટીમ પર હતો. ખાસ કરીને ત્રેવીસ વર્ષના મરિયન રેજેવ્સ્કી પર, કારણ કે ગણિતમાં તેનું ભેજું કમાલનું ચાલતું હતું.

બધી વાત સાચી, પણ એનિગ્મા નામનું જે કોડમેકર મશીન કદી જોયું ન હોય અને જેના યાંત્રિક માળખાનો તેમજ કાર્યપ્રકારનો સહેજે ખ્યાલ ન હોય તેના કોડ તોડવા એ તો રકમ જાણ્યા વગર દાખલાનો જવાબ શોધવા બરાબર હતું. એનિગ્મા વિશે એમ કહેવાતું કે દુશ્મનના હાથમાં એ મશીન જાય તો પણ દુશ્મન તેનો ભેદ સમજી શકે નહિ. એનિગ્મા તેને જર્મન સંદેશા ઉકેલવામાં પણ ઉપયોગી ન બને. રેજેવ્સ્કી પાસે ફ્રાન્સ દ્વારા મળેલા ફક્ત જાસૂસી દસ્તાવેજો હતા, જેમાં એનિગ્માની રોજિંદી કીના સેટિંગને લગતું માર્ગદર્શન આપ્યું હતું. અમુક દૃષ્ટાંતો ટાંક્યાં હતાં. આ કલ્પિત દૃષ્ટાંતો વાંચીને કશો અર્થ ન સરે, કેમ કે સંદેશાવ્યવહાર ચલાવતી વખતે હિટલરનાં નાઝી સૈન્યો રોજેરોજની plaintext ને રોજેરોજની કી મુજબ ciphertext માં ફેરવતા હતા. વળી પ્લગબોર્ડના વાયરોનું જે તે દિવસ પૂરતું ખાસ જોડાણ કરવામાં આવતું

◆ જર્મન પ્રમુખ વૉન હિન્ડનબર્ગે (જમણી તરફ) હિટલરને વડા પ્રધાનનો હોદ્દો આપી સત્તાધીશ બનાવ્યો તે ઐતિહાસિક પ્રસંગે લેવાયેલી તસવીર.



હતું. એનિગ્માનાં ત્રણ ચક્રોની ગોઠવણનો ક્રમ (દા. ત. ૧-૩-૨ અથવા તો ૩-૧-૨) દરરોજ જુદો પસંદ કરવા ઉપરાંત કીના મૂળાક્ષરો પણ બદલી નખાતા હતા. આ બધું જેને ખબર ન હોય એ વ્યક્તિ એક પછી એક સેટિંગને અજમાવતી રહે તો ciphertext નો તાળો મેળવવામાં તેને બ્રહ્માંડની વય કરતાં પણ વધુ સમય લાગે!

મરિયન રેજેવ્સ્કી પણ સાવ અંધારામાં હતો. એક દિવસ જો કે એનિગ્માના દસ્તાવેજમાં નીચે મુજબનું દૃષ્ટાંતરૂપી સેટિંગ વાંચીને તેણે પ્રકાશનો ચમકારો દીઠો.

> પ્લગબોર્ડ સેટિંગ : G/L - P/R - T/D - B/W - K/F - O/Y
> ચક્રોનો ક્રમ : 2 - 3 - 1
> સાઇફર કી : QCW

આમાં પ્લગબોર્ડ સેટિંગનો મતલબ એ થાય કે G મૂળાક્ષરના પ્લગનો સામો છેડો પ્રથમ ચક્રના L મૂળાક્ષર સાથે જોડી દો, એ જ પ્રમાણે કીબોર્ડના P નું કનેક્શન ચક્રના R સાથે અને T નું કનેક્શન D સાથે જોડો. આ જાતનું કુલ છ વાયરોનું સેટિંગ તે દિવસ પૂરતા ૧૨ મૂળાક્ષરોને અમુક રીતે અદલ-બદલ કરી નાખતું હતું. ચક્રોનો ક્રમ ૨-૩-૧ એટલે નં. ૨ ના ચક્રને આગામી ચોવીસ કલાક માટે પહેલું, નં. ૩ ના ચક્રને બીજું અને નં. ૧ ના ચક્રને ત્રીજું રાખો. અંતે ડિસ્પ્લેની 'વિન્ડો'માં ત્રણેય ચક્રોના મૂળાક્ષરો અનુક્રમે QCW તરીકે સીધી લીટીમાં દેખાય એ રીતે તેમને ગોઠવો.

દેશદ્રોહી હાન્સ શ્મિટે તફડાવેલા અને ફ્રેન્ચ ગુપ્તચર ખાતાને વેચેલા દસ્તાવેજમાં મરિયન રેજેવ્સ્કીને એ પણ જાણવા મળ્યું કે જર્મનો વિશેષ તકેદારી માટે રોજિંદી કી ઉપરાંત મેસેજ કી વાપરતા હતા. એનિગ્મા વડે સંદેશો મોકલતો વાયરલેસ ઑપરેટર પોતાની રોજિંદી કી QCW મુજબ દરેક મેસેજને પ્રસારિત કરે તો દિવસભરના બધા સંદેશા ઝીલી તેમનો પ્રિન્ટઆઉટ લેતા દુશ્મન કોડબ્રેકર્સ તેમાં ક્યાંક ને ક્યાંક જરાતરા સામ્ય શોધી કાઢે અને સામ્યના આધારે QCW કીને પણ ઓળખી કાઢે તે મોટું જોખમ હતું. આ જોખમ ટાળવા માટે દરેક આગામી સંદેશાને આગલા સંદેશા કરતાં જુદી રીતે ciphertext માં ફેરવવો જોઇએ. આથી સંદેશો મોકલવાના સમયે જર્મન વાયરલેસ ઑપરેટર સૌ પ્રથમ એનિગ્માનાં ત્રણ ચક્રોને રોજિંદી કી QCW અનુસાર ગોઠવતો હતો; ત્યાર બાદ મનફાવે એ ત્રણ કી દાબતો હતો. ટાઇપિંગની ભૂલ ક્યારેક ગૂંચવાડો પેદા ન કરે એટલા માટે વળી બે વખત દાબતો હતો. મેસેજ કી તરીકે PGH મૂળાક્ષરો તેણે પસંદ કર્યા હોવાનું કલ્પી લો. ટાઇપિંગનો આરંભ તે PGHPGH વડે કરે કે તરત એનિગ્મા તેમને સહેજે KIVBJE જેવા છ સદંતર જુદા અક્ષરોમાં પલટી નાખે. બન્ને PGH ને એકમેક કરતાં જુદું સ્વરૂપ મળવાનું કારણ એ કે એનિગ્માનું ચક્ર દરેક અક્ષરે ફરી જતું હતું. સંદેશા ઝીલનાર સામેના વાયરલેસ ઑપરેટરે પણ રોજિંદી કી મુજબ ત્રણ ચક્રોને QCW પોઝિશનમાં ગોઠવ્યાં હોય, એટલે રીસીવર દ્વારા ઝીલાયેલા KIVBJE ને તે ટાઇપ કરે ત્યારે લેમ્પબોર્ડ આપોઆપ PGHPGH નો ડિસ્પ્લે બતાવતું હતું. આમ PGH હવે આગામી સંદેશા પૂરતી મેસેજ કી હોય એ વાત પર બેય સામસામા ઑપરેટરો સહમત થતા હતા. પ્રસારણ કરી રહેલો ઑપરેટર પોતાના એનિગ્માને PGH મુજબ ગોઠવ્યા બાદ સંદેશાને ciphertext માં ફેરવે અને પ્રસારણ ઝીલી રહેલો ઑપરેટર પણ PGH ના સેટિંગ વડે સંદેશાને પાછો plaintext માં પલટી નાખે.

યુક્તિ અદ્‌ભુત હતી. દરેક મેસેજ કી જુદી હોય, માટે દરેક મેસેજ જુદી વેશભૂષા ધારણ કરતો હતો. બાહોશ કોડબ્રેકર ટોપ સિક્રેટ કીનો પત્તો લગાવવા માટે ciphertext માં હંમેશા એકધારી પેટર્ન શોધવાનો પ્રયત્ન કરે, પરંતુ અહીં વૈવિધ્યનો પાર ન હતો. દરેક એનિગ્માનો જર્મન ઑપરેટર પોતાની મરજી પ્રમાણે જુદી મેસેજ કી વાપરે, એટલે રોજિંદી કી સૌને માટે સમાન હોવા છતાં મેસેજ કીના સંદર્ભમાં તેના સંદેશાનું એવા જ બીજા સંદેશા કરતાં તદ્દન જુદી ઢબે ciphertext માં રૂપાંતર થતું હતું.

મેસેજ કીના મામલે જર્મનો છેવટે અણધારી રીતે ફસાયા અને મરિયન રેજેવ્સ્કી ફાવ્યો. એનિગ્મા વાપરતા જર્મન ઑપરેટરો રોજિંદી કી (QCW) મુજબ ચક્રોને ગોઠવ્યા પછી દિવસભરના બધા સંદેશા તે સેટિંગ અનુસાર ટાઇપ કર્યે રાખતા હોત તો રેજેવ્સ્કીને ખાસ કશી જાણકારી મળત નહિ. જર્મનોની ભૂલ એ કે તેઓ રોજના સરેરાશ ૧,૦૦૦ સંદેશા માટે ૧,૦૦૦ જુદી જુદી મેસેજ કી વાપરતા હતા એટલું જ નહિ, પરંતુ કીના ત્રણ અક્ષરોને રીપીટ કરી છનું PGHPGH જેવું ઝૂમખું બનાવતા હતા.

આ વાત રેજેવ્સ્કી પેલા દસ્તાવેજોના આધારે જાણી ચૂક્યો હતો. પરિણામે કોડબ્રેકર વિભાગે ઝીલેલા વાયરલેસ સંદેશામાં PGHPGH તેને KIVBJE તરીકે વાંચવા મળે ત્યારે એક વાત એ સમજી ચૂક્યો હોય કે પ્રથમ P=K હતો, બીજા P=B હતો, પ્રથમ G=I હતો, બીજા G=J હતો. આ રીતે તેને રોજના લગભગ ૬,૦૦૦ સાંકેતિક મૂળાક્ષરો તપાસવા મળતા હતા. સમય વીત્યો તેમ જે તે મૂળાક્ષરના રિપિટિશનનો ક્રમ તેને સમજાવા લાગ્યો. ચક્રોની ગોઠવણનો ખ્યાલ આવવા માંડ્યો. એનિગ્માની રચનાનો એક્સ-રે તેના મનમાં આકાર લેતો ગયો. માત્ર પરિકલ્પના વડે કાગળ પર ડિઝાઇન તેણે દોરી. ડિઝાઇન મુજબ પાર્ટ્સ તૈયાર કરાવ્યા--અને છેવટે તેણે



◆ *ચક્રોનું ચલકચલાણું : એનિગ્મા વડે સાંકેતિક સંદેશા પાઠવતા નાઝી સૈનિકો મશીનના ચક્રોની ગોઠવણ રોજેરોજ બદલી નાખતા હતા.*

અને તેના સાગરીતોએ ભેગા મળી એનિગ્મા મશીનનું ઑપરેટિંગ મોડેલ પણ બનાવ્યું ! એક નહિ, છ મોડેલો બનાવ્યાં. પોલેન્ડની કોડબ્રેકર ટીમ ત્યાર પછી જર્મન સંદેશાની ફક્ત મેસેજ કીના આધારે મશીનનાં ચક્રોનું સેટિંગ કરી રહસ્યોનું સીલ તોડવા લાગી. નાઝી ખુશ્કીદળનો, હવાઇદળનો અને નૌકાદળનો બધો ગુપ્ત સંદેશાવ્યવહાર પોલેન્ડ માટે પારદર્શક બન્યો. મરિયન રેજેવ્સ્કીએ સાચે જ અશક્ય સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. દુનિયાનો તે સૌથી બાહોશ કોડબ્રેકર સાબિત થયો હતો--અને કદાચ તેનું ફળદ્રુપ મગજ પણ ત્યારે જગતભરમાં અજોડ હતું. બિચારાની કમનસીબી એ કે પોતાની સિદ્ધિ વિશે તેણે મૌન રહેવાનું હતું !



◆ પ્રથમ વિશ્વયુદ્ધ બાદ આર્થિક તેમજ માનસિક રીતે પડી ભાંગેલા જર્મનીને હિટલરના જુસ્સાએ અને તેજાબી ભાષણોએ દુશ્મન દેશોને પડકારવા માટે ફરી બેઠું કર્યું.

૧૯૩૫નું વર્ષ આવ્યું. હિટલરે પ્રથમ વિશ્વયુદ્ધ પછી વિજેતા દેશો સાથે કરાયેલી સમજૂતીને કચરાટોપલીમાં નાખી દીધી. વિમાનો, યુદ્ધજહાજો, સબમરિનો, રણગાડીઓ વગેરે શસ્ત્રો જંગી પાયે બનાવવા તેણે જર્મન કારખાનાંને સૂચના આપી. ઇજનેરોને તથા કારીગરોને રોજના અઢાર કલાક પસીનો રેડવા હાકલ કરી. હિટલરને પોતાનો તારણહાર માનતી જર્મન પ્રજાની ખુમારી જુઓ : પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ૧૭ વર્ષ સુધી જર્મનીએ યુદ્ધવિરામના અન્યાયી કરારને અનુસરી નૌકાદળ માટે એક પણ સબમરિન બાંધી ન હતી. સબમરિનના કેટલાય સિનિઅર નિષ્ણાતો સત્તર વર્ષમાં કદાચ અવસાન પામી ચૂક્યા હોય, જ્યારે નવી પેઢીને તો વિજેતા દેશોના મનાઇહૂકમને લીધે એ વિષય શીખવા જ મળે નહિ. આમ છતાં હિટલરે આદેશ ફરમાવ્યો એ જ વર્ષે (૧૯૩૫)માં જર્મનીએ નવીનકોર ૧૪ સબમરિનો બાંધી નાખી ! બીજાં શસ્ત્રોનું ઉત્પાદન પણ તડામાર થતું હતું. પોલેન્ડની કોડબ્રેકર ટીમ જર્મન એનિગ્માના બધા કોડેડ સંદેશા ઉકેલી પોતાની સરકારને બાતમી પહોંચાડતી હતી. દરેક સંદેશામાં રહેલો પરોક્ષ સંકેત એ જ કે હિટલર યુદ્ધની પૂર્વતૈયારી કરતો હતો.

ડિસેમ્બર ૧૫, ૧૯૩૮ના રોજ એકાએક કોડબ્રેકર ટીમને પલ્લે ન પડે એ જાતના સંદેશા મળવા શરૂ થયા. મૂળાક્ષરોની ગોઠવણ અગાઉ કરતાં સાવ જુદી હતી. ગયા કામથી ! મરિયન રેજેવ્સ્કીએ લમણે હાથ દીધો. શું બનેલું એ સમજતા તેને વાર ન લાગી. જર્મનોએ એનિગ્મા માટે વધુ બે ચક્રો વાપરવાનું શરૂ કર્યું હતું. રેજેવ્સ્કીએ ciphertext વાંચીને અનુમાન કર્યું કે મશીનમાં ચક્રો તો ત્રણ જ હતા, પણ હવે એ ત્રણ પૈકી બેને તત્પુરતાં કાઢી તેમના સ્થાને અલગ કોન્ટેક્ટ્સવાળાં નવાં બે ચક્રો ફીટ કરાયાં હતાં. બન્ને સામટાં ન બદલવાં હોય તો ગમે તે એકને બદલવું પણ શક્ય હતું.

જર્મન હકૂમતે ખરેખર તો એનિગ્મા માટે બે અનામત ચક્રો અપનાવીને સાદી તથા સાંકેતિક ભાષા વચ્ચેનાં સમીકરણો જ બદલી નાખ્યાં હતાં. અત્યાર સુધી એનિગ્માનાં ત્રણ ચક્રોને ૧૨૩, ૧૩૨, ૨૧૩.... એમ ૬ પ્રકારના ક્રમમાં સેટ કરી શકાતાં હતાં. બે ચક્રો વધુ ઉમેરાયાં, એટલે સેટિંગ્સના વિકલ્પો ગુણાંકમાં વધીને ૫૪ થયા ! (નીચેનો કોઠો જુઓ.) એનિગ્માનો ખાંચો ભલે ફક્ત ત્રણ ચક્રોનો જ સમાવેશ કરી શકાતો હતો, પરંતુ ચક્રોની સંખ્યા ત્રણને બદલે પાંચ હતી. પ્રશ્ન એ કે સુરક્ષિત એનિગ્માને વધુ સુરક્ષિત બનાવવાનું તેને જરૂરી કેમ લાગ્યું ? હિટલર ટૂંક સમયમાં બીજું વિશ્વયુદ્ધ શરૂ કરવા માગતો હતો ? જો એમ હોય તો પોલેન્ડ નક્કી તેના ક્રોધનું પહેલું નિશાન બનવાનું હતું. પોલેન્ડની કોડબ્રેકર ટીમમાં હતાશા વ્યાપી, છતાં નાસીપાસ થયે પોસાવાનું ન હતું. દેશના માથે સંકટનાં વાદળો ઘેરાયાં હોય ત્યારે પગ વાળીને બેસી રહેવાય નહિ. મરિયન રેજેવ્સ્કીએ અને તેના સાથીદારોએ ભેગા મળી નવા કોડનું 'સીલ' તોડવા પાછી મથામણ શરૂ કરી. હજી તો પંદર દિવસ વીત્યા, એવામાં નસીબ પાછું વાંકું પડયું. જાન્યુઆરી ૧, ૧૯૩૯ના રોજ જર્મનોએ દરેક એનિગ્માના પ્લગબોર્ડમાં વાયરોની સંખ્યા ૬ને બદલે ૧૦ કરી નાખી.

પત્યું ! હવે પ્રયાસો આગળ ચલાવવાનો અર્થ નહિ. કોડબ્રેકિંગનું કામ પૂરેપૂરૂં અશક્ય બન્યું હતું. અગાઉ ૬ વાયરો ૧૨ મૂળાક્ષરોને અદલબદલ કરતા ત્યારે સંભવિત કીની સંખ્યા ૧,૦૦,૦૦,૦૦૦ અબજ હતી. પ્લગબોર્ડમાં ૧૦ વાયરો વીસ મૂળાક્ષરોનું પરસ્પર મેચિંગ કરે, એટલે સંભવિત કીનો જુમલો ૧,૫૯,૦૦,૦૦,૦૦,૦૦૦ અબજ સુધી પહોંચ્યો હતો ! આમાં સાચી કીનો પત્તો કેમ લગાવવો? કોઇ આશા દેખાતી ન હતી.

હિટલરે મે, ૧૯૩૯માં પોલેન્ડને દાટી મારવાનું શરૂ કર્યું. ડાન્ઝિંગ બંદર સહિત પૂર્વ પ્રશિયાનો જર્મન પ્રદેશ ખાલી કરવા તેને જણાવ્યું. પોલેન્ડના કોડ લેન્ગ્વેજ વિભાગના મુખ્ય નિયામક મેજર ગ્વિડો લેન્ગરે વિચાર્યું કે નાઝી આક્રમણનાં ઘોડાપૂર ફરી વળ્યાં બાદ પોલેન્ડનું અસ્તિત્વ

ચક્રો ત્રણ હોય ત્યારે	ચક્રો પાંચ અને ગોઠવણો ચોપ્પન ! વધુ બે ચક્રો પણ વાપરી શકાતાં હોય ત્યારે...								
123	124	125	134	135	142	143	145	152	153
132	154	214	215	234	235	241	243	245	251
213	253	254	314	315	324	325	341	342	345
231	351	352	354	412	413	415	421	423	425
312	431	432	435	451	452	453	511	513	514
321	521	523	524	531	532	534	541	542	543

તો જાણે રહેવાનું ન હતું, પણ રેજેવ્સ્કી અને બીજા કોડબ્રેકર્સે એનિગ્માને લગતું સંશોધન કરી જે થોડુંઘણુંયે જ્ઞાન મેળવ્યું તે મિત્રદેશોને આપી દેવું જોઇએ. કદાચ તેઓ પોતાની અખૂટ સાધનસંપત્તિને કામે લગાડી એનિગ્માના રહસ્યમય કાર્યપ્રકારને જાણવામાં સફળ થાય. જર્મનીનું શસ્ત્ર તેની સામે જ વાપરવામાં તેઓ કદાચ સફળ જાય, તેને હરાવે અને પોલેન્ડે ફરી જર્મનીના ગુલામ બનવાનો વખત ન આવે....



◆ એનિગ્માના કોડ તોડવા માટે રચાયેલી કોડબ્રેકર ટીમ. છેક જમણે ઉભેલો યુવક મરિયન રેજેવ્સ્કી છે.

મેજર ગ્વિડો લેન્ગરે જૂન ૩૦, ૧૯૩૯ના રોજ સાંકેતિક ભાષાના ફ્રેન્ચ અને બ્રિટિશ ખાતાંને ટેલિગ્રામ મોકલ્યો. બેઉ દેશોના અગ્રગણ્ય નિષ્ણાતોને તેણે પોલેન્ડ તેડાવ્યા. પ્રવાસ ખાનગી રાખવા ખાસ ભલામણ કરી. જુલાઇ ૨૪, ૧૯૩૯ની સવારે બે ફ્રેન્ચ કોડબ્રેકર્સ ટ્રેનમાં બેસી પોલેન્ડની રાજધાની વૉર્સો પહોંચ્યાં. બ્રિટનના ત્રણ નિષ્ણાતો વિમાનમાર્ગે ત્યાં ગયા. લેન્ગર તેમને મળ્યો. કોડબ્રેકિંગના છૂપા વાયરલેસ મથકે તેમને દોરી ગયો. સૌ મોટા ઓરડામાં પ્રવેશ્યા. ઓરડાની વચ્ચે ટેબલ હતું. કેટલીક ચીજો તેના પર ઢાંકેલી પડી હતી. કંઇ પણ બોલ્યા વિના લેન્ગરે કવર ખસેડી નાખ્યું. મહેમાનો અવાચક નજરે જોતા રહી ગયા. એક નહિ, પણ છ એનિગ્મા તેમની સમક્ષ પડયાં હતાં! નાઝી હકૂમત દરેકેદરેક એનિગ્મા મશીનને અમૂલ્ય હીરાની જેમ સાચવતી અને માત્ર ટોચના અફસરો તથા ઑપરેટરો તેને સ્પર્શ કરી શકતા ત્યારે મેજર લેન્ગરે સામટાં અડધો ડઝન એનિગ્મા કેવી રીતે તફડાવ્યાં? મહેમાનોને કહેવામાં આવ્યું કે પોલેન્ડની કોડબ્રેકર ટીમે એ મશીનો જાતે બનાવ્યાં હતાં. (આ વળી બીજું સરપ્રાઇઝ !) બ્રિટિશ તથા ફ્રેન્ચ મહેમાનોને એ પણ કહેવામાં આવ્યું કે કોડબ્રેકર ટીમ તેમાંના બે એનિગ્મા તેમને રીસર્ચનાં કાગળિયાં સહિત ભેટ આપવા માગતી હતી. (ત્રીજું સરપ્રાઇઝ !) એક મશીન બ્રિટન માટે અને બીજું ફ્રાન્સ માટે હતું.

એ જ રાત્રે બન્ને એનિગ્માના સાથે એક મોટર વૉર્સો ખાતેની ફ્રેન્ચ એલચી કચેરીના મોટા કમ્પાઉન્ડમાં પ્રવેશી. મશીનો પૅક કરવામાં આવ્યાં. પાર્સલને ફ્રેન્ચ દૂતાવાસનું સીલ મારવામાં આવ્યું, જેથી આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર પોલેન્ડના કે ફ્રાન્સના કસ્ટમખાતાને તેનું ચેકિંગ કરવાની સત્તા રહે નહિ. પાર્સલ ફ્રાન્સ પહોંચ્યું, જ્યાં એક મશીન પેરિસ ખાતેની બ્રિટિશ એલચી કચેરીને સુપરત કરી દેવામાં આવ્યું. છેવટે ઑગસ્ટ ૧૬, ૧૯૩૯ના રોજ એ મશીન બ્રિટનના રૂમ નં.૪૦ તરીકે ઓળખાતા કોડબ્રેકિંગ વિભાગને મળ્યું.

આ તરફ હિટલરનું સૈન્ય પોલેન્ડને રગદોળી નાખવા તૈયારીઓ કરતું હતું. વ્યૂહરચના નક્કી થતી હતી, મોરચા ગોઠવાતા હતા, વાતાવરણ જર્મન એનિગ્માના હજારો સંદેશા વડે 'ગૂંજતું' હતું--અને છતાં પોલેન્ડના કોડબ્રેકર્સ માટે સદંતર બ્લેકઆઉટ હતો. વાયરલેસ પર તેઓ સંદેશા ઝીલી શકતા હતા અને દરેકનો પ્રિન્ટઆઉટ કાઢી શકતા હતા, પણ એકેય સંદેશો તેમને સમજાતો ન હતો. આ મુસીબતે પોલેન્ડનું ભાવિ જાણે કે નક્કી કરી નાખ્યું. પોલેન્ડની ૫,૬૦૦ કિલોમીટર લાંબી સરહદ પર નાઝી બખ્તરિયા દળ કયા અને કેટલા મોરચે ત્રાટકે એ હવે કહી શકાય તેમ ન હતું. નાઝી વાયુસેના ક્યારે અને કેટલાં વિમાનો સાથે ચડી આવે તેના વિશે અંધારામાં રહેવાનું હતું. કઇ જાતનો લશ્કરી દાવ નાઝી સૈન્યે તથા વાયુસેનાએ ગોઠવ્યો હોય તે ખબર પડવાની ન હતી. આથી તે દાવને ફોક ઠરાવવા વળતી ચાલ ગોઠવવાનો પોલેન્ડને મોકો જ ન મળ્યો.

◆

તારીખ સપ્ટેમ્બર ૧, ૧૯૩૮ અને સમય પરોઢના ૪:૪૭ વાગ્યાનો. પ્રથમ વિશ્વયુદ્ધના આરંભે માર્યા જનાર પેલા જર્મન યુદ્ધજહાજ 'મેગ્ડેબર્ગ'ના નાવિકોને ડાન્ઝિંગમાં દફન કરાયા એ વાતને ૨૫ વર્ષ પૂરાં થયાં હતાં. ડાન્ઝિંગ બંદર ત્યારે જર્મનીનું હતું, પણ હવે પોલેન્ડનું હતું. નાવિકોને દર વર્ષની જેમ તોપોની સલામી આપવા હિટલરે 'શ્લેઝવિગ હોલ્સ્ટાઇન' નામના યુદ્ધજહાજને ડાન્ઝિંગ મોકલ્યું. સલામી માટે દારૂગોળાનો માત્ર 'બ્લેન્ક ચાર્જ' ફોડીને ભડાકા કરવાના હોય, પણ યુદ્ધજહાજે તો પોતાની ૧૧''ના વ્યાસવાળી તોપોમાં રીતસરના તોપગોળા ભરીને નાળચાં ૪૦૦ વાર છેટે આવેલી પોલેન્ડની લશ્કરી છાવણી તરફ માંડયાં અને બરાબર ૪:૪૭ વાગ્યે પહેલો તોપગોળો ફાયર કર્યો. બીજા વિશ્વયુદ્ધનો એ પ્રથમ તોપગોળો હતો, જેણે લશ્કરી છાવણીનાં લક્કડિયાં મકાનોને ભડકે બળતાં કરી દીધાં. લગભગ સવા કલાક પછી ૬:૦૦ વાગ્યે નાઝી સૈન્ય જુદા જુદા દસેક ઠેકાણે સરહદ ઓળંગી પોલેન્ડમાં દાખલ થયું અને જર્મન વાયુસેના લુફ્ટવાફનાં વિમાનોએ પણ હુમલા શરૂ કર્યા. જર્મનીના વૉરપ્લાન અંગે પોલેન્ડને કશી જાણકારી ન હતી, એટલે તેની પાસે ૩૦ ડિવિઝનો અને ૩૯૭ વિમાનો હોવા છતાં જર્મનીના વિદ્યુતવેગી આક્રમણે તેને જોતજોતામાં મહાત કરી દીધું.


બીજે દિવસે બ્રિટને જર્મની સામે યુદ્ધ પોકાર્યું--અને બહુ મોટી આફત વહોરી લીધી. એનિગ્માનો ભેદ જ્યાં લગી અભેદ્ય હોય ત્યાં સુધી જર્મનોને છંછેડવામાં સાર નહિ. દુશ્મનના ખાનગી વાર્તાલાપો સાંભળી અને સમજી ન શકે એ દેશ પાસે લાખો બીજાં શસ્ત્રો હોય તો પણ વાર્તાલાપો



'શ્લેઝવિગ હોલ્સ્ટાઇન' જહાજે ૧લી સપ્ટેમ્બરે પોલેન્ડ પર ગોળાની ઝડી વરસાવી એ સાથે વિશ્વયુદ્ધનો પલીતો ચંપાયો.

દ્વારા મળતી જાસૂસી બાતમી વગર યુદ્ધ જીતવાનું મુશ્કેલ બને. બ્રિટનની સ્થિતિ પોલેન્ડ કરતાં જુદી ન હતી. જર્મની સાથે લાંબી સરહદ ધરાવતા પોલેન્ડનું ભાવિ જેમ ભૂમિયુદ્ધે નક્કી કર્યું તેમ ચોતરફ સમુદ્ર ધરાવતા બ્રિટનનું ભાવિ દરિયાઇ યુદ્ધમાં હાર-જીત વડે નક્કી થવાનું હતું. પોલેન્ડના કોડબ્રેકર્સ જર્મન ખુશ્કીદળના એનિગ્માનું 'સીલ' તોડી શક્યા ન હતા. બ્રિટનના કોડબ્રેકર્સ માટે જર્મન નૌકાદળનું એનિગ્મા રહસ્યમય હતું.

પરિણામ થોડા જ વખતમાં દેખાવા માંડ્યું. જર્મન નૌકાદળની સબમરિન પાંખના સેનાપતિ એડમિરલ કાર્લ ડોનિટ્ઝે કુલ ૪૦ સબમરિનોને ઍટલાન્ટિક મહાસાગરમાં ફરતી કરી દીધી હતી. મિશન એ જ હતું કે જે પ્રથમ વિશ્વયુદ્ધમાં હતું : કોઇ પણ ભોગે 'ધ બેટલ ઑફ ધ ઍટલાન્ટિક' જીતો ! આયાતી કાચા માલ વડે પોતાનું યુદ્ધતંત્ર ચલાવતા બ્રિટનની શ્વાસનળી કાપી નાખો !


♦ સબમરિન પાંખનો સેનાપતિ કાર્લ ડોનિટ્ઝ.

વિશ્વયુદ્ધ શરૂ થયાને હજી તો પંદર દિવસ વીત્યા એવામાં યુ-૨૯ નામની જર્મન સબમરિને સપ્ટેમ્બર ૧૭, ૧૯૩૯ ના રોજ માલવાહક જહાજોની શોધ ચલાવતી વખતે એકદમ તગડો શિકાર દીઠો. બ્રિટનનું વિમાનવાહક જહાજ 'કરેજિયસ' તેની વિનાશિકાઓના (ડિસ્ટ્રોયર્સના) રક્ષણ નીચે હંકારી રહ્યું હતું. બે કલાક સુધી તેનો પીછો કર્યા બાદ યુ-૨૯ ના કેપ્ટને ત્રણ ટોરપિડો છોડી 'કરેજિયસ'ને જળસમાધિ આપી. ઑક્ટોબર ૧૨/૧૩, ૧૯૩૯ ની રાત્રે યુ-૪૭ નામની બીજી જર્મન સબમરિને બ્રિટિશ નૌકામથક સ્કાપા ફ્લોમાં ઘૂસી તોતિંગ યુદ્ધજહાજ 'આર્ક રૉયલ'ને ડૂબાડ્યું. ૧૯૩૯નું વર્ષ પૂરું થયું ત્યાં સુધીમાં એડમિરલ કાર્લ ડોનિટ્ઝની સબમરિનોએ બ્રિટનનાં ૧૧૪ માલવાહક જહાજો પણ ડૂબાવ્યાં, જેમનું કુલ વજન ૪,૨૦,૦૦૦ ટન હતું. ચાર મહિનામાં ૧૧૪ જહાજો એટલે કે રોજનું લગભગ એક! બીજી તરફ માત્ર નવ જર્મન સબમરિનો બ્રિટિશ કાફલાના ડેપ્થ ચાર્જ, સુરંગ કે ટોરપિડોનો ભોગ બની હતી. એડમિરલ ડોનિટ્ઝને તેમની ખોટ ન સાલી, કેમ કે તે દરમ્યાન કીલના જહાજવાડાએ ૧૫ નવી સબમરિનો બાંધી નાખી હતી.

વિન્સ્ટન ચર્ચિલ હવે બ્રિટનના વડા પ્રધાન હતા. એક વાત તેઓ બરાબર સમજી ચૂકેલા કે બીજું વિશ્વયુદ્ધ જો બ્રિટને જીતવું હોય તો પ્રથમ વિશ્વયુદ્ધની જેમ તેણે 'ધ બેટલ ઑફ ધ ઍટલાન્ટિક'માં ફરી જર્મનીને હરાવવું રહ્યું--અને તે વાત એનિગ્માનાં રહસ્યો ખોલ્યાં વગર શક્ય ન બને. પ્રથમ વિશ્વયુદ્ધમાં પણ 'મેગ્ડેબર્ગ'ની કોડબૂક હાથ ન લાગી હોત તો જર્મનીને હરાવવાનો પ્રશ્ન જ ક્યાં હતો? એ યુદ્ધમાં જર્મનો દર મહિને ૨૦ લાખ શબ્દો જેટલા સાંકેતિક મેસેજ પ્રસારિત કરતા હતા. વાયરલેસ યંત્રોનો ફેલાવો ત્યાર પછી વધ્યો હતો, માટે બીજા વિશ્વયુદ્ધમાં રોજના સરેરાશ ૨૦ લાખ શબ્દો (સાંકેતિક સ્વરૂપે) પ્રસારિત થાય એવી વકી હતી. આ થોકબંધ સંદેશાનો અર્થ તારવવા માટે સેંકડો નહિ, હજારો કોડબ્રેકર્સનો ખપ પડે એમ ધારી પાટનગર લંડનની ૮૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમે બ્લેક્લી પાર્ક નામનું વિશાળ મકાન તેમના માટે રોકી લેવાયું હતું. આ મકાનમાં બધાનો સમાવેશ થાય તેમ ન હતો, એટલે તેની પાછળ કેબિનો બાંધવામાં આવી હતી. પોલેન્ડ દ્વારા ભેટ મળેલું એનિગ્મા મશીન અહીં જ હતું. પ્રયોગશાળાના દેડકા જેવું, કેમ કે અંગ્રેજ કોડબ્રેકર્સ તેના પર સતત અખતરા કરતા હતા. અલબત્ત, જર્મનોએ એનિગ્માનાં ચક્રોની સંખ્યા ત્રણને બદલે પાંચ કર્યા પછી એ મશીન લગભગ નકામું બન્યું હતું. નવાં બે ચક્રોની રચના જાણ્યા વગર એનિગ્માનો ભેદ ખૂલે જ નહિ.

....પણ નસીબના દરવાજા આપોઆપ ખૂલ્યા. ફેબ્રુઆરી ૧૨, ૧૯૪૦ની રાત્રે જર્મન સબમરિન યુ-૩૩ લાંબી ડૂબકી પછી ટાંકી ખાલી કરીને બહાર નીકળી ત્યારે તેના કેપ્ટન વૉન ડ્રેસ્કીને બિલકુલ સામે જ એક બ્રિટિશ મનવારની છાયાકૃત્તિ જોવા મળી. 'ગ્લીનર' નામનું તે સુરંગ ખસેડનાર બ્રિટિશ જહાજ (માઇન સ્વીપર) હતું. જહાજની સર્ચલાઇટનો આંજી દેતો શેરડો તરત સબમરિન પર મંડાયો અને ડ્રેસ્કી જરા હબકી ગયો. તાબડતોબ ડૂબકી મારવા તેણે સૂચના આપી. 'ગ્લીનર'ના પણ સહેજ ચોંકેલા અંગ્રેજ નાવિકો તેને પાણીમાં ગરક થતી જોતા રહ્યા, પરંતુ ભાગીને તે ક્યાં જવાની હતી. ? ચારેક મિનિટ પછી યુ-૩૩ની ચારેબાજુ 'ગ્લીનર'ના ડેપ્થ ચાર્જ (જળગોળા) ફાટ્યા અને તે હચમચી ઊઠી. વિસ્ફોટની પરંપરાએ તેના આંતરિક માળખામાં સખત તોડફોડ કરી નાખી. કન્ટ્રોલ પેનલનાં મીટરો ભાંગી ગયાં. હાઇડ્રોલિક પાઇપ તૂટ્યા. જાયરોસ્કોપે પલટી ખાધી. ક્યાંક વેલ્ડિંગ ઉખડ્યું. સબમરિનની બહાર સુકાનનો એક મિજાગરો નીકળી ગયો. કેપ્ટન વૉન ડ્રેસ્કીએ ત્યાર બાદ 'સમુદ્રનું પાણી અંદર ઘૂસે છે !' એવી બૂમ પણ સાંભળી. વિચારવાનો તેને સમય મળે એ પહેલાં બીજા ડેપ્થ ચાર્જના ધૂમધડાકા થયા. થોડી મિનિટોમાં તો યુ-૩૩ છીછરા તળિયે બેસી પડી અને સાવ પંગુ બની.

વિચારવાનો હવે તો સમય પણ ન હતો. ત્રીજો હુમલો થાય એ પહેલાં અને કોમ્પ્રેસ્ડ હવાની ટાંકી

♦ બ્લેક્લી પાર્ક નામનું મકાન, જ્યાં બ્રિટનના ખાંખતિયા કોડબ્રેકરો જર્મનીના સાંકેતિક મેસેજ ઉકેલતા હતા.


લીક થાય એ પહેલાં સપાટી પર જતા રહેવું જોઇએ. બ્રિટિશ નાવિકો સામે હાથ ઊંચા કરી દેવા સિવાય આરો ન હતો, કેમ કે યુ-૩૩ હંકારવાને યોગ્ય ન હતી. કેપ્ટન વૉન ડ્રેસ્કીએ પોતાના અફસરોને ગુપ્ત દસ્તાવેજોનો નાશ કરવા જણાવ્યું. સૌથી કિંમતી ચીજ હોય તો એનિગ્મા મશીન જેને અંગ્રેજ મરજીવાઓ છીછરા સમદ્રમાં ડૂબકી મારીને ક્યારેક પણ હસ્તગત કરી શકે તેમ હતા. સામાન્ય રીતે તો ક્રેનવાળું જહાજ વાપરી આખી સબમરિનને બહાર ખેંચી લેવાતી હતી.

એનિગ્માના વાયરલેસ ઑપરેટર લેફ્ટનન્ટ બેકરને થયું કે ચક્રો વગર એનિગ્મા સહેજ પણ કામનું નહિ, એટલે તેણે એ મશીનમાં રહેલાં ત્રણ ચક્રો કાઢી લીધાં. બંધ પેટીમાં મૂકેલાં અનામત પાંચ ચક્રો પણ અંકે કર્યાં. નાવિકો વચ્ચે તેમને વહેંચી દીધાં. યુ-૩૩ સપાટી પર તરી નીકળે એ પછી તેમણે ચક્રોનો દૂર પાણીમાં ઘા કરી દેવાનો હતો. સપાટી પર રાત હતી. સર્વત્ર અંધકાર હતો. કોઇનું ધ્યાન પડવાનું ન હતું.





♦ જર્મન સબમરિન યુ-૩૩ની સફરના આરંભે તેના સહાયક કપ્તાન વૉન ડ્રેસ્કીનું અભિવાદન કરતો ઍડોલ્ફ હિટલર (ડાબી તરફનો ફોટો) અને યુ-૩૩ના કેટલાક જર્મન નાવિકો.

ઉત્તર સમુદ્રના બર્ફીલા શિયાળુ પાણીમાં શરીરને થીજી જતાં માંડ એકાદ મિનિટ લાગે, એટલે સૌએ છ-સાત જોડ કપડાં પહેરી લીધાં. બે પોશાકો વચ્ચે પુરાયેલી રહેતી હવા થોડોક સમય તેમના શરીરને વૉટરપ્રૂફ રાખી શકે તેમ હતી. લેફ્ટનન્ટ હાઇન્ઝ રોટમાન નામના અફસરે પોતાના યુનિફૉર્મની અંદર બંધ ગળાનું સ્વેટર પહેરી રાખ્યું હતું. યુનિફૉર્મ પર તેણે લેધર જૅકેટ, લેધર પેન્ટ, ઊનનો કોટ, રૂઆંટીદાર ચામડાનું પેન્ટ તેમજ ઑવરકોટ ટચકાવ્યાં. એનિગ્માનાં ત્રણ ચક્રો તેણે પેન્ટના ઊંડા ખિસ્સામાં મૂક્યાં. બે ચક્રો લેફ્ટનન્ટ કાર્લ વિટોર નામના અફસર પાસે હતાં. બાકીનાં ત્રણ ચક્રો યુ-૩૩ના મિકેનિક ફ્રિટ્ઝ કમ્ફે પેન્ટના ગજવામાં રાખ્યાં હતાં.

સબમરિનની ટાંકીમાં રહેલા પાણીને બહાર ધકેલવા કોમ્પ્રેસ્ડ ઍરનો પ્રવાહ છૂટ્યો અને સબમરિન જળસપાટી પર તરી નીકળી. કેપ્ટન વૉન ડ્રેસ્કીએ કોનિંગ ટાવરનો ગટરના ઢાંકણા જેવો દરવાજો ખોલ્યો. બ્રિટિશ જહાજ 'ગ્લીનરે' એ જ વખતે સર્ચલાઇટ મારી. ડ્રેસ્કીએ તેની ઝળહળતી રોશનીમાં પોતાના હાથ ઊંચા કરી શરણાગતિનો સંકેત આપ્યો. નાવિકોને સબમરિનના દારૂગોળાનો ટાઇમ ડિલે ફ્યૂઝ દાગી ઝટપટ બહાર નીકળી આવવા જણાવ્યું. દરમાંથી મંકોડા ઉભરાય એ રીતે જર્મન નાવિકો ટપોટપ ડોકાવા લાગ્યા. 'હેઇલ હિટલર !' એવો પોકાર કરી સૌ ઠંડાગાર સમુદ્રમાં કૂદી પડયાં. અડધી મિનિટ પછી સબમરિનમાં વિસ્ફોટો શરૂ થયા. લગભગ ૪૦°નો ખૂણો રચી તેણે દસાડી બતકની જેમ ઉત્તર સમુદ્રના પેટાળ તરફ હંમેશ માટે ડૂબકી મારી. આ પાણીમાં કોણ જીવે અને કોણ મરે તે કહેવાય નહિ. લેફ્ટનન્ટ રોટમાને ખિસ્સામાં હાથ નાખી એનિગ્માનાં ત્રણ ચક્રો બહાર કાઢ્યાં. તરવા માટે બાવડું વીંઝવાની એક્શન સાથે જ દૂર તેમનો ઉલાળિયો કરી દીધો. લેફ્ટનન્ટ કાર્લ વિટોરે લગભગ એ જ રીતે બે ચક્રોને પધરાવ્યાં. બન્ને ત્યાર બાદ કેપ્ટન વૉન ડ્રેસ્કીની મદદ કરવા તેને શોધવા લાગ્યા. આ કર્તવ્યપરાયણ અને બહાદુર કેપ્ટને પોતાનાં અમુક વસ્ત્રો બીજા નાવિકોને આપી દીધાં હતાં.



દરમાંથી મંકોડા ઉભરાય એ રીતે નાવિકો યુ-૩૩માંથી બહાર નીકળ્યા અને 'હેઇલ હિટલર!'ના પોકાર સાથે સમુદ્રમાં કૂદી પડ્યા.

થોડી વારે 'ગ્લીનર'ની લાઇફબોટે યુ-૩૩ના ચાર અફસરો તથા ૧૭ નાવિકોને ઊંચકી લીધા. કેપ્ટન વૉન ડ્રેસ્કી તેમાં ન હતો. ફરજના નામે તેણે જાનનું બલિદાન આપી દીધું હતું. લેફ્ટનન્ટ રોટમાને હોશહવાસ ગુમાવ્યા હતા. ચેતનાતંત્ર પાછું સક્રિય થયા બાદ તેણે જોયું તો ગરમ પાણીના બાથટબમાં પડ્યો હતો. 'ગ્લીનર'ના અંગ્રેજ નાવિકોએ તેને ટેકો આપી બહાર કાઢ્યો. કોરાં વસ્ત્રો હાજર કર્યાં. રોટમાને પોતાના સાથીદારો વિશે તેમને પૂછ્યું, એટલે તેને એક કેબિન તરફ દોરી જવામાં આવ્યો. બારણું ખોલીને તે અંદર પ્રવેશ્યો. બચી ગયેલા સાથીદારો ત્યાં ધાબળો ઓઢીને લેટ્યા હતા. ઠંડીથી દરેક જણ ધ્રૂજતો હતો.

લેફ્ટનન્ટ રોટમાનને જોતાવેંત 'હેર ઓબેરલ્યુટનન્ટ !' કહેતો મિકેનિક ફ્રિટ્ઝ કમ્ફ માંડ બેઠો થયો. ઊભો પણ થયો, પરંતુ કમજોરીનો માર્યો પાછો બેસી પડ્યો. લેફ્ટનન્ટે તેને લશ્કરી અદબ તત્પુરતી બાજુ પર રાખવાની છૂટ આપી. 'હેર ઓબેરલ્યુટનન્ટ !' ફ્રિટ્ઝ કમ્ફ બોલ્યો.... અને પછી રોટમાનના પેટમાં તેલ રેડતા સમાચાર તેણે સંભળાવ્યા કે એનિગ્માનાં ત્રણ ચક્રો ફેંકી દેવાનું તે ભૂલી ગયો હતો!

આફત ! લેફ્ટનન્ટ રોટમાને જોયું તો ફ્રિટ્ઝ કમ્ફે ઉછીનાં મળેલાં કપડાં પહેર્યાં હતાં. કેબિનની ગોળાકાર બારી વાટે નજર કરતાં તેને 'ગ્લીનર'નું વચલું તૂતક દેખાયું, જ્યાં દોરી પર જર્મન નાવિકોનાં તરબોળ કપડાં સૂકાતાં હતાં. મિકેનિક કમ્ફના લેધર પેન્ટને તેણે ઓળખી કાઢ્યું. કેબિનની બહાર તે નીકળ્યો. ચક્રોને ઠેકાણે પાડી દેવાનો હજી મોકો હતો. કોઇ અંગ્રેજ નાવિક આજુબાજુમાં ન હોવાની ખાતરી કરી અને કમ્ફના લેધર પેન્ટનાં બેય ખિસ્સા દબાવ્યાં. સમુદ્રના થોડાક પાણી સિવાય તેમાં કશું ન હતું. બ્રિટિશ નૌકાદળને એનિગ્માનાં ત્રણ ચક્રો અનાયાસે મળી ગયાં હતાં!

ચોવીસ કલાક પછી બ્લેક્લી પાર્ક ખાતે બ્રિટિશ કોડબ્રેકર્સ એનિગ્માનાં

ત્રણ ચક્રોને ઝીણવટભરી નજરે તપાસી રહ્યા હતા. વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યા બાદ એ પહેલો બનાવ કે જ્યારે એનિગ્મા મશીનના ઓરિજિનલ પાર્ટ્સ તેમના હાથમાં આવ્યા હતા. કોડબ્રેકર્સ ખુશ થયા કે ત્રણ ચક્રો વિશે તેમણે વિવિધ જાતના લાખો તર્કવિતર્કો લડાવવાની માથાકૂટ ટળી. આમ છતાં બહુ ખુશ થવા જેવું ન હતું. ચક્રો પર રોમન લીપિમાં VI, VII અને VIII નંબરો કોતરેલા હતા. સ્પષ્ટ વાત કે જર્મનોએ ચક્રોની સંખ્યા પાંચને બદલે આઠ કરી નાખી હતી. પરિણામે સંખ્યા પાંચ હોવાનું માનતા બ્રિટિશ કોડબ્રેકર્સ માટે હોમવર્ક તો એટલું ને એટલું જ રહેતું હતું. ઠીક છે. જર્મન સબમરિન યુ-૩૩ નાં આઠ નહિ ને ત્રણ ચક્રો તો મળ્યાં! ભાગતા ભૂતની લંગોટી ભલી!




◆ કેપ્ટન ઓટો ક્રેશ્મર : બીજા વિશ્વયુદ્ધમાં સૌથી વધુ જહાજોનો શિકાર કરનાર નાઝી અફસર.

આ પ્રકારનો સવળો અર્થ કાઢીને પણ ક્યાં સુધી આત્મસંતોષ લેવો ? કિંમતી સમય એ દરમ્યાન વીતી રહ્યો હતો. એડમિરલ કાર્લ ડોનિટ્ઝની સબમરિનો બ્રિટિશ માલવાહક જહાજોની ખુવારી કર્યે જતી હતી. ગેરિલા પદ્ધતિનો છાપો મારવા સબમરિનોના યુવાન કમાન્ડરો ઘણીવાર જે આંધળું સાહસ ખેડતા તેના માટે 'દુ:સાહસ' શબ્દ પણ જરા હળવો લાગે. એક કમાન્ડર યુ-૯૯ સબમરિનનો કેપ્ટન ઓટો ક્રેશ્મર હતો, જેણે વળાવિયા યુદ્ધજહાજોના રક્ષણાત્મક વર્તુળમાં હંકારતા માલવાહક જહાજોના કાફલામાં ઘૂસી જવાની અત્યંત જોખમી યુદ્ધનીતિ અખત્યાર કરી હતી. બ્રિટિશ યુદ્ધજહાજો શત્રુ સબમરિનને શોધી કાઢે એવાં સોનાર યંત્રો વડે સજ્જ હતાં. આમ છતાં કેપ્ટન ઓટો ક્રેશ્મરે એ વાત પર જાનનો જુગાર ખેલ્યો કે રક્ષણાત્મક વર્તુળની અંદર જો હેમખેમ ઘૂસી જવા મળે તો પછી ત્યાં તેની હાજરી અંગે કોને ખબર પડવાની ? નસીબની બલિહારી કે ઓટો ક્રેશ્મર દર વખતે જાનની બાજી લગાવે અને દર વખતે જીવતદાન પામે. વિશ્વયુદ્ધ શરૂ થયાના પ્રથમ સાત મહિનામાં (માર્ચ, ૧૯૪૦ સુધીમાં) તેની સબમરિને બ્રિટનનાં ૪૪ જહાજો ડૂબાવ્યાં, જેમનું કુલ વજન ૨,૬૬,૬૨૯ ટન હતું. આ સ્કોરમાં એક વિનાશિકાનો (ડિસ્ટ્રોયરનો) પણ સમાવેશ થતો હતો. બીજી કેટલીક જર્મન સબમરિનોના કેપ્ટનોએ ડૂબાવેલા જહાજોનું પણ કુલ વજન ગજબનાક હતું. કેપ્ટન લુથ: ૨,૨૫,૭૧૩ ટન, કેપ્ટન ઝુર ટૉપ : ૧,૯૩,૬૮૪ ટન, કેપ્ટન મેર્ટેન : ૧,૮૦,૭૪૪ ટન, કેપ્ટન શુટ્ઝ: ૧,૭૧,૧૭૪ ટન... લિસ્ટ હજી લાંબું હતું. બીજી તરફ દરેક સબમરિને આવો પ્રભાવશાળી સ્કોર માત્ર સાત માસના ટૂંકા સમયમાં નોંધાવ્યો હતો.

બ્રિટનને તેનાં માલવાહક જહાજોનું સત્યાનાશ આર્થિક તેમજ લશ્કરી રીતે વસમું પડવા લાગ્યું. ખરૂં પૂછો તો સત્યાનાશ થાય એ પણ કટાક્ષભરી વિચિત્રતા, કેમ કે સબમરિનનો કાળ ગણાતી વિનાશિકાઓ (ડિસ્ટ્રોયર્સ) તેની પાસે મોટી સંખ્યામાં હતી. અમેરિકા તેને પોતાના નૌકાદળની ૫૦ વિનાશિકાઓ એક પછી એક કરીને ભેટ મોકલી રહ્યું હતું. વિનાશિકા એટલે સબમરિનનો નાશ કરવા માટે જ સર્જાયેલી ખાસ મનવાર, જેનું સોનાર યંત્ર પાણી નીચેની સબમરિનને શોધી કાઢે અને જેના ડેપ્થ ચાર્જ તે સબમરિનના ભુક્કા પણ કાઢી નાખે. વિનાશિકાની ઝડપ સબમરિન કરતાં બમણી હોય, એટલે ગમે તેટલી લાંબી ચાલતી સંતાકૂકડીમાં કે પકડદાવમાં છેવટે તો એ જ વિજયી બને. આ દૃષ્ટિએ સંજોગો બ્રિટનના પક્ષે હોવા છતાં તે માર ખાતું હતું. રાત્રિના અંધકારમાં શિકારી સબમરિન જળસપાટી પર હંકારતી માલવાહક જહાજોના કાફલા તરફ સરકે અને પછી ટોરપિડો છોડવાનો મોકો સાંપડે ત્યાં સુધી એકાદ જહાજની ઓથમાં રહીને આગળ વધતી જાય, એટલે વિનાશિકાનું સોનાર યંત્ર તેને સબમરિન તરીકે જુદી પારખી શકતું ન હતું.

બ્રિટનને નડતી વધુ મોટી સમસ્યા તો એ કે કરોડો ચોરસ કિલોમીટરના ઍટલાન્ટિક મહાસાગરમાં શિકારી સબમરિનો ક્યાં છે તેનો અણસાર સુદ્ધાં કદી મળી શકતો ન હતો, એટલે માલવાહક જહાજોને સલામત માર્ગ તરફ વાળી શકાતાં ન હતાં. આમ તો દરેક જર્મન સબમરિન બ્રિટિશ જહાજોના કાફલાને જોયા બાદ એડમિરલ કાર્લ ડોનિટ્ઝના નૌકામથકને વાયરલેસ દ્વારા માહિતીનો સંદેશો મોકલે, સ્થળના અક્ષાંશ-રેખાંશ જણાવે, ટોરપિડો છોડતા પહેલાં આખરી મેસેજ પ્રસારિત કરે, જહાજ ડૂબ્યા પછી ખુશીના સમાચાર પાઠવે--અને છતાં સબમરિનની હાજરી છત્તી કરી દેતા એ બધા સંદેશા બ્રિટન માટે નિરર્થક ! આ સ્થિતિ એનિગ્માનો ભેદ ન ખૂલે ત્યાં સુધી બદલાય તેમ ન હતી. બ્રિટિશ જહાજોનું સત્યાનાશ નીકળ્યા જ કરવાનું હતું.

◆ બેટલ ઑફ ધ ઍટલાન્ટિકમાં જર્મન નૌકાદળનું એક શસ્ત્ર દુશ્મનોને ભારે પડી રહ્યું હતું : સબમરિનો! એડમિરલ કાર્લ ડોનિટ્ઝે એટલે જ કુલ ૧,૧૬૨ સબમરિનોનો કાફલો તૈયાર કરાવ્યો હતો.



એક વાર હેરી હિન્સ્લી નામનો તાજો નીમાયેલો કોડબ્રેકર જર્મન નૌકાદળના કોડેડ સંદેશાનો પ્રિન્ટઆઉટ તપાસતો હતો. સંદેશા છેલ્લા ચારેક દિવસોના હતા. પ્રિન્ટઆઉટનો ઢગલો મોટો હતો. એનિગ્માસર્જિત વાક્યો તો પલ્લે પડવાનો પ્રશ્ન જ નહિ, પણ એન્ટેનામાં દરેક સંદેશો ઝીલાયાનો સમય વાંચીને હેરી હિન્સ્લીનું


♦ બ્રિટિશ કોડબ્રેકર હેરી હિન્સ્લી.

મગજ વિચારે ચડ્યું. સામસામા પક્ષે ઉપરાઉપરી પ્રસારણ થયું હતું. હાઇ-ફ્રિક્વન્સી ડાયરેક્શન ફાઇન્ડર (HF/DF: હુલામણી ભાષામાં 'હફ-ડફ') દ્વારા ખબર પડી કે જર્મનીના નૌકામથકે સહેજ ઉત્તરે ડેન્માર્ક પાસે હંકારતી તેની સબમરિનો અથવા તો યુદ્ધજહાજો સાથે લાંબો સમય વાર્તાલાપ ચલાવ્યો હતો. હેરી હિન્સ્લીએ આગળ વિચાર્યું : યુદ્ધના સમયે વાયરલેસને લાંબો સમય 'ઑન' રાખવામાં જોખમ હોવા છતાં જર્મનોએ કેમ લાંબી વાત કરી ? કદાચ તેઓ મોટો ખેલ પાડવા માગતા હતા, એટલે વિગતવાર ચર્ચા અનિવાર્ય હતી. બીજી શક્યતા એ કે બ્રિટનના 'હફ-ડફ' ઉસ્તાદો એનિગ્માના સંદેશાનું ઉદ્‌ભવસ્થાન જાણી લે એ વાતની જર્મનોને પરવા ન હતી. હિન્સ્લીએ વળી આગળ વિચાર્યું: પરવા ન હતી, કેમ કે જર્મનો પોતાની તાકાત પર મુસ્તાક હતા. 'તાકાત' શબ્દ યુદ્ધજહાજોને શોભે, છૂપાછૂપી રમતી સબમરિનને નહિ...

સાવધાન ! હેરી હિન્સ્લીએ તરત બ્રિટિશ નૌકાદળના ઑપરેશનલ ઇન્ટેલિજન્સ સેન્ટરને ટેલિફોન ખખડાવ્યો. દુશ્મન નૌકાદળના દરેક યુદ્ધજહાજનું અને સબમરિનનું ચોવીસે કલાક પગેરૂં રાખી ૧૪ ફીટ × ૧૪ ફીટના ટેબલ-ટૉપ નકશા પર તેમને પ્યાદાંરૂપે ગોઠવતા એ જાસૂસી-કેન્દ્રના અફસરોને હિન્સ્લીએ જણાવ્યું કે જર્મન યુદ્ધજહાજોને ઉત્તર સમુદ્રમાં લડત આપવા તૈયાર રહેજો ! વાર્તાલાપો ત્રણ-ચાર ફ્રિક્વન્સી પર નોંધાયા હોવાને લીધે યુદ્ધજહાજો મિનિમમ એટલાં જ હોવાં જોઇએ. સબમરિનો કદી એ રીતે છડી પોકારે નહિ.

હિન્સ્લીનો તર્ક સચોટ હતો, પણ કોડબ્રેકર ટીમમાં નવા જોડાયેલા નિશાળિયાની વાત પર ધ્યાન કોણ આપે? સૌને એનિગ્માનાં સાંકેતિક વાક્યોનો અર્થ જાણવામાં રસ હતો. બીજી રીતનું દરેક અર્થઘટન તેમની દૃષ્ટિએ નકામું હતું.


હિન્સ્લી છેવટે સાચો ઠર્યો. જૂન ૭, ૧૯૪૦ ના રોજ તેણે નૌકાદળના જાસૂસી કેન્દ્રને સાબદું કર્યું તેના બીજા દિવસે ઉત્તર સમુદ્રમાં ન બનવાની ઘટના બની. નોર્વેથી રવાના થયેલું બ્રિટિશ વિમાનવાહક જહાજ 'ગ્લોરિઅસ' ૧૭ દરિયાઇ માઇલના (૩૧.૪૫ કિલોમીટરના) વેગે પાછું ફરી રહ્યું હતું. 'ગ્લોરિઅસ'ના રક્ષણ માટે બે વિનાશિકાઓ તેની અડખેપડખે હંકારતી હતી. અચાનક જમણી બાજુ ધુબાકાના અવાજ સાથે પાણીના ચાર મીટર ઊંચા ફુવારા ઊડ્યા. ક્ષિતિજની પેલી તરફ ૪૫ કિલોમીટર છેટે 'શ્કેર્નહોસ્ટ' નામના પડછંદ જર્મન યુદ્ધજહાજે 'ગ્લોરિઅસ'ના ભૂંગળા વાટે નીકળી રહેલા માત્ર ધુમાડાના આધારે નિશાન તાક્યું હતું.

નમતી બપોર હતી. સમય ૪:૩૨ નો હતો. 'શ્કેર્નહોસ્ટે' પોતાની ૧૧''ના વ્યાસની તોપો વડે ભીષણ ગોલંદાજી શરૂ કરી દીધી. બીજું મહાકાય જર્મન યુદ્ધજહાજ 'નેસેનો' પણ તેની સાથે હતું. નિશાનબાજીમાં પાવરધા જર્મનો નજરે જોવા ન મળતાં લક્ષ્યાંકોને પણ ઘમરોળી નાખવામાં સફળ થયા. એક ભારેખમ (પાંચસો રતલી) તોપગોળો 'ગ્લોરિઅસ'ના તૂતક પર ઝીંકાયો અને તેનાં બધાં ૧૭ વિમાનો નાશ પામ્યાં. બીજા તોપગોળાએ બ્રિજનું (કૂવાસ્થંભનું) બાંધકામ તોડી નાખ્યું. વિનાશિકાઓ માટે તો જબરજસ્ત ગોળાના પ્રહારો અસહ્ય નીવડ્યા. બે-ત્રણ વિસ્ફોટોમાં જ તેઓ લગભગ વિસર્જન પામી અને ત્યાર બાદ જળસમાધિ પામી. આશરે ૧૭,૦૦૦ ટનનું 'ગ્લોરિઅસ' અનેક મરણતોલ જખમો વેઠ્યા બાદ જમણા પડખે ૨૦° નમતું હતું. ફૂંકાઇ મરેલા નાવિકોના લોહી નીતરતા અવયવોને લીધે સમુદ્ર રતુમડો બન્યો અને શાર્ક માછલીનાં ટોળાં ધસી આવ્યાં. વધુ બે ગોળાના પ્રહારે છેવટે 'ગ્લોરિઅસ'ને પૂરેપૂરૂં ઢાળીને સાંજે ૬:૧૦ વાગ્યે સમુદ્રમાં ગરક કરી દીધું. માંડ દોઢેક કલાક ચાલેલા ભીષણ સંહારે ત્રણ જહાજો તેમજ ૧૭ વિમાનો ઉપરાંત ૧,૫૧૯ નાવિકોનો ભોગ લીધો. માત્ર ૩૯ જણા સલામત રહ્યા.

આ હોનારતે બ્રિટિશ નૌકાદળના અફસરોને ખરેખર હતોત્સાહ કરી નાખ્યા, કેમ કે હોનારત સર્જાવા માટે કારણ જ ન હતું. વિમાનવાહક જહાજ 'ગ્લોરિઅસ'ના તૂતક પર હરિકેન પ્રકારનાં ૭ અને ગ્લેન્ડિએટર કહેવાતાં ૧૦ વિમાનો હતાં. ટોરપિડો વડે તેઓ જર્મન યુદ્ધજહાજોનાં પડખાં વીંધી શકે તેમ હતાં. જરૂર માત્ર દુશ્મનના બિનતારી વાર્તાલાપો સાંભળી લેવાની અને સમજી લેવાની હતી. વાર્તાલાપો સંભળાયા ખરા, પણ સમજાયા નહિ. નૌકાદળના જાસૂસી કેન્દ્ર ઑપરેશનલ ઇન્ટેલિજન્સ સેન્ટરને પેલા જુનિઅર કોડ બ્રેકર હેરી હિન્સ્લીની ચેતવણીનું મહત્વ ન સમજાયું એ તો વધુ મોટી કરુણતા હતી. દોઢ હજાર ('ટાઇટેનિક' જેટલા) કમનસીબોનો ભોગ લેવાયા પછી જો કે ઑપરેશનલ ઇન્ટેલિજન્સ સેન્ટરે બ્લેક્લી પાર્કની કોડબ્રેકર ટીમ સાથે જીવંત સંપર્ક રાખવાનું નક્કી કર્યું. એનિગ્માનાં રહસ્યો પામવા માટે એ ટીમે ઘડી કાઢેલા પ્રોજેક્ટ અલ્ટ્રા નામના પ્લાનમાં તેણે પૂરતા સહકારની બાહેંધરી આપી.

ઇન્ટેલિજન્સ સેન્ટરના એક કલ્પનાશીલ અધિકારી ઇયાન ફ્લેમિંગને

♦ બ્રિટિશ યુદ્ધજહાજ 'ગ્લોરિઅસ'ને ઉત્તર સમુદ્રના તળિયે પહોંચાડનાર જર્મન યુદ્ધજહાજ 'શ્કેર્નહોસ્ટ'.



થયું કે એનિગ્માની રચના વિશે અટકળો કરવાને બદલે એવું મશીન તફડાવી લેવાય તો કોડ જાણવાનું કામ અત્યંત સહેલું બને. તફડંચીની યોજના પણ તેણે ફિલ્મી પટકથાની જેમ શૉટ-ટુ-શૉટ લખી કાઢી અને સપ્ટેમ્બર ૧૨, ૧૯૪૦ ના રોજ ઈન્ટેલિજન્સ સેન્ટરના નિયામક રીઅર-એડમિરલ જ્હોન ક્લૅટનના ટેબલ પર મૂકી. યોજનાની રૂપરેખા આમ હતી :



◆ ઈયાન ફ્લેમિંગે થ્રીલર ફિલ્મની પટકથા જેવો યુદ્ધનો પ્લોટ ઘડ્યો, જે ખરેખર ફૂલપ્રુફ હતો.

(૧) જર્મન વાયુસેના લુફ્ટવાફનું એકાદું બોમ્બર વિમાન મેળવો; (૨) જર્મન ભાષા બોલી જાણતા પાંચ બાહોશ અંગ્રેજ પાયલટોને લુફ્ટવાફનો યુનિફોર્મ પહેરાવો અને તેના પર લોહી જેવું લાલ સિરપ રેડી થોડાંક પાટાપીંડી કરો; (૩) વિમાનને તે પાયલટો બ્રિટનના કાંઠા નજીક ઊડાડે, એટલે બ્રિટનના લડાયક સ્પિટફાયર વિમાનોને મોકલી ઇંગ્લિશ ખાડીમાં તેને 'તોડી' પાડો; (૪) જર્મન પ્લેનના પાંચેય અંગ્રેજ પાયલટો જાતે છેવટે તે વિમાનોને જળસપાટી પર ઉતારે; (૫) આગામી સીનઃ વિમાનનો કેપ્ટન એસ. ઓ. એસ. નો સંદેશો જર્મન ભાષામાં પ્રસારિત કરે; (૬) વિમાનના ભુક્કા બોલે; (૭) પાંચેય પાયલટોને 'જખમો' થાય અને તેઓ 'લોહીલુહાણ' હાલતે માંડ રબ્બરની ડિંગી કાઢીને બહાર નીકળે; (૮) ઇંગ્લિશ ખાડીમાં તરતું જર્મન નૌકાદળનું સુરંગ ખસેડનાર જહાજ તરત પાંચેય 'જર્મન' પાયલટોની મદદે હંકારી તેમને સહીસલામત રીતે તૂતક પર ઊંચકી લે; (૯) પહેલા જ મોકે પાંચેય શસ્ત્રસજ્જ પાયલટો જર્મન જહાજના દરેક નાવિકને વીંધી નાખે; (૧૦) પાયલટો જહાજને તેના એનિગ્મા તથા રોજિંદી સાઈફર કી સહિત બ્રિટનની દિશામાં હંકારી મૂકે અને ત્યાં સાહસકથાનો ધ એન્ડ.

મસ્ત પ્લાન હતો. રીઅર-એડમિરલ જ્હોન ક્લૅટનને ખરેખર તે ફિલ્મના પ્લોટ જેવો લાગ્યો. (ઇયાન ફ્લેમિંગ વર્ષો પછી ખરેખર ફિલ્મના પ્લોટ લખવાનો હતો અને તે માટે જેમ્સ બોન્ડ નામના જાસૂસનું સર્જન કરવાનો હતો.) ક્લૅટને રસ દાખવ્યો, એટલે ફ્લેમિંગે વધુ ઝીણવટભરી રૂપરેખા તૈયાર કરી : બ્રિટન પાસે બે એન્જિનોવાળું હેન્કેલ પ્રકારનું જર્મન બોમ્બર હતું, જેણે અગાઉ બ્રિટન પરના હુમલા વખતે યાંત્રિક ખરાબીને લીધે ક્રેશ લેન્ડિંગ કર્યું હતું. બ્રિટિશ ટેક્નિશિઅનોએ તેને મઠારી પાછું ઊડવાલાયક બનાવ્યું હતું. ઇયાન ફ્લેમિંગે દરખાસ્ત મૂકી કે હવે જ્યારે લુફ્ટવાફનાં જર્મન હેન્કેલનું આક્રમણખોર ધાડું બ્રિટન પર બોમ્બમારો કરવા આવે ત્યારે પાંચ અંગ્રેજ પાયલટો સાથેનું હેન્કેલ ટેક-ઑફ કરે, બોમ્બિંગ મિશનના અંતે જર્મની તરફ પાછાં ફરતાં ધાડા સાથે ભળી જાય, ઇંગ્લિશ ખાડીમાં સુરંગ ખસેડનાર એકાદ જર્મન જહાજને શોધી કાઢે, એન્જિન બંધ કરી ધુમાડા ઓકવા માંડે...

આખરે થયું શું ? થયું એ જ કે શીંગોડું શણગાર્યું, પણ જમવાનું તેડું ન આવ્યું. આ યોજના વડા પ્રધાન ચર્ચિલને બેહદ ગમી હતી, એટલે તેના અમલમાં તેમણે વ્યક્તિગત રસ લીધો હતો. સાહસ કામિયાબ થાય તો હેન્કેલના પાયલટોને તેઓ વિક્ટોરિયા ક્રોસ નામનો સર્વોચ્ચ લશ્કરી ખિતાબ આપવા તૈયાર હતા. ઇયાન ફ્લેમિંગે ત્યાર પછી ડોગરના સમુદ્રકાંઠે રેડારમથકમાં પડાવ નાખ્યો. અહીંથી નિરીક્ષક અને ચોકિયાત વિમાનો પણ ઇંગ્લિશ ખાડી ઉપરના આકાશમાં રાઉન્ડ મારવા નીકળતાં હતાં. ફ્લેમિંગને તેઓ એકના એક સમાચાર આપતાં રહ્યાં: ઇંગ્લિશ ખાડીમાં જર્મનીનું એક પણ જહાજ દેખાતું ન હતું. ફ્લેમિંગે ધીરજ રાખી, પણ ૧૯૪૦ નો ઑક્ટોબર મહિનો તપશ્ચર્યા કરવામાં સાવ કોરો વીતી ગયો ત્યારે રીઅર-એડમિરલ જ્હોન ક્લૅટને યોજના સમેટી લીધી. ઇયાન ફ્લેમિંગને તેણે દિલાસો આપતાં જણાવ્યું કે યોજના સારી હતી, પણ જર્મનોનું નસીબ જોર કરતું હતું.

બ્રિટનનું કમનસીબ પણ જોર કરતું હતું. ઑક્ટોબર, ૧૯૪૦ ના એકત્રીસ દિવસમાં બ્રિટને ૬૩ માલવાહક જહાજો ગુમાવ્યાં, જેમનું કુલ વજન ૩,૫૨,૪૦૭ ટન હતું ! માત્ર ઍટલાન્ટિક મહાસાગરમાં તેણે આટલું નુકશાન વેઠ્યું. આની સામે અંગ્રેજો ફક્ત ૧ જર્મન સબમરિનનો નાશ કરી શક્યા--ફક્ત એક !

ઑક્ટોબર, ૧૯૪૦ નો મહિનો બ્રિટન માટે બીજી રીતે પણ કમનસીબનો નીવડ્યો. જર્મન નૌકાદળની સબમરિન પાંખના વડા એડમિરલ કાર્લ ડોનિટ્ઝે એ મહિને પોતાની માનીતી 'રૂડેલટાક્ટિક' યુદ્ધનીતિ અમલમાં મૂકી. આ જર્મન શબ્દનો અંગ્રેજી મતલબ 'વૂલ્ફ-પેક ટેક્ટિક્સ' થતો હતો. વરુનું ટોળું (વૂલ્ફ-પેક) તેના શિકારને પાડી લેવા તેની અડખેપડખે તેમજ પાછળ રહીને પીછો કરે, શિકારને ઘડીકમાં ડાબે તો ઘડીકમાં જમણે તત્પુરતો વળાંક લેવાની ફરજ પાડવા તેને હૂલ આપે, શિકારની દોટનો વેગ એવા વાંકાચૂંકા માર્ગે ઘટી જાય એટલે પાછળ આવતા વરુ તેને આંબી લે.

એડમિરલ ડોનિટ્ઝને ઑક્ટોબર, ૧૯૪૦ માં વૂલ્ફ-પેક ટેક્ટિક્સ સ્વીકારવાનો મોકો એટલા માટે સાંપડ્યો કે મે ૧૦, ૧૯૪૦ ના રોજ હિટલરની નાઝી સેનાએ ફ્રાન્સ પર હુમલો કરી તે દેશને ક્રમશઃ જીતી લીધો હતો. 'ધ બેટલ ઑફ ધ ઍટલાન્ટિક'નું જાતે સંચાલન કરવા માટે ડોનિટ્ઝ પોતાનું હેડક્વાર્ટર ફ્રાન્સનાં દરિયા કિનારે ખસેડી શકે તેમ હતો. હવે ફ્રાન્સનાં નૌકામથકો પણ જર્મન યુદ્ધજહાજોને તેમજ સબમરિનોને પુરવઠા મથકો તરીકે કામ લાગે તેમ હતાં.

ડોનિટ્ઝની વૂલ્ફ-પેક ટેક્ટિક્સ મુજબ જે એકલદોકલ જર્મન સબમરિન બ્રિટિશ માલવાહક જહાજોના અને તેમનું અંગરક્ષણ કરતાં યુદ્ધજહાજોના કાફલાને દેખે તો પણ તેણે તત્કાળ ટોરપિડો છોડવાનો ન હતો. સબમરિન એકાદ-બે જહાજોને ફૂંકી દેવામાં કદાચ સફળ થાય, પણ ત્યાર બાદ પોતે સ્ફૂર્તિલી, ઝડપી અને શક્તિશાળી ડિસ્ટ્રોયર મનવારોનો પીછો છોડાવી શકે નહિ. આથી તે સબમરિને એડમિરલ ડોનિટ્ઝના હેડક્વાર્ટરનો સંપર્ક કરી પોતાનું સ્થાન બ્રિટિશ કાફલામાં જહાજોની સંખ્યા, પ્રવાસની દિશા, ઝડપ વગેરેનો સંપૂર્ણ રીપોર્ટ મોકલવાનો હતો. એડમિરલનું હેડક્વાર્ટર તે પછી ઍટલાન્ટિક મહાસાગરમાં હંકારતી બધી જર્મન સબમરિનોને તેમનું ભૌગોલિક સ્થાન પૂછે અને દરેક સબમરિન તેનો વળતો જવાબ આપે. કઈ સબમરિન વૂલ્ફ-પેક હુમલામાં ભાગ લેવા માટે બ્રિટિશ જહાજોની વધુ નજીક છે

તે જોયા બાદ હેડક્વાર્ટર તેને જરૂરી સૂચના મોકલે. આ વ્યૂહરચના મુજબ શિકારી ટોળકીને એકત્રિત થવામાં ભલે એકાદ-બે દિવસ નીકળી જાય, પરંતુ બધી દિશામાં રહીને કરાતો સામટો હુમલો ભારે અસરકારક નીવડે તેમ હતો. દા. ત. બ્રિટિશ વિનાશિકા (ડિસ્ટ્રોયર) એક સબમરિનને પકડવા જાય તો એમાં તેને સફળતા મળે તે પહેલાં બીજી સબમરિન ટોરપિડો વડે તેનું પડખું વીંધી નાખે. ડોનિટ્ઝની વૂલ્ફ-પેક ટેક્ટિક્સ બહુ જડબેસલાક હોવા સાથે ભારોભાર જોખમી પણ હતી, કેમ કે દરેક જર્મન સબમરિને પોતાનું ચોક્કસ સમયનું ચોક્કસ સ્થાન વાયરલેસ દ્વારા જાહેર કરી દેવું પડતું હતું. હુમલાની યોજનાનો પણ ઢંઢેરો આપોઆપ પીટાતો હતો. આમ છતાં બ્રિટિશ નૌકાદળને એનિગ્માનો શાપ નડતો રહ્યો. યોજનાનો સાંકેતિક પ્રિન્ટઆઉટ બ્લેકલી પાર્કના કોડબ્રેકર્સને દર વખતે મળે--પણ તેમના માટે બધું અગડંબગડં !

ભવિષ્યમાં એનિગ્માનો ઉકેલ જડે એ પહેલાં વર્તમાન પૂરતો તેના વિકલ્પ જેવો ઉપાય ખરો ?



ઉપાય હેરી હિન્સ્લીને સૂઝ્યો. ઇયાન ફ્લેમિંગને સૂઝેલા ફિલ્મી સ્ટાઇલના નુસખા કરતાં ખાસ જુદો ન હતો.

બીજું વિશ્વયુદ્ધ લડવા માટે હિટલરની ત્રણેય લશ્કરી પાંખોને હવામાનના સચોટ વર્તારાની જરૂર પડતી હતી. ઉત્તર ગોળાર્ધના બર્ફિલા વાતાવરણમાં એ વગર લડાયક વિમાનોને હુમલાના મિશન પર મોકલી શકાતાં ન હતાં. યુદ્ધજહાજો સમુદ્રી આંધીમાં પોતાનાં લક્ષ્યાંકોને દેખી શકે કે કેમ તેનું પૂર્વાનુમાન બાંધી શકાતું ન હતું. ખુશ્કીદળને પણ ખબર ન પડે કે આક્રમણ કરતી વખતે તેણે દુશ્મન ઉપરાંત હિમવર્ષા સામે લડવાનું થાય કે નહિ.

હવામાનની આગાહી કરવામાં પણ જર્મનીને એક મુશ્કેલી નડતી હતી. હવાનો સમુદાય હંમેશા પશ્ચિમ-ટુ-પૂર્વ ખસે, માટે જર્મનીએ પોતાનાં નિરીક્ષક જહાજોને ખૂબ પશ્ચિમમાં આઇસલેન્ડ પાસે ડ્યૂટી પર લગાવવાં પડતાં હતાં. હવામાનનો અભ્યાસ કરતા જહાજે ચોક્કસ સ્થળે લાંબો સમય રહેવું જોઇએ, બલકે હંમેશ માટે રહેવું જોઇએ. એકધારો પડાવ નાખ્યા વિના તે જહાજ ઉષ્ણતામાનનો ફેરફાર, પવનની બદલાતી દિશા, હવામાં ભેજનું વધુઓછું થતું પ્રમાણ વગેરેના પરિવર્તનશીલ આંકડા નોંધી શકે નહિ. ઉત્તર સમુદ્રમાં જર્મનો પોતાના દરેક જહાજને બબ્બે મહિના લાંબી મુદત પૂરતાં રાખતું હતું અને ત્યાર પછી બીજાં નિરીક્ષક જહાજો તેમનું સ્થાન લેતાં હતાં.



જર્મન સબમરિનો હુમલાના પ્લાનનો જાણે ઢંઢેરો પીટતી હતી, પણ બ્રિટિશ નૌકાદળ લાચાર હતું. એનિગ્માનો શાપ તેને નડતો હતો.

સમજાય અને ન સમજાય એવા બધા વાયરલેસ સંદેશાનું મોનિટરિંગ કરતા હેરી હિન્સ્લીને ઓચિંતો ખ્યાલ આવ્યો કે નિરીક્ષક જહાજો પોતાનો રોજિંદો ડેટા plaintext માં નહિ, પણ એનિગ્મા વડે તેને ciphertext માં બદલીને પ્રસારિત કરતાં હતાં ! આ તો ચોવીસ કેરેટની બેવકૂફી! એકાદ મછવા જેવડા કદના નિઃશસ્ત્ર જહાજને એનિગ્મા સોંપાય ખરૂં?

ન સોંપવું જોઇએ, પણ જર્મનો મજબૂર હતા. હવામાનના અભ્યાસ માટે સાચે જ તેણે મછવા રોક્યા હતા. ઉત્તર સમુદ્રમાં બ્રિટિશ નૌકાકાફલાની આવ-જા સતત ચાલુ રહેતી હતી. કોઇ લડાયક જહાજ એવા સંજોગોમાં લાંબો સમય ત્યાં સલામત રહી શકવાનું ન હતું. બીજી તરફ મછવો ખાનગી નૌકામાં ખપી જાય, માટે બ્રિટિશ યુદ્ધજહાજો કે સબમરિનો તેને અવગણે તે સંભવિત હતું. મૂળ તો લશ્કરી ડ્યૂટી બજાવતા નિરીક્ષક મછવાના નાવિકોને જર્મન નૌકાદળે યુનિફોર્મ આપવાનું પણ ટાળ્યું હતું. કોઇને લશ્કરી ડ્યૂટીનો અણસાર સુદ્ધાં ન આવવો જોઇએ. રોજેરોજ જર્મન નૌકામથકોને મોકલાતી હવામાન અંગેની માહિતી પણ એ પ્રકારનો સંદેહ પેદા કરે એ કરતાં એનિગ્મા વડે સંદેશાને ગુપ્તતાનું સીલ મારી દેવું સારૂં.

હેરી હિન્સ્લીને એક વિચાર આવ્યો : હવામાનનો અભ્યાસ કરનારા જહાજની ડ્યૂટી જો બેએક મહિના લાંબી હોય તો તેની એનિગ્માની રોજિંદી કીનો 'સ્ટોક' પણ બેએક મહિના ચાલે એટલો હોય કે નહિ ? શંકાને સ્થાન જ ન હતું. આ દરેક કી છાપેલી ટૉપ સિક્રેટ બૂક મળી જાય તો કેવું સારૂં ? એડમિરલ ડોનિટ્ઝની બધી સબમરિનોના કોડેડ સંદેશાને પછી તો સાદા મેસેજમાં ફેરવતાં વાર કેટલી ? હિન્સ્લીએ પોતાનો વિચાર ઑપરેશનલ ઇન્ટેલિજન્સ સેન્ટરના કાને નાખ્યો. વિચાર માન્ય!


મે ૫, ૧૯૪૧ના દિવસે સાત યુદ્ધજહાજોનો કાફલો બ્રિટિશ નૌકામથક સ્કાપા ફ્લોની બહાર નીકળ્યો. લગભગ ઉત્તર તરફ આગળ વધ્યો. (આગામી પાને નકશો જુઓ.) નિશાન હતું 'મ્યુન્શેન' નામનું ૧૩૯ ફીટ લાંબું નિરીક્ષક જહાજ અને તે જહાજમાં નિશાન હતું એનિગ્મા ! અને બે મહિના સુધી અમલમાં રહેનાર કીનું થોથું !

કલાકો પછી ક્ષિતિજ પર 'મ્યુન્શેન'ની આકૃતિ રચાવા લાગી. બ્રિટિશ કાફલાના સેનાપતિ વાઇસ-એડમિરલ હોલેન્ડે 'સોમાલી' નામની વિનાશિકાને ૬૦ કિલોમીટરના વેગે 'મ્યુન્શેન' તરફ ધસી જવાનો હુકમ ફરમાવ્યો. નજીક ગયા બાદ 'સોમાલી'ના છાપામાર સૈનિકોએ મશીન ગનનું ફાયરિંગ ચાલુ રાખી 'મ્યુન્શેન'ના નીચાણવાળા તૂતક પર કૂદી પડવાનું હતું.

--અને ત્યારે 'મ્યુન્શેન'ના જર્મન કેપ્ટને આખો નૌકાકાફલો જોયો ! તરત વાયરલેસ ઑપરેટરને તેણે જાણ કરી. 'અમારો પીછો કરાય છે !' એવો ભયસૂચક ટૂંકો સંદેશો તેણે એનિગ્મા વડે ciphertext માં ફેરવીને વાયરલેસ દ્વારા વહેતો મૂક્યો. એ પછી તરત એનિગ્મા મશીનને તથા કી બૂકને કેનવાસના (તળિયે સીસાનો ગઠ્ઠો ધરાવતા) થેલામાં નાખી એ થેલો સીધો દરિયામાં પધરાવ્યો.

થોડી વારમાં 'મ્યુન્શેન'ને સાત યુદ્ધજહાજો ઘેરી વળ્યાં. સૈનિકો તૂતક પર ઉતર્યા. પહેલું કામ વાયરલેસને તોડી નાખવાનું કર્યું. એનિગ્મા ન મળ્યું. કી બૂકનો પત્તો ન લાગ્યો, છતાં કી બૂકની એક્સ્ટ્રા નકલ દરેક જર્મન સબમરિનમાં અને જહાજમાં હોય તે અંગ્રેજો જાણતા હતા. અફસરોની કેબિનમાં તિજોરીની અંદર પડેલી એ નકલ તેમણે શોધી કાઢી, જર્મન નાવિકોને કેદ પકડી 'સોમાલી' પર ચડાવ્યા, વળતો પ્રવાસ શરૂ કર્યો અને પછી પૂંઠ ફેરવ્યા બાદ તોપોનાં નાળચાં પાછળ તરફ ફેરવી 'મ્યુન્શેન'ને ફૂંકી દીધું.

એનિગ્માની મે-જૂન માસની કી ચોરાયાની શંકા જર્મનોના મનમાં



જાગે તો સફળ થયેલું મિશન પાછું નિષ્ફળ જવાનું હતું. આ જોખમને ટાળવા બ્રિટિશ નૌકાદળે અખબારી નિવેદન બહાર પાડ્યું : 'ઉત્તર સમુદ્રમાં 'મ્યુન્શેન' નામના સશસ્ત્ર જર્મન મછવાએ આપણી મનવારને દાદ ન આપી, માટે તેના પર ફાયરિંગ કરવું પડ્યું. જર્મનોએ 'મ્યુન્શેન'માં દારૂગોળાનો ફ્યૂઝ ચાંપી તેનો નાશ કર્યો. બચાવનૌકામાં નાસી છૂટતા એ નાવિકોને આપણી મનવારે પકડી યુદ્ધકેદી બનાવ્યા.'


આ રીપોર્ટ જર્મનોના મનનું સમાધાન કરવા માટે પૂરતો હતો. મે અને જૂન મહિનાની કી અંગ્રેજોના હાથમાં આવ્યા પછી એડમિરલ કાર્લ ડોનિટ્ઝની જર્મન સબમરિનોના દિવસો ભરાવા લાગ્યા. બ્રિટિશ નૌકાકાફલાએ જૂનની આખરે 'લ્યુએનબર્ગ' નામના બીજા જર્મન નિરીક્ષક જહાજ પર ઉત્તર સમુદ્રમાં જ છાપો માર્યો અને જુલાઇ તથા ઑગસ્ટની કી તફડાવ્યા બાદ તેને પણ જળસમાધિ આપી. હવે ઑગષ્ટ સુધીની કી હાથ લાગી. દરેક કી વાર/તારીખે એનિગ્માનું સેટિંગ દર્શાવતી હતી. પ્લગબોર્ડના વાયરોના સામસામા છેડાનું જે તે મૂળાક્ષરો સાથે જોડાણ, મૂળાક્ષરો કોતરેલાં ચક્રો ગોઠવવાનો ક્રમ અને ચક્રોની પ્રારંભિક ત્રણ મૂળાક્ષરોની ગોઠવણ કે જેમનો ડિસ્પ્લે બતાવતું સેટિંગ કરીને plaintext સંદેશાનું ટાઇપિંગ શરૂ કરવાનું હતું. આ ત્રણેય બાબતો રોજેરોજ બદલાતી હતી. કી બૂક વાંચીને તે મુજબ વાયરલેસ ઑપરેટરે તેના એનિગ્માને દરરોજ મધરાતે ૧૨:૦૦ ના ટકોરે ફરી સેટ કરવાનું થતું હતું.

એડમિરલ કાર્લ ડોનિટ્ઝના નસીબનો જાણે છેડો આવવા બેઠો હોય તેમ મે ૯, ૧૯૪૧ના રોજ બ્રિટિશ નૌકાદળને બીજો અણધાર્યો જેકપોટ લાગ્યો. ઍટલાન્ટિક મહાસાગરમાં 'બુલડોગ' નામની બ્રિટિશ વિનાશિકાએ પોતાના સોનાર યંત્ર વડે યુ-૧૧૦ કહેવાતી જર્મન સબમરિનની હાજરી પારખી. કપ્તાને તાબડતોબ ડેપ્થ ચાર્જ ફેંક્યા. સબમરિન પંગુ બની. શરણે થવા માટે સપાટી પર તરી નીકળી અને સફેદ વાવટો ફરકાવ્યો. દાઝે ભરાયેલા વિનાશિકાના કપ્તાને તેનાં બે ફાડિયાં કરી દેવા માટે તેની દિશામાં મોરો ઘૂમાવ્યો. એન્જિનોને પૂરજોશમાં ચલાવ્યાં. વિનાશિકા ધસમસતી આગળ વધી.

--અને ત્યારે જ બ્રિટિશ કપ્તાનને પ્રથમ વિશ્વયુદ્ધના પેલા જર્મન યુદ્ધજહાજ 'મેગ્ડેબર્ગ'નો કિસ્સો યાદ આવ્યો. ગળું ફાટી જાય એટલા બુલંદ અવાજે તેણે 'બુલડોગ'નાં એન્જિનોને પૂરેપૂરા હોર્સપાવરે રિવર્સ કરવાની સૂચના આપી. છેલ્લી ઘડીએ તીવ્ર વળાંક લીધો અને યુ-૧૧૦ સાથે ટક્કર થતી રોકી. મશીન ગન વડે બેફામ ગોળીબાર કરી અમુક જર્મન નાવિકોને વીંધી નાખ્યા. જીવતા બચ્યા તેમને કેદ પકડ્યા. ભંડકિયામાં પૂરી દીધા, જેથી યુ-૧૧૦નું શું થાય છે એ તેઓ જોવા ન પામે. 'બુલડોગ'ના કપ્તાને જર્મન સબમરિનને દોરડું બાંધ્યું અને સ્કાપા ફ્લોના બ્રિટિશ નૌકામથકે પહોંચ્યું.

--અને ત્યાંથી બ્લેકલી પાર્ક ! એલન ટુરિંગ નામનો બાહોશ ગણિતશાસ્ત્રી ત્યાં સુધીમાં 'મ્યુન્શેન'ની કીનો પ્રાથમિક અભ્યાસ કરી ચૂક્યો હતો. હવે તેને એનિગ્મા મળ્યું. 'હવામાન' માટે વપરાતો જર્મન શબ્દ wetter તેણે લિટમસ પેપર તરીકે વાપરી એનિગ્માની કોડ લેંગ્વેજના ઘણા ભેદ ખોલી નાખ્યા. દુર્ભાગ્ય હિટલરના જર્મનીનું કે ઉત્તર સમુદ્રમાં હવામાનનો અભ્યાસ કરતાં નિરીક્ષક જહાજોને એનિગ્મા મશીન સોંપવામાં આવ્યું. આ જહાજોના અણઘડ વાયરલેસ ઑપરેટરો વાર્તાલાપની રોજિંદી ભાષાની જેમ 'હવામાન આજે સ્વચ્છ છે.', 'હવામાન તોફાની છે.', 'હવામાન બગડતું જાય છે.' એવાં વાક્યો સાથે દરેક વાયરલેસ રીપોર્ટનો આરંભ કરતા હતા. પરિણામે દર વખતે પહેલો શબ્દ wetter આવતો હતો. રોજિંદી કી મુજબ દર વખતે તેનું જુદા મૂળાક્ષરોમાં રૂપાંતર થતું હતું. એલન ટુરિંગે તે મૂળાક્ષરોનું પૃથક્કરણ કરવા માટે ખાસ કમ્પ્યૂટરની ડિઝાઇન દોરી. બ્રિટિશ તેમજ અમેરિકન નિષ્ણાતોને તેના પાર્ટ્સ બનાવવા માટે રોકવામાં આવ્યા. સ્વાભાવિક છે કે પોતાના ભાગે આવેલો પાર્ટ અંતે શેના માટે વપરાવવાનો છે તેની એકેય નિષ્ણાતને ખબર ન હતી. 'કોલોસસ' એવા નામે ઓળખાતું કમ્પ્યૂટર બને એ દરમ્યાન ટુરિંગ પોતાનું કમ્પ્યૂટરછાપ મગજ વાપરીને જર્મન નૌકાદળના સાંકેતિક મેસેજને ઉકેલવાનો પ્રયત્ન કરતો રહ્યો. હેરી હિન્સ્લી અને બીજા આઠેક હજાર કોડબ્રેકર્સ તેને એ કાર્યમાં મદદ કરતા રહ્યા. અલબત્ત, જર્મની રહી રહીને પણ ચેત્યું. એનિગ્માનાં ચક્રો તેણે બદલી નાખ્યાં. બ્રિટન માટે ફરી સંદેશાનો બ્લેકઆઉટ છવાયો, પણ તે અમાસ બહુ લાંબી ન ચાલી. 'કોલોસસ' બન્યું અને સેકન્ડમાં હજારો ગણતરીઓ કરીને એટલે કે plaintext ના મૂળાક્ષર અને ciphertext ના મૂળાક્ષર વચ્ચે જોડામેળ બેસાડવાનો પ્રયત્ન કરીને છેવટે જૂજ મિનિટોમાં યા કલાકોમાં સાંકેતિક ભાષાનો પ્રિન્ટઆઉટ કાઢી આપવા લાગ્યું--અંતે પરિણામ ? 'ધ બેટલ ઑફ ધ ઍટલાન્ટિક'માં બ્રિટનના કુલ ૨,૮૨૮ જહાજોને ડૂબાવનાર જર્મની કુલ ૭૮૪ સબમરિનો અને તેના ૨૮,૦૦૦ નાવિકોને ગુમાવીને છેવટે હાર્યું. 'ધ બેટલ ઑફ ધ ઍટલાન્ટિક'ના પગલે વિશ્વયુદ્ધમાં પણ તેણે પરાજય વેઠવો પડ્યો. એનિગ્મા તેની આરંભિક ફતેહનું કારણ હતું--અને છેવટે તે ફતેહનું મારણ બન્યું.■

◆ સાઇફર કીનો જાણભેદુ એલન ટુરિંગ.



2

પર્લ હાર્બર : હવાઈટાપુના અમેરિકી નૌકામથક પર જાપાને કરેલું હવાઈ આક્રમણ કેવું હતું ?

બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યાને ૨૩ મહિના વીતી ચૂક્યા હતા, પણ અમેરિકાએ તેમાં ઝંપલાવ્યું ન હતું. અમેરિકન સિંહ હજી સૂતો હતો. આ સિંહને જગાડવા માટે ટચૂકડા જાપાનનો નૌકાકાફલો ૬ વિમાનવાહક જહાજો, ૨ મોટાં યુદ્ધજહાજો, ૩ ક્રૂઝર મનવારો, ૯ વિનાશિકાઓ, ૩ સબમરિનો, ૮ ટેન્કર જહાજો, ૫ મિનિ સબમરિનો અને ૪૨૩ વિમાનો સાથે ગુપચુપ પ્રશાન્ત મહાસાગરના પર્લ હાર્બર ટાપુ તરફ ઉપડ્યો...

એક મહત્ત્વનો પ્રશ્ન જો મનમાં કદી ન જાગ્યો હોય તો હવે તેનો જવાબ વિચારો : હિટલરે તો પ્રથમ વિશ્વવિગ્રહ પછી વિજેતા દેશોએ જર્મનીને કરેલા જુલમભર્યા અન્યાયોનું સાટું વાળવા તેમની સામે બીજું વિશ્વયુદ્ધ આરંભ્યું હતું, પણ જાપાન એ દેશો સામે લડવા કેમ મેદાને પડ્યું ? પ્રશ્ન મહત્ત્વનો એટલા માટે ગણાય કે પ્રથમ વિશ્વવિગ્રહમાં તેણે બ્રિટન, અમેરિકા, રશિયા, ફ્રાન્સ વગેરેના મિત્ર દેશ તરીકે ભાગ લીધો હતો. જર્મની એ સમયે તેનું દુશ્મન હતું. દોસ્તના અને દુશ્મનના રોલ ઓચિંતા બદલાયા કેમ ? બીજું વિશ્વયુદ્ધ તેના અસ્તિત્વ માટે જીવનમરણનો સંગ્રામ હોય એમ તેણે પાછી એટલા ઝનૂન સાથે લડત આપી કે તેનો જુસ્સો તોડવા અમેરિકાએ છેવટે હિરોશિમા અને નાગાસાકી પર અણુબોમ્બ ઝીંકવાનો વારો આવ્યો ! કોઈ દેશ વગર કારણે તો આટલી ખુમારી દાખવે નહિ અને ખુમારીમાં રહીને આટલી ખુવારી પણ વેઠે નહિ.


બીજું વિશ્વયુદ્ધ લડવા માટે જાપાન પાસે એક સજ્જડ કારણું હતું. આપણે તેને સદંતર વાહિયાત કહેવું જોઈએ, છતાં જાપાનીઓ પોતાની દૃષ્ટિએ તેને વાજબી માનતા હતા. બ્રિટનની અને જાપાનની ભૂગોળમાં એક વાતે સામ્ય હતું : બન્ને દેશો ટાપુ સ્વરૂપના, એટલે મૂળભૂત રીતે તેઓ દરિયાઈ સામ્રાજ્યો ગણાતાં હતાં. બ્રિટનની માફક જાપાનનું પણ અર્થતંત્ર મુખ્યત્વે આયાત પર નભતું હતું. ખનિજ તેલ, કાચું લોખંડ, કોલસો, મેંગેનિઝ, નિકલ, એલ્યુમિનિયમ, બોક્સાઈટ, ટીન, કોબાલ્ટ, પોટાશ, ફોસ્ફેટ, કપાસ અને રબ્બર સહિત દોઢ ડઝન જાતનો કાચો માલ તેણે આયાત કરવો પડતો હતો. કુલ વપરાશના ૧૭% ચોખા, ૨૦% ઘઉં અને ૧૦૦% ખાંડ પણ આયાતી !



અમુક હદે બ્રિટનની પણ એ જ સમસ્યા, પરંતુ તેને પોતાના ખપનો કાચો માલ બહુ નજીવા દામે મળી રહેતો હતો. વેસ્ટ ઈન્ડિઝ, કેન્યા, ભારત, દક્ષિણ આફ્રિકા, યુગાન્ડા, ઘાના, ઈજિપ્ત, ગુયાના વગેરેને તેણે પોતાના તાબેદાર બનાવ્યા હતા અને વેપારના નામે બ્રિટન તેમની પેદાશો લૂંટતું હતું. ઈટાલિ, ફ્રાન્સ, પોર્તુગાલ, નેધરલેન્ડ (હોલેન્ડ), સ્પેન અને જર્મની પણ આવાં નાનાં-મોટાં સંસ્થાનો ધરાવતાં હતાં. આ યુરોપી દેશો લગભગ દોઢસો વર્ષ થયે પારકા મુલકોનું શોષણ કરી પોતાની જરૂરિયાતો પોષતા રહ્યા, એટલે જાપાનની પ્રજાના અમુક વર્ગને સહેજે વિચાર આવતો કે સફેદ લૂંટ ચલાવવામાં જાપાન બાકાત રહી જાય તે ક્યાંનો ઈન્સાફ ? આ તુમાખીખોર વર્ગ સામુરાઈની તથા શોગનની પ્રણાલિકામાં માનતા યુદ્ધખોરોનો હતો અને તે વર્ગના ઘણા ખરા લોકો જાપાનના લશ્કરમાં અફસરોનો હોદ્દો સંભાળતા હતા. જાપાનની પ્રજા દૈવી શક્તિ પામેલી છે અને એશિયન કોમો પર રાજ કરવા સર્જાયેલી છે એવો ખ્યાલ તે દરેક ખેરખાંના મનમાં ઠસી ગયો હતો. ટૂંકમાં, જાપાનનું લશ્કર જન્મજાત લડાયક મિજાજનું હતું. આ મિજાજ છેવટે તેને ભારે પડવાનો હતો.

ઑક્ટોબર ૨૪, ૧૯૨૯.

માનવ તવારીખનો સૌથી મહત્વપૂર્ણ દિવસ. એક વિચિત્ર ઘટના તે દિવસે બની, જેને બીજા વિશ્વયુદ્ધ સાથે પ્રત્યક્ષ રીતે તો કશી લેવાદેવા ન હતી. આમ છતાં વિશ્વયુદ્ધની હોળી પ્રગટાવવામાં તે ઘટનાને આડકતરી રીતે જવાબદાર ગણી શકાય. બન્યું એવું કે અમેરિકામાં વૉલ સ્ટ્રીટના પ્રખ્યાત શેરબજારનો ધબડકો વળી ગયો. એક જ દિવસમાં રોકાણકારોએ ૧,૪૦૦ કરોડ ડૉલર ગુમાવ્યા. કોઇને શેરો પર ભરોસો ન રહ્યો, માટે શેર ધરાવતા લોકોના હાથમાં શેર તરીકે માત્ર કાગળિયાં રહ્યા. કાગળિયાંની સંખ્યા ૧,૨૮,૯૪,૬૫૦ હતી. કહેવાય બધાં શેરો, પરંતુ તેમનું મૂલ્ય દિવસના અંતે લગભગ શૂન્ય હતું. આ કડાકો બોલ્યા પછી તો 'ધ ગ્રેટ ડિપ્રેશન' કહેવાતી જબરજસ્ત મંદીનો આરંભ થયો. ઉદ્યોગો પડી ભાંગ્યા. પચ્ચીસ લાખ અમેરિકનો બેરોજગાર થયા અને રસ્તા પર હજારો ભીખારીઓ દેખાવા લાગ્યા. અમેરિકા સાથે વેપાર ચલાવતા યુરોપી દેશોની પણ આર્થિક હાલત બગડી. બ્રિટન, ફ્રાન્સ અને નેધરલેન્ડે પોતાના ગુલામ દેશોનો કાચો માલ જથ્થાબંધ રીતે મંગાવવો શરૂ કર્યો. પરિણામે જાપાનની પણ આર્થિક હાલત કફોડી બની. સામુરાઇ અને શોગન યુદ્ધખોરોનું મગજ ફટક્યું એ તો વળી ઓર ગંભીર બાબત હતી.




♦ જાપાની લશ્કરનો લેફ્ટનન્ટ-જનરલ હિદેકી તોજો

મગજની કમાન છટકવાનું કારણ શું હતું? જાપાનની દૃષ્ટિએ જોવા બેસો તો કારણ વાજબી હતું. બ્રિટને આપણા ભારત ઉપરાંત બ્રહ્મદેશ, મલાયા, સિંગાપુર, હોંગકોંગ અને શ્રી લંકા જેવા એશિયાઇ દેશોનો માલ ઉશેટવો શરૂ કર્યો, એટલે જાપાનને નિકાસરૂપે મોકલાતો પુરવઠો બંધ થયો. ઇમારતી લાકડાં, મલાયા રબ્બર, કાચું લોખંડ, ચા, ખાંડ, ચોખા વગેરે કશી વસ્તુ જાપાનને હવે મળી શકે તેમ ન હતી. અગ્નિ એશિયામાં વિયેતનામ, લાઓસ અને કમ્બોડિયા પર ફ્રેન્ચોનું રાજ હતું. (આ દેશો ત્યારે ફ્રેન્ચ ઇન્ડોચાઇના તરીકે ઓળખાતા હતા.) ફ્રાન્સે વળી તેમના અનાજ તથા ખનિજો અંકે કરી જાપાનને તડકે મૂક્યું. નેધરલેન્ડની હકૂમત જાવા, બાલિ, સુમાત્રા, બોર્નિયો અને ન્યૂ ગીની પર હતી, જ્યાં અઢળક પેટ્રોલિયમ મળી આવતું હતું. જાપાનને પેટ્રોલિયમનો સપ્લાય પણ બંધ થયો ! ચીનનું મકાઉ બંદર પોર્તુગાલના તાબામાં અને હોંગકોંગ બ્રિટનના કબજામાં હતું. અહીંથી ચીની માલ સાથે નીકળતાં માલવાહક જહાજો પરબારાં યુરોપ તરફ હંકારવા લાગ્યાં.

જાપાન આટલી હદની ઉપેક્ષા કેમ સાંખી લે ? યુરોપના સામ્રાજ્યવાદી દેશો પોતાની જરૂરિયાત પોષવા માટે છેક એશિયા સુધી જાળ પાથરી શકતા હતા, જ્યારે એશિયાના જ દેશ જાપાને હાથ ઘસતા રહી જવું પડ્યું હતું. જાપાનની કફોડી દશા તેના લશ્કરી સરદારોને માત્ર દયાજનક નહિ, પરંતુ શરમજનક પણ લાગી. ભારત, મલાયા, બ્રહ્મદેશ, હોંગકોંગ, સુમાત્રા, જાવા, વિયેતનામ, લાઓસ અને કમ્બોડિયા જેવા મુલકો જાપાનની એડી નીચે હોત તો તેના બૂરા હાલ થાત ખરા ? સરદારોને થયું કે દેશની સરકાર નમાલી હતી. શહેનશાહ હિરોહિતો એ સરકારના વડા હતા, પરંતુ તેમનો વાંક કાઢી શકાય નહિ. પ્રણાલિકા મુજબ તેઓ સરકારી કામકાજમાં હસ્તક્ષેપ કરતા ન હતા. વળી પ્રજાને મન તેઓ દૈવી પુરુષ હતા. લશ્કર પણ તેમને પૂજતું હતું. આથી વાંક હોય તો ઢીલીઢફ સરકારનો અને વડા પ્રધાનનો, જેમને હવે લશ્કરે ગણકારવા ન જોઇએ. દેશનું સામ્રાજ્ય વિસ્તારવાનું કામ પણ લશ્કરે કરવું જોઇએ.

૧૯૩૯ : જાપાની સામ્રાજ્યનું વીજવેગી વિસ્તરણ



આ જાતના વિચારબીજ સાથે જાપાન માટે બીજા વિશ્વયુદ્ધનાં બીજ પણ રોપાયાં, કેમ કે જાપાની લશ્કરે સપ્ટેમ્બર ૧૮, ૧૯૩૧ના રોજ લેફ્ટનન્ટ-જનરલ હિદેકી તોજોની સરદારી હેઠળ ચીનના ઉત્તરી પ્રાન્ત મંચુરિયા પર આક્રમણ કરી જોતજોતામાં એ પ્રદેશ જીતી લીધો. ચીન ત્યારે બ્રિટનનું જિગરી હતું, એટલે બ્રિટન ચોંકી ઊઠ્યું. જાપાનને તેણે કડક શબ્દોમાં દાટી મારીને લશ્કર પાછું ખેંચી લેવા જણાવ્યું. ચીનના શાંઘાઇ નગરમાં જાપાન સામે વિરોધના દેખાવો કરતા ચીના લોકોને બ્રિટિશ રાજદૂતે વધુ ઉશ્કેર્યા. આના જવાબમાં સતત છ અઠવાડિયાં સુધી જાપાને શાંઘાઇ પર વિમાની હુમલા કરી તે નગરને ખેદાનમેદાન કરી નાખ્યું. શાંઘાઇમાં રહેતા કેટલાક અંગ્રેજો પણ માર્યા ગયા. બ્રિટનનાં વ્યાપારી મથકોનો અને વખારોનો પણ ખુરદો વળી ગયો. લેફ્ટનન્ટ-જનરલ હિદેકી તોજોના લશ્કરે પેકિંગ અને નાનકિંગ શહેરો પણ જીતી લીધાં ત્યારે બ્રિટનને ડર પેઠો કે જાપાની લશ્કર બર્મા રોડ કહેવાતા પહાડી રસ્તે કદાચ સીધા બ્રહ્મદેશમાં અને પછી ભારતમાં પ્રવેશે, એટલે તેણે બાકીના અંગ્રેજોને પાછા આવવાનું કહી તે રસ્તાને બંધ કરવાનો નિર્ણય લીધો.

ચીને ૧૯૩૭માં ચુંગકિંગને પાટનગર બનાવ્યું હતું, કેમ કે સાતસો વર્ષ જૂના પાટનગર પેકિંગ (બિજિંગ) અને જાપાની

કબજાના મંચુરિયા વચ્ચે નજીવું અંતર હોવાને કારણે તેના અસ્તિત્વ સામે ખતરો હતો. પાટનગર તો દેશનું નાક ગણાય, માટે તેને દુશ્મનના હાથમાં જતું ગમે તે ભોગે રોકવું જોઇએ. ચીનની સરકાર પેકિંગનું રક્ષણ કરી શકે તેમ ન હતી, આથી શરૂઆતમાં બીજા દક્ષિણી શહેર નાનકિંગને પાટનગર બનાવ્યું હતું. ડિસેમ્બર ૯, ૧૯૩૭ના દિવસે જાપાની લશ્કરે નાનકિંગને પણ જીતી લીધું. નાનકિંગનું પતન થયું તેના થોડા કલાક પહેલાં જો કે ચીનની સરકારે ઓર દક્ષિણના ચુંગકિંગને પાટનગર જાહેર કરી દીધું. પરિણામે નાનકિંગનું જ્યારે પતન થયું ત્યારે તે ફક્ત નગર હતું, પાટનગર નહિ! આ પકડદાવ જોતાં યુદ્ધખોર જાપાની સરદારો એવાં દાઝે ભરાયા કે નાનકિંગના ૧,૫૫,૦૦૦ રહીશોનો તેમણે શિરચ્છેદ કર્યો. રાયફલની બૅયોનેટ વડે કેટલાકને વીંધી નાખ્યાં. જનસંહાર સાતેક અઠવાડિયાં સુધી ચાલ્યો. હિન્દીચીનના (વિયેતનામના) હેનોઇ જેવાં હવાઇમથકો પર ટેક-ઑફ કરતાં જાપાની વિમાનોનાં ધાડાં ત્યાર બાદ મહિનાઓ સુધી ચીનના પાટનગર ચુંગકિંગનું સત્યાનાશ વાળતાં રહ્યાં.





♦ જાપાની વિમાનોએ ચાલીસેક દિવસ સુધી એકધારી બોમ્બવર્ષા કરીને શાંઘાઇ નગરને કાટમાળમાં ફેરવી દીધું.

તેના પરાજય બાદ ૭,૪૭,૫૦૦ ચોરસ કિલોમીટરનો (ખુદ ફ્રાન્સ કરતાં ૩૭% મોટો) એ પ્રદેશ રેઢો પડ્યો. જાપાની લશ્કર ત્યાં ફરી વળ્યું. હિન્દીચીનનાં ફ્રેન્ચ હવાઇમથકો વાપરી જાપાનનાં વિમાનોએ ચીન પર આકાશી હુમલા શરૂ કર્યા.

આ તરખાટે નેધરલેન્ડના પેટમાં તેલ રેડ્યું. ફ્રાન્સની જેમ તેણે પણ જર્મનીના હાથે પરાજય વેઠ્યો હતો અને તેની દેશનિકાલ થયેલી સરકાર હવે બ્રિટનમાં રહીને શાસન ચલાવતી હતી. પરંતુ નેધરલેન્ડના ડચ ઈસ્ટ ઇન્ડિઝમાં એટલે કે જાવા, સુમાત્રા, બાલિ, ન્યૂ ગીની, બોર્નિઓ વગેરે અગ્નિ એશિયાઇ દેશોમાં હવે શાસન કોનું ? આ પ્રદેશો ખનિજ તેલના કુદરતી ભંડારો વડે સમૃદ્ધ હતા. નેધરલેન્ડે સેંકડો તેલકૂવાનું સંકૂલ ખડું કર્યું હતું, ઓઇલ ડેપો સ્થાપ્યા હતા અને ટેન્કર જહાજો માટે ખાસ ગોદીઓ બાંધી હતી. જાપાને પોતાની વાર્ષિક જરૂરિયાતના ૮૮% જેટલું પેટ્રોલિયમ આયાત કરવું પડતું હોય ત્યારે ડચ ઈસ્ટ ઇન્ડિઝ પર તેની નજર બગડ્યા વિના રહે જ નહિ. પેટ્રોલિયમનો સપ્લાય મળતો રહે ત્યાં સુધી તે કદાચ આક્રમણ કરવા ન પ્રેરાય એમ ધારી નેધરલેન્ડની બ્રિટન ખાતેની સરકારે તેને પુરવઠો મોકલવાનું ચાલુ રાખ્યું. હિટલરે તે નિર્ણયને બિરદાવ્યો, કેમ કે જર્મનીના દુશ્મનો એ જાપાનના પણ દુશ્મનો હતા. નિર્ણય ગમ્યો ન હોય તો અમેરિકાના પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટને, જેઓ એશિયામાં તથા પ્રશાન્ત મહાસાગરના ફિલિપાઇન્સ જેવા ટાપુસમૂહોમાં જાપાનનો પેસારો રોકવા માગતા હતા. હિંસક, ઝનૂની અને કિન્નાખોર પ્રજાના દેશને જો અત્યારે કાબૂમાં ન લેવાય તો વખત જતાં પૃથ્વીના સમગ્ર પૂર્વ ગોળાર્ધ પર તે પોતાનો કાબૂ જમાવી દે ! જુલાઇ ૨૪, ૧૯૪૧ના દિવસે તેમણે જાપાનને લેખિત ચેતવણી આપી કે હિન્દીચીન ખાલી કરો એટલું જ નહિ, પણ ચીનમાં અડ્ડો નાખીને બેઠેલા સૈન્યને તરત પાછું ખેંચી લો.

બે દિવસ વીત્યા. જાપાને 'ના' કે 'હા'નો વળતો જવાબ આપવાનીયે પરવા ન કરી, એટલે પ્રમુખ રૂઝવેલ્ટે તેને મોકલાતા અમેરિકન પેટ્રોલિયમની નિકાસ સામે પ્રતિબંધ ફરમાવ્યો. આરબ દેશોમાં તેલકૂવા ધરાવતા બ્રિટને પણ જાપાનનો બહિષ્કાર કર્યો. નેધરલેન્ડની દેશવટો ભોગવી રહેલી સરકાર માટે ધરમસંકટ પેદા થયું કે તેણે કોનો પક્ષ લેવો? નિરાશ્રિત સરકારની નામ પૂરતી કચેરી બ્રિટનમાં હતી, એટલે બ્રિટનને નારાજ કરવું ઠીક નહિ. પરંતુ નાઝી લશ્કરે પાંચ દિવસમાં નેધરલેન્ડને ઘૂંટણિયે પાડી દીધું ત્યારે બ્રિટન માત્ર પ્રેક્ષક બની રહેવા સિવાય શું કરી શક્યું

♦

દરમ્યાન હિટલરે સપ્ટેમ્બર ૨, ૧૯૩૯ના રોજ પોલેન્ડ દેશ પર આક્રમણ કર્યું, જેના પગલે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. બ્રિટને ત્યાર પછી જર્મની સામે લડવામાં રોકાવું પડ્યું, માટે જાપાનને એશિયામાં છૂટો દોર મળી ગયો. અંગ્રેજો પોતાના ઘરઆંગણાનો યુરોપી મોરચો સંભાળે કે હજારો કિલોમીટર છેટેનો એશિયન મોરચો સાચવે ? વધુ મોટી આફતનાં વાદળો યુરોપના માથે ઘેરાયે જતાં હતાં. હિટલરની નાઝી ફોજે પોલેન્ડનો ઘડોલાડવો કર્યા પછી નવ મહિનામાં તો ડેન્માર્ક, નોર્વે, બેલ્જિયમ, લક્ઝેમ્બર્ગ અને નેધરલેન્ડને પણ રગદોળી નાખ્યા. દસમે મહિને (જૂન ૨૨, ૧૯૪૦ના રોજ) ફ્રાન્સે જર્મની સામે હાર કબૂલી લીધી. હિટલરે ફ્રાન્સના કોમ્પિન જંગલના રેલ્વે માર્ગ પર એ જ સ્થળે, એ જ ટ્રેનના એ જ કોચમાં શરણાગતિનો પત્ર લખાવડાવ્યો કે જેમાં ૧૯૧૮ના અંતે પ્રથમ વિશ્વયુદ્ધના પરાજિત જર્મન સેનાપતિએ ફ્રાન્સની તાબેદારી સ્વીકારતો પત્ર લખી આપ્યો હતો! હિસાબ ચૂક્તે !



કિન્નાખોર જાપાનને જો વખતસર કાબૂમાં ન લેવાય તો પૃથ્વીના સમગ્ર પૂર્વ ગોળાર્ધ પર તે પોતાનો કાબૂ જમાવી દે તેમ હતું !

યુરોપમાં ફ્રાન્સ અને નેધરલેન્ડ હાર્યાં, એટલે જાપાનને એશિયામાં ફાવતો લાગ મળ્યો. હવે ફ્રેન્ચ ઇન્ડોચાઇના (હિન્દીચીન) કોનું ? વિયેતનામ, કમ્બોડિયા અને લાઓસ એમ ત્રણેય દેશો પર એટલે કે હિન્દીચીન પર ફ્રાન્સની હકૂમત ત્રેપન વર્ષ થયે હતી, પણ યુરોપમાં

હતું ? ભવિષ્યમાં પણ નેધરલેન્ડને આઝાદી પાછી અપાવવા માટે બ્રિટન શું કરી શકવાનું ? અમેરિકા તો હજી જર્મની કે જાપાન સામે લડવા મેદાને જ પડ્યું ન હતું. માનો કે બાર ખાંડીના મિજાજવાળા જાપાનને ડચ ઈસ્ટ ઇન્ડિઝનો પેટ્રોલિયમ સપ્લાય મળતો બંધ કરી દેવાયો અને ક્રોધે ભરાયેલા જાપાનીઓ સુમાત્રા, બાલિ, જાવા કે બોર્નિઓ પર આક્રમણ લાવ્યા, તો અમેરિકન સૈન્ય શું તેની મદદે દોડી આવવાનું હતું ? સોએ એક ટકો પણ આશા નહિ. વાસ્તવમાં અમેરિકા યુદ્ધ વહોરીને ખુવાર થવા માગતું ન હતું. કોઇ આરો ન રહે તો વાત જુદી, પણ દરમ્યાન પ્રમુખ રૂઝવેલ્ટ આર્થિક તથા રાજકીય દબાણ વડે જાપાનને અંકુશમાં રાખવાના બધા પ્રયત્નો કરી રહ્યા હતા. વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું સપ્ટેમ્બર ૨, ૧૯૩૯ના દિવસે અને જુલાઇ ૨૬, ૧૯૪૧ના દિવસે એટલે કે ત્રેવીસ મહિના પછી તેમણે જાપાનને માત્ર લેખિત ધમકી આપી પેટ્રોલિયમનો સપ્લાય બંધ કરાવ્યો હતો. અમેરિકન પ્રમુખના આગ્રહ મુજબ ડચ ઈસ્ટ ઇન્ડિઝે પણ ખનિજ તેલ મોકલવાનું બંધ કર્યું.



♦ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ, જેમણે પોતાની રાજકીય વગ વાપરી જાપાનને બરાબર ભીંસમાં લીધું.

જાપાન બરાબરનું ભીંસમાં આવ્યું. ચીનને ખોખરું કરી નાખનાર લેફ્ટનન્ટ-જનરલ હિદેકી તોજો હવે જનરલના પદે બઢતી પામી સેનાપતિ બન્યો હતો. અમેરિકાની ચેતવણીને તેણે ખુમારીભેર હસી કાઢી, જ્યારે વડા પ્રધાન ફુમિમેરો કૉનોયે ચિંતામાં પડ્યા. લડાઇ ન થાય તો જાપાન પાસે ત્રણ વર્ષ ચાલે એટલો પેટ્રોલિયમનો અનામત પુરવઠો હતો. લડાઇ થાય તો એ પુરવઠો દોઢ વર્ષમાં જ ખૂટ્યો સમજવાનો! કોઇ યુદ્ધ પેટ્રોલિયમ વગર લડી શકાય નહિ. વિમાનો, યુદ્ધજહાજો, રણગાડીઓ, સબમરિનો, લશ્કરી ખટારા વગેરે માટે ખનિજ તેલ અનિવાર્ય હતું. જનરલ તોજો અને બીજા લશ્કરી અમલદારો સાથે ચર્ચાવિચારણા દરમ્યાન વડા પ્રધાન કૉનોયેને જાણવા મળ્યું કે યુદ્ધ ખેલવું હોય તો ફક્ત પેટ્રોલિયમ નહિ, પણ કુલ ૨૦ ચીજોની જરૂર પડે અને તે દરેક ચીજ માટે જાપાન પારકા દેશો પર અવલંબતું હતું ! દા.ત. શસ્ત્રો બનાવતાં કારખાનાંને ધમધમતાં રાખવાં કોલસો જોઇએ. બખ્તરિયાં વાહનો અને લશ્કરી ખટારાનાં પૈડાં, સૈનિકોનાં શૂઝ, વિમાનોની તથા રણગાડીની ફ્યૂલ ટેન્કના આંતરિક પડ વગેરે માટે રબ્બર જોઇએ. વિદ્યુત સાધનો અને ઘણાખરા શસ્ત્રસરંજામ માટે તાંબુ જરૂરી, તો નિકલ અને મેંગેનિઝ વગર સારી જાતનું પોલાદ ન બને. વિમાનનું માળખું બનાવવું હોય તો એલ્યુમિનિયમ વિના ન ચાલે. ગનકોટન અને બીજા દારૂગોળાના ઉત્પાદનમાં કપાસ, ગંધક, સેલ્યુલોઝ તથા નાઇટ્રિક એસિડ મુખ્ય કાચા માલ ગણાય, જ્યારે ડાઇનામાઇટ માટે ગ્લિસરિનનો ટનબંધ પુરવઠો મળી રહેવો જોઇએ. બોમ્બના પલીતામાં (ડિટોનેટરમાં) પારો વપરાય તેમ વિમાનોના પ્રોપેલર એન્જિનમાં સ્પાર્ક પ્લગ માટે પ્લેટિનમ અનિવાર્ય હોવાનું સમજી લો. ઇન્સ્યુલેટર તરીકે એન્જિન ફરતે અબરખનાં પડ ગોઠવવાં રહ્યાં.



યુદ્ધ ખેલવા માટે જાપાનને કાચા માલરૂપે વીસેક ચીજો આવશ્યક હતી, પણ તેમાંની એકેય ચીજની બાબતે તે સ્વાવલંબી નહોતું.

સંક્ષિપ્તમાં વાત એટલી કે જાપાને અચોક્કસ મુદતનું યુદ્ધ ખેલવું હોય તો કાચા માલના સ્વરૂપે મિનિમમ વીસેક ચીજોનો તેને ખપ પડે તેમ હતો. આ પૈકી કેટલી ચીજોની બાબતમાં તે સ્વાવલંબી હતું ? એક પણ નહિ ! પોલાદથી માંડીને પારા સુધીના દરેક કાચા માલનો અડધા ઉપરાંત પુરવઠો તે શાંતિકાળમાં પણ આયાત કરતું હતું, તો યુદ્ધકાળમાં મબલખ આયાત વગર તેનું અર્થતંત્ર ભેગું યુદ્ધતંત્ર (વૉર મશીન) ટકે જ કેમ ? અને યુદ્ધ છેડાય કે તરત બ્રિટનનાં તથા અમેરિકાનાં બગલબચ્ચાં રાષ્ટ્રો જાપાનને માલ વેચવાનું બંધ કરે એ પણ ચોક્કસ વાત હતી. જાપાને ત્યાર બાદ પોતાનો અનામત સ્ટોક વાપરીને કામ ચલાવવું રહ્યું. આ સ્ટોક પોતે લાંબો સમય ચાલવાનો ન હતો, માટે જાપાને એ પહેલાં ડચ ઈસ્ટ ઇન્ડિઝ, મલાયા, સિંગાપુર, ફિલિપાઇન્સ વગેરે પ્રદેશોને જીતી લેવા રહ્યા. આમાં બેવડો ફાયદો હતો. દા.ત. વિશ્વભરમાં થતા પેટ્રોલિયમના ઉત્પાદન પૈકી ૩૦% જથ્થો ડચ ઈસ્ટ ઇન્ડિઝમાં (આજે ઇન્ડોનેશિયા કહેવાતા જાવા-સુમાત્રાના ટાપુસમૂહમાં) મળી આવતો હતો. દુનિયાનું ૮૦% રબ્બર બ્રિટિશ હકૂમત નીચેના મલાયામાં થતું હતું. બન્ને પ્રદેશોમાં તાંબું, નિકલ, ટીન, કોલસો અને કાચા લોખંડના પણ કુદરતી ભંડારો હતા. આ બહુમૂલ્ય ચીજો વડે જાપાન પોતાના યુદ્ધતંત્રને લાંબો વખત અડીખમ રાખી શકે એ પહેલો ફાયદો, જ્યારે બીજો ફાયદો એ કે બ્રિટન-અમેરિકા જેવાં તેના દુશ્મન રાષ્ટ્રોને તેમાંની એકેય ચીજ મળે નહિ.

વાત તો સાચી જાણે, પરંતુ સવાલ એ કે જાપાની સૈન્ય બાલિ, સુમાત્રા, જાવા તથા મલાયાને તાબે કરવા નીકળે ત્યારે પ્રશાન્ત મહાસાગરમાં જંગી નૌકાકાફલો ધરાવતું અમેરિકા નિષ્ક્રિય બેસી રહે ખરું? આ સવાલનો જવાબ પણ બહુ દેખીતો અને સ્પષ્ટ હતો. ચૂંચા તેમજ બટકા જાપાની લોકોને તુચ્છકારમાં 'જેપ્સ' કહેતી અમેરિકન પ્રજા અને તેના પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ ચૂપચાપ તમાશો જોયા કરે એ બિલકુલ માનવા જેવું ન હતું. જાપાની દળો સમુદ્રના માર્ગે જ અગ્નિ એશિયાના ટાપુરૂપી કે તટવર્તી પ્રદેશો સુધી પહોંચી શકે, એટલે સમુદ્ર પર બધે જાપાનનું પ્રભુત્વ હોવું જોઇએ. અમેરિકાની પ્રચંડ નૌકાતાકાત જોતાં એવા પ્રભુત્વની કલ્પના પણ કરી શકાય નહિ. આથી વડા પ્રધાન ફુમિમેરો કૉનોયેની સરકારે ઑગસ્ટ ૬, ૧૯૪૧ના રોજ અમેરિકાને પેટ્રોલિયમ અંગેના પ્રતિબંધો ઊઠાવી લેવા વિનંતી કરી. બીજી તરફ અમેરિકા પોતાના નિર્ણયમાં અડગ રહ્યું. સામુરાઇની અને શોગનની પ્રણાલિકાને અનુસરતું જાપાની લશ્કર પણ અડગ હતું. સેનાપતિ તોજો અને બીજા સરદારોએ વડા પ્રધાન કૉનોયેને ખખડાવ્યા કે ધોળી ત્વચાના અમેરિકનોની દાઢીમાં હાથ નાખવાની જરૂર શી હતી ? કૉનોયેનું

નસીબ જરા સારું કે લશ્કરે તેમને જીવતા રહેવા દીધા. બાકી ૧૯૧૨ પછી યુદ્ધને બદલે શાંતિની વાતો કરનારા છ વડા પ્રધાનોને મારી નાખવામાં આવ્યા હતા. ઑક્ટોબર ૧૬, ૧૯૪૧ના દિવસે કૉનોયેને પદભ્રષ્ટ કરાયા અને વડા પ્રધાનનો હોદ્દો જનરલ તોજોને સોંપાયો.

આ સેનાપતિનું લશ્કર અમેરિકા સામે લડવાનો વ્યૂહાત્મક પ્લાન ક્યારનું ગુપ્ત રીતે ઘડી રહ્યું હતું. વાત બહુ આગળ વધી ચૂકી હતી. અમેરિકા કહે એટલે શું જાપાની ફોજે ચીનનો તથા હિન્દીચીનનો પ્રદેશ ખાલી કરી આપવાનો? પેટ્રોલિયમ અને બીજી આવશ્યક ચીજો માટે ત્યાર બાદ જાપાને કાયમ માટે શું અમેરિકન સરકારના ઓશિયાળા રહેવાનું? નહિ, આત્મસન્માનને વેચી ખાવું એ કરતાં ફતેહ અપાવતું કે પછી ફના કરી દેતું ખરાખરીનું યુદ્ધ ખેલી લેવું સારું !

◆

જાન્યુઆરી, ૧૯૪૧. હિટલરનું નાઝી સૈન્ય યુરોપમાં ચારેકોર પોતાના વાવટા ખોડી રહ્યું હતું. બ્રિટન સાવ એકલું પડી ગયું હતું. ફ્રાન્સ તથા નેધરલેન્ડ જેવા તેના દરેક સાથીદેશો તે મોરચે જર્મનીના તાબે થયા હતા. દરિયાઇ અને હવાઇ યુદ્ધોમાં ભારે નુકશાન વેઠી રહેલા બ્રિટનની સ્થિતિ પણ ડામાડોળ હતી. અગ્નિ એશિયામાં પોતાનું સામ્રાજ્ય ફેલાવવા માટે જાપાનને આટલો સરસ મોકો ફરી ક્યારે મળવાનો ? કોઇ તેને રોકટોક કરવાનું ન હતું. સિવાય કે અમેરિકા, જેની પીઠમાં ગુપચુપ ખંજર ભોંકી દેવાય તો સમજો કે એ બલા પણ ટળી !

જાન્યુઆરી, ૧૯૪૧ની એક સવાર હતી. કહો કે સેનાપતિ હિદેકી તોજોને વડા પ્રધાનનો હોદ્દો મળ્યો તેના નવેક મહિના પહેલાંની સવાર હતી. જાપાનનો સર્વોચ્ચ નૌકાસેનાપતિ એડમિરલ ઇસોરોકુ યામામોતો પોતાના વિશ્વાસુ નાયબ સેનાપતિ એડમિરલ તાકાજિરો ઓનિશિને એ જ બાબતે ખાનગી પત્ર લખી રહ્યો હતો. ધ્વજજહાજની ટીપટૉપ રીતે સજાવેલી કેબિનમાં બેસી તેણે પોતાના વિચારો મુદ્દાસર ટપકાવ્યા :

'તમારે વાઘનાં બચ્ચાંને પકડી લાવવાં છે ? તો એ માટે વાઘની ગુફામાં જવું રહ્યું... હવાઇ ટાપુનું પર્લ હાર્બર નૌકામથક મારી દૃષ્ટિએ ગુફા છે. આપણે ત્યાં પડેલાં અમેરિકન યુદ્ધજહાજોને ખતમ ન કરી શકીએ ? કામ અઘરું છે. સફળતા મળવાની સંભાવના નજીવી છે... પરંતુ આપણી પાસે વિકલ્પ નથી. દક્ષિણ-પૂર્વ એશિયાને જીતી લેવા માટે જરૂરી છે કે આપણે સૌ પ્રથમ અમેરિકન નૌકાદળની કરોડરજ્જુ ભાંગી નાખીએ... ઓનિશિ, મારે તમારો અભિપ્રાય જાણવો છે. વિદ્યુતવેગી આક્રમણનું દરેક પાસું બરાબર વિચારી મને જવાબ આપજો. દરમ્યાન વાત સદંતર ગુપ્ત રહે તેની પૂરતી કાળજી લેજો...'

એડમિરલ યામામોતોએ સૂચિત યોજનાની રૂપરેખા ત્રણ પાનાં ભરીને લખી. પરબીડિયામાં એ પત્ર સીલ કર્યો. 'અત્યંત ખાનગી' એવો શેરો મારી પોતાના અંગત મદદનીશ કેપ્ટન કુરોશિમા મારફત એડમિરલ તાકાજિરો ઓનિશિને પરબીડિયું મોકલી આપ્યું.

ધ્વજજહાજની વૈભવશાળી કેબિનમાં ત્યાર બાદ એકલા બેસી એડમિરલ યામામોતોએ પોતે ક્યાંય સુધી યોજનાના દરેક પાસા અંગે વિચાર્યું. ઊઠીને ક્યારેક ઉત્તેજનાપૂર્વક આંટાફેરા કર્યા. કેબિનની બારી પાસે ઊભા રહી પૂર્વ દિશામાં પ્રશાન્ત મહાસાગરની અફાટ જળરાશિને પણ જોતી વખતે તેને સખત રોમાંચ થયો. ઊગતા સૂર્યની એ દિશા હતી, છતાં એ દિશા તરફ લાખો ચોરસ કિલોમીટરના પ્રદેશમાં ધોળી ચામડીના લોકોનું વર્ચસ્વ શા માટે ? વર્ચસ્વના પ્રતીક સમાન પર્લ હાર્બર પણ ઊગમણી દિશામાં હતું, જ્યાં ખરેખર ઊગતા સૂર્યના દેશનો ડંકો વાગવો જોઇએ.

કોઇ ત્રાહિત વ્યક્તિ એડમિરલ યામામોતોને ૩૩,૦૦૦ ટનના વિરાટ યુદ્ધજહાજની કેબિનમાં બેચેન રીતે ટહેલતો દેખે તો આપમેળે સમજી જાય કે જાપાની લોકો માટે અમેરિકનો 'જેપ્સ' એવો વામણો શબ્દ કેમ વાપરતા હતા. જાપાનનો સર્વોચ્ચ નૌકાસેનાપતિ ઊંચાઇમાં ફક્ત સવા પાંચ ફૂટિયો હતો. પહોળા ખભાના પ્રમાણમાં હાથ ટૂંકા હતા. ગરદન જાડી હતી. ખભાથી કમર સુધીનો ભાગ બરણી જેવો એકસરખો ગોળાકાર હતો. આ જાતના શારીરિક દેખાવવાળો માણસ કુલ અઢાર ચંદ્રકો સાથેનો દમામભર્યો યુનિફોર્મ પહેરે ત્યારે તો એકદમ કોમિક લાગે, પરંતુ એડમિરલ યામામોતોનો ચહેરો જોયા પછી એવી કોમિક છાપનું નામોનિશાન રહેતું ન હતું. ચહેરા પર દૃઢ મનોબળના, આક્રમક મિજાજના અને પુરુષાર્થમાં અખૂટ શ્રદ્ધાના ભાવ સ્પષ્ટ તરી આવતા હતા. લશ્કરી નિયમ અનુસાર કાપવા પડે તેના કરતાં પણ ટૂંકા કાપેલા વાળને લીધે યામામોતો સામંતશાહી યુગના ખતરનાક યોદ્ધા જેવો દેખાતો હતો--અને ખરેખર કમરે લટકતી એક નાની સમુરાઇ તલવાર એડમિરલ યામામોતોના લશ્કરી યુનિફોર્મના મુખ્ય અંગ સમાન હતી.

◆ જાપાનનો સર્વોચ્ચ નૌકાસેનાપતિ એડમિરલ યામામોતો.



આ નૌકાસેનાપતિએ પોતાનો જોખમી પ્લાન કાગળ પર ટપકાવ્યા પછી કેટલાય દિવસો અજંપામાં ગાળ્યા. એડમિરલ તાકાજિરો ઓનિશિના પ્રત્યાઘાતો જાણવા તે અધીરો હતો.

◆

ઓનિશિએ ત્રણ પાનાંનો કાગળ વાંચી પૂરો કર્યો ત્યાં સુધીમાં તેને આખા શરીરે પસીનો વળી ગયો. આ સાચે જ શહેનશાહી જાપાનના નૌકાસેનાપતિએ ઘડેલો લશ્કરી પ્લાન હતો કે ફિલ્મી પટકથા હતી ? હવાઇ ટાપુઓ છેક ક્યાં અને ક્યાં જાપાન ! સીધી લીટીમાં અંતર લગભગ ૩,૮૫૦ કિલોમીટર હતું. જાપાની નૌકાકાફલા માટે પ્રવાસનો વાંકોચૂંકો માર્ગ પસંદ કરાય તો એટલા પૂરતું અંતર હજી વધે--અને દરમ્યાન પ્રશાન્ત મહાસાગરમાં અમેરિકન નૌકાદળનું એક પણ ચોકિયાત પ્લેન કે એક પણ લડાયક મનવાર

જાપાની રસાલાને ભાળી ન જાય એ શક્યતા કેટલી? એડમિરલ તાકાજિરો ઓનિશિના મતે તો લગભગ શૂન્ય હતી. વિશેષ અચંબો તેને એ વાતે થયો કે નૌકાસેનાપતિએ અમેરિકન યુદ્ધજહાજો સાથે આમનેસામનેનું તોપયુદ્ધ ખેલવાને બદલે તેમના પર હવાઈ આક્રમણ કરવાનું સૂચવ્યું હતું. આ સદંતર જુદી રણનીતિ ઓનિશિને જચી નહિ --અથવા તો પલ્લે જ ન પડી.

બીજા વિશ્વયુદ્ધમાં નૌકામોરચે વધુ બોલબાલા યુદ્ધજહાજોની હતી, જેઓ પોતાની જબરજસ્ત તોપો વડે સેંકડો રતલી ગોળા ફેંકીને બાજી પલટી આપતાં હતાં. વિરાટ કદનાં અને જાડા બખ્તરનાં યુદ્ધજહાજોને (બેટલ શિપ્સને) જ્યારે સાગરસંગ્રામ માટે હુકમનાં પત્તાં માનવામાં આવતાં હોય ત્યારે એડમિરલ યામામોતોએ વિમાનો પર બધો મદાર રાખવાનું કેમ નક્કી કર્યું ? બ્રિટન પાસે ૪૪,૪૬૦ ટનનું 'કિંગ જ્યોર્જ' હતું અને બીજાં એવાં જ ચાર યુદ્ધજહાજો તે બાંધી રહ્યું હતું. જર્મનીએ બનાવેલા ૫૦,૦૦૦ ટનના 'બિસ્માર્ક' અને ૫૨,૬૦૦ ટનના 'ટિર્પિટ્ઝ' વડે પણ તેના નૌકાદળની તાકાત કેટલી હદે વધી હતી ! અમેરિકાનું 'મિસૂરી' ૫૮,૦૦૦ ટનનું હતું. જાપાન પોતે ૬૨,૦૦૦ ટનનાં બે યુદ્ધજહાજો 'મુશાસિ' અને 'યામાતો'નું બાંધકામ તડામાર રીતે આગળ ધપાવતું હતું. આ બધા પોલાદી કિલ્લા પાસે ટચૂકડા વિમાનોની શી વિસાત ?



◆ અમેરિકાના નૌકામથક પર્લ હાર્બર પર ઓચિંતો હવાઈ હુમલો કરવાનો પ્લાન ઘડતો યામામોતો.

એડમિરલ યામામોતોના નિર્ણયને શંકાભરી નજરે જોનાર ઓનિશિએ પોતે એક સચોટ નિર્ણય લીધો. કમાન્ડર મિનોરૂ ગેન્દા નામના ૩૬ વર્ષના યુવાન ઍર ઑફિસરને તેણે બોલાવ્યો અને પર્લ હાર્બર પરના સૂચિત હુમલાનો પ્લાન વંચાવ્યો. કમાન્ડર ગેન્દા જાપાનનો સૌથી બહાદુર અને બાહોશ પાયલટ ગણાતો હતો. હવાઈ સરકસ કરતી ઍરોબેટિક ટીમનો એ લીડર હતો. ચીન પર આકાશી હુમલા કરવામાં પણ તે મોખરે હતો. હવે તેને જાપાની વિમાનવાહક જહાજ 'કગા'ની પાયલટ ટુકડીનું નેતૃત્વ સોંપાયું હતું.

◆ છાપામાર ટુકડીનો સરદાર કમાન્ડર ગેન્દા.



'યોજના કેવી જણાય છે?' ઓનિશિએ પૂછ્યું. જવાબ તો કમાન્ડર ગેન્દાના હાવભાવ દ્વારા જ તેણે પામી લીધો હતો.

'અદ્ભુત !' કમાન્ડર ગેન્દા બોલ્યો. 'અને મૌલિક !'

'યોજનાને અમલમાં મૂકાય તેમ છે?'

'કામ અશક્ય નથી, છતાં અનહદ કઠિન છે. ભરોભાર જોખમી પણ છે.'

'યામામોતોની ગણતરી એ છે કે આપણે પર્લ હાર્બરમાં અમેરિકાનાં શક્ય એટલાં વધુ યુદ્ધજહાજોને ફૂંકી તેના નૌકાદળની કરોડરજ્જુ તોડી નાખીએ. અમેરિકા માટે કલ્પના બહારનો હોય એવો પ્રચંડ હુમલો કરી તેના નૈતિક બળને ભાંગી નાખીએ, જેથી અગ્નિ એશિયામાં કાર્યવાહી ચલાવતી વખતે આપણને તેની કનડગત નહિ. પરંતુ એડમિરલ માત્ર વિમાનોના જોરે આવું જંગી સાહસ ખેડવાનું વિચારે એ વાતનું મને આશ્ચર્ય થાય છે.'

યોજનાની રૂપરેખા વાંચ્યા પછી કમાન્ડર ગેન્દાને બીજી વાતનું આશ્ચર્ય થતું હતું. પર્લ હાર્બર પર ત્રાટકતી વખતે જાપાનનાં વિમાનવાહક જહાજો બહુ છેટે સલામત અંતરે રહે તે એડમિરલ યામામોતોને જરૂરી લાગતું હતું. સલામત અંતર વાસ્તવમાં એટલું છેટેનું હોય કે વિમાનવાહક જહાજોના તૂતક પર દોડીને હુમલા માટે ટેક-ઑફ કરનાર વિમાનો તેમનું કામ પતાવ્યા બાદ એ જહાજો સુધીનો વળતો પ્રવાસ ખેડી શકે નહિ. બળતણ લગભગ ખૂટી ચૂક્યું હોય, માટે એડમિરલ યામામોતોના પ્લાન મુજબ પાયલટોએ સમુદ્ર પર ખાબકવાનું હતું. વિમાનો ડૂબી જાય, જ્યારે પાયલટોને જાપાનની લડાયક મનવારો ઉગારી લે. આ તરંગભરી યુક્તિ વર્ણવ્યા પછી એડમિરલ યામામોતોએ પ્લાનમાં લખ્યું હતું :

'હું માનું છું કે હુમલાનો આવો પ્રકાર જોયા પછી આપણા પાયલટોના ઝનૂન અને જવાઁમર્દીનો સબળ પુરાવો અમેરિકાને મળી જાય અને તે આટલી નીડર પ્રજા સામે યુદ્ધ ન લડવામાં જ ડહાપણ માને...'

વિગ્રહની વ્યૂહરચના ગોઠવવામાં જબરી કાબેલિયત ધરાવતા કમાન્ડર મિનોરૂ ગેન્દાએ ત્યાંને ત્યાં એડમિરલની એ યુક્તિને રદિયો આપી દીધો. શત્રુ સામે લડતી વખતે જાપાને અમુક વિમાનો ગુમાવવાનાં થાય તે કબૂલ, પણ લડાઈ આટોપ્યા બાદ પાછા ફરતી વખતે સેંકડો વિમાનોને દરિયામાં હોમી દેવાનો શો અર્થ ? જળસપાટી પર ક્રેશ-લેન્ડિંગના સમયે બધા પાયલટો સલામત કે સાજાસમા રહે એ પણ શક્ય ન હતું. વળી જાપાનનો નૌકાકાફલો પાછો ફરતો હોય તે દરમ્યાન અમેરિકી વિમાનો ચડી આવે તો જાપાનનાં તીર વગરનાં ભાથાં જેવાં વિમાનવાહક જહાજોએ (અને કાફલાની બીજી મનવારોએ) તેમની સામે લડવું કેમ ?

એડમિરલ તાકાજિરો ઓનિશિને મનોમન સંતોષ થયો કે કમાન્ડર ગેન્દાની નજર બે ડગલાં આગળ દોડતી હતી. હવાઈ આક્રમણનો વ્યૂહ ઘડી કાઢવા ઓનિશિએ તેને બે અઠવાડિયાંની મુદત આપી. યોજનાની વાત સદંતર ગુપ્ત રાખવાની પણ તાકીદ કરી. ઉત્તેજના તેમજ આત્મવિશ્વાસ વડે થનગનતો યુવાન કમાન્ડર તેના વિમાનવાહક જહાજ 'કગા' પર પાછો ફર્યો અને છાપામાર હુમલા માટેના વ્યૂહાત્મક દાવપેચ વિચારવાનું શરૂ કરી દીધું. સુરક્ષિત બંદરગાહમાં લાંગરેલાં ડઝનબંધ યુદ્ધજહાજો પર અગાઉ કદી આવું જબરજસ્ત હવાઈ આક્રમણ કરાયું

ન હતું, માટે પ્રત્યેક દાવનો તેણે જાતે આવિષ્કાર કરવાનો થયો. કારગત જણાતી દરેક પરિકલ્પનાને છેવટે તેણે રેખાંકનના સ્વરૂપે કાગળ પર ઉતારી.

પંદરેક દિવસ પછી આક્રમણની મિનિટ-ટુ-મિનિટ રૂપરેખા આપતો પ્લાન કમાન્ડર ગેન્દાએ તૈયાર કરી ઓનિશિના હાથમાં મૂક્યો. પહેલું જ વાક્ય આકરી શરતનું હતું કે પ્લાનમાં સહેજ પણ બાંધછોડ માટે ગુંજાશ ન હતી, માટે તેમાં લખ્યા મુજબ જે કરવાનું હોય તે કરવું રહ્યું અને જે શસ્ત્રસરંજામ માગવામાં આવ્યો હોય તે મળવો રહ્યો. જાપાની નૌકાદળનાં બધાં વિમાનવાહક જહાજોએ પર્લ હાર્બર પરના હુમલામાં ભાગ લેવાનો હતો. હુમલાનો સમય પરોઢનો, જેથી પર્લ હાર્બર પહોંચતી વખતે પ્રવાસના છેલ્લા તબક્કા દરમ્યાન મધદરિયે અંધકાર હોવાને લીધે હાજરી છતી થવાનું જોખમ નહિ. હાઈ-લેવલ બોમ્બર્સ, ટોરપિડો પ્લેન, ડાઈવ બોમ્બર્સ અને ત્રણેયનાં અંગરક્ષકો તરીકે ફાઈટર્સ એમ ચાર પ્રકારનાં વિમાનો જરૂરી હતાં. બોમ્બ કરતાં વધુ મહત્વ ટોરપિડોને આપવું રહ્યું, કેમ કે ટોરપિડો ભાગ્યે જ નિશાનચૂક થાય અને વળી દુશ્મન જહાજના પડખામાં ગાબડું પાડી તેનો અચૂક નાશ કરી નાખે. અલબત્ત, પર્લ હાર્બરમાં પાણી છીછરૂં હતું. ઊંડાઈ ૩૦-૪૦ ફીટ કરતાં વધારે ન હતી. વિમાને ફેંકેલો ભારેખમ ટોરપિડો કલકલિયો (ડાઈવ) મારીને પરબારો તળિયે ટીચાય અને ત્યાં ફાટે, પરંતુ જાપાની નૌકાદળે તે પ્રશ્ન ગમે તે રીતે હલ કરવો રહ્યો. બાકી ટોરપિડો તો જરૂરી નહિ, અનિવાર્ય હતા.



♦ જાપાની નૌકાદળનો વાઈસ-એડમિરલ ચુઈચી નગુમો.

કમાન્ડર ગેન્દાના બધા પ્રસ્તાવો ઓનિશિએ માન્ય રાખ્યા અને સાથોસાથ પોતાને સૂઝેલા અમુક પેંતરા આક્રમણના પ્લાનમાં ઉમેર્યા. ફાઈનલ દસ્તાવેજ તેણે ૧૯૪૧ની માર્ચની શરૂઆતે એડમિરલ યામામોતોને મોકલી આપ્યો. યામામોતોને તેમાં કશી ફેરબદલ કરવા જેવું લાગ્યું નહિ. સમય પણ ઓછો હતો. પૂર્વતૈયારી વખતે સમગ્ર નૌકાદળમાં વાત ન ચર્ચાય એ માટે તેણે ૧૦ વિનાશિકાઓ અને ૫ વિમાનવાહક જહાજોનો અલગ કાફલો રચી તેનું નેતૃત્વ વાઈસ-એડમિરલ ચુઈચી નગુમોને સોંપ્યું. વિમાનીહુમલાના પેંતરા વિશે નગુમોને ઊંડું જ્ઞાન ન હતું અને તેનું મગજ પણ કમાન્ડર ગેન્દાના દિમાગ જેવું વિચારશીલ ન હતું. મધદરિયે દિશાશોધનમાં, શત્રુ મનવારો સાથે આટાપાટા ખેલવામાં તથા હવામાનનો સચોટ વર્તારો કાઢવામાં જો કે ચુઈચી નગુમોનો જવાબ નહોતો.

‘આ જુદા નૌકાકાફલાનું મારે શું કરવાનું છે.’ તેણે યામામોતોને પૂછ્યું.

‘કાફલાને પર્લ હાર્બર તરફ દોરી જવાનો છે. અમેરિકાનાં કેટલાં યુદ્ધજહાજોને તમે ડૂબાડી શકો તેમ છો ?’

‘પર્લ હાર્બર !’ વાઈસ-એડમિરલ નગુમો પોતાના નૌકાસેનાપતિને ડઘાયેલી આંખે જોતો રહી ગયો. પ્રશાન્ત મહાસાગરમાં ૩,૮૫૦ કિલોમીટર લાંબો પ્રવાસ ખેડી દુશ્મનના સૌથી મોટા નૌકા-કાફલાને પાયમાલ કરી હેમખેમ પાછા ફરવું એ શું જંતુનાશક દવા છાંટવા જેવું સામાન્ય કામ હતું ? પર્લ હાર્બર ખાતે ઓછામાં ઓછાં ૫૦ અને વધુમાં વધુ ૭૫ અમેરિકન યુદ્ધજહાજો તથા વિમાનવાહક જહાજો પડાવ નાખીને ગોઠવાયાં હોય એવો સંભવ હતો. આ બધાનો સફાયો કરવા માગતા જાપાની કાફલાએ પ્રથમ તો પોતાની સલામતી અંગે વિચારવું જોઈએ !

‘તમારી યોજના કેટલી ખતરનાક છે, જાણો છો તમે ?’ વાઈસ-એડમિરલ નગુમોએ પ્રશ્ન કર્યો.

‘જાણું છું.’ એડમિરલ યામામોતોએ જરાય અકળાયા વગર જવાબ દીધો. ‘આમ છતાં બોલો, તમારે શું કહેવું છે ?’

‘અંતર લાંબું છે. પ્રવાસ બારેક દિવસ ચાલે. વાંકોચૂંકો માર્ગ પસંદ કર્યો હોય તો વધુ અંતર કાપવાનું રહે અને માર્ગમાં ક્યાંક જહાજોને મધદરિયે નવું બળતણ આપવાનું થાય, જે કામ મને સહેલું જણાતું નથી. ડિસેમ્બરનું બીજું અઠવાડિયું વીતે, એટલે પ્રશાન્ત મહાસાગર અત્યંત તોફાની થાય છે. ખાસ તો વાતાવરણ ધુમ્મસિયું હોય ત્યારે ટેન્કર જહાજ તેનું બળતણ ખેંચતા લડાયક જહાજની સાવ પડખે રહીને લાંબો વખત હંકારી શકે નહિ.’

‘આપણે ડિસેમ્બરના બીજા અઠવાડિયા સુધી રાહ શા માટે જોઈએ ?’ યામામોતોએ સવાલ કર્યો.

‘તો સ્વચ્છ વાતાવરણમાં કાફલો અમેરિકાનાં ચોકિયાત વિમાનોની નજરે ચડી જવાનો ભય રહે છે.’ નગુમોએ દલીલ કરી. ‘વિશેષ ખતરો એ બાબતનો છે કે દુશ્મનો આપણા કાફલાને જોયા છતાં તત્કાળ કાર્યવાહી ન કરે, ગાફેલ હોવાનો ઢોંગ રચે, કાફલાને છેક પર્લ હાર્બર સુધી આવવા દે અને પછી અચાનક...’

‘એટલે કે મારી યોજના તમારા મતે સદંતર મૂર્ખામીભરી છે.’

‘નહિ, માત્ર જુગારી છે.’ નગુમોએ સ્પષ્ટતા કરી. ‘જરા સરખી વાતે ગણતરી ખોટી પડે તો એક જ દિવસમાં આપણે બધું હારી જઈએ. ચીન... કોરિયા... ફોર્મોસા... હિન્દીચીન... બધું ! અમેરિકાએ તત્પુરતા

પ્રશાન્ત મહાસાગરમાં નૌકાદળો : ડિસેમ્બર, ૧૯૪૧


	વિરાટ યુદ્ધજહાજો	વિમાનવાહક જહાજો	ભારે ક્રુઝર મનવારો	હળવી ક્રુઝર મનવારો	વિનાશિકાઓ (ડિસ્ટ્રોયર્સ)	સબમરિનો
બ્રિટન	૨	-	૧	૭	૧૩	-
અમેરિકા	૯	૩	૧૩	૧૧	૮૦	૫૬
નેધરલેન્ડ	-	-	-	૩	૭	૧૩
મુક્ત ફ્રાન્સ	-	-	-	૧	-	-
બ્રિટન + મિત્ર દેશો	૧૧	૩	૧૪	૨૨	૧૦૦	૬૯
જાપાન	૧૦	૧૦	૧૮	૧૮	૧૧૩	૬૩

લાદેલા પ્રતિબંધો ત્યાર પછી કાયમી બને ! અલબત્ત, હુમલો સફળ થાય તો સમગ્ર અગ્નિ એશિયા જાપાનનું!'

'સાંભળો ત્યારે...' યામામોતોએ મક્કમ અવાજે કહ્યું. 'આપણે જુગારી સાહસ ખેલવાનું છે અને તમારે એમાં મોખરે રહેવાનું છે !'

નગુમોએ સહેજ આગળ નમી સર્વોચ્ચ નૌકાસેનાપતિના ફરમાનને નમ્રતાપૂર્વક સ્વીકારી લીધું.


કોઇ એક વ્યક્તિના હાથમાં સમગ્ર માનવજાતના ઇતિહાસનું સુકાન હોય અને તે ધારે એ રીતે ઇતિહાસને વળાંક આપી શકે એવું ભાગ્યે જ બને. એડમિરલ યામામોતો પર અત્યારે ૧૦ કરોડ જાપાની પ્રજાજનોનું જ નહિ, બલ્કે આખી માનવજાતનું ભાવિ અવલંબતું હતું. નવાઇ એ છે કે જાપાનના ખુદ શહેનશાહ હિરોહિતોને તેની ગુપ્ત યોજના અંગે ખબર ન હતી. હજી પદભ્રષ્ટ ન થયેલા વડા પ્રધાન કૉનોયે પણ અંધારામાં હતા. પર્લ હાર્બર પરના હુમલામાં



જેણે સક્રિય ભાગ ન લેવાનો હોય તે દરેક અફસર તથા નાયબ નૌકાસેનાપતિને પણ યોજનાથી અજાણ રાખવામાં આવ્યા હતા.

બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન હવાઇ ટાપુઓ અમેરિકાના વાલીપણા નીચે હતા. (યુદ્ધ પછી ઘણા વખતે ઑગસ્ટ ૨૧, ૧૯૫૯ના રોજ હવાઇનો ટાપુસમૂહ અમેરિકાના ૫૦મા રાજ્યનો દરજ્જો પામ્યો; એટલે કે ધ યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં ભળી ગયો.) એડમિરલ યામામોતોએ હવે ત્યાંના નૌકામથક વિશે અને તે મથકમાં આવ-જા કરતાં અમેરિકન યુદ્ધજહાજો વિશે લેટેસ્ટ બાતમી મેળવવાનું જરૂરી બન્યું. આ સમૂહમાં મુખ્ય ૮ ટાપુઓ પૈકી સૌથી મોટો તો ખુદ હવાઇ, પણ નૌકામથક તેની ઉત્તર-પશ્ચિમે આવેલા ૨,૩૫૦ ચોરસ કિલોમીટરના ઓહુ ટાપુના નૈસર્ગિક બારા પર્લ હાર્બરમાં હતું. (નકશો જુઓ.) રાજધાની હોનોલુલુ પણ ઓહુ ખાતે હતી અને ટાપુસમૂહની કુલ વસ્તીના ૮૦% લોકો ઓહુ પર વસતા હતા. ચોથા ભાગ જેટલી વસ્તી મૂળ જાપાની વંશના લોકોની, જ્યારે બાકીના ઘણા ખરા લોકો પ્રશાન્તની સાગરખેડુ કોમના હતા.

પર્લ હાર્બર વિશે જાપાની નૌકાદળ પાસે ઘણી બધી વિગતો હોવા છતાં હુમલાના આયોજક કમાન્ડર ગેન્દાને મન તે વિગતો પૂરતી ન હતી. વિમાનોનું દરેક સ્ક્વૉડ્રન પોતાને એનાયત થયેલા લક્ષ્યાંક પર તાબડતોબ વિદ્યુત-વેગે ત્રાટકી શકે અને પાયલટો વચ્ચે ગેરસમજ ન થાય કે અંધાધૂંધી ન સર્જાય એટલા માટે પ્રત્યેક લક્ષ્યાંકનું સ્થાન



પ્રશાન્ત મહાસાગરમાં હવાઈનું સ્થાન

આગોતરું જાણી લેવાય તે અનિવાર્ય હતું. અમેરિકાના નૌકાદળનું કયું યુદ્ધજહાજ પર્લ હાર્બરમાં કયા ફુરજા (ગોદી) પર લાંગરે છે, બે જહાજો વચ્ચે કેટલું અંતર રાખવામાં આવે છે, બારામાં સરેરાશ કેટલાં જહાજો લાંગર્યાં હોય છે, કેટલા દિવસ પછી તેઓ ફરી પેટ્રોલિંગ માટે નીકળે છે વગેરે સૂક્ષ્મતમ માહિતી પ્રાપ્ત થાય ત્યારે જ અમેરિકાના નૌકાકાફલાને મરણતોલ ફટકો મારી શકાય.

◆

માર્ચ ૨૮, ૧૯૪૧. કમાન્ડર ગેન્દાએ પોતાનો વ્યૂહાત્મક પ્લાન એડમિરલ ઓનિશિને સુપરત કર્યો તથા ઓનિશિએ તેના આધારે પોતાનો ફાઇનલ રિપોર્ટ એડમિરલ યામામોતોને મોકલાવ્યો તે પછીનો વીસમો દિવસ.

તાકિઓ યોશિકાવા નામનો ૨૯ વર્ષનો યુવાન જાપાની તે દિવસે હવાઇના પાટનગર હોનોલુલુ પહોંચ્યો અને જાપાની એલચી કચેરીમાં રાજદૂત સમક્ષ હાજર થયો. ઓળખપત્રો રજૂ કર્યાં. રાજદૂતે તેને પગથી માથા સુધી અવલોક્યો. જાણે માનવામાં ન આવતું હોય તેમ અડધી મિનિટ તો અચંબાભરી નજરે જોતો રહ્યો. તાકિઓ યોશિકાવા ઓગણત્રીસ વર્ષ કરતાં તો ક્યાંય ઓછી વયનો જણાતો હતો. જાપાની નૌકાદળે કશીક ભૂલ તો નહોતી કરી ? આ છોકરડાને તેણે પોતાના અઠંગ જાસૂસ તરીકે હોનોલુલુ મોકલ્યો તે રાજદૂતને જરા અજુગતું લાગ્યું—અને થયું કે પસંદગી ખોટી હતી. પર્લ હાર્બર વિશે ગુપ્ત બાતમી એકઠી કરવા માટે તો યુદ્ધજહાજોના પારખુ અને વર્ષોના અનુભવી યુક્તિબાજ ગુપ્તચરને મોકલવો જોઇએ.

પરંતુ જાપાનના નૌકાદળે યોગ્ય પસંદગી કરી હતી. તાકિઓ યોશિકાવાને જાસૂસીનો અનુભવ ન હતો. અગાઉ કદી તે પરદેશ ખાતે જાપાની દૂતાવાસમાં નીમાયો ન હતો. જાપાની નૌકાદળમાં ખલાસી તરીકે જોડાયા પછી ખરાબ તબિયતને લીધે તેણે નિવૃત્ત થવું પડ્યું હતું. આ કિસ્સો બાયોડેટા જોતાં અમેરિકાના ગુપ્તચરખાતાની યાદીમાં તેનું નામ સહેજે ન હોય, માટે હોનોલુલુના જાપાની દૂતાવાસમાં તેનું આગમન

ખાસ ધ્યાન પર ન લેવાય અને ગુપ્તચરખાતાના એજન્ટો તેની હિલચાલ પર નજર રાખવા પાછળ સમય ન બગાડે !

છેવટે એમ જ બન્યું. જાપાની દૂતાવાસે હોનોલુલુમાં અમેરિકાના વિદેશ મંત્રાલયની કચેરીને તાકિઓ યોશિકાવાનાં ઓળખપત્રો તેના ફોટા સહિત મોકલી આપ્યા. કચેરીએ તે વૉશિંગ્ટન રવાના કર્યા, જ્યાં એફ. બી. આઇ.ના રેકોર્ડ જોડે તેમને સરખાવવામાં આવ્યા. રેકોર્ડમાં તેનો બાયોડેટા ન હતો. એફ. બી. આઇ.ના નિયામકે તેને 'નિરૂપદ્રવી' જાહેર કર્યો. લાઇન ક્લીઅર !

એપ્રિલ, ૧૯૪૧ના પહેલા અઠવાડિયામાં યોશિકાવા કામે લાગી ગયો. ઓહુ ટાપુની ભૂગોળે તેનું કામ જરા આસાન બનાવ્યું. પર્લ હાર્બર એ ટાપુના દક્ષિણ કિનારે ખાંચાના સ્વરૂપે હતું અને તે ભાગ નીચાણવાળો હતો. બારાની વચ્ચોવચ્ચ ફોર્ડ આઇલેન્ડ નામનો માત્ર ૨,૦૦૦ બાય ૩,૦૦૦ ફીટનો ટાપુ હતો. અમેરિકન નૌકાદળનાં કેટલાંક યુદ્ધજહાજો ઓહુના, તો કેટલાંક ફોર્ડના કાંઠે પડી રહેતાં હતાં. ઊંચાણવાળા પર્લ સિટીની એક ગાર્ડન રેસ્ટોરન્ટમાં બેસીને પર્લ હાર્બરનું સરસ રીતે વિહંગાવલોકન કરી શકાતું હતું. યોશિકાવા અઠવાડિયે બે-ત્રણ વખત એ રેસ્ટોરન્ટની મુલાકાત લેવા માંડ્યો. અહીંથી ઘણાંખરાં જહાજોના નંબરો તે વિના દૂરબીને વાંચી શકતો હતો, કેમ કે અંતર માંડ અઢી કિલોમીટર હતું. દૂતાવાસે પાછા ફર્યા બાદ પર્લ હાર્બરના નકશા પર બધા નંબરો તે નોંધી લેતો હતો. યુદ્ધજહાજોને લગતી આંતરરાષ્ટ્રીય રેફરન્સ બૂકમાં જે તે નંબર સામે જહાજનું નામ તો તરત મળી આવતું હતું. રાત્રે જમવા માટે યોશિકાવા પર્લ સિટીની એવી રેસ્ટોરન્ટ પસંદ કરે કે જ્યાં અમેરિકન નૌકાદળના નાવિકો અડ્ડા જમાવતા હતા. યોશિકાવાને અહીં પૂછ્યા વગર અનેક પ્રશ્નોના જવાબ મળી રહેતા હતા.



♦ જાપાની જેમ્સ બોન્ડ : તાકિઓ યોશિકાવા.

વિમાનવાહક જહાજ 'એન્ટરપ્રાઇઝ' તથા યુદ્ધજહાજો 'કેલિફોર્નિયા' અને 'વેસ્ટ વર્જિનિયા' સાત વિનાશિકાઓ સાથે આજે સવારે પખવાડિયા લાંબી સફરે નીકળવાનાં હતાં, પણ એ પ્રવાસ મુલતવી કેમ રહ્યો ? મિડ-વે ટાપુની મુલાકાતે ગયેલું વિમાનવાહક જહાજ 'સારાગોટા' પોતાના રસાલા ભેગું ક્યારે પાછું ફરવાનું હતું ? ગઇ કાલે 'ટેનેસી'ના નાવિકોને કમાન્ડિંગ ઑફિસરે સામટી પંદર દિવસની છૂટ્ટી કેમ આપી દીધી? અને 'પેન્સિલ્વાનિયા'નું બોઇલર જેની બેદરકારીને લીધે ફાટ્યું તેને કોર્ટ માર્શલ ન કરવો જોઇએ?



પર્લ હાર્બરમાં પર્યટકની નકલી પિછાણની આડશમાં યોશિકાવાએ જાસૂસનો રૉલ ભજવ્યો અને રજેરજની માહિતી એકઠી કરી.

આ રીતે દિવસો નહિ, મહિનાઓ સુધી અકેક નાની અમથી બાતમીના ટુકડા ભેગા કરતો તાકિઓ યોશિકાવા આસ્તે આસ્તે પર્લ હાર્બરનું સંયોજિત ચિત્ર રચતો ગયો, જે રજેરજની માહિતી વડે સમૃદ્ધ બનતું રહ્યું. મોડી રાત્રે દૂતાવાસના બીજા સૌ જાપાની કર્મચારીઓ પથારીભેગા થાય એ પછી એકાંત રૂમમાં યોશિકાવા બંધબારણે રાજદૂતને પોતાની કામગીરી અંગે માહિતગાર કરતો હતો. બન્ને જણા વાતચીત હંમેશા લેખિત ચબરખી વડે કરતા, કેમ કે જાપાન સાથેના બગડતા સંબંધો જોતાં એફ.બી.આઇ.ના ગુપ્તચરોએ તેના દૂતાવાસમાં ક્યાંક છૂપાં માઇક્રોફોન ગોઠવ્યાં હોય એવી વકી ખરી.

ચબરખીઓ લખાતી જાય અને વંચાતી જાય એમ રાજદૂત તેમને દીવાસળી ચાંપી દેતો હતો. યોશિકાવાને તેણે સલાહ આપી કે એકની એક રેસ્ટોરન્ટમાં વારંવાર જવું યોગ્ય નહિ, માટે હવે જુદી રીતે બાતમી મેળવવાનો પ્રયાસ કરવો જોઇએ. રાજદૂત પોતે આવા મામલામાં તકેદારીનો એટલો હિમાયતી કે યોશિકાવાને તેણે દૂતાવાસની મોટર કદી વાપરવા દીધી ન હતી. એફ. બી. આઇ.ના ગુપ્તચરો કે અમેરિકન નૌકાદળના જાસૂસો જાપાની એમ્બેસીની મોટરને રોજેરોજ અમુક સ્થળે પાર્ક થયેલી દેખે તો શંકાશીલ બને. પર્લ સિટીના ટ્રાફિક વચ્ચે તરત ઓળખી શકાતી એ મોટરનો પીછો કરવાનુંય તેમના માટે સહેલું નીવડે, એટલે રાજદૂતના આદેશ મુજબ યોશિકાવા ટેક્સી વાપરતો હતો. માત્ર બે-ચાર વખત ટેક્સી બદલતો હતો.

નિરીક્ષણ માટેની જગ્યા પણ બદલવા યોશિકાવા પૂર્વ તરફ ડુંગરોના ઢોળાવે શેરડીનાં ખેતરોની મુલાકાતે જવા લાગ્યો. ઢોળાવ પર હલાવા નામનું સ્થળ તેણે પસંદ કર્યું, જ્યાંથી અમેરિકન ખુશ્કીદળના હિકામ ઍરબેઝનો પણ સરસ ચિતાર મળતો હતો. યોશિકાવાએ ઘણી તસવીરો ખેંચી. એ જ ડુંગર પર વધુ ઊંચે તેણે એક રેસ્ટોરન્ટમાં ચા-નાસ્તો કરતી વખતે જોયું તો પર્લ હાર્બરનો અદ્ભુત ટોપ-પૉઝ નજર સામે પથરાયેલો દેખાતો હતો.

અરે, વાહ! ગજબ ! આ પૉઝ એ જ કે જે બોમ્બર પ્લેનનો પાયલટ હુમલા વખતે ડાઇવ મારતી વખતે જુએ ! નૌકામથકના તેમજ ઍરબેઝના પણ આવા દૃશ્યનો ફોટોગ્રાફ જાપાની પાયલટોને તાલીમના અને રિહર્સલના સમયે જોવા મળે તે ખૂબ અગત્યનું હતું. યોશિકાવા મૂંઝાયો કે રેસ્ટોરન્ટમાં બેસીને છડેચોક ફોટો લેવો કેમ? ફોટોગ્રાફ અનિવાર્ય પણ હતો, એટલે ત્રણ-ચાર મુલાકાતો પછી તેણે યુક્તિ કરી. એક સાંજે તે મોડે સુધી રેસ્ટોરન્ટમાં બેઠો. રાત્રે બધા ગ્રાહકો વિદાય થયા, પણ યોશિકાવા વધુ પડતો દારૂ ઢીંચ્યો હોવાનો ઢોંગ કરી ટેબલ પર માથું ઢાળીને તેમજ હાથ લટકતા રાખીને બેભાન જેવી હાલતે પડી રહ્યો. રેસ્ટોરન્ટ બંધ કરવાનો સમય થયો. યોશિકાવા દર વખતે મોટું બિલ ચૂકવતો તથા વેઇટરને પુષ્કળ ટીપ આપતો તગડો ગ્રાહક, એટલે ટીંગાટોળી કરી તેને ઉપલા માળે નાનકડી રૂમના ખાટલે સૂવડાવી દેવામાં આવ્યો. રૂમની બારી પર્લ હાર્બર તરફ હતી. પ્રભાતનું અજવાળું ફેલાતાં જ યોશિકાવાએ કેમેરા વડે નૌકામથકની અનેક તસવીરો પાડી લીધી. અગાઉ મેનેજરને તેણે

પોતાની ઓળખાણ પર્યટક તરીકે આપી હતી, માટે તેના કેમેરા સાથે અડપલાં કરાયાં ન હતાં.

આ રેસ્ટોરન્ટમાં યોશિકાવા ત્યાર બાદ વધુ ત્રણ વખત ગયો. દરેક વખતે તેણે દારૂ પીને હોશહવાસ ગુમાવ્યાનું નાટક કર્યું અને દરેક વખતે ઉપલા માળે કાતરિયા જેવી રૂમમાં તેને રાતવાસો કરવા મળ્યો. એક પ્રસંગે વહેલી સવારે તેણે જોયું તો બધાં યુદ્ધજહાજો બબ્બેની (અને ક્યાંક ત્રણ ત્રણની) જોડીમાં હંકારી પર્લ હાર્બરની બહાર નીકળી રહ્યાં હતાં. યોશિકાવાનું રોમેરોમ ઝણઝણી ઊઠ્યું ! કાફલો જબરજસ્ત હતો. વિમાનવાહક જહાજો, ભારે યુદ્ધજહાજો, ક્રૂઝર મનવારો, સબમરિનો, વિનાશિકાઓ અને પુરવઠા જહાજો સહિત કુલ ૬૬નું જૂથ હતું ! અને હજી અમુક જહાજો તો બારામાં જ પડી રહ્યાં હતાં !

કાફલો બહાર નીકળવામાં કેટલો સમય લગાડે છે, રસાલામાં કયું જહાજ કયા સ્થાને છે, દરેક વિમાનવાહક જહાજની અડખેપડખે હંકારતી અંગરક્ષક મનવારો કેટલી છે અને દરેકના તૂતક પર વિમાનો કેટલાં છે તેનું યોશિકાવાએ બરાબર નિરીક્ષણ કર્યું. વિમાનોની સંખ્યા ખાસ તો મહત્વપૂર્ણ હતી, કેમ કે જાપાનનો હુમલો થાય ત્યારે એ વિમાનો આક્રમણનો મુકાબલો કરવા તત્કાળ જહાજના તૂતક પર દોડી આકાશમાં ચડી જવાનાં હતાં. તૂતક નીચે ફાલકામાં અનામત પડેલાં વિમાનોને એવો મોકો કદાચ મળવાનો ન હતો, માટે તેમની સંખ્યા ગમે તેટલી મોટી હોય તો પણ વ્યૂહાત્મક રીતે નગણ્ય હતી.


◆ અમેરિકાનું પર્લ હાર્બર નૌકામથક અને તેની વચ્ચોવચ આવેલા ફોર્ડ આઇલેન્ડનો ટૉપ-પોઝ.

જૂન, ૧૯૪૧ પછી એકાદ મહિનો યોશિકાવાએ ઓહુ ટાપુના વધુ સારા અવલોકન માટે પર્યટકોના ગાઇડનો રૉલ ભજવ્યો. અગાઉ નોંધ્યું તેમ હવાઈની વસ્તીના વીસેક ટકા રહીશો મૂળ જાપાની હતા. જાપાની ભાષા પણ ત્યાં બોલાતી હતી અને જાપાનના હજારો પર્યટકો હવાઈમાં વેકેશન ગાળવા આવતા હતા. ટોકિયોથી પર્યટકોનું જહાજ હોનોલુલુ આવે ત્યારે યોશિકાવા તે બંદરે પહોંચી જાય, ગાઇડ તરીકે પોતાની સેવા ઑફર કરે અને પછી એકાદ જૂથ સાથે દરેક જોવાલાયક સ્થળની મુલાકાત લે. તરકીબ સરસ હતી. ગાઇડ હોવાના નાતે એકના એક સ્થળની વારંવાર મુલાકાત લેવાનું તેના માટે બહુ સ્વાભાવિક ગણાય, એટલે સલામતી વ્યવસ્થા સંભાળતા અમેરિકનોને યોશિકાવા પ્રત્યે શંકા જાગવાનું કારણ રહેતું ન હતું. ઉપરાઉપરી મુલાકાતો લેતા રહીને તેણે પર્લ હાર્બરનું સતત નિરીક્ષણ કરવાનું ચાલુ રાખ્યું. એક વાર ટાપુનું કુદરતી સૌંદર્ય જોવા માગતા પર્યટકો સાથે નાનકડા પ્લેનમાં ઊડ્યો. બારા વચ્ચેનો ફોર્ડ આઇલેન્ડ, હિકામ તથા વ્હીલર ઍરબેઝ, રન-વેની સમાંતર હરોળબંધ પાર્ક થયેલાં બી-૧૭ પ્રકારનાં લડાયક વિમાનો, યુદ્ધજહાજો માટે લાંબી જેટી તરીકે બાંધવામાં આવેલા ફુરજા અને સાથોસાથ યુદ્ધજહાજોનો પણ અફલાતૂન ટોપ-પૉઝ તેણે જોયો. છૂપી રીતે તેને કેમેરામાં અંકિત્ પણ કરી લીધો. વિમાને લટાર મારી એ દરમ્યાન યોશિકાવાએ ઘણા ફોટા ખેંચ્યા.

આ પહેલી અને છેલ્લી ફ્લાઇટ, કેમ કે ત્યાર પછી જુલાઇ ૨૬, ૧૯૪૧ના રોજ અમેરિકાના પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટે જાપાન સામે આર્થિક પ્રતિબંધો જાહેર કર્યા. જાપાનને મળતો ખનિજ તેલનો સપ્લાય બંધ કરાવવા ઉપરાંત અમેરિકામાં જાપાની અસ્ક્યામતો જપ્ત કરી. હોનોલુલુમાં જાપાની દૂતાવાસ પર એફ. બી. આઇ.ના ગુપ્તચરો ચોવીસે કલાક નજર રાખવા માંડ્યા, એટલે તાકિઓ યોશિકાવાએ જાસૂસીકામ બંધ કરવું પડ્યું. દરમ્યાન જે માહિતી તેણે એકઠી કરી તે યામામોતોના છાપામાર નૌકાકાફલા માટે અને ખાસ તો આકાશી હુમલાના આયોજક કમાન્ડર મિનોરૂ ગેન્દા માટે ઉપયોગી હતી.



બે મહિના પછી ૧૯૪૧ના સપ્ટેમ્બર મહિનાનું છેલ્લું સપ્તાહ.

જાપાનના દક્ષિણતમ ક્યુશુ ટાપુની દક્ષિણે કાગોશિમાનો ઉપસાગર કર્ણભેદી ધૂમધડાકા, કિકિયારી અને ઘરેરાટી વડે ગાજતો હતો. કમાન્ડર મિનોરૂ ગેન્દાના યુવાન પાયલટો તેની સૂચના મુજબ ક્વાયતના અટપટા ખેલ કરી રહ્યા હતા. આકાશી હુમલાનું રિહર્સલ ચાલતું હતું. આ ક્વાયત જો કે તાલીમના ભાગરૂપ છે એમ જ પાયલટોને જણાવવામાં આવ્યું હતું. કાગોશિમા ઉપસાગરનો કિનારો ભૌગોલિક રીતે પર્લ હાર્બર સાથે ઘણી રીતે સામ્ય ધરાવતો હતો. ઘોડાની નાળના આકારની ખાડી વચ્ચે ફોર્ડ આઇલેન્ડ જેવો ટાપુ પણ હતો, જેના પર જ્વાળામુખીનું ૪,૦૦૦ ફીટ ઊંચું શિખર હતું. મુખ્ય ભૂમિના તટ પર વસેલા કાગોશિમા શહેરને કમાન્ડર ગેન્દાએ પર્લ હાર્બરનું ડોકયાર્ડ સમજી લીધું હતું.

આ રિહર્સલનો અગ્રણી દિગ્દર્શક કમાન્ડર ગેન્દા નહિ, પણ ૩૯ વર્ષનો કમાન્ડર મિત્સુઓ ફુચિદા હતો. આકાશમાં કુલ ૩,૦૦૦ કલાક ગુજારી ચૂકેલા એવા આ ચુનંદા પાયલટને હવાના તરંગો સાથે ગરુડ જેટલો ગાઢ સંબંધ હતો. કમાન્ડર ગેન્દા જે તે દૃશ્યની પટકથા લખે, જ્યારે કમાન્ડર ફુચિદા પોતાના હિંમતવાન પાયલટોને આકૃતિ વડે સૂચના અને માર્ગદર્શન આપી તે દૃશ્ય વાસ્તવિક સ્વરૂપે ખડું કરી દે.

ડાઇવ બોમ્બર્સના પાયલટોનું કામ અત્યંત મુશ્કેલ હતું. વિશ્વયુદ્ધના યુરોપી મોરચે બ્રિટન તથા જર્મની એકમેક પર આકાશી હુમલા કરવા

માટે હાઈ-લેવલ બોમ્બર્સ વાપરતા, જેથી વિમાનવિરોધી તોપોના ગોળા તે વિમાનોને આંબી શકે નહિ. વિમાન જેમ ઊંચે તેમ એન્ટિ-ઍરક્રાફ્ટ ગનનો તોપગોળો નિશાનચૂક થાય એવો ચાન્સ વધારે, કારણ કે નેમ તાકવામાં થયેલી નજીવી ભૂલ પણ છેવટે તોપગોળાની સીધમાં બહુ મોટો ફરક પાડી દે. પરંતુ બીજી તરફ બોમ્બર વિમાનો પોતે હજારો ફીટ ઊંચે રહીને જે બોમ્બ ફેંકે તે ધાર્યા લક્ષ્યાંકને સચોટપણે વીંધી શકે નહિ. આથી જ કમાન્ડર ગેન્દાએ ડાઈવ બોમ્બર્સ માટે આગ્રહ રાખ્યો હતો. આ જાતનું પ્લેન તેના લક્ષ્યાંક તરફ જતી વેળા ખાસ્સું ઊંચે રહીને ઊડે, પણ ત્યાર પછી લગભગ ઊભી લીટીમાં ડાઈવ મારતું બહુ નીચા લેવલે ઉતરે અને ચોક્કસ ક્ષણે બોમ્બ રીલિઝ કરી ઓચિંતી ડૂબકી વાળી આકાશમાં ચડી જાય.

'નિશાનબાજીની બાબતમાં મને હજી વધારે સચોટતા જોઈએ.' કમાન્ડર ગેન્દાએ ક્વાયત દરમ્યાન કમાન્ડર ફુચિદાને કહ્યું.

'યુવાનો ૧,૯૫૦ ફીટે તેમના બોમ્બને મુક્ત કરે છે.' ફુચિદા બોલ્યો. 'અલબત્ત, હજી નીચે આવ્યા પછી તેઓ બોમ્બ ફેંકે તો સચોટતા વધે, પરંતુ એમાં જોખમ છે.'

ફુચિદાની વાત સાચી હતી. ડાઈવ મારતું વિમાન ૧,૯૫૦ ફીટે પોતાના બોમ્બને પડતો મૂકે કે તરત એ હળવું બને, એટલે ડૂબકી વાળવા માટે પાયલટને સમયનું તથા અંતરનું પૂરતું માર્જિન મળી રહેતું હતું. ભારેખમ બોમ્બનો બોજો દૂર થયા પછી વિમાનમાં પણ સ્ફૂર્તિ અને ચપળતા આવતી હતી. વિમાન ઓર નીચે ઊતરીને બોમ્બ ફેંકે ત્યારે ડૂબકી વાળવામાં મુશ્કેલી પડે એ તો ઠીક જાણે, પરંતુ સમય-અંતરનું માર્જિન નજીવું હોય એવે વખતે પાયલટ સહેજ પણ વિલંબ કરી બેસે તો વિમાનનો અને ખુદ તેનોય ખાત્મો!

◆ આકાશી હુમલાનો દિગ્દર્શક મિત્સુઓ ફુચિદા.

'આપણે ૧,૫૦૦ ફીટનું ધોરણ રાખીએ.' કમાન્ડર ગેન્દા પોતાનો અભિપ્રાય જણાવતો હોય એ રીતે ધીમા અવાજે બોલ્યો. કમાન્ડર ફુચિદા માટે તે શબ્દો ફરમાનના હતા.

'અઘરૂં કામ છે.' તેણે કહ્યું. 'છતાં ન કરી શકાય એવું પણ નથી.'

'આગળ વધો.' કમાન્ડર ગેન્દાએ જણાવ્યું. 'દરેક પાયલટને સખત તાલીમ આપો. હોનહાર પાયલટોને જુદા તારવી તેમનું અલગ જૂથ રચો, જેથી હુમલાનું નેતૃત્વ આપણે તેમને સોંપી શકીએ.'

તાલીમનો આરંભ થયો. કમાન્ડર ગેન્દાએ પર્લ હાર્બરમાં બોમ્બ નહિ, પણ મુખ્યત્વે ટોરપિડો વડે તરખાટ અને તારાજી ફેલાવવાનું નક્કી કર્યું હતું. બોમ્બને પરબારો જહાજ પર ઝીંકવો પડે અને બોમ્બર વિમાનનો બેસુમાર વેગ જોતાં પાયલટે યુદ્ધજહાજના ૫૦૦-૭૦૦ ફીટ લાંબા પડખાની સીધ પકડી સમુદ્રમાં ફક્ત પધરાવી દેવાનો રહેતો હતો. પ્રોપેલરના જોરે સડસડાટ આગળ વધી તે શસ્ત્ર પોલાદી યુદ્ધજહાજના પડખાને ક્યાંક તો ટીચાય અને જળસપાટી (વૉટરલાઈન) નીચે પડખામાં ગાબડું પાડી દે.

એક સમસ્યા જો કે કમાન્ડર ગેન્દાને મૂંઝવતી હતી, જેનું વેળાસર નિરાકરણ લાવવા તેણે એડમિરલ તાકાજિરો ઓનિશિને તાકીદ કરી. પર્લ હાર્બરમાં અમેરિકન યુદ્ધજહાજો હંમેશાં બબ્બેની જોડી રચીને પડાવ નાખતાં હતાં. એક જહાજ બિલકુલ કાંઠા પાસે હોય, તો તેની અડોઅડ ગોઠવાયેલા જહાજ અને સામા કાંઠા વચ્ચે માંડ ૧,૬૦૦ ફીટનું (૪૯૦ મીટરનું) અંતર રહેવા પામતું હતું. સામે કાંઠે વળી ગોદીના નિરીક્ષક મિનારા અને ચીમની જેવાં ઊંચાં બાંધકામો, યાંત્રિક ઊંટડાં, બળતણની ગંજાવર ટાંકીઓ વગેરે અડચણો હતી. પાયલટે એ તરફનો હુમલો લાવવો કેમ ? ડાઈવ બોમ્બરના પાયલટ માટે ફાજલ રહેતી સોળસો ફીટ જેટલી મોકળી જગ્યા વાસ્તવમાં અત્યંત સાંકડી હતી. ઊભી લીટીમાં બાજ જેવી તરાપ મારતા જ તેણે નીચે આવવું પડે અને ટોરપિડો ફેંકવાનો રહે, જે પોતે ઊભી લીટીમાં પડે એટલે સીધો તળિયે ! આનું કારણ એ કે પર્લ હાર્બરનાં પાણી સરેરાશ ૪૦ ફીટ ઊંડાં હતાં, જ્યારે પાણીમાં ફેંકાયેલો ટોરપિડો લગભગ ૭૦ ફીટ સુધી ગરક થયા પછી જ આપમેળે સપાટી પર તરી નીકળે તેવો હતો.

કરવું શું ત્યારે ? એડમિરલ ઓનિશિએ જુદી ડિઝાઈનવાળો (ઓછો ડૂબે એ જાતનો) ટોરપિડો બનાવવાનું કામ નૌકાદળના સંશોધન ખાતાને સોંપ્યું. એડમિરલ યામામોતોએ પણ તે ખાતાના ઇજનેરોને દિવસરાત એક કરવા જણાવ્યું.

આ તરફ કાગોશિમાના ઉપસાગરમાં ટોરપિડો વિના પણ બધા પાયલટોની તાલીમ ચાલુ હતી. વિમાનો એડમિરલ નગુમોના ધ્વજજહાજ ગણાતા વિમાનવાહક જહાજ 'અકાગી'ના ૮૫૫ ફીટ લાંબા અને ૧૦૩ ફીટ પહોળા તૂતક પર ગોઠવાયાં હતાં. તાલીમ કડક હતી. સામે ચાલી મોતને છંછેડવાના ખેલ કરતાં જુદી ન હતી. કમાન્ડર ફુચિદા યુવાન પાયલટોના જૂથને 'બ્રીફિંગ' (દોરવણી અને સૂચનાઓ) આપ્યા બાદ મોખરાના પ્લેનમાં બેસે, આખા જૂથનાં વિમાનો તેના નેતૃત્વ હેઠળ ૬,૫૦૦ ફીટ ઊંચે ચડે, કાગોશિમા શહેરની ઉત્તરે એકત્રિત થાય અને ત્યાર બાદ પર્વતોના ઢોળાવને સમાંતર રહી દક્ષિણના ઉપસાગર તરફ સામુહિક ડાઈવ મારવાનું શરૂ કરી દે. શહેરને પસાર કરે એ વખતે ઊંચાઈ ૧૩૦ ફીટ—અને ખાડી પર આવે ત્યારે ૬૫ ફીટ ! બરાબર એ જ ક્ષણે દરેક પાયલટ તેના ડમી ટોરપિડોને મુક્ત કરી દે. ડૂબકી વાળી લેવાયા બાદ કમાન્ડર ફુચિદા રેડિઓ વાયરલેસ સંદેશા મારફત દરેક પાયલટને યાદ અપાવે કે, 'જીવન અને મરણ વચ્ચે ફક્ત અઢી સેકન્ડનું અંતર હોવાનું ભુલતા નહિ!'

અમુક પાયલટોને મનમાં પ્રશ્ન થયો કે ઊડ્ડયનની તાલીમ માટે આટલો જોખમી અભ્યાસક્રમ શા માટે પસંદ કરાયો હતો? વિમાનનું કુશળતાપૂર્વક સંચાલન કરવાનું શીખવું પડે એ તો માન્યું, પણ એવો તે શો તકાદો કે તાલીમના ભાગરૂપે મોતના જડબા તરફ ડૂબકી મારવાની અને જડબું બંધ થાય તેની જૂજ ક્ષણો પહેલાં ડૂબકી વાળી લેવાની?


આ યુવાન પાયલટોને એડમિરલ યામામોતોના પ્લાનનો બિલકુલ અણસાર ન હતો. એ જ રીતે સંશોધન ખાતાના જે ઇજનેરોએ પુષ્કળ

મથામણને અંતે લાકડાનાં પાંખિયાં (ફિન) જડેલું ટોરપિડોનું પ્રથમ કારગત મોડેલ બનાવ્યું તેમનાય મનમાં પર્લ હાર્બર પર સૂચિત હુમલા વિશે અછડતો વિચાર સુદ્ધાં ન હતો. ટોરપિડોની પૂંછડી તરફ પ્રોપેલરની સહેજ આગળ તથા ટોરપિડોના મધ્ય ભાગમાં પાંખિયાં ફીટ કરાયાં પછી અખતરો સફળ રહ્યો. સમુદ્ર પર ધુબાકો મારતો ટોરપિડો બહુ નીચે ગરક થવાને બદલે જોતજોતામાં સપાટી પર તરી નીકળ્યો અને પાણીમાં સફેદ લીસોટો આંકતો ધસમસવા લાગ્યો. ટોરપિડોની શિકારી દીપડા જેવી લપક જોતા કમાન્ડર ગેન્દા અને કમાન્ડર ફુચિદા હરખના માર્યા એકબીજાને ભેટી પડ્યા.

◆

કેલેન્ડરમાં ૧૯૪૧નો ઑક્ટોબર મહિનો પૂરો થવા આવ્યો હતો. અમેરિકા સાથે જાપાનના રાજકીય સંબંધો પણ લગભગ સમાપ્ત થયા હતા. જાપાનનું સૈન્ય ચીનનો અને હિન્દીચીનનો પ્રદેશ ખાલી ન કરે ત્યાં સુધી અમેરિકન પ્રમુખ રૂઝવેલ્ટ તેને ખનિજ તેલ આપવા તૈયાર ન હતા. બ્રિટને તથા નેધરલેન્ડે પણ જાપાનનો વ્યાપારી બહિષ્કાર કર્યો હતો. બીજી તરફ જાપાન પોતાના જીતેલા પ્રદેશો જતા કરવા માગતું ન હતું.

લડાઇના ભણકારા વાગવા શરૂ થયા એટલે વૉશિંગ્ટન સરકારે હવાઇ તથા જાપાન વચ્ચેનો પેસેન્જર ટ્રાફિક પણ બંધ કરી દીધો. એડમિરલ યામામોતો ચિંતામાં પડ્યો કે પર્લ હાર્બરના લેટેસ્ટ નકશા અને જાસૂસી અહેવાલો કેમ મંગાવવા ? ગુપ્ત બાતમીના છેલ્લા કાગળિયા હોનોલુલુના દૂતાવાસમાં પડી રહ્યા હતા. જાસૂસ તાકિઓ યોશિકાવાને રૂબરૂ પણ ઘણું બધું પૂછવાનું બાકી રહેતું હતું.


◆ આકાશી હુમલાનું રિહર્સલ કરવા માટે વિમાનવાહક જહાજ ‘અકાગી’ પરથી ટેક-ઑફ કરી રહેલા ઝીરો પ્રકારના જાપાની પ્લેનની તસવીર.

એડમિરલ યામામોતોએ નવા વડા પ્રધાન જનરલ તોજોની સરકારને જાણ કરી. સરકારે અમેરિકાને વિનંતી મોકલી કે જાપાનના અને હવાઇના જે રહીશો સ્થળાંતર કરવાનું વિચારતા હોય તેમના માટે છેલ્લી વાર ઊતારૂ સ્ટીમરને હંકારી લેવા દો.

અમેરિકન સરકારે વિનંતી માન્ય રાખી. નવેમ્બર ૧, ૧૯૪૧ના દિવસે જાપાનની છેલ્લી સ્ટીમર ‘તાઇઓ મારુ’ સવારે ૮:૩૦ કલાકે હોનોલુલુના બંદરમાં પ્રવેશી. સ્ટીમરમાં જાપાની નૌકાદળના બે સિનિઅર ઑફિસરો લેફ્ટનન્ટ-કમાન્ડર માજિમા અને લેફ્ટનન્ટ-કમાન્ડર સુઝુકી મોજૂદ હતા, પણ તેમનાં નામો પેસેન્જરોના લિસ્ટમાં ન હતાં. સુઝુકી ‘તાઇઓ મારુ’ની રેસ્ટોરન્ટનો વેઇટર બન્યો હતો. માજિમા તે સ્ટીમરના પેસેન્જરો માટેનો અધિકૃત ડૉક્ટર હતો. સ્ટીમર લાંગરી ત્યારે બન્ને જણા નીચે પણ ન ઉતર્યા. ગોદી પર એફ. બી. આઇ.ના ગુપ્તચરો દરેક શકમંદ જાપાનીને પૂછપરછ કરતા હતા. કેટલાકનો સામાન પણ તપાસવામાં આવતો હતો.

બપોર પછી હોનોલુલુનો જાપાની રાજદૂત સ્ટીમર પર ગયો. કોઇ અમેરિકન ગુપ્તચરે અગાઉ ક્યારેક યોશિકાવાને જોયો હોય, માટે એ જાસૂસને તો હવે સ્ટીમર નજીક ફરકવા પણ દેવાય નહિ. રાજદૂતે જ તેના બધા જાસૂસી અહેવાલો, પર્લ હાર્બરની તથા ઍરબેઝની તસવીરો, લેટેસ્ટ નકશા વગેરે ભરેલી સીલબંધ ઍટેચી લેફ્ટનન્ટ-કમાન્ડર સુઝુકીને આપી દીધી. સુઝુકીએ તેને એક પ્રશ્નપત્ર સુપરત કર્યું. જાસૂસ યોશિકાવા માટે તેમાં અનેક સવાલો હતા : હિકામ અને વ્હીલર ઍરબેઝનાં વિમાનોને આકાશમાં ચડતાં કેટલો સમય લાગે ? અમેરિકા તથા જાપાન વચ્ચે રાજકીય તંગદિલી જોતાં અમેરિકન નૌકાદળ સતર્ક બન્યું છે? લંગર નાખીને પડી રહેલાં અમેરિકન યુદ્ધજહાજો પર કેટલા નાવિકો હોય છે ? નૌકામથકમાં વધુ સુસ્તીનું અને શિથિલતાનું વાતાવરણ ક્યારે જોવા મળે છે ? શનિવારે અડતાલીસ કલાક લાંબી રજા શરૂ થાય ત્યારે કે રવિવારે ? એન્ટિ-ઍરક્રાફ્ટ ગનની તોપચી ટુકડીઓ સતત ડ્યૂટી પર હોય છે?...

આ દરેક સવાલનો ઉત્તર લખાવવા માટે રાજદૂત ફરી દૂતાવાસે ગયો. જાસૂસ યોશિકાવાએ પ્રશ્નો વાંચ્યા અને મલકાયો. પરંતુ રાજદૂતનો ગંભીર ચહેરો જોતાં એકાએક તેને ભાન થયું કે તેના જવાબો પર જાપાનનું ભાવિ અવલંબતું હતું. આથી બરાબર વિચારી તેમજ વાસ્તવિકતાને નજર સામે રાખી તેણે દરેક પ્રશ્ન સામે પોતાનું મંતવ્ય બહુ સંતુલિત રીતે લખ્યું.

દોઢ કલાક પછી હોનોલુલુની ગોદી પર એફ. બી. આઇ.ના ગુપ્તચરોએ જાપાની દૂતાવાસની એ જ મોટર પાછી આવતી દીઠી. હવાઇ ટાપુ તથા જાપાન વચ્ચે છેલ્લી ટ્રીપ ખેડનારી સ્ટીમરને વિદાય આપવા માટે રાજદૂત વારંવાર ગોદીની વિઝિટે આવે તે સમજી શકાય એવી વાત હતી. આ વખતે તેના હાથમાં સવારના છાપાનું માત્ર પીપૂડું દેખાતું હતું.

પાંચ મિનિટ બાદ ‘તાઇઓ મારુ’ સ્ટીમરની કેબિનમાં રાજદૂતે પીપૂડું ખોલી અંદરનો કાગળ સેરવ્યો અને લેફ્ટનન્ટ-કમાન્ડર સુઝુકીને આપ્યો. સુઝુકીના દરેક પ્રશ્નનો જવાબ તેમાં લખેલો હતો.

કલાકો પછી ‘તાઇઓ મારુ’ હવાઇ ટાપુના સેંકડો જાપાનવંશી પેસેન્જરો સાથે ટોકિયોની દિશામાં હંકારી રહ્યું હતું અને સ્ટીમરની રેસ્ટોરન્ટમાં (લેફ્ટનન્ટ-કમાન્ડર) સુઝુકી રાત્રિનું ભોજન પીરસવા ટેબલોની સજાવટ કરી રહ્યો હતો.

◆

નવેમ્બર ૧૭, ૧૯૪૧ની રાત્રે વાઇસ-એડમિરલ નગુમોનું ધ્વજજહાજ ‘અકાગી’ બે વિનાશિકાઓ સાથે ઉત્તરના કુરિલ ટાપુસમૂહ તરફ જવા ઉપડ્યું. બધું મળીને ૬૩ વિમાનો અને ૧,૩૪૦ નાવિકો ધરાવતા એ વિમાનવાહક જહાજમાં બળતણનાં હજારો બેરલ (પીપ) હતાં, જેમનો બોજો ‘અકાગી’ની ઝડપ ઘટાડી ન દે એટલા માટે સોફા,

બચાવ નૌકાઓ, બાથરૂમના દરવાજા, ખુરશીઓ, પંખા, લાકડાની પેનલો, તસવીરો વગેરે દરેક બિનજરૂરી વસ્તુને કાઢી નાખવામાં આવી હતી. આમ છતાં નક્કર ૩૬,૫૦૦ ટનનાં વિમાનવાહક જહાજનું વજન ૪૩,૦૦૦ ટન થયું હતું.

ટોકિયોથી અને યોકોહામાથી બીજાં જહાજો એ જ રાત્રે અંધારામાં ઉત્તર-પૂર્વ તરફ સરકી ગયાં. આસાકા તેમજ કોબે શહેરો પાસે આવાં નૌકામથકોમાં પણ ત્યાંનાં યુદ્ધજહાજોએ લંગરો ઉપાડ્યાં. નગોયા અને બીજાં નૌકાબંદરો છોડીને રવાના થનાર જહાજોને પણ ગણતરીમાં લેવાય તો કુલ સંખ્યા ૩૧ હતી. છ વિમાનવાહક જહાજો, ૨ મોટાં યુદ્ધજહાજો, ૨ ભારે ક્રૂઝર મનવારો, ૧ હળવી ક્રૂઝર મનવાર, ૯ વિનાશિકાઓ, ૩ સબમરિનો અને તે સૌને લાંબા પ્રવાસ દરમ્યાન બળતણનો નવો પુરવઠો આપવા માટે ૮ તેલવાહક જહાજો ! (કાફલો રવાના થયો એ પહેલાં સબમરિનોએ પર્લ હાર્બર તરફનો પ્રવાસ શરૂ કરી દીધો હતો.) નૌકામથકમાં કર્મચારીઓ શંકાશીલ બનીને નકામી ગુસપુસ ન કરે અને કશીક નવાજૂની બનતી હોવાની અફવા ન ફેલાય એટલા ખાતર અમુક જહાજો શરૂઆતમાં દક્ષિણ તથા પૂર્વ દિશા તરફ હંકાર્યાં. મધદરિયે પહોંચ્યા બાદ તેમણે કુરિલ ટાપુસમૂહે પહોંચવા ઉત્તર-પૂર્વની દિશા પકડી. (કુરિલ ટાપુઓનું સ્થાન નકશામાં જુઓ.) વાઇસ-એડમિરલ નગુમોએ આપેલી સૂચના મુજબ આખા સંઘે ત્યાં ઈતોરુફુ નામના ટાપુ નજીક એકત્રિત થવાનું હતું. ટોકિયોથી ૧,૬૦૦ કિલોમીટર ઉત્તરના તે જાપાની ટાપુ પર માત્ર બે ગામો વસ્યાં હતાં. વસ્તી ફક્ત માછીમારોની હતી. સૌ ગૂંચવાયેલા હતા, કેમ કે નગુમોનો કાફલો પહોંચ્યો તેના બે દિવસ અગાઉ બાકીના જગત સાથે ઈતોરુફુનો સંપર્ક કાપી નાખવામાં આવ્યો હતો. ટેલિગ્રાફ, ટપાલ અને ટેલિફોન એમ ત્રણેય જાતનાં સંદેશાતંત્રો બંધ કરી દેવાયાં હતાં.

ઉત્તર ગોળાર્ધમાં નવેમ્બરના બીજા સપ્તાહે શિયાળો ક્યારનો બેસી ચૂક્યો હતો અને લગભગ ૫૦° ઉત્તર અક્ષાંશે કુરિલ (જાપાની ભાષા મુજબ ધુમ્મસિયા) ટાપુસમૂહનું હવામાન શીતાગાર જેવું ઠંડું હતું. નામ પ્રમાણે બધા ટાપુઓ સાચે જ ધુમ્મસ વડે ઘેરાયેલા હતા. વખતોવખત હિમવર્ષા થતી હતી. સૂર્યના ગોળાને દેખી શકાય, પરંતુ તેનાં કિરણો ધૂંધળા વાતાવરણમાં પચી જતાં હતાં.

વાઇસ-એડમિરલ નગુમોએ તેના યુદ્ધજહાજ 'અકાગી' પર બધા કપ્તાનોની અને કમાન્ડરોની મિટિંગ યોજી. પર્લ હાર્બરની ટેબલ-ટૉપ પ્રતિકૃતિ તેમની સામે ખુલ્લી મૂકી અને તે અમેરિકન નૌકામથક પર મોટે પાયે આક્રમણ કરવાનો પ્લાન પણ તેમની સમક્ષ પહેલી વખત ખુલ્લો પાડ્યો.

પર્લ હાર્બરનું નામ સાંભળી અનેક જણા એકમેકનાં મોઢાં તાકતા રહી ગયા. ફુચિદા અને ગેન્દા જેવા માત્ર જૂજ અફસરોના ચહેરા પર હાવભાવ બદલાયા નહિ. બાકીના સૌને જોરદાર આંચકો લાગ્યો. પર્લ હાર્બર પર સશસ્ત્ર છાપો મારવો તે અમેરિકા સાથે ખુલ્લેઆમનું યુદ્ધ નોતરી લેવા બરાબર હતું. જાપાન કરતાં ૨૪ ગણા મોટા એ દેશને પાછો બ્રિટનનો, ફ્રાન્સનો, નેધરલેન્ડનો અને ચીન તેમજ ઑસ્ટ્રેલિયાનો પણ સાથ મળે, એટલે પશ્ચિમ ગોળાર્ધમાં ખેલાતું બીજું વિશ્વયુદ્ધ પૂર્વ ગોળાર્ધમાં પણ ફેલાય એ નક્કી વાત હતી. આ બધા દેશોનો જાપાને મુકાબલો કરવો પડે. અમેરિકાનો પણ ખરો. ટચૂકડું જાપાન તેમની ટક્કર ઝીલી શકે ખરું ?

અલબત્ત, લેફ્ટનન્ટ-કમાન્ડર સુઝુકીએ મિટિંગમાં પર્લ હાર્બરની સંરક્ષણ વ્યવસ્થા વિશે લેટેસ્ટ જાસૂસી વિગતો રજૂ કર્યા પછી વાઇસ-એડમિરલે સૌને ધરપત આપી કે અણધાર્યો છાપો મારવાનું હજી પાકે પાયે નક્કી ન હતું. જાપાનની સરકાર અમેરિકા સાથે વાટાઘાટો ચલાવતી હતી. ખનિજ તેલ પરના પ્રતિબંધો પાછા ખેંચી લેવા માટે તેને સમજાવતી હતી. શાંતિથી કામ પતી જાય તો હુમલો કરવાનો ન હતો.

શાંતિથી કામ ન પત્યું. વાઇસ-એડમિરલ નગુમોને મિટિંગ પછી ત્રીજે દિવસે નવેમ્બર ૨૫, ૧૯૪૧ના રોજ યામામોતોનો કોડેડ સંદેશો મળ્યો : 'આવતી કાલે હવાઇ તરફ હંકારો. અમુક દિવસે પરોઢિયે આક્રમણ કરવાનું છે. તારીખ જણાવાય તેની રાહ જુઓ. અમેરિકા સાથે શાંતિમંત્રણા હજી ચાલુ છે. સુલેહ થાય તો કાફલાએ તરત જાપાન પાછા આવતા રહેવાનું છે.'

સંદેશાનો કાગળ હાથમાં પકડીને વાઇસ-એડમિરલ ક્યાંય સુધી બંધ આંખે સૂનમૂન બેસી રહ્યો. શી ખબર કેવા વિચારો તેના મનમાં ઘોળાતા હતા. બંધ આંખો સામેના અંધકારમાં તે કદાચ જાપાનનું ભાવિ શોધતો હતો. કદાચ ઉજળા ભવિષ્યના સૂર્યનો ઉદય થાય તેની ઉત્કંઠાપૂર્વક રાહ જોતો હતો.

♦ સરપ્રાઇઝ આક્રમણ માટે જાપાની નૌકાદળનાં કુલ ૩૧ જહાજો પર્લ હાર્બર તરફ હંકાર્યાં.

હુમલાખોરોએ પસંદ કરેલો પ્રવાસમાર્ગ

જાપાન
કુરિલ ટાપુઓ
ટોકિયો
મિડ-વે ટાપુ
હવાઇ ટાપુ
વેક ટાપુ
પર્લ હાર્બર

બીજે દિવસે કાફલાનાં બધાં જહાજોએ પૂર્વ દિશા તરફ મોરા વાળ્યા એ સાથે જ માનવ તવારીખને અણધાર્યો વળાંક આપતો પ્રવાસ શરૂ થયો.

આર્થિક પ્રતિબંધોને કારણે દાઝે ભરાયેલું જાપાન પર્લ હાર્બર પર અણધાર્યો હુમલો કરવાનો મોકો ન છોડે એ વાત અમેરિકન સરકાર જાણતી હતી ? ચોક્કસ જાણતી હતી, પરંતુ હાથીએ મચ્છરના ચટકાની બીક શા માટે રાખવાની? સાચું કહો તો માત્ર અમેરિકન સરકાર નહિ, સમગ્ર અમેરિકન પ્રજા પણ તેના દેશની તાકાત પર મુસ્તાક હતી. પરિણામે સાવધાન રહેવા માટેનાં અત્યંત ગંભીર સૂચનો પણ ધ્યાનમાં લેવાતાં ન હતાં.

જાન્યુઆરી ૨૪, ૧૯૪૧ના દિવસે અમેરિકન નૌકાદળના સચિવે પત્ર દ્વારા સરકારને જણાવ્યું કે, 'યુદ્ધ આરંભવા માટે જાપાન સૌ પ્રથમ આપણા પર્લ હાર્બર ખાતેના નૌકામથક પર અણધાર્યો હુમલો કરે એવી શક્યતા છે.' સચિવનો પત્ર સરકારી ફાઇલમાં જ પરબારો જતો રહ્યો. ફક્ત ત્રણ દિવસ પછી જાપાન ખાતેના અમેરિકી રાજદૂતે અમેરિકાના વિદેશખાતાને સાંકેતિક મેસેજ પાઠવ્યો કે, 'મને પ્રાપ્ત થયેલી બાતમી મુજબ અમેરિકા સાથે રાજકીય સંબંધો બગડે તો જાપાનીઓ પર્લ હાર્બર પર ત્રાટકવાનું વિચારે છે.' વિદેશખાતાએ રાજદૂતના પત્રની નકલ પ્રશાન્ત મહાસાગર ખાતેના અમેરિકન નૌકાસેનાપતિ એડમિરલ કિમેલને મોકલી, જેણે તપાસ કરીને જવાબ પાઠવ્યો : 'આ માત્ર અફવા છે.'

સૌથી કડક અને સચોટ ચેતવણી તો ઑગસ્ટ ૨૦, ૧૯૪૧ના દિવસે કર્નલ વિલિયમ ફાર્ધિંગ નામના અફસરે હવાઇ ટાપુની સુરક્ષાવ્યવસ્થાને લગતા તેના રીપોર્ટમાં લખી : 'જાપાનીઓ હવાઇ પર અણધાર્યો હુમલો કરે તો કહેવાય નહિ. આના માટે તેઓ કદાચ ૬ વિમાનવાહક જહાજો વાપરે, શક્ય છે કે તેમનું આગમન પશ્ચિમને બદલે ઉત્તરના માર્ગે થાય અને હુમલા માટે તેઓ પરોઢનો સમય પસંદ કરે... આ પ્રકારના જંગી આક્રમણનું જોખમ ટાળવા માટે ઓહુ ખાતેનાં અમેરિકન ખુશ્કીદળનાં વિમાનોએ હવાઇ ટાપુ ફરતે ૩૬૦°ના વર્તુળમાં દિવસભર ઊડતા રહી સતત પેટ્રોલિંગ કરતા રહેવું જોઇએ...'

આ વૉર્નિંગ પણ નકામી ઠરી. હવાઇ ટાપુની ચોતરફ પ્રશાન્ત મહાસાગર પર ચાંપતી નજર રાખવા માટે બી-૧૭ પ્રકારનાં ૧૮૦ વિમાનોની જરૂર હતી. હવાઇના ઓહુ ટાપુ પર એવાં ફક્ત ૧૨ વિમાનો રાખવામાં આવ્યાં હતાં. બીજી જાતનાં લડાયક વિમાનો ખરાં, પરંતુ પર્લ હાર્બર ખાતેના અમેરિકન ખુશ્કીસેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ વૉલ્ટર શૉર્ટની મૂર્ખામીને લીધે તેમાંનું એકેય પ્લેન કટોકટીના વખતે કામ લાગવાનું ન હતું.

◆

પ્રશાન્ત મહાસાગર એકદમ શાંત હતો. પવનની ધીમી લહેરો વાતી હતી. આકાશ જોયું હોય તો ચોવીસે કલાક વાદળિયું, જ્યારે સાગરસપાટીએ ધુમ્મસ એટલું ગાઢ કે દરેક જહાજના નાવિકો પોતાની અડખેપડખેનાં બે કરતાં વધુ જહાજોને દેખી શકે નહિ. જાપાની નૌકાકાફલો આવા સમુદ્ર પર કલાકના ફક્ત ૨૪ કિલોમીટરના (૧૩ દરિયાઇ માઇલના) વેગે આગળ વધી રહ્યો હતો. યુદ્ધજહાજો તેના કરતાં અઢી ગણી વધારે સ્પીડે હંકારી શકે, પરંતુ મંદ ગતિનાં તેલવાહક જહાજોની સાથે રહેવા તેમણે એન્જિનબળ ઘટાડવું પડ્યું હતું.

પ્રવાસ આગળ ચાલ્યો તેમ વાઇસ-એડમિરલ નગુમોના મગજમાં વિચારોના ધમસાણે જોર પકડ્યું. આ છાપામાર મિશનની સફળતાનો આધાર સરપ્રાઇઝ પર હતો. અમેરિકનો સાવ ઊંઘતા ઝડપાય તો જ તેમના નૌકાદળને મરણતોલ ફટકો મારી શકાય, નહિતર એટલી બૂરી રીતે પીટાવાનું થાય કે જાપાનનું એક પણ જહાજ હેમખેમ સ્વદેશ પાછું ફરી શકે નહિ. ટૂંકમાં, છેવટ સુધી અમેરિકનોને હુમલો આવતો હોવાનો અણસાર સુદ્ધાં ન મળવો જોઇએ. વાઇસ-એડમિરલ નગુમોએ ગુપ્તતા જાળવવા 'અકાગી' સિવાયનાં કાફલાનાં બીજાં જહાજોને 'રેડિઓ સાયલેન્સર'નો હુકમ આપ્યો હતો. વાયરલેસ ટ્રાન્સમીટરોની ચાવી કાઢી લેવામાં આવી હતી અથવા તેમને સીલ કરી દેવાયાં હતાં. સંદેશાની આપ-લે માટે કોડેડ સંજ્ઞા મુજબ બ્લિન્કર લાઇટ વપરાતી હતી. રાત્રે બધાં જહાજો પર બ્લેકઆઉટ કરી દેવાતો હતો. આમ છતાં ૩,૫૦૦ કિલોમીટરના લાંબા પ્રવાસ દરમ્યાન આવડા મોટા જહાજી સરઘસ પર દુશ્મનોની એકેય સબમરિનનું, મનવારનું કે ચોકિયાત વિમાનનું ધ્યાન ન પડે એવી શક્યતા સોએ એક ટકો પણ ખરી? જાપાની કાફલો આવતો હોવાનું જાણ્યા છતાં દુશ્મનો કાગારોળ ન મચાવે, જબ્બર પૂર્વતૈયારી સાથે ચૂપચાપ બેસી રહે અને છેલ્લે સમગ્ર નૌકાકાફલાને સકંજામાં ભીડતો હલ્લો બોલાવે તો શું કરવું?



◆ હુમલાનો અણસાર મળ્યા છતાં ગાફેલ રહેલા અમેરિકન નૌકાસેનાપતિ એડમિરલ કિમેલ (ડાબે) તથા ખુશ્કીદળના સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ વૉલ્ટર શૉર્ટ.

એડમિરલ યામામોતોએ જણાવ્યા મુજબ અમેરિકા સાથેની શાંતિમંત્રણામાં સમાધાન થાય તો સમગ્ર કાફલાએ પાછા વળી જવાનું હતું. ધારો કે સમાધાન થયું, પણ તેનો મેસેજ નૌકાકાફલાને મળ્યો જ નહિ... ઓહ ! કેવો ભયંકર વિચાર ! દિવસરાત નગુમો આવા વિચારોને દાબી રાખવા મથતો હતો.

આ તરફ કમાન્ડર ગેન્દાના અને કમાન્ડર ફુચિદાના પાયલટોની માનસિક સ્થિતિ તદ્દન જુદી હતી, કેમ કે વાઇસ-એડમિરલની માફક તેમણે ઇતિહાસનો બોજો ખભે ઊંચકીને ફરવાનું ન હતું. આમેય તેઓ હુમલા માટેની પૂર્વતૈયારીમાં એકચિત્તે વ્યસ્ત હતા. દરરોજ ઓહુ ટાપુના તથા ફોર્ડ ટાપુના ભૂપૃષ્ઠનું ટેબલ-ટૉપ મોડેલ તપાસી દરેક પાયલટ તેના પ્લેનની તરાપને મનોમન ફરી વખત આંકે, ભૌગોલિક ચિહ્નોનું પાછું નિરીક્ષણ કરે, પેન્સિલ વડે નકશા પર ફ્લાઇટ પ્લાન દોરે, લક્ષ્યાંક

તરીકે પોતાને એનાયત થયેલા અમેરિકન યુદ્ધજહાજની તસવીરને અભ્યાસપૂર્વક તપાસે અને રાત્રે વાળુના સમયે પણ એ જ વિષય પર જે તે સ્ક્વૉડ્રનના પાયલટો વચ્ચે ચર્ચા અને વિચારણા ચાલે.

પ્રવાસના સાતમા દિવસે વાઇસ-એડમિરલ નગુમોને ટોકિયોનો સાંકેતિક મેસેજ પ્રાપ્ત થયો :

‘માઉન્ટ નિકિતા પર આરોહણ કરો.’

આ સંદેશાનો અર્થ એ કે જાપાન-અમેરિકાની શાંતિમંત્રણા અસફળ રહી હતી અને પર્લ હાર્બર પર ત્રાટકવાનું હતું. હુમલાની તારીખ પણ સંદેશામાં જણાવેલી હતી : ડિસેમ્બર, ૭.

ધ્વજજહાજ ‘અકાગી’ના વાયરલેસે સંદેશો ૧લી ડિસેમ્બરે ઝીલ્યો. નૌકાકાફલો તે સમયે આંતરરાષ્ટ્રીય દિનાંક રેખાને (પાના નં. ૩૦ પરનો નકશો રીફર કરો. દિનાંક રેખાનું સ્થાન તેમાં ત્રૂટક લીટી વડે દર્શાવ્યું છે.) પાર કરી ચૂક્યો હતો, માટે રેખાની પશ્ચિમ તરફના જાપાનમાં તારીખ ૨જી ડિસેમ્બર હતી. જાપાન સરકારે તેના વૉશિંગ્ટન ખાતેના રાજદૂતને અમેરિકાની વિદેશ કચેરી સાથે વાર્તાલાપ ચાલુ રાખવા જણાવ્યું હતું, જેથી રૂઝવેલ્ટની અમેરિકન સરકાર છેવટ સુધી એમ માનતી રહે કે હજી શાંતિમય ઉકેલ શોધવા મથતું જાપાન હાલના તબક્કે યુદ્ધ તો કરે જ નહિ.



ડિસેમ્બર ૬, ૧૯૪૧.

તેલવાહક જહાજો કાફલાના દરેક જહાજને નવું બળતણ ભરી આપી રવાના થયાં. (આઠ પૈકી ત્રણ ખાલી થયેલાં તેલવાહક જહાજોને અગાઉ વિદાય કરી દેવાયાં હતાં.) બપોર પછી બધા નાવિકોને તૂતક પર બોલાવવામાં આવ્યા. અમેરિકા સામે યુદ્ધનું એલાન કરતું શહેનશાહ હિરોહિતોનું રાજકીય જાહેરનામું વાંચી સંભળાવવામાં આવ્યું. એડમિરલ યામામોતોનો સંદેશો પણ જુસ્સો વધારે તેવો હતો : ‘આ હુમલા વડે આપણા સામ્રાજ્યનું ભાવિ નક્કી થવાનું છે. દરેક જણ પોતાની શ્રેષ્ઠ કામગીરી બજાવે...!’

સાંજ પડી. અંધારૂં ઘેરાવા માંડ્યું. ધીમી ગતિનાં તેલવાહક જહાજોને પરત મોકલ્યાં બાદ નૌકાકાફલાએ પ્રવાસના છેલ્લા તબક્કામાં સ્પીડ એકદમ વધારી મૂકી. હવે પર્લ હાર્બર લગભગ ૮૦૦ કિલોમીટર છેટે હતું. બસ, રાતભરનો પ્રવાસ બાકી ! થોડા કલાક પછી સૂર્યકિરણોની પહેલી ટશર ફૂટે એટલે પ્રશાન્ત મહાસાગરમાં અમેરિકાની નૌકાતાકાતને હણી નાખતો હુમલો શરૂ ! ફતેહ મળવા અંગે તો શંકા જ ક્યાં હતી?

ખરેખર ન હતી, કારણ કે લાંબી પૂર્વતૈયારીને અંતે હુમલાનો દિવસ અને સમય બહુ વિચારપૂર્વક નક્કી કરવામાં આવ્યો હતો. રવિવારનો દિવસ અને પરોઢનો સમય અનેક રીતે અનુકૂળ હતા. હોનોલુલુમાં રહી નવ મહિના જાસૂસી કરનાર તાકિઓ યોશિકાવાએ ખબર આપેલા કે અમેરિકન નૌકાદળનો એડમિરલ કિમેલ પોતાનાં યુદ્ધજહાજોને શનિ-રવિની છૂટ્ટી દરમ્યાન પર્લ હાર્બરમાં પાછાં તેડાવી લેતો હતો. શનિવારે મોડી રાત સુધી જલસો માણનાર નાવિકો રવિવારની સવારે હજી આરામના મૂડમાં હોય તે સંભવિત હતું. અનેક યુદ્ધજહાજો પણ વાડામાં પૂરાયેલાં ઘેટાંની જેમ પર્લ હાર્બરમાં આરામ ફરમાવતાં મળી રહેવાનાં હતાં. હુમલાની આગલી રાત અમાસની, માટે જાપાનનો છાપામાર રસાલો પર્લ હાર્બરની વધુ ને વધુ નજીક સરકતો હોય એવે વખતે છૂપા રહેવામાં કુદરતી અંધારપટ તેને મદદરૂપ બને.

ડિસેમ્બરની ૭મી તારીખે (જાપાનના કેલેન્ડર મુજબ ૮મી ડિસેમ્બરે) પર્લ હાર્બરનો ખાત્મો થયાનો સંદેશો જેવો મળે કે તરત જાપાની લશ્કરે ગણતરીના કલાકોમાં મલાયા, હોંગ કોંગ, ફિલિપાઇન્સ, સિંગાપુર અને જાવા-સુમાત્રા પર સામટું આક્રમણ કરવાનું હતું. આ પ્રદેશો જીતી લેવાયાના એકાદ સપ્તાહ પછી અગ્નિ એશિયામાં ચોમાસું બેસે અને સમુદ્ર ગાંડોતૂર થાય, એટલે બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ તથા નેધરલેન્ડ લશ્કરી કાર્યવાહી હાથ ધરી શકે નહિ.

આ બધાં પાસાંમાં વધુ બે પાસાં મધરાત પછી ઉમેરાયાં : હવાઈથી મળેલા રિપોર્ટ અનુસાર ટોકિયોએ નૌકાકાફલાને મેસેજ પાઠવ્યો કે પર્લ હાર્બરમાં ટોરપિડો નેટનો બંદોબસ્ત હજી કરાયો ન હતો. યુદ્ધજહાજોની ફરતે બોયાં વડે લટકતી અને સમુદ્રના તળિયા સુધી લંબાતી સ્ટીલની જાળી તોતિંગ યુદ્ધજહાજને ડંખવા આવતા ટચૂકડા મચ્છરછાપ ટોરપિડો સામે મચ્છરદાની જેવું કામ આપે, પરંતુ એડમિરલ કિમેલે એવી નેટ લટકાવવાનો પ્રસ્તાવ નકારી કાઢ્યો હતો. નકારવાનું કારણ શું હતું ? કારણ એ કે પેટ્રોલિંગ કરીને દર શુક્રવારે રાતે બારામાં દાખલ થતાં અને સોમવારની મોડી સવારે પાછાં જતાં યુદ્ધજહાજો માટે જાળીનું ફાટક વારંવાર ખોલવાનું ફાવે નહિ.


થેન્ક્સ, એડમિરલ કિમેલ ! ટોકિયોનો મેસેજ જાણીને કમાન્ડર ગેન્દા અને કમાન્ડર ફુચિદા ખુશ થયા. બન્નેના હરખમાં વધારો કરતો બીજો સંદેશો એ મળ્યો કે સંભવિત હુમલા વખતે દુશ્મન વિમાનોની



તરાપને રોકવા અમેરિકન નૌકાદળે પર્લ હાર્બર માટે સેંકડો વિરાટ બલૂનો પાર્સલ કરીને મોકલ્યાં હતાં. બલૂનમાં ગેસ ભરી તેમને સો-દોઢસો ફીટ લાંબા તાર વડે પર્વતીય ઢોળાવ પર તથા યુદ્ધજહાજો સાથે બાંધી રખાય એટલે ડાઇવ મારીને હુમલો લાવવા માગતાં વિમાનો માટે રસ્તો બંધ! આ બલૂનો ગડી વાળેલી હાલતે બંધ પટારામાં હજી જેમના તેમ પડી રહ્યાં હતાં! વિનાશકાળે હવાઇ ખાતેના અમેરિકનોને સદ્‌બુદ્ધિ કેમ સૂઝે?

ટોકિયોનો ત્રીજો સંદેશો બહુ મોડે રહીને મધરાત પછી નૌકાકાફલાને મળ્યો અને તે સહેજ નિરાશા જગાડે તેવો હતો. અમેરિકાએ પ્રશાન્ત મહાસાગર ખાતે ફાળવેલાં પાંચ વિમાનવાહક જહાજો પૈકી એક પણ જહાજ પર્લ હાર્બરમાં ન હતું. બે જહાજોને તો એટલાન્ટિક મહાસાગર મોકલી દેવાયાં હતાં. બાકીનાં ત્રણ બહુ છેટે પ્રવાસમાં હતાં. આમ છતાં જાપાનીઓ માટે પર્લ હાર્બરમાં શિકારોની કમી ન હતી. પાંત્રીસથી ચાલીસ હજાર ટનનાં ૯ મહાકાય યુદ્ધજહાજો હતાં. ક્રૂઝર મનવારો ૭ હતી. વિનાશિકાઓ ૨૯ હતી. ઉપરાંત ૪૦ જેટલાં સુરંગ ખસેડનાર જહાજો, પેટ્રોલ બૉટ, ટગ નૌકાઓ, પુરવઠા જહાજો વગેરે હતાં. જાપાની પાયલટોએ સૌ પ્રથમ જો કે ફોર્ડ ટાપુના કિનારે લાંગરેલાં મોટાં યુદ્ધજહાજો ‘નેવાડા’, ‘એરિઝોના’, ‘વેસ્ટ વર્જિનિયા’, ‘ઑક્લાહામા’, ‘કેલિફોર્નિયા’, ‘મેરિલેન્ડ’ વગેરેને સપાટામાં લેવાના હતા.





◆ જાપાની નૌકાકાફલાના વિમાનવાહક જહાજ ‘હિરયુ’ના તૂતક પર કતારબંધ ગોઠવાયેલાં ઝીરો પ્રકારનાં ફાઇટર્સ (ઉપરનો ફોટો), જેઓ જોતજોતામાં પર્લ હાર્બર ભણી ટેક-ઑફ કરી ગયાં.

◆

ડિસેમ્બર ૭, ૧૯૪૧ની પરોઢ ખીલી. સમય ૫:૩૦ નો હતો. હવે પર્લ હાર્બર ૪૪૫ કિલોમીટર છેટે હતું. કમાન્ડર ફુચિદાએ પરિસ્થિતિનો તાગ મેળવવા ચાર દરિયાઇ વિમાનોને આગળ મોકલ્યાં. વિમાનો ‘ચિકુમા’ અને ‘તોન’ નામની ક્રૂઝર મનવારોનાં હતાં. ક્રેન વડે તેમને સમુદ્ર પર ઉતારાયાં બાદ તેઓ શાંત જળસપાટી પર જ દોટ મૂકીને ટેક-ઑફ કરી ગયાં. આ બાતમીદાર વિમાનોને છેક ઓહુ ટાપુ સુધી મોકલવામાં બાજી ખુલ્લી પડી જવાનો ભારોભાર ખતરો હતો, છતાં અમેરિકનો ગાફેલ છે કે કેમ તે જાણ્યા વિના પરબારાં આંધળુકિયાં કરવામાં તો વધુ જોખમ હતું. આ હુમલો હવાઇ ખાતેના અમેરિકનો માટે સરપ્રાઇઝ નીવડે તો જ સફળ થવાનો હતો.

દરમ્યાન કુલ ૬ વિમાનવાહક જહાજોનાં કુલ ૪૨૩ પૈકી ૩૬૦ વિમાનો ગમે તે ઘડીએ તૂતક પર દોડી છલાંગભેર હવામાં ચડી જવા તૈયાર હતાં. રાત્રે ૩:૦૦ વાગ્યે જાગી પોતપોતાનાં આપ્તજનોને છેલ્લાં સંભારણાં તરીકે પત્રો લખી ચૂકેલા અઢારથી ચોવીસ વર્ષના પાયલટો હવે સાથીદારોને પણ છેલ્લી વખત ભેટી વિમાનની કોકપિટમાં ગોઠવાતા હતા. અનેક જણાએ ઊગતા સૂર્યના પ્રતીકવાળો સ્કાર્ફ પોતાના માથા પર બાંધ્યો હતો. ઉત્તેજના, ઉત્કંઠા અને ઉશ્કેરાટનું ઘમસાણ અનુભવતા મગજને શાંત પાડતો એ સ્કાર્ફ વાસ્તવમાં જાપાનનો રાષ્ટ્રધ્વજ હતો.

નિદ્રાધીન શત્રુને સાબદા કરી શકે એવા બે આકસ્મિક પ્રસંગો ટૂંક સમય પછી બન્યા. કાફલાની આગળ રહી જાતતપાસ કરવા ગયેલી એક જાપાની મિનિ સબમરિનને ૬:૫૧ વાગ્યે અમેરિકન વિનાશિકાએ ડેપ્થ ચાર્જ વડે ડૂબાડી દીધી. બરાબર નવ મિનિટ બાદ ૭:૦૦ વાગ્યે અમેરિકન નૌકાદળના એક વિમાને બીજી જાપાની સબમરિન પર ડેપ્થ ચાર્જ (જળગોળા) ફેંક્યા. આ બન્ને પ્રસંગોનો રિપોર્ટ વાયરલેસ દ્વારા પર્લ હાર્બરને તત્કાળ મોકલી દેવાનો રહે, પણ વિમાનના પાયલટે કે વિનાશિકાના કપ્તાને એમ ન કર્યું. બન્ને જણા ખરેખર તો દ્વિધામાં હતા. ડેપ્થ ચાર્જનો મરણતોલ આંચકો શેને લાગ્યો એ તેઓ પામી શક્યા નહિ. જાપાની સબમરિન અહીં સુધી પહોંચી હોય એવું તો તેમને કલ્પનામાં પણ કેમ સૂઝે ? આથી તેમણે નૌકામથકને સંદેશો ન પાઠવ્યો. ટૂંકમાં, નિદ્રાધીન શત્રુ માટે આલાર્મ ન વાગ્યો--અને ટૂંક સમય પછી જાપાનના પ્રથમ બાતમીદાર દરિયાઇ પ્લેનનો સંદેશો હુમલાખોર કાફલાને મળવાનો હતો : સબ સલામત!

હવાઇના ઓહુ ટાપુ અને કાફલા વચ્ચે હવે ૩૮૦ કિલોમીટરનું અંતર હતું. વિમાનોને ટેક-ઑફ માટે સામો પવન મળે એ હેતુસર છએ છ વિમાનવાહક જહાજોએ સ્પીડ વધારીને ૪૪ કિલોમીટર (૨૪ દરિયાઇ માઇલ) કરી. આઇચી પ્રકારનાં ડાઇવ બોમ્બર્સ, નાકાજિમા તરીકે ઓળખાતાં હાઇ-લેવલ અને ટોરપિડો બોમ્બર્સ, ઝીરો કહેવાતાં અત્યંત ચપળ અને વેગીલાં ફાઇટર્સ વગેરેનાં પ્રોપેલર એન્જિનો ધમધમવા લાગ્યાં. નાવિકોએ તેમના દેશબંધુ પાયલટોનો જુસ્સો વધરાવા હર્ષનાદો કર્યા–અને તે સાથે પહેલું ધાડું ઊપડ્યું !

આ ધાડામાં ૪૯ હાઇ-લેવલ બોમ્બર્સ, ૪૦ ટોરપિડો બોમ્બર્સ, ૫૧ ડાઇવ બોમ્બર્સ અને તેમના અંગરક્ષકો જેવાં ૪૩ ફાઇટર્સ હતાં. બધું મળીને ૧૮૩ વિમાનો ! પ્લાનિંગ એટલું વ્યવસ્થિત કે પ્રથમ વિમાને ટેક-ઑફ કર્યું તેની પંદરમી મિનિટે ૧૮૩મું વિમાન પણ આકાશમાં ચડી ગયું હતું ! વિવિધ જૂથોમાં વહેંચાતું સરઘસ તેની મહત્તમ ઝડપે દક્ષિણ તરફ ઓહુ ટાપુની દિશામાં આગળ વધ્યું. વિમાનો તેમની

કામગીરી મુજબનાં શસ્ત્રો વડે સજ્જ હતાં. હાઈ-લેવલ બોમ્બર્સના પેટાળ નીચે ૩૫૬ મીલીમીટરના (૧૪''ના) વ્યાસનો અને ૮૦૦ કિલોગ્રામ વજનનો બખ્તરભેદી ગોળો લટકતો હતો. ઊંચેથી યુદ્ધજહાજના તૂતક પર જેવો પડે કે તરત બ્રિજ (કૂવાસ્થંભ), તોપોનાં નાળચાં, સંદેશાવ્યવહારનાં યંત્રો વગેરેના ભુક્કા કાઢી નાખે અને ત્યાર બાદ યુદ્ધજહાજના ફાલકામાં રહેલા તોપગોળાના ભંડારને પલીતો ચાંપે, એટલે પ્રચંડ વિસ્ફોટો સાથે યુદ્ધજહાજનું સંપૂર્ણ વિસર્જન !

ટોરપિડો બોમ્બર્સના પેટાળ નીચે ૪૦૦ મીલીમીટરના (૧૫.૭૫''ના) વ્યાસનો એકેક ટોરપિડો ફીટ કરેલો હતો. ડાઇવ બોમ્બર્સમાં નાના બોમ્બ હતા, જ્યારે ઝીરો કહેવાતું દરેક ફાઇટર તેના મોરામાં ૭.૭ મીલીમીટરના વ્યાસની બે મશીનગન અને ડાબી-જમણી પાંખો નીચે ૨૦ મીલીમીટરના વ્યાસની એકેક તોપ ધરાવતું હતું. પ્રથમ હુમલો વ્હીલર, કેનોહી તથા હિકામ ઍરબેઝ પર કરી ત્યાંનાં અમેરિકન વિમાનોને ફૂંકી દેવાનો હતો, જેથી પ્રતિકાર થવાનો પ્રશ્ન જ નહિ. હુમલાનું નેતૃત્વ કમાન્ડર ફુચિદાએ પોતે સંભાળ્યું હતું. ઊંચેથી તેને ઓહુ ટાપુ જેવો દેખાયો અને ત્યાં બારામાં નિષ્ક્રિય પડી રહેલાં યુદ્ધજહાજો પણ દેખાયાં કે તરત નૌકાકાફલાને તેણે કોડેડ મેસેજ પાઠવ્યો :

'તોરા ! તોરા ! તોરા !'

અંગ્રેજીમાં 'ટાઇગર ! ટાઇગર ! ટાઇગર!' સૂચવતા જાપાની ભાષાના એ કોડેડ મેસેજનો અર્થ એ કે ગુફાની અંદર વાઘ નિદ્રાધીન હતો, હુમલા અંગે સાવ અજાણ હતો અને હવે છેલ્લી ઘડીએ આંખો ખોલે ન ખોલે ત્યાં લોખંડી પ્રહારથી તેને અધમૂઓ કરી દેવાનો હતો !


◆ અમેરિકન નેવલ ઍરબેઝનો કમાન્ડર લોગાન રામ્સે.

ધ્વજજહાજ 'અકાગી'માં વાયરલેસ ટેલિગ્રાફ પાસે આતુર નજરે અને ધડકતા હૈયે બેઠેલા વાઇસ-એડમિરલ નગુમો, લેફ્ટનન્ટ-કમાન્ડર સુઝુકી તથા બીજા નૌકાઅફસરોએ મેસેજ સાંભળ્યો ત્યારે કાનમાં જાણે મધ રેડાયું હોય એવું તેમને લાગ્યું ! આખા વિમાનવાહક જહાજ પર આનંદનો જુવાળ ફરી વળ્યો. ઉચાટ શમી ગયો અને ઉમંગનો ઓચિંતો ઉભરો ચડ્યો. હુમલા વખતે સામનો થાય એવો ડર હવે ન રહ્યો, એટલે સફળતા નિશ્ચિત ! એડમિરલ યામામોતોએ સાચું જ કહ્યું હતુંઃ વાઘનાં બચ્ચાં લેવાં હોય તો વાઘની ગુફામાં જવું જોઇએ. આ સૂત્રને નૌકાકાફલો બરાબર અનુસર્યો હતો--અને શું એનું તકદીર! ખુલ્લા સમુદ્રમાં છડેચોક રીતે સાડા ત્રણ હજાર માઇલનું અંતર કાપીને છેક અહીં તે આવ્યો ત્યાં લગી વાઘને તેની ગંધ ન પહોંચી.

વિમાનોનું ધાડું ૭:૫૫ વાગ્યે ઓહુ ટાપુના માથે આવ્યું. ફુચિદાએ બધા પાયલટોને સાંકેતિક હુકમ પાઠવ્યો : 'આક્રમણ શરૂ કરો !'

બીજી જ ક્ષણે ૫૧ ડાઇવ બોમ્બર્સ અને ૪૩ ઝીરો ફાઇટર્સ વિવિધ જૂથોમાં વહેંચાયાં અને ડૂબકી મારી પોતપોતાનાં લક્ષ્યાંકો તરફ વળ્યાં. હુમલાની યોજના અનુસાર સૌ પ્રથમ ઓહુનાં બધાં ઍરબેઝને ઘમરોળી નાખવાનાં હતાં. અમેરિકાની હવાઇ તાકાતનો સંપૂર્ણ રીતે નાશ કરી નાખવાનો હતો, જેથી અમેરિકાનાં વિમાનો આકાશમાં ચડી તેનાં યુદ્ધજહાજો માટે સુરક્ષાછત્ર રચી શકે નહિ. મુખ્ય ઍરબેઝ હિકામ અને વ્હીલર હતાં. ત્રીજું હવાઇ મથક પૂર્વ કાંઠા નજીકનું કેનોહી હતું, જ્યારે ચોથું પર્લ હાર્બર વચ્ચેના ફોર્ડ ટાપુ પરનું નેવલ ઍરબેઝ હતું.

આ નેવલ ઍરબેઝના મકાનમાં કમાન્ડર લોગાન રામ્સે પેલી રહસ્યમય જાપાની સબમરિનને લગતો રિપોર્ટ વાંચવા માટે ખાસ આવ્યો હતો. એક ઘોંઘાટિયું વિમાન અતિશય તીવ્ર ખૂણો રચીને તરાપ મારતું આવ્યું. મકાનની દિશામાં તેને આવતું જોતાવેંત રામ્સેનું મગજ છટક્યું. નેવલ ઍરબેઝના હેડક્વાર્ટર ઉપર વિમાનને ઊડાવવું તે નરી ગેરશિસ્ત હતી. વળી અમેરિકન નૌકાદળના ધ્વજને માનભેર પૂર્ણ કાઠીએ ચડાવવાની દૈનિક વિધિ ચાલતી હોય એવે સમયે કોઇ પાયલટ આટલો નીચે ઊડીને ફોજી શિષ્ટાચારનો ભંગ કરે તે કેમ ચાલે ?

'આનો નંબર તમે નોંધી લો!' કમાન્ડર રામ્સેએ પોતાના ડ્યૂટી ઑફિસરને કહ્યું. 'ઊડ્ડયનના સોળ નિયમોનો ભંગ કર્યા બદલ મારે એની સામે લેખિત રિપોર્ટ કરવો છે.'

બે-ચાર સેકન્ડમાં રામ્સેએ સોળ નિયમો કેવી રીતે ગણી કાઢ્યા એ તો શી ખબર, પણ વિમાનનો પાયલટ તેમાંના એકેય નિયમને ગણકાર્યા વિના આગળ નીકળી ગયો.

'નોંધ્યો નંબર ?' લોગાન રામ્સેએ ડ્યૂટી ઑફિસરને પૂછ્યું.

'ના, પણ મને લાગે છે કે પ્લેન સ્ક્વૉડ્રન કમાન્ડરનું હતું.' ડ્યૂટી ઑફિસરે જવાબ દીધો. સ્ક્વૉડ્રન કમાન્ડરના વિમાન પર ત્યારે લાલ પટ્ટી ચીતરવામાં આવતી હતી.

'જાવ, અને પાકી તપાસ કરો કે કયો સ્ક્વૉડ્રન કમાન્ડર અત્યારે વિમાન ઊડાડી રહ્યો છે...'

'સર, વિમાનમાંથી એકાદી કાળી વસ્તુ મેં નીચે પડતી દીઠી.' ડ્યૂટી ઑફિસર પોતાનું વાક્ય પૂરું કરે એ પહેલાં તો કાનમાં ધાક પાડી દેતો ધડાકો થયો અને તે સાથે હજારો ફીટ દૂર અમેરિકન વિમાનોના હેન્ગર્સ પાસે કેસરી જ્વાળાઓ અને સિલેટિયા ધુમાડાનો ગુબારો રચાયો. બહાર પરસાળ તરફ દોડી રામ્સેએ નેવલ ઍરબેઝના રન-વે તરફ નજર કરી --અને તેના બેય ડોળા જાણે કે લખોટા બન્યા. ફાટી આંખે સામેનું દૃશ્ય તે જોતો જ રહી ગયો.


'માય ગોડ !' ડ્યૂટી ઑફિસરને તેણે ઉશ્કેરાટમાં કહ્યું. 'આ તો જાપાની વિમાન હતું !'

--અને પછી બધા રેડિઓ ઑપરેટરોને તેણે એક સંદેશો કોડ લેન્ગ્વેજને બદલે સાદી ભાષામાં પ્રસારિત કરવા જણાવ્યુંઃ 'હવાઇ હુમલો. પર્લ હાર્બર. આ ક્વાયત નથી.'

કમાન્ડર રામ્સેએ સ્પષ્ટીકરણ કરવું પડ્યું કે તેનો મેસેજ લશ્કરી તાલીમના ભાગરૂપી ક્વાયત એટલે કે ડ્રિલ માટે ન હતો. પર્લ હાર્બર સાચે જ ઍર ઍટેકનો ભોગ બન્યું હતું. આ રેડિઓ સંદેશો વારંવાર

રિપીટ કરાયો અને જૂજ સેકન્ડો પછી તેને અમેરિકાના પશ્ચિમ કાંઠે આવેલા નૌકામથકે ધૂમધડાકાના કંપારીજનક બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાથે ઝીલ્યો! કુંભકર્ણ અમેરિકા ત્યારે હબકીને સફાળું જાગ્યું ! હુમલાના ખબર જાણીને પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ સમસમી રહ્યા. હવાઇ ટાપુઓથી લગભગ ૭,૭૫૦ કિલોમીટર છેટે વૉશિંગ્ટનના વ્હાઇટ હાઉસમાં બેસીને તેઓ શું કરી શકવાના હતા ?

ડિસેમ્બર ૭ : આમ થયું આકાશી આક્રમણ



હવાઇના ફોર્ડ ટાપુ પર ઘટનાસ્થળે મોજૂદ એવો કમાન્ડર લોગાન રામ્સે પણ હવે શું કરી શકવાનો હતો ? નેવલ ઍરબેઝના હેન્ગર્સમાં તેનાં ૩૫ લડાયક વિમાનો પડ્યાં હતાં. પરંતુ તેમને ઊડતાં કરી શકાય એ પહેલાં સંખ્યાબંધ જાપાની વિમાનોનું ટોળું ડૂબકી લગાવતું નીચા લેવલે ઊતર્યું, બોમ્બની ઝડી વરસી, લાવા ઓકનારો જ્વાળામુખી ફાટ્યો હોય તેમ ધડાકા સાથે આગના લબકારા ઊઠ્યા અને છિન્નભિન્ન થતાં હેન્ગર્સનો ભંગાર હવામાં ઊડ્યો. જાપાની પાયલટોએ રન-વે પર બોમ્બ ઝીંકી તેમાં પણ ગાબડાં પાડી દીધાં..કન્ટ્રોલ ટાવરના ફુરચા કાઢી નાખ્યા. ગણીને દસ મિનિટમાં તો ફોર્ડ ટાપુનું નેવલ ઍરબેઝ ભંગારવાડા જેવું બન્યું. ઍરબેઝ તરીકે ઓળખાવાલાયક પણ ન રહ્યું.

પ્રથમ આક્રમણનું મોજું લાવનાર કમાન્ડર ફુચિદાની હવાઇ ટુકડીએ સૌ પહેલાં અમેરિકાની હવાઇ તાકાતને હણી લેવાની હતી, જેથી બીજું આક્રમણ લાવતા જાપાની પાયલટોનું કામ સરળ બને. ફુચિદાની ટુકડીનાં ૪૩ ઝીરો ફાઇટર્સ ઓહુ ટાપુના સૌથી મોટા વ્હીલર ઍરબેઝ તરફ વળ્યાં ત્યારે પાયલટોએ જોયું કે અમેરિકનોએ ભોજન પીરસી રાખ્યું હતું. આકાશી હુમલા સામે અમેરિકી ખુશ્કીદળનાં પી-૩૬ અને પી-૪૦ પ્રકારનાં લડાયક વિમાનો સુરક્ષિત રહે એટલા માટે રન-વેની સમાંતર ભૂસપાટી કરતાં સહેજ નીચે સિમેન્ટ કોન્ક્રિટનાં મજબૂત બન્કર્સ ચણવામાં આવ્યાં હતાં. બન્કર્સની સંખ્યા લગભગ ૧૦૦ હતી. ખુશ્કીદળનાં બધાં (૧૪૮) વિમાનોનો તેમાં આસાનીપૂર્વક સમાવેશ કરી શકાય, પરંતુ સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ વૉલ્ટર શૉર્ટને એમ કે વિમાનો બહાર તેની નજર સામે હોવાં જોઇએ. આથી તેણે રન-વે નજીક પી-૩૬ની અને પી-૪૦ની સળંગ કતારો રચીને ત્યાં સશસ્ત્ર ચોકિયાતોને ડ્યૂટી પર લગાડી દીધા હતા.



જાપાની હવાબાજોએ પોતાનું કારસ્તાન પૂરૂં કર્યું ત્યારે વ્હીલર ઍરબેઝનાં ૪૨ વિમાનો નાશ પામ્યાં હતાં. ૫૬ પંગુ બન્યાં હતાં.

સવારે ૮:૦૦ વાગ્યા પછી તરત ૨૩ ડાઇવ બોમ્બર્સ વ્હીલર ઍરબેઝ તરફ ડૂબકી મારી અને સેંકડો રતલી બોમ્બ ફેંકી પાછાં આકાશમાં ચડી ગયાં. ઍરબેઝ પર જાણે કે મોતનો હાથ ફરી ગયો. ઍરબેઝ પાસેના ક્વાર્ટર્સમાં સેંકડો અમેરિકન પાયલટો અને ગ્રાઉન્ડ એન્જિનિઅરોનો મુકામ હતો. બોમ્બવર્ષામાં ઘણાખરાનું મોત નીપજ્યું. બીજા અનેક લોહીલુહાણ અમેરિકનો લંગડાતા પગે અથવા તો પેટે ઘસડાતા આશ્રય શોધવા માટે આમતેમ ફાંફાં મારતાં રહ્યા-- અને ત્યારે જ કતારબંધ પાર્ક થયેલાં પી-૩૬ની અને પી-૪૦ની સીધ પકડીને કુલ ૪૩ ઝીરો ફાઇટર્સ વારાફરતી હલ્લો બોલાવ્યો. કતારની માથે કલાકના ૩૨૦ કિલોમીટરની ઝડપે પસાર થતી વખતે જાપાની હવાબાજોએ ઑટોમેટિક મશીનગનો અને તોપો વડે ધાણી ફોડી. જમીન પરનું એક પછી એક વિમાન પ્રચંડ વિસ્ફોટ સાથે અગનગોળો બનતું રહ્યું. સળગતા ભંગારના કાકડા ચારેકોર વેરાયા અને તેમણે ફ્યૂલના ડેપો સહિત ઠેરઠેર દાવાનળ ચાંપ્યો. જાપાની મશીનગનોએ કેટલાય અમેરિકનોને વીંધી પણ નાખ્યા. નસીબની બલિહારી પણ કેવી કે વ્હીલર ઍરબેઝ પર વિમાનવિરોધી તોપો હતી, પરંતુ તેમનાં નાળચાંમાં તોપગોળા ભરેલા ન હતા. થોડેક છેટે દારૂગોળાનો ડેપો હતો. ડાઇવ બોમ્બર્સ તેને શરૂઆતે જ ફૂંકી દીધો, એટલે તોપો બારૂદના પુરવઠા વગર નકામી બની. જાપાની હવાબાજોએ પોતાનું કારસ્તાન પૂરૂં કર્યું ત્યારે વ્હીલર ઍરબેઝનાં ૪૨ વિમાનો સદંતર નાશ પામ્યાં હતાં અને ૫૬ વિમાનો ઊડી શકવાની હાલતમાં ન હતાં. બાકીનાં વિમાનો માટે રન-વે જરાય કામનો રહ્યો ન હતો.

હિકામ ઍરબેઝનાં ૭૦ વિમાનોને પણ ભંગારમાં ફેરવાતાં વાર ન લાગી. આમાં બી-૧૭ પ્રકારનાં અત્યંત શક્તિશાળી બોમ્બર વિમાનો પણ સામેલ હતાં. અલબત્ત, વિમાનોની તાકાત હંમેશા જમીનને બદલે આકાશમાં વરતાય, પરંતુ જાપાની હુમલાખોરોએ તેમને ટેક-ઑફનો મોકો જ આપ્યો ન હતો. આ જાતના અણધાર્યા હુમલા વડે પૂર્વ કાંઠાના ઍરબેઝ કેનોહીને પણ ૩૬ વિમાનો સહિત ધમરોળી નાખવામાં આવ્યું.

બંદરગાહની દિશામાં પરબારાં ધસી ગયેલાં નાકાજિમા પ્રકારનાં ૪૦ ટોરપિડો બોમ્બર્સ પણ ક્યારનો તરખાટ મચાવવો શરૂ કરી દીધો હતો. યુદ્ધજહાજોને પહેલો જખમ તેમણે પહોંચાડવાનો હતો, જે રખે મરણતોલ પુરવાર ન થાય તો બાકીનું કામ હાઇ-લેવલ બોમ્બર્સ

પતાવવાનું હતું. ટોરપિડો બોમ્બર્સને પોતાનું કાર્ય બજાવવા માટે સમય મળે એટલા માટે ૪૯ હાઈ-લેવલ બોમ્બર્સે સમુદ્ર તરફનો લાંબો કમાનાકાર માર્ગ પકડ્યો હતો. (સામેના પાને નકશો જુઓ.) ઝડપ પણ ઓછી રાખી હતી.

અવાવરૂ કૂવાને માથે ચામાચીડિયાંનું ટોળું જીવાતોને પકડવા માટે તરાપ લગાવે તેમ ચાલીસ ટોરપિડો બોમ્બર્સનું ઝૂંડ પર્વતીય ઢોળાવને અનુસરતું ફોર્ડ ટાપુ તરફ નીચે ઊતર્યું. સૌથી તગડાં લક્ષ્યાંકો ત્યાં લંગર નાખીને પડ્યાં હતાં. પાંત્રીસથી ચાલીસ હજાર ટનનાં 'નેવાડા', 'વેસ્ટ વર્જિનિયા', 'એરિઝોના', 'ટેનેસી' વગેરેની હરોળ ત્યાં ગોઠવાયેલી હતી. ડાઈવ વાળતા પહેલાં નાકાજિમા સ્ક્વૉડ્રનના દરેક વિમાને એકેક ટોરપિડો પડતો મૂક્યો. પાણીમાં ધુબાકા પર ધુબાકા થયા અને ફીણનો સફેદ પટ્ટો આંકતા સંખ્યાબંધ ટોરપિડો પોતાનાં તગડાં લક્ષ્યાંકો તરફ ધસમસવા લાગ્યા. નિષ્ક્રિય પડેલું કયું જહાજ અનેક ટોરપિડોના સામટા ઘા ચૂકાવવા માટે આમ કે તેમ ખસી શકવાનું હતું ? આ લાચારીપૂર્ણ સ્થિતિ જોતાં યુદ્ધજહાજો પરના અમેરિકન નાવિકો રઘવાયા થયા. જહાજોના તૂતક પર ભાગદોડ મચી. ભાગીને જવું ક્યાં એ પણ જો કે મુદ્દાનો સવાલ હતો.

ધ...ડા...મ...! એક ટોરપિડો ૩૬,૫૦૦ ટનના અને ૬૦૮ ફીટ (૧૮૫ મીટર) લાંબા યુદ્ધજહાજ 'એરિઝોના'ને ડાબા પડખામાં વાગ્યો. એન્ટિ-ઍરક્રાફ્ટ ગન સહિત કુલ ૪૨ તોપો ધરાવતા મહાકાય અને મહાબલિ યુદ્ધજહાજની કેવી મજબૂરી કે ન જાપાની બોમ્બરનો તે સામનો કરી શક્યું કે ન તેના ટોરપિડો સામે પોતાનો બચાવ કરી શક્યું! 'એરિઝોના'નું પડખું ૧૪'' જાડા બખ્તર વડે મઢેલું હતું, છતાં ટોરપિડોએ તેમાં ગાબડું પાડી દીધું! વિસ્ફોટે ઘણા નાવિકોને પણ મોતભેગા કરી દીધા. બાકોરા વાટે સમુદ્રજળનો ધોધ અંદર તરફ વહ્યો. 'એરિઝોના' નમી પડવા લાગ્યું. હજી તે ડૂબે તેમ ન હતું, પણ એવામાં ૫૦ હાઈ-લેવલ બોમ્બર્સનું આકાશી સરઘસ આવી ચડ્યું. હજારો ફીટ ઊંચે રહીને તેમણે બધાં યુદ્ધજહાજો પર બખ્તરભેદી AP (Armour Piercing) તોપગોળા વરસાવ્યા. આ તોપગોળા હતા, બોમ્બ નહિ. યુદ્ધજહાજના મજબૂત બખ્તરને તોડી શકે એવા બોમ્બ



♦ બોમ્બવર્ષામાં સંપૂર્ણપણે નાશ પામેલું અમેરિકન હવાઈદળનું હિકામ ઍરબેઝ.




જાપાન પાસે ન હતા, એટલે તેના ઇજનેરોએ દરિયાઈ યુદ્ધ માટે વપરાતા તોપગોળાને જ સ્ટેબિલાઈઝર ફિન વડે સજ્જ કર્યા હતા. ફરકડીની જેમ ઘૂમરાતું સ્ટેબિલાઈઝર તોપગોળાના ફ્યૂઝ ધરાવતા ટેરવાને સતત નીચે તરફ રાખતું હતું. પછડાટ વખતે ટેરવું જ હંમેશાં ટીચાય, માટે તોપગોળો અચૂક ફાટતો હતો. દરેક તોપગોળો ભસ્માસુર, કેમ કે વજનમાં તે ૮૦૦ કિલોગ્રામનો હતો.


આ જાતના કેટલાય હડિમદસ્તા ધુબાકાભેર પાણીમાં ગરક થયા. ફુવારાની છોળો ઊડી. સેકન્ડ બે સેકન્ડ પછી જોરદાર વિસ્ફોટના પગલે સમુદ્રનું તળિયું જાણે ઊંચકાતું હોય તેમ પાણીમાં ડુંગરો જેવડા ઉભરા ચડ્યા. ઉપરાઉપરી વિસ્ફોટો થવાને કારણે સમગ્ર જળરાશિ ખદબદવા લાગી. આ તાંડવ વચ્ચે આઠસો કિલોગ્રામનો એક તોપગોળો પાણીને બદલે 'એરિઝોના'ના તૂતક પર ટીચાયો. તૂતકનું પોલાદી બખ્તર ૨૦૩ મીલીમીટર (૮'') જાડું હતું, છતાં હડિમદસ્તાના વજ્રપાત સામે તેની શી વિસાત ? તોપગોળાએ બખ્તરને વીંધી નાખ્યું એટલું જ નહિ, પણ તેના ધડાકાએ નીચેના ફાલકામાં દારૂગોળાના ભંડારને પલીતો ચાંપી દીધો! 'એરિઝોના'ની મુખ્ય ૧૨ તોપો માટેના સેંકડો તોપગોળાનો ઢગ ત્યાં ખડકેલો હતો. દરેક ગોળો ૩૫૬ મીલીમીટરના (૧૪''ના) વ્યાસનો એટલે તેનીયે વિસ્ફોટશક્તિનું શું પૂછવું? 'એરિઝોના'ના પેટમાં તડાફડી બોલી. આઘાતનાં મોજાં (શૉક વેવ્ઝ) બધી બાજુ એટલી તીવ્રતા સાથે ફેલાયાં કે નેવલ હેડક્વાર્ટર તરફ જવા નીકળેલો લેફ્ટનન્ટ-કમાન્ડર ચાર્લ્સ કૉ નામનો અફસર હચમચતી ધરા પર ગબડતો રહી ગયો. ધડાકા પછી ચોતરફ પ્રસરેલી હવાના સૂસવાટાએ તેને જરા પાછળ ધકેલી દીધો.

ખલાસ ! કુલ ૩૬,૫૦૦ ટન વજનનું ૬૦૮ ફીટ લાંબું 'એરિઝોના' ખતમ! લેફ્ટનન્ટ-કમાન્ડરે જોયું તો યુદ્ધજહાજના પોલાદી આલિયાખાલિયા હવામાં તણખલાંની જેમ ફંગોળાતા હતા. ટનબંધ વજન ધરાવતા સ્ટીલ પ્લેટિંગના ટુકડા, ફાટેલા તોપગોળાના અવશેષરૂપી તાંબાના ધગધગતા ગઠ્ઠા, જહાજના ફ્રેમવર્કમાં વપરાયેલા પોલાદી ભારોઠ વગેરે પાર્ટ્સ છૂટા પડીને ચોતરફ ઊડ્યા. નાવિકોનાં કપાયેલાં અંગઉપાંગો પણ ખરા!

'બાન્ઝાઇ! બાન્ઝાઇ! બાન્ઝાઇ!' યુદ્ધજહાજને નાશ પામતું જોયા પછી જાપાની ટોરપિડો બોમ્બર્સના પાયલટોએ શહેનશાહનો જયજયકાર કર્યો ! હાઇ-લેવલ બોમ્બર્સના પાયલટો એટલા જ ખુશ હતા. 'હિસ્હો ! હિસ્હો !' જાપાની ભાષામાં કેટલાકે 'હોંગે કામિયાબ' જેવા અર્થ સૂચવતા પોકારો કર્યા.

આ બધા રમખાણને પ્રશાન્ત મહાસાગરના અમેરિકી નૌકાકાફલાનો સેનાપતિ એડમિરલ કિમેલ તેના નેવલ હેડક્વાર્ટરની બારી વાટે અવાક્ નજરે જોયા કરતો હતો. 'એરિઝોના'ને ભંગારના નર્યા ઢગલારૂપે બંદરગાહના તળિયે બેસતું જોતાં કિમેલની છાતીનાં પાટિયાં બેસી ગયાં. દરિયો લોહી વડે લાલઘૂમ હતો. 'એરિઝોના' સાથે તેના ૧,૨૦૦ નાવિકો માર્યા ગયા હતા. જખમી થયેલાની અને હાથ કે પગ ગુમાવીને પંગુ થયેલાની સંખ્યા પણ સેંકડો જેટલી હતી. એડમિરલને કમકમાં છૂટ્યાં. દુનિયાના સૌથી બળવાન નૌકાદળની કેવી દુર્દશા! આમનેસામનેના યુદ્ધમાં જાપાની શિયાળવાંની તો શી મજાલ કે તેઓ 'એરિઝોના' જેવા સિંહોનું નામ પણ લે ? અમેરિકાના કમનસીબે અત્યારે તે સિંહો પર્લ હાર્બરના પાંજરે પુરાયા હતા. મજબૂર હતા.





♦ જાપાની હુમલાખોરોનો શિકાર બનેલા 'એરિઝોના' (પ્રથમ તસવીર) તથા 'વેસ્ટ વર્જિનિયા' છીછરા પાણીમાં છીતવા લાગ્યા.

ધ..ડા..મ..! ધ..ડા..મ..! 'એરિઝોના'ની દક્ષિણે લાંગરેલા 'વેસ્ટ વર્જિનિયા' નામના યુદ્ધજહાજને જમણા પડખામાં એક પછી એક કરીને છ ટોરપિડો વાગ્યા ! મોરાથી પૂંછડી સુધીના ૧૨'' જાડા બખ્તરનો ખુરદો વળી ગયો. જોતજોતામાં એ યુદ્ધજહાજ પણ તળિયે બેઠું અને તેના ૧૦૬ નાવિકો શહીદ થયા. સમુદ્રનું તળિયું એકદમ છીછરૂં, એટલે જળસમાધિ પછીયે 'વેસ્ટ વર્જિનિયા'નું ઉપલો ભાગ પાણીની બહાર ડોકાતો રહ્યો. ડાબા પડખા તરફના યુદ્ધજહાજ 'ટેનેસી' માટે એ ભાગ નસીબજોગે ઢાલ બન્યો. જાપાનના ટોરપિડો હવે 'ટેનેસી'ને આંબી શકે તેમ ન હતા.

બચી ગયું 'ટેનેસી' ? તો પછી ખતમ કરો 'ઓક્લાહામા'ને ! જમણું પડખું ખુલ્લું ધરીને પડેલા એ યુદ્ધજહાજને વીંધી નાખવામાં પણ બહુ સમય ન લાગ્યો. હાઇ-લેવલ બોમ્બર્સના તોપગોળાએ 'ઓક્લાહામા'ના તૂતકને તોડી નાખ્યું. આ યુદ્ધજહાજે પણ જળસમાધિ લીધી. થોડાક ફીટ દૂરના તેલવાહક જહાજ 'નિઓશો'માં છલોછલ પેટ્રોલિયમ ભરેલું હતું. થોડા કલાક પહેલાં જ તે જેટી પાસે ગોઠવાયું હતું, પણ તેના ખનિજ તેલનો ભંડાર હજી ખાલી કરાયો ન હતો. 'નિઓશો'ના કપ્તાન જૅક ફિલિપ્સને ડર પેઠો કે રખે જહાજને ટોરપિડો વાગ્યો, તો નક્કી ફોર્ડ ટાપુના ફ્યૂલ ડેપોનું અને ડેપોના દાવાનળમાં 'કેલિફોર્નિયા', 'મેરિલેન્ડ', 'ટેનેસી' વગેરે યુદ્ધજહાજોનું આવી બન્યું. આથી તેણે જાનની બાજી ખેલીને 'નિઓશો'નાં એન્જિનો ચાલુ કરાવ્યાં. જેટી પરના નાવિકો પણ ફરજની હાકલ ઝીલીને દોડ્યા અને જહાજ પર ચડી ગયા. ટાઇમ બોમ્બ જેવા 'નિઓશો'ને કેપ્ટન જૅક ફિલિપ્સે બારાના મુખની દિશામાં હંકાર્યું. ખરેખર જોખમ ખેડ્યું. જાપાની પાયલટોનું ધ્યાન તેલવાહક જહાજ તરફ ન જતું હોય તો પણ હવે અચૂક જાય, છતાં નાવિકોનું અને કેપ્ટનનું નસીબ પાધરૂં કે જાપાની પાયલટોએ તેલવાહક જહાજ પર ટોરપિડો વેડફવાને બદલે મોટા શિકાર પર ધ્યાન આપ્યું. યુદ્ધજહાજ 'કેલિફોર્નિયા'ને સપાટામાં લીધું. બે ટોરપિડો વાગ્યા, એટલે 'કેલિફોર્નિયા'નું સાયોનારા!

અલબત્ત, પર્લ હાર્બરનું પાણી એટલું છીછરૂં કે જળસમાધિ પછીયે 'કેલિફોર્નિયા'ની તોપોનાં ટરેટ જળસપાટીની બહાર ડોકાતાં હતાં. 'કેલિફોર્નિયા'ને બોમ્બ વડે છેલ્લો ફટકો મારનાર પાયલટ ખુદ કમાન્ડર મિત્સુઓ ફુચિદા હતો.

ફુચિદાનાં ૧૮૩ વિમાનોએ આરંભેલો પ્રથમ હુમલો સવારે ૭:૫૫ વાગ્યે શરૂ થયો હતો. બરાબર ત્રીસ મિનિટ પછી ૮:૨૫ ના સમયે તે પ્રલયકારી મોજું ઓસરવા લાગ્યું. સૌ પહેલાં ટોરપિડો બોમ્બર્સ નવરાં પડ્યાં, જેઓ એક જ તરાપે પોતાનું એકમાત્ર શસ્ત્ર (ટોરપિડો) વાપરી ચૂક્યાં હતાં. હવે તેમનામાં સ્વબચાવની ત્રેવડ ન હતી, એટલે ઝીરો ફાઇટર્સની રાહ જોવા ઓહુ ટાપુની ૩૨ કિલોમીટર ઉત્તર-પશ્ચિમે તેઓ ચકરાવા લેતાં રહ્યાં. ફાઇટર્સ આવ્યાં કે તરત ટોરપિડો બોમ્બર્સે તેમના રક્ષણ હેઠળ નૌકાકાફલા તરફનો વળતો પ્રવાસ શરૂ કર્યો. દિશા જો કે ભળતી જ પસંદ કરી. પ્રશાન્ત મહાસાગરનાં બીજાં અમેરિકન નૌકામથકોની મુલાકાતે ગયેલાં ત્રણ વિમાનવાહક જહાજો ('એન્ટરપ્રાઇઝ', 'સારાટોગા' અને 'લેક્સિંગ્ટન') હવે કદાચ પર્લ હાર્બર તરફ પાછાં ફરતાં હોય, એટલે જાપાની છાપામારોએ ક્યો માર્ગ પકડ્યો

તેની માહિતી જો એડમિરલ કિમેલ તેમને મોકલી આપે તો વિમાનવાહક જહાજો તે દિશામાં જાપાની નૌકાકાફલાનો પીછો શરૂ કરી દે. આથી કમાન્ડર ફુચિદાનાં કેટલાંક વિમાનો પહેલાં ઓહુની પશ્ચિમમાં ૫૦ કિલોમીટર સુધી ગયાં અને પછી નૌકાકાફલાની દિશામાં ઉત્તરે વળ્યાં. અમુક વિમાનો તો પહેલાં દક્ષિણે એટલે કે તદ્દન વિરૂદ્ધ દિશામાં ઊડ્યાં. કોઇ પાયલટ ભૂલો ન પડી જાય એ માટે દર થોડા અંતરે સમુદ્રી રસ્તાના માઇલસ્ટોન જેવાં દિશાસૂચક વિમાનો રાઉન્ડ મારતાં હતાં.

આ તરફ કોણ રહી ગયું તે જોવા અને ભેગાભેગ નુકશાનનો અંદાજ મેળવવા કમાન્ડર ફુચિદા હજી ઓહુ ટાપુના આકાશમાં ચકરાવા લેતો હતો. વિમાનવિરોધી તોપો હવે રહી રહીને ગરજવા માંડી હતી. ફુચિદાએ તેમને ગણકારી નહિ. વિમાનને ત્રાંસું કરી તેણે કોકપિટના જાડા કાચની આરપાર નજર ફેંકી. બધે જ આગના ભડકા અને ધુમાડાનાં વાદળો દેખાતાં હતાં. 'એરિઝોના', 'વેસ્ટ વર્જિનિયા', 'ઓકલાહામા' તથા 'કેલિફોર્નિયા' ભડકે બળતાં હતાં. ચારેકોર દોડધામ હતી. નાવિકો જાન બચાવવા સમુદ્રમાં પડતું મૂકતા હતા અને જળસપાટી પર સળગી રહેલા ખનિજ તેલમાં અટવાતા હતા. હિકામ ઍરબેઝનો દેખાવ તો કબાડીખાના જેવો હતો.

પંદર મિનિટ પછી ૮:૫૫ વાગ્યે ફુચિદાને તેના ઇયરફોનમાં કોડેડ મેસેજ સંભળાયો. જાપાનના હવાઇ આક્રમણનું બીજું ઝંઝાવાતી મોજું આવી રહ્યું હતું ! ફુચિદાએ તેને નિશાનો ઓળખી બતાવતી દોરવણી આપવાનું નક્કી કર્યું, પણ એમ કરવાની જરૂર ન પડી. વિમાનો આવ્યાં તેવાં જ આગોતરા પ્લાનિંગ મુજબ કામે લાગી ગયાં. કેટલાં હતાં વિમાનો ? બધું મળીને ૧૭૦ ! ઝીરો ફાઇટર્સની સંખ્યા ૩૬ હતી. ડાઇવ બોમ્બર્સ ૮૦ અને ૫૪ હાઇ-લેવલ બોમ્બર્સ ! કિકિયારી તથા ધૂમધડાકા વડે આકાશ, જમીન અને સમુદ્ર પાછાં કંપી ઊઠ્યાં. બોમ્બમારામાં બધું ખેદાનમેદાન થવા લાગ્યું.

આ તાંડવનો આરંભ જોયા બાદ સંતોષ અનુભવતા કમાન્ડર ફુચિદાએ પોતાનું વિમાન પાછું વાળ્યું અને વિદાય લીધી. આમ છતાં પ્રથમ હુમલા અને બીજા હુમલા વચ્ચે એકાદ કલાકનો જે સમય વીત્યો એ દરમ્યાન અમેરિકનો પ્રતિકાર માટે થોડા સજ્જ થયા હતા. વિમાનવિરોધી તોપોના ટેટા હવે આકાશમાં ઠેરઠેર ફાટતા હતા. મશીનગનોનું ફાયરિંગ પણ જોર પકડી રહ્યું હતું.


બીજો હુમલો લાવનાર



◆ જાપાની ટોરપિડોનો મરણતોલ ઘા ઝીલ્યા બાદ ડૂબી રહેલું યુદ્ધજહાજ ઑક્લાહામા

જાપાની પાયલટો તરત પામી ગયા કે સામી કિંમત ચૂકવ્યા બાદ તેમનું મિશન સફળ થવાનું ન હતું. એક પાયલટ ૨૮ વર્ષનો લેફ્ટનન્ટ ઇદા હતો, જેના નેતૃત્વ હેઠળ ૩૬ ઝીરો ફાઇટર્સ ઓહુ ટાપુના પૂર્વ કાંઠે આવેલા કેનોહી ઍરબેઝ તરફ ધસ્યાં. ઍરબેઝના ઝોનમાં જેવાં પ્રવેશ્યાં કે તરત ફાયરિંગની રમઝટ વડે તેમનો સત્કાર થયો. વિમાનવિરોધી તોપનો દરેક ટેટો અમુક લેવલે ફાટીને સ્ટીલની લખોટી જેવડી કરચો ચારેબાજુ વેરતો હતો. એક કદાચ લેફ્ટનન્ટ ઇદાના ઝીરો ફાઇટરને સીધી ફ્યૂલ ટેન્કમાં વાગી. પેટ્રોલની સફેદ ધાર નીકળી. સામુરાઇ ઢબે તાલીમ પામેલા લેફ્ટનન્ટે સવારે ટેક-ઑફ વખતે લીધેલી પ્રતિજ્ઞાને યાદ કરી : 'મારું વિમાન જો તૂટી પડવાનું હોય તો જાનની પરવા કર્યા વગર હું તેને નજીકના આંબી શકાય તે લક્ષ્યાંક તરફ વાળીશ અને યોદ્ધા તરીકે મને સોંપાયેલું કર્તવ્ય પૂરૂં કરીશ!'

◆ પ્રશાન્ત મહાસાગર ખાતેના અમેરિકન નૌકાદળનું ૩૨,૬૦૦ ટન વજનનું અને ૬૨૪ ફીટ લાંબું ધ્વજજહાજ 'કેલિફોર્નિયા' ભૂંડા મોતને ભેટી રહ્યું હતું.



સામુરાઇ પ્રણાલિકા મુજબ લેફ્ટનન્ટ ઇદાએ પ્રતિજ્ઞાને અક્ષરશ: પાળી. ટુકડીથી તે છૂટો પડ્યો. લેફ્ટનન્ટ ફુજિતા નામના પાયલટને ટુકડીનું નેતૃત્વ સોંપતો સંકેત કર્યો અને ત્યાર બાદ પોતાની તરફ અને જમીન તરફ આંગળી ચીંધી લેફ્ટનન્ટ ફુજિતાને મનસૂબો જણાવ્યો. પેટ્રોલની સેર છોડી રહેલા પોતાના ઝીરો ફાઇટરને તેણે કેનોહી ઍરબેઝનાં હેન્ગર્સ તરફ વાળ્યું, જ્યાં કિંગફિશર પ્રકારનાં અમેરિકી વિમાનો પડ્યાં હતાં. ક્ષણવાર પછી એ બધાં આગની લપેટમાં આવ્યાં. ઇદા પણ અગ્નિદાહ પામ્યો. ખુન્નસે

ભરાયેલા બાકીના પાયલટોએ કેનોહી ઍરબેઝના સૈનિકોને વીણી વીણીને મશીનગનનાં નિશાન બનાવ્યાં.

દરમ્યાન પર્લ હાર્બર પર મોત વરસાવતાં ૮૦ ડાઇવ બોમ્બર્સના અને ૫૪ હાઇ-લેવલ બોમ્બર્સના પાયલટોની દેશદાઝ પણ આસમાને હતી. અગાઉ ટોરપિડો વડે જખમી થયેલું ૨૯,૦૦૦ ટનનું યુદ્ધજહાજ ‘નેવાડા’ લૂલી બતકની જેમ ખુલ્લા સમુદ્ર તરફ ધીમા વેગે નાસી રહ્યું હતું. દુશ્મનના ઘા ચૂકાવવા માટેના આટાપાટા મોકળા સમુદ્રમાં જ ખેલી શકાય, એટલે વિલિયમ ફર્લોંગ નામના રીઅર-એડમિરલે ‘નેવાડા’ની સહાય માટે બે ટગ નૌકાઓ રવાના કરી. નૌકાઓ તેને બંદરગાહથી દૂર ખેંચી જવા લાગી. જાપાની પાયલટોએ ‘નેવાડા’ પર એ દરમ્યાન પાંચ બોમ્બ ઝીંક્યા. યુદ્ધજહાજ બૂરી રીતે જખમી થયું, પણ ડૂબ્યું નહિ. પડખામાં પડેલા ૩૦ ફીટ ઊંચા અને ૪૫ ફીટ લાંબા બાકોરા વાટે સમુદ્રનું પાણી તો ફાલકામાં સતત ભરાયે જતું હતું. આખરે બંદરગાહના છીછરા કાંઠા તરફ વળીને ‘નેવાડા’ ત્યાં છીતી ગયું. ઊંડો સમુદ્ર હોત તો જળસમાધિ નક્કી હતી.


♦ જાપાની ટોરપિડોનો શિકાર બનેલું યુદ્ધજહાજ ‘ઉટાહ’ આડે પડખે નમીને ડૂબવા લાગ્યું.

એડમિરલ કિમેલનું ૩૨,૬૦૦ ટનનું ધ્વજ-જહાજ ‘પેન્સિલ્વાનિયા’ સૂકી ગોદીમાં પડ્યું હતું. બેય તરફ ગોદીનું બાંધકામ તેનાં પડખાંને સુરક્ષિત રીતે ઢાંકી દેતું હતું. મોરા અને સુકાન તરફ આડાશ ન હતી. વાઇસ-એડમિરલ નગુમોના ધ્વજજહાજ ‘અકાગી’નાં જ હાઇ-લેવલ બોમ્બર્સે ‘પેન્સિલ્વાનિયા’ પર હલ્લો બોલાવ્યો. ૮૦૦ કિલોગ્રામનો એક બખ્તરભેદી (AP) ગોળો તે યુદ્ધજહાજની મુખ્ય તોપોના ટરેટ પર ઝીંકાયો અને ૫’’ જાડા પોલાદી બખ્તરને તોડી નાખ્યું. તોપની પાછળના બ્રિજનો (કૂવાસ્થંભનો) પણ ડૂચો કરી નાખ્યો. આ ધડાકામાં લગભગ ૨૮ નાવિકો માર્યા ગયા.

ફોર્ડ ટાપુની ઉત્તર-પશ્ચિમે એ જ વખતે ‘ઉટાહ’ નામનું યુદ્ધજહાજ છીછરા પાણીમાં ડાબે પડખે નમી છેલ્લીવારના ધુમાડા અને ભડકા કાઢતું હતું. પશ્ચિમથી તરાપ મારનાર ડાઇવ બોમ્બર્સે તેનો ખાત્મો બોલાવ્યો હતો. ‘ઉટાહ’થી સહેજ છેટે લાંગરેલી ભારે ક્રૂઝર ‘રેલે’ પણ બેહાલ હતી. સૂકી ગોદીમાં પડેલી ‘સેન્ટ લુઇ’ અને ‘હોનોલુલુ’ નામની ક્રૂઝરોનાં તૂતકોની શિકલ પણ ડાઇવ બોમ્બર્સે ખાસ્સી બગાડી નાખી હતી. હાઇ-લેવલ બોમ્બર્સના પાયલટો દરમ્યાન નૌકામથકના બાંધકામોને ચત્તાપાટ કરી રહ્યાં હતાં. પ્રથમ હુમલા વખતે ફોર્ડ ટાપુ પરની બચી જવા પામેલી અમુક ઇમારતો પણ હવે બીજા હુમલામાં ધરાશાયી બની રહી હતી.

આ બીજો હુમલો ૯:૪૫ સુધી ચાલ્યો. આગ, ધુમાડા, મરણચીસો, રહી રહીને ક્યાંક ફાટતા બારૂદ, પોલાદનો વેરણછેરણ ભંગાર, રક્તરંગી પાણી, બળીઝળીને આકાશમાં ચડતો મેશરૂપી ક્ચરો, પી-૩૦ અને પી-૪૦ જેવાં સેંકડો પ્લેનનો કાટમાળ વગેરે ભીષણ ખુવારીનું કમકમાટીજનક દૃશ્ય હુમલાખોર જાપાની પાયલટો માટે આંખો ઠારનારૂં હતું. વિનાશનું આખરી વિહંગાવલોકન કરી તેઓ નૌકાકાફલા સાથે જોડાવા રવાના થયા.

♦

પ્રથમ હુમલો કરનાર વિમાનો પોતપોતાના વિમાનવાહક જહાજ પર દસેક વાગ્યે પાછાં ફરી ચૂક્યાં હતાં. બીજું આક્રમણ કરનાર વિમાનોનું ધાડું બારેક વાગ્યે પરત આવ્યું ત્યાં સુધીમાં વાઇસ-એડમિરલ નગુમોનો કાફલો લગભગ ૯૦°ના ખૂણે પશ્ચિમ તરફ વળી ગયો હતો. અમેરિકાનાં સલામત રહેલાં વિમાનો સ્વદેશ પાછા જતા ભાગેડુ જાપાની કાફલાનો પીછો ન કરી શકે એ માટે સરસ નુસખો અપનાવ્યો હતો. આક્રમણ વખતે રાત્રિના અંધકારમાં હંકારીને જાપાનનાં વિમાનવાહક જહાજો પર્લ હાર્બરની શક્ય એટલાં નજીક ગયાં હતાં. વિમાનોએ ટેક-ઑફ કર્યા બાદ ટૂંકું અંતર કાપવાનું થયું હતું અને પેટ્રોલ ઓછું વપરાયું હતું. લશ્કરી ભાષામાં એમ કહેવાય કે પ્રવાસનો એ દોર ‘શૉર્ટ લેગ’ હતો. હવાઈ આક્રમણ ચાલ્યું તે દરમ્યાન કાફલો પશ્ચિમમાં ટર્ન મારી ખૂબ દૂર નીકળી ગયો હતો, માટે એમ કહેવાય કે પ્રવાસનો બીજો દોર ‘લૉંગ લેગ’ હતો. અમેરિકી વિમાનો જો ભાગેડુ કાફલાને આંતરી લેવા માગતા હોય તો તેમના માટે આવવા-જવાના બેય પ્રવાસો ‘લૉંગ લેગ’ નીવડે—અને તેમની ફ્યૂલ ટેન્કમાં એટલી લાંબી સફર જેટલું બળતણ હોય નહિ.

મધદરિયે કાફલાને શોધવામાં જાપાની પાયલટોને જરા મુશ્કેલી પડી. હવામાન એકાએક બગડ્યું હતું અને સમુદ્ર અશાંત હતો. ધ્વજજહાજ ‘અકાગી’ સહિત છએ છ વિમાનવાહક જહાજો હાલકડોલક થતાં હતાં. મોજાંની વાંછટો તૂતક સુધી ફેંકાતી હતી. નાવિકોની દોરવણી મળ્યાં છતાં અમુક પાયલટોએ તેમનાં વિમાનોને અસ્થિર રન-વે પર માંડ ઉતાર્યાં, તો કેટલાક પાયલટોનું જજમેન્ટ ખોટું પડતાં ઉતરાણ વખતે તેમનાં વિમાનોનાં લેન્ડિંગ ગીઅર્સ ભાંગી ગયાં અને વિમાનો તૂતક પર પેટભર ફસડાયાં.

‘અપંગ વિમાનોને તાત્કાલિક સમુદ્રમાં ધકેલી દો !’ લેફ્ટનન્ટ-કમાન્ડર સુઝુકીએ ધ્વજજહાજ ‘અકાગી’ના નાવિકોને ફરમાન આપ્યું. બત્તીના સિગ્નલ વડે તે ફરમાન કાફલાનાં બાકીનાં પાંચ વિમાનવાહક જહાજોને પણ મોકલવામાં આવ્યું.

'મારો ધક્કા ! ઉતાવળ કરો !' નાવિકો મંડી પડ્યા. તૂતક પર અડચણરૂપ બનતાં વિમાનોને તાબડતોબ સમુદ્રમાં પધરાવવાનું જરૂરી પણ હતું, કેમ કે લેન્ડિંગ કરવા માટેનું ક્લિઅરન્સ માગતાં બીજાં વિમાનોની ટાંકીમાં બળતણનો પુરવઠો ખૂટવા આવ્યો હતો. એક પાયલટે તો એના ઝીરો ફાઇટરનાં પૈડાં જેવાં તૂતક પર ટેકવ્યાં કે એ જ ઘડીએ પ્રોપેલર બંધ પડી ગયું. માત્ર આઠ સેકન્ડ પહેલાં જો બળતણ ખલાસ થયું હોત તો એ લેન્ડિંગ કરવા માટે તૂતક સુધી પહોંચી પણ ન શક્ત. વિમાનવાહક જહાજ 'સોરયુ' પર ઉતરાણ કરવા આવતા લેફ્ટનન્ટ સદાઓ નામના પાયલટ સામે વળી જુદી મુસીબત જાગી. બળતણનાં છેલ્લાં ટીપાં બાકી હતાં. તૂતકની દિશામાં તે આગળ વધ્યો, લેવલ ઘટાડ્યું અને હાથના સંકેત વડે નાવિકોને જણાવ્યું કે તેના ઝીરો ફાઇટરનું ડાબું ટાયર ફાટી ગયું હતું. લેન્ડિંગ કર્યા વગર તે ફરી સામે છેડે આકાશમાં ચડી ગયો અને ચકરાવો લેતો પાછો આવ્યો. તૂતકની સીધ પકડી. એક યુવાન નાવિક ત્યારે રાયફલ તાકીને અધૂકડો બેઠો હતો. જમણા ટાયરને તેણે વીંધી નાખ્યું. ઝીરો ફાઇટર બેય પગે લંગડાતું અને ઝટકા ખાતું અંતે તૂતક પર સ્થિર બન્યું. જમણું ટાયર જો સાજુંસમું હોત તો ઉતરાણ પછી વિમાન ડાબી તરફ વળીને પાયલટ સહિત દરિયામાં ગબડ્યા વગર રહેત નહિ.

વિમાનો આવતાં જાય એમ તેમની સંખ્યા ગણી લેવાતી હતી. વિમાનવાહક જહાજ 'ઝુઇકાકુ'ના રેડિઓ રૂમમાં ઓચિંતો બે ડાઇવ બોમ્બર્સના પાયલટોનો મેસેજ આવ્યો :

'અમે રસ્તો ભૂલ્યા છીએ. તમે ક્યાં છો? તમારૂં સ્થાન જણાવો !'

'.........'

મેસેજ સાંભળીને વિષાદમાં ડૂબી ગયેલા અફસરો ચૂપ રહ્યા. સંપૂર્ણ રેડિઓ સાયલેન્સ જાળવવાનું હતું, એટલે વળતો જવાબ આપી શકાય તેમ ન હતો. નૌકાકાફલાના અક્ષાંશ-રેખાંશ જાહેર કર્યા પછી તેના આધારે બેય વિમાનો યોગ્ય દિશા પકડીને કાફલા સુધી જરૂર પહોંચે, છતાં સંદેશો રખે દુશ્મનોના કાને પડ્યો તો જાપાની નૌકાકાફલા માટે ઉપાધિ!

'અમારૂં બળતણ ખલાસ થતું જાય છે!' એક બોમ્બર પાયલટે ફરી આજીજીભર્યા સ્વરે કહ્યું. 'મહેરબાની કરી અમને કાફલાનું સ્થાન જણાવો !'


'.........'

આ તે કેવી કસોટી ! વતનનો સાદ પડતાં જ યુદ્ધમોરચે ધસી ગયેલા અને શાનદાર પરાક્રમો દેખાડી ચૂકેલા બહાદુરો પોતે અત્યારે મદદ માટે સાદ પાડતા હતા, પણ તેમને રઝળતા મૂકી દીધા વગર છૂટકો ન હતો! પર્લ હાર્બર પરના હુમલા સાથે જાપાન માટે વિશ્વયુદ્ધ શરૂ થયું હતું. દરિયાઇ મોરચે ઘણાં યુદ્ધો હવે ખેલવાનાં હતાં, માટે નૌકાદળનાં જહાજો સલામત રહેવાં જોઇએ.


'બળતણ ખૂટ્યું છે....' ડાઇવ બોમ્બર્સના પાયલટે છેલ્લો મેસેજ પાઠવ્યો. 'તમારી સ્થિતિ અમને સમજાય છે. સ્વદેશ જાવ ત્યારે દરેક જાપાનીને લડવા માટે હાકલ કરજો. અમે ડૂબકી મારી અમારી જાતને સમુદ્રના હવાલે કરી રહ્યા છીએ. બાન્ઝાઇ ! બાન્ઝાઇ! બાન્ઝાઇ !'

રેડિઓ રૂમમાં સન્નાટો વ્યાપી ગયો. સૌના ચહેરા પર વિષાદની છાયા ફરી વળી.

પર્લ હાર્બર પરનો ઍટેક સફળ થયાના હર્ષોલ્લાસમાં આવા કેટલાય આઘાતજનક બનાવો સર્જાયાનું દુઃખ પણ ભળેલું હતું. સફળતા બહુ મોટી હતી. જાપાનનાં કુલ ૩૫૩ વિમાનોએ ૧૨ અમેરિકી યુદ્ધજહાજોને ડૂબાડ્યાં હતાં અને બીજાં ૯ યુદ્ધજહાજોને સખત નુકશાન પહોંચાડી નકામાં કરી મૂક્યાં હતાં. અમેરિકાનાં ૧૬૪ વિમાનોનાં ફૂરચા કાઢી નાખ્યાં હતાં, જ્યારે ૧૫૯ વિમાનોને ઓછું-વધુ નુકશાન થયું હતું. માર્યા ગયેલા અમેરિકનોની સંખ્યા ૨,૩૮૮ હતી. બીજા ૧,૧૭૮ જણા ઘવાયા હતા. આની સામે જાપાને ૨૯ વિમાનો અને ૬૪ પાયલટો તથા નાવિકો ગુમાવ્યા. અગાઉ બે મિનિ સબમરિનો ગુમાવ્યા બાદ વળતા પ્રવાસ વખતે જાપાની નૌકાદળે વધુ ચાર સબમરિનોની ખુવારી વેઠવી પડી. બન્યું એવું કે વિમાનવાહક જહાજો, ક્રૂઝરો તથા વિનાશિકાઓનો નૌકાકાફલો તડામાર ઝડપે પશ્ચિમ દિશામાં ટોકિયો તરફ ધસતો હતો ત્યારે ત્રણ મિનિ સબમરિનો તથા એક મોટી સબમરિન હજી ઓહુ ટાપુની નજીકમાં હંકારતી હતી. વળતો પ્રવાસ તેમણે રહી રહીને આરંભ્યો હતો. દરમ્યાન પ્રશાન્ત મહાસાગરમાં હંકારતું (અને પર્લ હાર્બર તરફ જતું) અમેરિકન નૌકાદળનું વિમાનવાહક જહાજ 'એન્ટરપ્રાઇઝ' તેમને સામું મળ્યું! 'એન્ટરપ્રાઇઝ'ના ડેપ્થ ચાર્જે ચારેય સબમરિનોનો ઘડોલાડવો કરી દીધો. સમુદ્રના તળિયે તેમને પહોંચતી કરી!



◆ પર્લ હાર્બર પર હલ્લો બોલાવ્યા બાદ ઝીરો તથા નાકાજિમા (નીચેનો ફોટો) પ્રકારનાં વિમાનોની ટુકડીઓએ જાપાની નૌકાકાફલા તરફનો પ્રવાસ આરંભ્યો.



◆

ટોકિયોમાં વડા પ્રધાન જનરલ હિદેકી તોજોનું ધ્યાન હવે પર્લ હાર્બર પર ન હતું. નૌકાસેનાપતિ એડમિરલ ઇસોરોકુ યામામોતોનું પણ નહિ. 'તોરા! તોરા ! તોરા!'નો મેસેજ પ્રાપ્ત થયો એ


Daily Mail
JAPAN DECLARES WAR ON BRITAIN AND AMERICA
Heavy Bombing of Honolulu and Guam: Hundreds Dead
'BRITISH WARSHIPS IN ACTION' REPORT
DESERT BATTLE RAGES
Japanese Seize Shanghai
New York All Set for Air Raids
EMBASSY IS 'WIDE

જ ઘડીએ તેમણે પોતાના ખુશ્કીદળને તથા નૌકાદળને અગ્નિ એશિયા પર ફરી વળવાનો હુકમ આપી દીધો હતો. બ્રિટને તેના કબજા નીચેના હોંગ કોંગમાં ૧૧,૦૦૦નું સૈન્ય રાખ્યું હતું. મલાયામાં તેના ૮૮,૦૦૦ સૈનિકો હતા. (ભારતીયોનો પણ તેમાં સમાવેશ થતો હતો.) બ્રહ્મદેશમાં ૩૫,૦૦૦ હતા. જાવા-સુમાત્રામાં નેધરલેન્ડના લશ્કરનું સંખ્યાબળ ૨૫,૦૦૦ હતું. ઉપરાંત ૪૦,૦૦૦ અનામત સૈનિકો હતા. અમેરિકાની છત્રછાયા હેઠળના ફિલિપાઇન્સમાં ૩૧,૦૦૦ અમેરિકનો તથા ૧,૧૦,૦૦૦ ફિલિપિન સૈનિકોની ફોજ હતી. વૉશિંગ્ટનમાં પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ જાપાન સામે યુદ્ધ જાહેર કરે એ પહેલાં તો જાપાને યુદ્ધનો ખેલ શરૂ કરી દીધો, જેથી અમેરિકાને પૂર્વતૈયારીનો સમય પણ મળે નહિ. ફક્ત ૧૭ દિવસમાં તેણે બ્રિટિશ કબજાનું હોંગ કોંગ જીતી લીધું. મલાયા ૫૪ દિવસે તેની એડી નીચે આવ્યું. બ્રિટિશ કબજાના જ સિંગાપુરે ૬૯ દિવસે જાપાનની શરણાગતિ સ્વીકારી. પેટ્રોલિયમની રેલમછેલ ધરાવતા ડચ ઇસ્ટ ઇન્ડિઝનો (જાવા, સુમાત્રા, બોર્નિયાનો) વારો ૮૨ મે દિવસે આવ્યો. બરાબર ૯૦ દિવસે બ્રહ્મદેશ જાપાની સૈન્યના હાથમાં ગયું, જ્યારે ફિલિપાઇન્સમાં તો ૧૮૪ દિવસના તુમુલ સંગ્રામ દરમ્યાન ૩૦,૦૦૦ અમેરિકન સૈનિકોને ખતમ કરી જાપાને તે દેશ પર ઊગતા સૂર્યનો ધ્વજ લહેરાવ્યો. આની સામે જાપાનની ખુવારી ૧૨,૦૦૦ હતી.

અલબત્ત, બધું મળીને ૩ વર્ષ, ૮ મહિના અને ૨૨ દિવસ ચાલેલા બીજા વિશ્વયુદ્ધમાં સરવાળે તો જાપાનના ૨૧,૪૪,૦૫૭ સૈનિકો મરી ફીટ્યા. (એડમિરલ યામામોતો પણ ખરો ! આ નૌકાસેનાપતિ એપ્રિલ ૧૪, ૧૯૪૩ના રોજ સોલોમન ટાપુ જવા નીકળ્યો ત્યારે અમેરિકન ફાઇટર વિમાનોએ ભરઆકાશે તેનું વિમાન તોડી પાડ્યું હતું. યુદ્ધકેદી તરીકે પકડાયેલા જાપાનના બીજા લશ્કરી અફસરોને અમેરિકન લશ્કરે ફાયરિંગ સ્ક્વૉર્ડ સમક્ષ ખડા કરીને પરબારા ગોળીએ દીધા. પદભ્રષ્ટ કરાયેલા વડા પ્રધાન ફુમિમેરો કૉનોયેએ આત્મહત્યા કરીને પોતાનું જીવન ટૂંકાવ્યું.) આ લોહિયાળ યુદ્ધે તેના દોઢેક લાખ નાગરિકોનું પણ બલિદાન લીધું. શરૂઆતે પૃથ્વીના સમગ્ર પૂર્વ ગોળાર્ધમાં જાપાનનો ડંકો વાગ્યો અને છેલ્લે ઑગસ્ટ ૬ તથા ઑગસ્ટ ૯, ૧૯૪૫ના રોજ હિરોશિમા તેમજ નાગાસાકી પર અમેરિકાએ પર્લ હાર્બરનું સાટું વ્યાજ સાથે વાળનારા બે અણુબોમ્બ ફેંક્યા ત્યારે જાપાનનો મૃત્યુઘંટ વાગ્યો. એકમાત્ર પેટ્રોલિયમની નિકાસ પર અમેરિકાએ ફરમાવેલા પ્રતિબંધે માત્ર જાપાન માટે નહિ, સમગ્ર જગત માટે કેવડો મોટો અનર્થ સર્જ્યો !

પરંતુ બનવાકાળ હોય તે બનવું જ રહ્યું. ઇતિહાસ જેમ લખાવાનો હોય એમ જ લખાય તેમાં પણ બે મત નહિ.

--અને માટે જ ડિસેમ્બર ૭, ૧૯૪૧ના રોજ પર્લ હાર્બરની પાયમાલી થયા પછી અને વિશ્વયુદ્ધમાં જાપાન વિરૂદ્ધ અમેરિકાનો મોરચો ખૂલ્યા પછી બપોરે છેક ૩:૦૦ વાગ્યે હોનોલુલુની ટેલિગ્રાફ ઑફિસનો ટપાલી સાયકલ પર બેસીને એડમિરલ કિમેલના હેડક્વાર્ટર પર પહોંચ્યો. વાઇસ-એડમિરલ નગુમોનાં વિમાનો છેલ્લા બોમ્બ ફેંકીને વિદાય થયાં તેને ચાર કલાક વીતી ચૂક્યા હતા. આ ટેલિગ્રામ અમેરિકાના મુખ્ય સેનાપતિ જનરલ જ્યોર્જ માર્શલે પાઠવ્યો હતો. વૉશિંગ્ટનમાં તેણે પોતાની કચેરીને તાકીદ કરેલી કે ટેલિગ્રામ અર્જન્ટ મોકલવો, પરંતુ 'અર્જન્ટ' શબ્દ સાંભળીને તેના ડફોળ મદદનીશ ટેલિગ્રામને વ્યાપારી કે સામાજિક પ્રકારનો સમજી બેઠા. પોસ્ટ ઑફિસે તેનું ઑર્ડિનરીને બદલે અર્જન્ટ તરીકે બુકિંગ કરાવ્યું. લશ્કરી સંદેશાવ્યવહારના વાયરલેસ નેટવર્ક દ્વારા તત્કાળ ન મોકલાવ્યો. પરિણામે ટેલિગ્રામ એ જ રાત્રે નહિ, પરંતુ બીજે દિવસે બપોરે એડમિરલ કિમેલના હાથમાં આવ્યો. કિમેલે તે વાંચ્યો : 'હોનોલુલુના સમય મુજબ જાપાનીઓ સવારે સાડા સાત વાગ્યે અલ્ટીમેટમ રજૂ કરવાના છે. સાડા સાત પછી તેઓ ગમે ત્યારે પર્લ હાર્બર પર અણધાર્યો હુમલો લાવે, માટે બધા સંરક્ષણ દળોને સતર્ક કરી દો. નકલ રવાના : લેફ્ટનન્ટ-જનરલ વૉલ્ટર શૉર્ટ.'

તાર વાંચીને એડમિરલ કિમેલ સ્તબ્ધ બની ગયો. કપાળે પસીનો બાઝ્યો. ચેતવણી તેને સમયસર મળી હોત તો ?


--તો પર્લ હાર્બર પર હુમલો થાત નહિ, કેમ કે વાઇસ-એડમિરલ નગુમોને અપાયેલી સૂચના મુજબ જો અમેરિકનો સતર્ક જણાય તો જાપાની નૌકાકાફલાએ આક્રમણનું જોખમ ખેડ્યા વગર પાછા વળી જવાનું હતું. વિચારો કે કાફલો સાચે જ પાછો વળી ગયો હોત તો?

--તો અમેરિકા કદાચ બીજા વિશ્વયુદ્ધમાં ઝંપલાવત નહિ, કેમ કે દેશનું અર્થતંત્ર સુધારવા માગતા પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટને યુદ્ધ ટાળવું હતું. વિચારો કે અમેરિકાએ સાચે જ વિશ્વયુદ્ધમાં બ્રિટનને પડખે રહી ભાગ ન લીધો હોત તો ?

--તો હિટલર કદાચ હાર્યો ન હોત, જર્મની સામે રશિયા જીત્યું ન હોત, ફ્રાન્સ જેવા ડઝનેક યુરોપી દેશો નાઝી હકૂમતના ગુલામ બન્યા હોત, બ્રિટનનો પરાજય થતાં ભારત જેવા દેશોને આઝાદી વહેલી મળી જાત અગર તો જર્મનીનું શાસન તેમના પર શરૂ થાત--અને જાપાનના હિરોશિમા તથા નાગાસાકી પર અણુબોમ્બ તો કદાપિ ફેંકાત નહિ !

--પરંતુ આમાનું કશું ન બન્યું, કેમ કે તે બનવાકાળ ન હતું. પરિણામે તેને બનતું રોકવા માટે એક ટૂંકો અમથો ટેલિગ્રામ નિમિત્ત બન્યો !

ઇતિહાસને પોતાનું ધાર્યું કરવા માટે આમેય નાના અમથા બહાના સિવાય બીજું શું જોઇએ ?■




◆ બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ ચાલેલા અદાલતી ખટલામાં મોતની સજાનો ચુકાદો સાંભળી રહેલો હિદેકી તોજો.

3

બીજા વિશ્વયુદ્ધને ઐતિહાસિક મોડ આપનાર સંગ્રામ : ધ બેટલ ઑફ મિડવે

વિશ્વ માટે વીસમી સદીનો ઈતિહાસ જેણે મુખ્ય કરીને રચ્યો તે બીજા વિશ્વયુદ્ધનો ઈતિહાસ પોતે ઘણા ઐતિહાસિક સંગ્રામો વડે ભરપૂર છે. એક સંગ્રામ છે અમેરિકા અને જાપાન વચ્ચે ખેલાયેલો ધ બેટલ ઑફ મિડવેનો, જેનું પરિણામ જે આવ્યું તેના કરતાં રખે જુદું આવ્યું હોત તો વિશ્વનો નકશો આજે છે એવો કદાચ હોત નહિ.

દુનિયાના વર્તમાન નકશાને પળવાર ભૂલી સાવ જુદા નકશાનું કલ્પનાચિત્ર નજર સામે લાવો કે જેમાં અનેક દેશોના રાજકીય સીમાડા અત્યારે છે એવા નથી. સીમાડા જુદી રીતે અંકાયેલા છે. ચિત્રમાં નર્યો કલ્પનાવિહાર છે અને વાસ્તવિકતાને સંપૂર્ણ રીતે તિલાંજલી આપવાની છે એવું સમજી ન બેસતા, કારણ કે વાસ્તવમાં ભાગ્યે જ અને ઉપરાઉપરી તો કદી ન બની શકતા અમુક બનાવો જો ખરેખર ન બન્યા હોત તો જગતનો રાજકીય નકશો આજે કેવો હોત તેનો ડરામણો ચિતાર એ કલ્પનાચિત્રમાં મળે છે. અલબત્ત, પહેલાં તો કલ્પનાને બદલે એક વાસ્તવિક તથા મહત્ત્વના ઐતિહાસિક બનાવની વાત કરીએ.



બીજા વિશ્વયુદ્ધનો ૧૯૪૧ ની આખરનો સમય છે. અમેરિકા તે યુદ્ધમાં ઝંપલાવવા માગતું નથી, એટલે પ્રશાન્ત મહાસાગરમાં બ્રિટન અને જાપાન વચ્ચે ચાલતા દરિયાઇ સંગ્રામ વચ્ચે પોતાનું એકાદ યુદ્ધજહાજ અડફેટે ન ચડી જાય અને રાજકીય કટોકટી ન સર્જાય એટલા માટે તેણે એ મહાસાગરમાં હંકારતાં પોતાનાં બધાં જહાજોને હવાઇ ટાપુના પર્લ હાર્બર નૌકામથકે તેડાવી લીધાં છે. અમેરિકા સામે ધરાર લડવા માગતા જાપાન માટે પર્લ હાર્બર એ રીતે આકર્ષક નિશાન બની રહે છે. ઓચિંતો હવાઇ હુમલો કરી તે પ્રશાન્તના અમેરિકી નૌકાકાફલાનો ખાત્મો કરી શકે તેમ છે. જાપાનની બદદાનત વિશે અમેરિકાને જરાસરખીયે ખબર નથી, તો બધાં અમેરિકી યુદ્ધજહાજો પર્લ હાર્બરમાં જેમનાં તેમ લાંગર્યાં હોવાનું માની પોતાના નૌકાકાફલાને ગુપચુપ પર્લ હાર્બર તરફ રવાના કરનાર જાપાન બીજી અગત્યની વાતે અજાણ છે. અને તે વાત એ કે ડિસેમ્બર ૭, ૧૯૪૧ ની નિયત તારીખે હુમલો થાય તેના થોડા દિવસ પહેલાં અમેરિકાનાં ત્રણ વિમાનવાહક જહાજો એક યા બીજા કારણસર પર્લ હાર્બર છોડી જુદી જુદી દિશામાં હંકારી ગયાં છે. 'સારાટોગા' નામનું વિમાનવાહક જહાજ સર્વિસિંગ અને પરચૂરણ સમારકામ માટે અમેરિકાના પશ્ચિમ કાંઠે આવેલા નૌકામથક તરફ જતું રહ્યું છે, તો 'લેક્સિંગ્ટન' તેમજ 'એન્ટરપ્રાઇઝ' નામનાં વિમાનવાહક જહાજો પૂર્વ તરફ વૅક ટાપુના ઍરબેઝને નવાં વિમાનો પહોંચાડવા ગયાં છે. વૅકથી પાછા ફરવામાં તેમને દસ કે બાર દિવસ કરતાં વધુ સમય લાગવાનો નથી, પણ મહત્ત્વની બાબત એ કે જાપાનીઓ પર્લ હાર્બર પર ત્રાટકીને જે ૧૨ અમેરિકી મનવારોને જળસમાધિ આપે અને બીજાં ૯ યુદ્ધજહાજોને ભારે નુકસાન પહોંચાડે તેમાં સદ્ભાગ્યે 'એન્ટરપ્રાઇઝ'નો, 'સારાટોગા'નો અને

‘લેક્સિંગ્ટન’નો સમાવેશ થવાનો નથી. નસીબની એ બલિહારી છે. ઈતિહાસે માત્ર યોગાનુયોગ સર્જીને જાપાન પર કરેલો એ કટાક્ષ પણ છે.

હવે કલ્પનાચિત્રનો વારો, જેની પાછળ ડોકાતી વાસ્તવિકતા ડરામણી છે. ‘એન્ટરપ્રાઇઝ’, ‘સારાટોગા’ અને ‘લેક્સિંગ્ટન’નો પ્રવાસ કેટલાક દિવસ મોડો યોજવાનું નક્કી થાય છે અથવા તો પ્રવાસ ઘણા દિવસ વહેલો શરૂ કરી ડિસેમ્બર ૭, ૧૯૪૧ પહેલાં તેઓ પર્લ હાર્બર ખાતે પાછાં આવી જાય છે, જ્યાં દુશ્મનના અણધાર્યા હુમલા પછી તેમનું નામોનિશાન રહેતું નથી. અમેરિકન નૌકાદળના પ્રશાન્ત કાફલામાં ત્યાર પછી ‘યોર્કટાઉન’ નામનું ફક્ત એક વિમાનવાહક જહાજ બચે છે, જેના વડે ૧૮,૦૦,૦૦,૦૦૦ ચોરસ કિલોમીટરમાં પથરાયેલા પ્રશાન્ત મહાસાગરમાં આણ ફેલાવવી અમેરિકા માટે શક્ય નથી. આ મહાસાગરનાં બધાં અમેરિકી ટાપુમથકોને જીતી લીધાં પછી જાપાન પોતાની આગોતરી ઘડાયેલી વ્યૂહાત્મક રણનીતિ મુજબ ઑસ્ટ્રેલિયાને જીતી તેને વિખૂટું પાડી દે છે, જેથી બ્રિટનને એ દેશની સૈનિકસહાય પહોંચે નહિ. ઉત્તર અને પૂર્વ ચીનનો, તાઇવાનનો, ફિલિપાઇન્સનો, કોરિયાનો અને ફ્રેન્ચ હિન્દી-ચીનનો એટલે કે વિયેતનામનો પ્રદેશ તો જાપાનના ઝંઝાવાતી લશ્કરે ક્યારનો જીતી લીધો છે.

વિશેષ મહત્ત્વાકાંક્ષી પ્લાન ત્યાર પછીનો છે : દરિયાઇ મોરચે અમેરિકાની ધાક ટળ્યા પછી ઈન્ડોનેશિયા (ડચ ઈસ્ટ ઈન્ડિઝ), બ્રહ્મદેશ, મલાયા, સિંગાપુર અને છેવટે ભારત પર ફરી વળવું અને ત્યાર બાદ હિટલર સાથે કરાયેલી સમજૂતી મુજબ નાઝી સેના પશ્ચિમમાં રશિયા પર હુમલો કરે એ જ વખતે પૂર્વમાં જાપાનની ૧૦,૦૦,૦૦૦ ની સેનાએ ચઢાઇ કરી રશિયાને બે ટુકડે વહેંચી દેવું તથા વહેંચી લેવું, જેથી તેનો શસ્ત્રસરંજામ અને સાધનસંપત્તિ છેવટે બ્રિટન-અમેરિકાને હરાવવા માટે કામ લાગે. પ્લાનનો આખરી મકસદ તથા અંજામ ટૂંકમાં એ કે પૃથ્વીના પશ્ચિમ ગોળાર્ધ પર આધિપત્ય જર્મનીનું, તો પૂર્વ ગોળાર્ધ પર જાપાનનું ! ઈનામ પેટે અડધી પૃથ્વી તો મળવી જોઇએ, નહિતર અમેરિકા નામના સૂતેલા સિંહનું પર્લ હાર્બરમાં પૂંછડું આમળી તેને છંછેડ્યાનો અર્થ શો ? આ પ્લાનની સફળતા દુનિયાના નકશાને બદલી નાખે છે. શહેનશાહ હિરોહિતોના જાપાનની વિજયકૂચને અમેરિકા રોકી શકતું નથી, કારણ કે તેની પાસે અણુબોમ્બ નથી. આ બ્રહ્માસ્ત્ર બનવા આડે હજી ચારેક વર્ષ જેટલી વાર છે--અને ચોથે વર્ષે તે બની રહે તો પણ એ દરમ્યાન વિશાળ સામ્રાજ્યમાં ફેરવાયેલું જાપાન તેના બેએક પ્રહારોને ગણકારે ખરૂં ?



◆ હવે કોનો વારો? એશિયાઇ દેશો પર વિજયધ્વજ ખોડી દીધા પછી જાપાનની નજર મિડવે પર હતી.



આ કલ્પનાચિત્ર છેવટે સાકાર કેમ ન બન્યું ? અદ્‌ભુત ઝનૂન અને સંહારશક્તિ ધરાવતા જાપાની લશ્કરે માત્ર ૧૫,૦૦૦ સૈનિકોની, ૩૮૦ વિમાનોની અને ૪ વિનાશિકાઓની ખુવારી વેઠીને ચાર મહિનામાં જ ચીનનું મંચુરિયા, હોંગ કોંગ, મલાયા, સિંગાપુર, હિન્દી-ચીન અને ઈન્ડોનેશિયા જીતી લીધા હતા અને પાંચમે મહિને ફિલિપાઇન્સ સર કર્યું હતું. પરંતુ એ પછી પ્રશાન્ત મહાસાગરમાં એવું જીવસટોસટનું દરિયાઇ અને હવાઇ યુદ્ધ જામ્યું કે જે અમેરિકા કદાપિ જીતી શકવાનું ન હતું, છતાં ચમત્કારો જેવા આકસ્મિક બનાવોની પરંપરાએ હારને બદલે વિજયનો હાર તેની ઝોળીમાં નાખી દીધો. અમેરિકનો પોતે અચરજ પામી જાય એ રીતે પૃથ્વીના પૂર્વ ગોળાર્ધમાં બીજા વિશ્વયુદ્ધની બાજીને ફેરવી નાખી. ઈતિહાસમાં ‘ધ બેટલ ઑફ મિડવે’ તરીકે પંકાયેલા તે યુદ્ધનું સુપરસ્ટાર યુદ્ધજહાજ છ મહિના અગાઉ પર્લ હાર્બર ખાતે માત્ર યોગાનુયોગે ગેરહાજર રહેલું ૨૦,૦૦૦ ટનનું વિમાનવાહક જહાજ ‘એન્ટરપ્રાઇઝ’ હતું. આ તુમુલ સંગ્રામ દરમ્યાન નોંધાયેલા સંખ્યાબંધ આકસ્મિક બનાવો પૈકી એ તો માત્ર એક બનાવ હતો.

યુદ્ધની તવારીખમાં ‘ધ બેટલ ઑફ મિડવે’ને હંમેશ માટે યાદગાર કરી દેનાર બીજા અનેક બનાવોની થ્રિલરકથા ઓર હેરતઅંગેજ છે.

દરિયો પ્રશાન્ત મહાસાગરનો અને સમય ૧૯૪૨ ના મે માસની આખરે વહેલી સવારનો.

જાપાનના શાહી નૌકાદળની હળવી ક્રૂઝર ‘નાગારા’ તેના ફણાદાર મોરા વડે શાંત પાણીને ચીરતી, બેય તરફ છાલકો ઊડાડતી અને પાછળ નીલવર્ણી જળસપાટી પર ધોળકાતા ફીણનો પટ્ટો આંકતી ૩૦ કિલોમીટરની ઝડપે ઉગમણી દિશા તરફ આગળ વધી રહી હતી. જળસપાટી નીચે જુદી કિસમનાં મોજાં ફેલાતાં હતાં, જે ‘નાગારા’ના સોનાર યંત્રનાં હતાં. આ મોજાંને દુશ્મન સબમરિનોની તલાશ હતી. છ મહિના અગાઉ જો કે પર્લ હાર્બર પર થયેલા જાપાનના અણધાર્યા હવાઇ આક્રમણે મારેલા ફટકાની કળ અમેરિકાને હજી વળી ન હતી અને જાપાની પ્રભાવ હેઠળના સમુદ્રમાં તેણે એકલદોકલ સબમરિનોને શિકાર માટે ફરતી રાખવાનું સાહસ કર્યું ન હતું. જાપાનીઓ પાસે વિમાનવાહક જહાજો મોટી સંખ્યામાં હોય અને જહાજોનાં વિમાનો ડેપ્થ ચાર્જ (જળગોળા) વડે સજ્જ હોય ત્યારે શક્તિશાળી નૌકાકાફલાના રક્ષણ વિના સબમરિન ખાસ કરીને તેની હાજરી છતી થયા પછી સલામત રહી શકે નહિ.

શક્તિશાળી નૌકાકાફલો કેવો હોય એ તો જાપાની ક્રૂઝર ‘નાગારા’ની વાજોવાજ હંકારી રહેલાં બાકીનાં યુદ્ધજહાજો કહી આપતાં હતાં. આ ક્રૂઝરની બિલકુલ પાછળ ૧૧ વિનાશિકાઓ (ડિસ્ટ્રોયર) અને તે પછી બીજી એક ભારે ક્રૂઝર હતી; ત્યાર બાદ ત્રણેક કિલોમીટરના અંતરે ‘હારૂના’ અને ‘કિરિશિમા’ નામનાં ૩૦,૦૦૦ ટનનાં બે વિરાટકાય યુદ્ધજહાજો (બેટલશિપ) અને તેમના પછી ચાર વિમાનવાહક જહાજો ‘અકાગી’, ‘હિરયુ’, ‘કગા’ અને ‘સોરયુ’ હંકારી રહ્યાં હતાં. આ જહાજોનાં વિમાનોએ જ પર્લ હાર્બરના અમેરિકી નૌકામથકને છ મહિના

પહેલાં કબાડીખાનામાં અને કબ્રસ્તાનમાં ફેરવી નાખ્યું હતું. અમેરિકાની બાર યુદ્ધજહાજો ઉપરાંત તેનાં ૧૬૪ વિમાનો અને ૨,૩૮૮ અમેરિકન નાવિકોનો ભોગ લીધો હતો.

આ વખતે જાપાની નૌકાકાફલાના સેનાપતિ વાઇસ-એડમિરલ ચુઇચી નગુમો માટે લક્ષ્યાંક જુદું હતું. પર્લ હાર્બર નહિ, પણ તેની ૨,૧૦૦ કિલોમીટર પશ્ચિમે આવેલા મિડવે ટાપુ પર દરિયાઇ, હવાઇ અને પછી ખુશ્કી મોરચે આક્રમણ કરી તેને જીતી લેવાનો હતો.






ઈસ્ટર્ન આઈલેન્ડ અને સેન્ડ આઈલેન્ડ કહેવાતા બે ટુકડે વહેંચાયેલા મિડવેનું કુલ ક્ષેત્રફળ માંડ પાંચ ચોરસ કિલોમીટર, એટલે પ્રશાન્ત મહાસાગરમાં માંડ ૦.૦૦૦૦૦૦૩૬% જગ્યા રોકતો મિડવે પૃથ્વીના નકશામાં તો શોધ્યો જડે નહિ. મચ્છરિયા ટાપુમાં જાપાને પોતાનો કયો વ્યૂહાત્મક સ્વાર્થ જોયો કે તેને કબજે લેવા વાઇસ-એડમિરલ નગુમોની સરદારી નીચે તેણે આવડો વિરાટ નૌકાકાફલો રવાના કર્યો? જાપાનનું આખરી નિશાન તો મિડવેને બદલે પર્લ હાર્બરનું નૌકામથક હતું, પણ તેના પર સીધો હુમલો કરવામાં આપદા પડે તેમ હતી. જાપાનથી પર્લ હાર્બરનો હવાઇ ટાપુ ૩,૮૫૦ કિલોમીટર છેટે હોવાને કારણે ત્યાં સુધીનો લાંબો પ્રવાસ છેવટ સુધી ગુપ્તતા જાળવી નિર્વિઘ્ને ખેડી શકાય નહિ. અગાઉ પેલા 'તોરા ! તોરા ! તોરા!'ના હુમલા માટે ખેડી શકાયો, કેમ કે એ વખતે અમેરિકનો સતર્ક ન હતા. હવે તેમણે પર્લ હાર્બરની ફરતે પેટ્રોલિંગ કરતાં વિમાનોને સતત ઊડતાં રાખી આકાશી જાપ્તો દૂર સુધી લંબાવ્યો હતો. આથી જાપાન સૌ પ્રથમ મિડવેને પોતાનું લશ્કરી મથક બનાવીને ત્યાં કાફલાની જમાવટ કર્યા બાદ પર્લ હાર્બર પર જંગી પાયે આક્રમણ કરવા માગતું હતું. એક કાંકરે બીજું પક્ષી એ મરે કે મિડવેના રક્ષણ માટે અમેરિકન નૌકાદળ પ્રશાન્ત મહાસાગરમાં જે શેષ બચેલાં યુદ્ધજહાજોને દરિયાઇ યુદ્ધમાં ઉતારે તેમાંનાં ઘણાંને મહાસાગરના તળિયે ઉતારી દેવાયાં બાદ પ્રશાન્ત મહાસાગર 'જાપાની સરોવર' બની રહેવાનો હતો. આ વ્યૂહાત્મક લક્ષ્ય પણ મિડવે તરફ આગળ વધતા જાપાની કાફલાની રણનીતિના કેન્દ્રમાં હતું.


વાઇસ-એડમિરલ નગુમોની સરદારી નીચે હંકારતો કાફલો બહુ મોટો હોવા છતાં વાસ્તવમાં તે ઓર જંગી રસાલાના એક ભાગરૂપ હિસ્સા તરીકે રચાયો હતો, કેમ કે તેની પાછળ ૯૫૦ કિલોમીટર છેટે અને સહેજ દક્ષિણે જાપાનના સર્વોચ્ચ નૌકાસેનાપતિ એડમિરલ ઈસોરોકુ યામામોતોનો બીજો નૌકાકાફલો મિડવેની દિશામાં આગળ વધી રહ્યો હતો. આ નૌકાબેડામાં એક વિમાનવાહક જહાજ ઉપરાંત બેટલશિપ

અકાગી



વજન : ૩૬,૫૦૦ ટન	લંબાઈ : ૨૬૦.૬ મીટર	પહોળાઈ : ૩૧.૩ મીટર	ઝડપ : ૫૭ કિલોમીટર
એન્જિનશક્તિ : ૧,૩૩,૦૦૦ હોર્સપાવર	વિમાનવિરોધી તોપો : ૨૬	વિમાનો : ૪૩	નાવિકો અને પાયલટો : ૧,૩૪૦

કગા




વજન : ૩૮,૨૦૦ ટન	લંબાઈ : ૨૪૭.૬ મીટર	પહોળાઈ : ૩૨.૫ મીટર	ઝડપ : ૫૨.૪ કિલોમીટર
એન્જિનશક્તિ : ૧,૨૭,૪૦૦ હોર્સપાવર	વિમાનવિરોધી તોપો : ૨૪	વિમાનો : ૯૦	નાવિકો અને પાયલટો : ૨,૦૧૬

હિરયુ



વજન : ૧૭,૩૦૦ ટન	લંબાઈ : ૨૨૭.૪ મીટર	પહોળાઈ : ૨૨.૩ મીટર	ઝડપ : ૬૩.૫ કિલોમીટર
એન્જિનશક્તિ : ૧,૫૨,૦૦૦ હોર્સપાવર	વિમાનવિરોધી તોપો : ૧૮	વિમાનો : ૬૪	નાવિકો અને પાયલટો : ૨,૦૧૬

સોરયુ



વજન : ૧૫,૯૦૦ ટન	લંબાઈ : ૨૨૭.૫ મીટર	પહોળાઈ : ૨૧.૩ મીટર	ઝડપ : ૬૩.૮ કિલોમીટર
એન્જિનશક્તિ : ૧,૫૨,૦૦૦ હોર્સપાવર	વિમાનવિરોધી તોપો : ૨૦	વિમાનો : ૪૩	નાવિકો અને પાયલટો : ૧,૧૦૦



◆ ઘાસની ગંજી માંહ્યલી સોય : ભૌગોલિક રીતે મિડવે ટાપુ ભલે મિનિ હતો, પણ જાપાન માટે ખૂબ મહત્ત્વનો હતો.

પ્રકારનાં ૩ યુદ્ધજહાજો અને બે ક્રૂઝર મનવારો, કેટલીક વિનાશિકાઓ તથા સબમરિનો હતી. કાફલામાં સૌથી ધ્યાનાકર્ષક હોય તો એડમિરલ યામામોતોનું ધ્વજજહાજ 'યામાતો', જે બીજા વિશ્વયુદ્ધના અરસાનું સૌથી મોટું બેટલશિપ હતું. લગભગ ૨૬૩ મીટર લાંબું અને ૬૪,૦૦૦ ટનનું ! ચાલીસ સેન્ટિમીટર જાડા પોલાદી બખ્તર વડે મઢી લેવાયેલા 'યામાતો'ને નાની-મોટી ૬૧ તોપો વડે સજ્જ કરાયું હતું !

જાપાનથી નગુમોનો કાફલો મે ૨૬, ૧૯૪૨ ના દિવસે રવાના થયો, તો યામામોતોના નૌકાબેડાએ બે દિવસ પછી મે ૨૮, ૧૯૪૨ ના રોજ સફર આરંભી હતી. દરમ્યાન ત્રીજો ટ્રાન્સપોર્ટ કાફલો અગ્નિ એશિયાથી ૫,૦૦૦ જાપાની સૈનિકો ઉપરાંત શસ્ત્રો, દારૂગોળા અને ખાધાખોરાકીના પુરવઠા સાથે મે ૨૭, ૧૯૪૨ ના દિવસે નીકળી ચૂક્યો હતો. એડમિરલ કોન્દોના તે રસાલામાં ૧૨ સૈનિકવાહક જહાજો, ૪ ભારે ક્રૂઝરો, એક વિમાનવાહક જહાજ અને બે બેટલશિપ હતાં. દરિયાઇ અને હવાઇ યુદ્ધ જીતાયા પછી એ સૈનિકોએ મિડવેના સાગરતટે દુશ્મનોની પાંખી હરોળ સામે ઔપચારિક યુદ્ધ ખેલીને ટાપુ કબજે લેવાનો હતો.

એડમિરલ યામામોતોનો લશ્કરી પ્લાન મહત્ત્વાકાંક્ષી હતો. યુદ્ધકળાના તકાદા અનુસાર દરેક મહત્ત્વાકાંક્ષી પ્લાન હંમેશાં છેવટ સુધી ગુપ્ત રહેવો જોઇએ અને રખે દુશ્મનને તેની જાણ થાય તો એ જાણકારી હંમેશાં ગેરમાર્ગે દોરનારી હોવી જોઇએ. યામામોતોએ બન્ને વાતે પૂરતી કાળજી લીધી હતી. પહેલી એ કે પ્રવાસના આરંભ પછી બધાં જહાજો 'રેડિઓ સાયલેન્સ' જાળવી રહ્યાં હતાં. જહાજો વચ્ચે બિનતારી સંદેશાવ્યવહાર બંધ હતો. આસપાસમાં ક્યાંક અજાણી સબમરિન કે જહાજ દેખાય તો તેને તત્કાળ ફૂંકી દેવાનો આદેશ યામામોતોએ બેટલશિપ પ્રકારનાં મોટાં યુદ્ધજહાજોને તથા એન્ટિ-સબમરિન વિનાશિકાઓને આપી રાખ્યો હતો. આમ છતાં દુશ્મનોને ગંધ પહોંચે એવી સંભાવના નકારી પણ શકાય નહિ. ગંધ પારખ્યા બાદ અમેરિકનોના મગજમાં જાપાનની મુરાદ વિશે ભળતી ધારણાનું બીજ રોપાય એ માટે એડમિરલ યામામોતોએ જુદી તકેદારી લીધી હતી. બે વિમાનવાહક જહાજો, ૪ બેટલશિપ, બે ક્રૂઝરો તેમજ વિનાશિકાઓ અને ૨,૪૦૦ સૈનિકો ધરાવતાં ત્રણ ટ્રાન્સપોર્ટ જહાજોને તેણે ઉત્તર તરફ અલાસ્કા ભૂશિરના એલુશિયન ટાપુસમૂહની દિશામાં મોકલ્યાં હતાં. એલુશિયનમાં પણ અમેરિકાનું મોટું નૌકામથક હતું, એટલે જાપાનીઓ તેને નિશાન બનાવવા લલચાય તેમાં (અમેરિકનોની દૃષ્ટિએ) આશ્ચર્ય નહિ. આ કાફલાને એડમિરલ યામામોતોએ 'રેડિઓ સાયલેન્સ'ની કડક સંચારબંધી લાગુ નહોતી પાડી એટલું જ નહિ, પણ દુશ્મનની નજરે ચડી ગયા પછીયે તેણે એલુશિયન તરફ પ્રવાસ ચાલુ રાખી હુમલો કરવાનો હતો.

આ ચોથા નૌકાકાફલાને પણ જુદા નાટકીય ખેલના પાત્ર તરીકે ગણનામાં લો તો ચારેય નૌકાકાફલાનું સંખ્યાબળ અમેરિકનોની છાતીનાં પાટિયાં બેસાડી દે તેવું હતું. બધું મળીને ૮ વિમાનવાહક જહાજો, ૧૧ બેટલશિપ પ્રકારનાં તોતિંગ યુદ્ધજહાજો, ૨૨ ક્રૂઝર મનવારો, ૬૫ વિનાશિકાઓ, ૨૧ સબમરિનો, ૨૦૦ નાની મનવારો તથા પુરવઠા જહાજો, લગભગ ૭૦૦ વિમાનો અને કુલ ૭,૪૦૦ શસ્ત્રસજ્જ સૈનિકો!

આની સામે પ્રશાન્ત મહાસાગરમાં અમેરિકનોની નૌકાતાકાત કેટલી હતી? કે પછી તાકાતમાં ઉણપ કેટલી હતી ? જુઓ આંકડા : વિમાનવાહક જહાજો ૩ હતાં, જેમાંનું એક જહાજ 'યોર્કટાઉન' તો થોડા મહિના અગાઉ જાપાન સામેના બેટલ ઑફ ધ કોરલ સી નામના સાગરસંગ્રામમાં ઘવાયા પછી લડવા માટે યોગ્ય રહ્યું ન હતું. ક્રૂઝર મનવારો ફક્ત ૮ હતી. વિનાશિકાઓ અને સબમરિનો અનુક્રમે ૧૮ અને ૨૫ હતી. બેટલશિપ તો એક પણ નહિ. બળાબળનો ચોખ્ખો રેશિયો : ત્રણ સામે એક ! એડમિરલ યામામોતોનો કાફલો ત્રણ ગણો વધુ બળવાન હતો. આ પ્રમાણમાપ જોતાં મિડવેના યુદ્ધમાં જાપાનનો સંગીન વિજય ન થાય તો નવાઇ, છતાં એ યુદ્ધ આડે હજી અઠવાડિયું બાકી હતું અને તે દરમ્યાન કેટલાક આકસ્મિક બનાવો શ્રેણીબદ્ધ બનવાના હતા.

◆

આશરે ૧,૭૦૦ કિલોમીટર છેટે અગ્નિ દિશા તરફના પર્લ હાર્બર ખાતે પ્રશાન્ત મહાસાગરના અમેરિકી નૌકાકાફલાનો સેનાપતિ એડમિરલ ચેસ્ટર નિમિટ્ઝ પોતાના હેડક્વાર્ટરમાં ચિંતાના અને વિષાદના બોજ તળે દબાતો પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતો બેઠો છે. પર્લ હાર્બર પર થયેલા જાપાની હુમલાએ અને ત્યાર પછીના બેટલ ઑફ ધ કોરલ સી નામના સાગરયુદ્ધે પરિસ્થિતિને હતાશાજનક બનાવવામાં કશું બાકી રહેવા દીધું નથી. કોરલ સીનું યુદ્ધ છેવટે હાર-જીતના ફેંસલા વગરનું નીવડ્યું, છતાં એડમિરલ નિમિટ્ઝે તેમાં 'લેક્સિંગ્ટન' નામનું એ વિમાનવાહક જહાજ ગુમાવવું પડ્યું કે જે પર્લ હાર્બર પરના હુમલા વખતે પોતાની ગેરહાજરીના પ્રતાપે બચી જવા પામ્યું હતું. હવે તે સાગરના તળિયે પહોંચી ચૂક્યું હતું, જ્યારે 'યોર્કટાઉન' નામના બીજા વિમાનવાહક



બળાબળની દૃષ્ટિએ જાપાનનું પલ્લું અમેરિકા કરતાં ભારે હતું, છતાં છેવટે યુદ્ધમાં કોનું પલ્લું નમે એ કોઇ જાણતું નહોતું !

જહાજને ગંભીર જખમો થયા હતા અને પર્લ હાર્બરની ગોદીમાં ઈજનેરો ઝડપી મરામત કરી માંડ તેને લડવાયોગ્ય બનાવી રહ્યા હતા. માળખાકીય સુધારાવધારા અને સમારકામ માટે અમેરિકાના પશ્ચિમ કાંઠે ગયેલું 'સારાટોગા' તો હજી કેલિફોર્નિયા રાજ્યના સાન ડિએગો નૌકામથકની સૂકી ગોદીમાં જરૂરી શસ્ત્રક્રિયાઓ કરાવતું પડ્યું હતું. કામકાજ પતવા આવ્યું હતું, છતાં દસ કે બાર દિવસ સુધી તે પર્લ હાર્બર પાછું ફરે એવી શક્યતા નિમિટ્ઝને દેખાતી ન હતી.

સૌથી વધુ લાચારીનો અનુભવ તેને એ વાતે થયો કે સાંકેતિક ભાષાના અમેરિકન નિષ્ણાતો જાપાની નૌકાદળની કોડ લેન્ગ્વેજનું અખરોટ તોડી શક્યા ન હતા. જાપાનનાં નૌકામથકો અને નૌકાકાફલાઓ વચ્ચે થતો દરેક કોડેડ વાર્તાલાપ પર્લ હાર્બરની ઊંચી ટેકરી પર ગોઠવવામાં આવેલી સૂક્ષ્મગ્રાહી એન્ટેના દ્વારા ઝીલી શકાતો હતો, પણ અર્થ ન સમજાય ત્યાં સુધી તે કામનો નહિ. જાપાનની ફક્ત diplomatic code/રાજદ્વારી સાંકેતિક ભાષાનું 'તાળું' અમેરિકન કોડબ્રેકર્સે ૧૯૪૦ માં તોડી નાખ્યું હતું અને તે વાત ખાનગી રાખી હતી. એપ્રિલ માસના અંતે નિમિટ્ઝને જાણવા મળ્યું કે જાપાનીઓ પ્રશાન્ત મહાસાગરમાં વધુ એક લક્ષ્યાંક પર હુમલાની તૈયારી કરતા હતા. આ લક્ષ્યાંકનું સાંકેતિક નામ AF હતું.

આ માહિતીએ એડમિરલ ચેસ્ટર નિમિટ્ઝના મગજમાં નવી જાણકારીનો પ્રકાશ પાડવાને બદલે તેને અસહ્ય મૂંઝવણમાં નાખી દીધો. ફિલિપાઇન્સ, ગુઆમ, વૅક ટાપુ, મલાયા, સિંગાપુર અને જાવા પછી જાપાનીઓ કયા નિશાન પર ડોળો માંડી રહ્યા હતા ? અંધારી ગુફામાં માર્ગ શોધતો ભૂલ્યો સાહસિક જે મનોદશાનો અનુભવ કરે એ જ સત્તાવન વર્ષીય નિમિટ્ઝને થયો. એક તરફ લગભગ ૧૮ કરોડ ચોરસ કિલોમીટરનો પ્રશાન્ત મહાસાગર અફાટ પડ્યો હતો, તો બીજી તરફ દુશ્મનના પ્રતિકાર માટે નિમિટ્ઝ પાસે એ મહાસાગરમાં ગમે ત્યાં પહોંચી બળુકા શત્રુનો પ્રતિકાર કરી શકે એટલાં લડાયક જહાજો ન હતાં. જાપાનના આગામી લક્ષ્યાંક AF વિશે માહિતી પ્રાપ્ત થયા પછી કેટલાય દિવસો તેણે અજંપામાં વીતાવ્યા. AF એટલે કયું સ્થળ? એલુશિયન ? મિડવે? સમોઆ? ફિજી? કે પછી ઑસ્ટ્રેલિયાનું ડાર્વિન કે જેના પર અગાઉ ફેબ્રુઆરી ૧૯, ૧૯૪૨ ના દિવસે જાપાને વિમાનવાહક જહાજો વડે અણધાર્યો અને સાહસભર્યો હવાઇહુમલો કરી ૧૧ લડાયક મનવારોને ડૂબાડી દીધી હતી ? હુમલાનું સ્થળ જાણ્યા વિના પ્રતિકારનો વ્યૂહ રચવો તે શતરંજના બોર્ડ પર હરીફનાં સોગઠાં જોયા વિના બાજી ખેલવા જેવું નામુમકિન કામ હતું.

અમેરિકાના કોડબ્રેકર્સ પર એડમિરલ નિમિટ્ઝને દાઝ ચડી, પરંતુ એ નિષ્ણાતો પણ તેની જેમ લાચાર હતા. જાપાનના નૌકાદળની સાંકેતિક ભાષાનું ધડમાથું તેમની સમજમાં આવતું ન હતું. પ્રશાન્ત મહાસાગરમાં બીજા નૌકાકાફલાઓ વચ્ચે


♦ જાપાનનું મુખ્ય સંદેશામથક, જ્યાંથી કોડેડ સંદેશાની આપ-લે કરાતી હતી. સંદેશાવ્યવહાર માટે જાપાની નૌકાદળે ભારે જટિલ 'ભાષા' વિકસાવી હતી.

ચાલતો જાપાની નૌકામથકોનો વાર્તાલાપ પર્લ હાર્બરનું જાસૂસીતંત્ર પોતાની એન્ટેના વડે ઝીલતું હતું, પણ આંતરી લેવાયેલા એ સંદેશા વાયરલેસ મથકના નિયામક કમાન્ડર જોસેફ રોશફોર્ટ માટે કૂડાકચરાના શાબ્દિક ઢગલા કરતાં વિશેષ ન હતા.

--અને ત્યારે જ લાખોં મેં એક જેવા અનેક બનાવોની શરૂ થતી હારમાળાનો પહેલો બનાવ મે, ૧૯૪૨ ના ત્રીજા અઠવાડિયે બન્યો. એડમિરલ ચેસ્ટર નિમિટ્ઝને પુષ્કળ માનસિક સંતાપ આપ્યા પછી નસીબ અમેરિકાના પક્ષે રહીને જાપાન સામે રમવા તૈયાર થયું અને પ્રથમ દાવમાં તેણે મહોરા તરીકે કમાન્ડર જોસેફ રોશફોર્ટને પસંદ કર્યો. રોશફોર્ટ વ્યવસાયી કોડબ્રેકર ન હતો, છતાં જાપાનના નૌકાદળની સાંકેતિક ભાષાના અમુક શબ્દો તેણે અટકળો કરીને (સાચા કે પછી ખોટા અર્થરૂપે) પારખ્યા હતા. કેટલાક શબ્દો તેને અમેરિકી જાસૂસી વિભાગે જણાવ્યા હતા. મે ૧૯, ૧૯૪૨ ના રોજ તે નિમિટ્ઝને મળ્યો અને પ્રસ્તાવ મૂક્યો :

'મને એક વિચાર આવે છે. મિડવે ટાપુ પર આપણા લશ્કરી મથકે પીવાલાયક પાણીની તંગી વરતાય છે એવો ડોળ આપણે રચીએ...'


એડમિરલ નિમિટ્ઝ


'પછી ?' એડમિરલ નિમિટ્ઝે ઉત્કંઠા દેખાડી.

'મિડવેનું આપણું મથક સાદી ભાષામાં વાયરલેસ મેસેજ દ્વારા અહીં પર્લ હાર્બરને જાણ કરે કે સમુદ્રના ખારા પાણીને પીવાલાયક બનાવતા પ્લાન્ટનું કન્ડેન્સર ફાટી ગયું છે, માટે તાકીદે મીઠા પાણીનો પુરવઠો મોકલો. પાણી શબ્દનો સાંકેતિક જાપાની શબ્દ હું અંદાજે પામી શક્યો છું, છતાં ખાતરીપૂર્વક કહી શકું નહિ. બીજી તરફ પ્રયોગ કરી જોવામાં પણ મને જોખમ દેખાતું નથી.'

'આ જાતનો ડોળ રચ્યાનો શો ફાયદો ?' આગળ કશું પૂછવાની જરૂર નિમિટ્ઝને ન લાગી, છતાં ઉત્સાહની લાગણી દાબી રાખી તેણે પૂછ્યું.

'મિડવેનો સંદેશો કાને પડ્યા બાદ જાપાનનું ભૂમિસ્થિત નૌકામથક તેના કાફલાને સાંકેતિક


હોર્નેટ


યોર્કટાઉન

ભાષામાં માહિતગાર કરશે. મારૂં અનુમાન જો સાચું હોય તો પેલો AF શબ્દ મેસેજમાં ક્યાંક પણ હોવો જોઇએ.' કમાન્ડર રોશફોર્ટ બોલ્યો.

'જોસેફ,' એડમિરલ નિમિટ્ઝે કહ્યું. 'એક વાત મને સમજાતી નથી.'

'કઇ ?'


'આ વિચાર મને કેમ ન આવ્યો?'

પર્લ હાર્બર ખાતેની અમેરિકન નૌસેનાનું એક લડાયક વિમાન એડમિરલ નિમિટ્ઝનો આદેશ મિડવેને પહોંચાડવા માટે વળતી સવારે ઉપડ્યું. ત્રીજે દિવસે મે ૨૧, ૧૯૪૨ ના રોજ મિડવેના વાયરલેસ મથકે સંદેશો પાઠવ્યો :

'અહીં તાજા પાણીના પ્લાન્ટનું કન્ડેન્સર ફાટ્યું છે. સમારકામમાં કેટલો સમય લાગે તે કહેવાય નહિ. દરમ્યાન તાજા પાણીના પુરવઠાની તાત્કાલિક જરૂર છે. બંદોબસ્ત કરો.'

મેસેજ પ્રાપ્ત થયા પછી કમાન્ડર જોસેફ રોશફોર્ટે ચોવીસ કલાક વીતી જવા દીધા. ૨૨ મી તારીખે બપોરે તેણે જવાબ પ્રસારિત કર્યો : 'પાણી ભરેલું બાર્જ જહાજ આજે રવાના કર્યું છે.'

હવે જાપાનના પ્રત્યાઘાતની રાહ જોવાતી હતી. થોડા જ કલાકો પછી ઑસ્ટ્રેલિયામાં ડાર્વિન ખાતે આવેલા અમેરિકી જાસૂસી મથકે જાપાની નૌકાદળનો સાંકેતિક મેસેજ ઝીલ્યો અને પર્લ હાર્બરને મોકલી આપ્યો. રોશફોર્ટની ધારણા સાચી ઠરી. 'પાણી' અને 'AF' એ બન્ને શબ્દો તેમાં મોજૂદ હતા ! હવે નક્કી થયું કે AF એટલે મિડવે ! જાપાનના ત્રણ નૌકાકાફલા AF પર આક્રમણ લાવી રહ્યા હતા.


એન્ટરપ્રાઇઝ

જાપાનની સાંકેતિક ભાષાનો મેસેજ આંશિક રીતે ઉકેલાયો તે બનાવને આનંદદાયક ગણવો કે આઘાતજનક ? નિમિટ્ઝ માટે હવે જ ખરી કસોટી શરૂ થઇ હતી. એક બાબત ચોક્કસ કે જાપાનીઓ પર્લ હાર્બરનું મિડવેમાં પુનરાવર્તન કરવા માગતા હતા. પર્લ હાર્બરમાં થયેલા કડવા અનુભવનો વ્યૂહાત્મક બોધપાઠ તો નિમિટ્ઝ પોતાની તર્કદૃષ્ટિએ ક્યારનો તારવી ચૂક્યો હતો. અમેરિકાનો મહાશક્તિશાળી કાફલો ત્યાં મોજૂદ હોવા છતાં તેમને રગદોળી નાખવામાં જાપાનને સફળતા કેમ મળી ?

--કેમ કે દરિયાઇ યુદ્ધ જીતવા માટે હવાઇ યુદ્ધ વિશેષ કારગત નીવડે એ વાત સ્વીકારવા કે વિચારવા પણ અમેરિકાના નૌકાસેનાપતિઓ તૈયાર ન હતા. વિરાટ કદનાં બેટલશિપને તેમણે હુકમના એક્કા ગણ્યાં હતાં. બેટલશિપ જેવી ભારે તોપો અને જાડું બખ્તર ન ધરાવતાં વિમાનવાહક જહાજોમાં તેમને બહુ શ્રદ્ધા ન હતી. પરિણામે ડિસેમ્બર ૭, ૧૯૪૨ ના રોજ જાપાને પર્લ હાર્બર પર મોત વરસાવ્યું એ વખતે પ્રશાન્ત મહાસાગરના અમેરિકન નૌકાકાફલામાં 'એન્ટરપ્રાઇઝ', 'લેક્સિંગ્ટન' અને 'સારાટોગા' એમ ફક્ત ત્રણ વિમાનવાહક જહાજો હતાં, જ્યારે બીજી તરફ જાપાન પાસે ૧૦ હતાં. કોઇ જાપાની બેટલશિપે નહિ, પણ વિમાનવાહક જહાજોના વિમાનોએ જ છેવટે પર્લ હાર્બરમાં અમેરિકાની તોતિંગ મનવારોના પડખામાં ટોરપિડો ફટકારી તેમને પોલાદનાં ભંગાર કરી મૂક્યાં. એડમિરલ ચેસ્ટર નિમિટ્ઝ માટે તે હુમલાનો બોધપાઠ સ્પષ્ટ હતો : મિડવેના યુદ્ધમાં તેણે પણ વિમાનવાહક જહાજોને અગ્રેસર રાખવાં જોઇએ.

પરંતુ એવાં જહાજો ફરી ફરીને કેટલાં હતાં ? 'લેક્સિંગ્ટન' તો બેટલ ઑફ ધ કોરલ સીના યુદ્ધ વખતે જળસમાધિ પામી ચૂક્યું હતું. 'સારાટોગા'ની અમેરિકાના સાન ડિએગો બંદરે પુનર્સજાવટ ચાલતી હતી. 'એન્ટરપ્રાઇઝ' તથા સમારકામ પામેલા 'યોર્કટાઉન' સિવાય ત્રીજું વિમાનવાહક જહાજ ન હતું, એટલે નિમિટ્ઝે તાકીદે 'હોર્નેટ' નામનું વિમાનવાહક જહાજ મંગાવ્યું. બળાબળનું પલ્લું ત્યાર પછીયે જાપાનની તરફેણમાં નમતું રહ્યું. અમેરિકાનાં ત્રણ, તો જાપાનનાં આઠ! વિમાનોની બાબતમાં પણ એ જ સ્થિતિ : અમેરિકા પાસે ૩૪૮, તો જાપાન પાસે ૭૦૦ કરતાં વધારે ! અમેરિકાનાં ૩૪૮ પૈકી ૧૧૮ વિમાનો તો મિડવે ટાપુ પર હતા, જેમની રેન્જ બહાર રખે હવાઇ યુદ્ધ ખેલાય તો તેઓ કામ ન લાગે.

એડમિરલ ચેસ્ટર નિમિટ્ઝે ૩ વિમાનવાહક જહાજો સહિત ૨૭ યુદ્ધજહાજો અને ટોરપિડો બોટ સહિત ૨૩ બીજી લડાયક મનવારોનો કાફલો રચ્યા બાદ તેને બે Task Force માં વહેંચી નાખ્યો. ટાસ્ક ફોર્સ નં. ૧૬ નું નેતૃત્વ રીઅર-એડમિરલ રેમન્ડ સ્પ્રુઆન્સને સોંપવામાં આવ્યું. 'એન્ટરપ્રાઇઝ' અને 'હોર્નેટ' એમ બે વિમાનવાહક જહાજો તેને ફાળવ્યાં. સ્પ્રુઆન્સ તેની નીડરતા તેમજ નિર્ણયશક્તિ માટે ઘણો પંકાયેલો નૌકાસેનાપતિ હતો અને ટૂંક સમય પછી આવી પડનાર ભીષણ સાગર-સંગ્રામમાં તેના એ બન્ને ગુણોની આકરી કસોટી થવાની હતી. રીઅર-એડમિરલ ફ્રેન્ક ફ્લેચરે ટાસ્ક ફોર્સ નં. ૧૭ નું નેતૃત્વ લીધું. બેટલ ઑફ ધ કોરલ સીમાં 'યોર્કટાઉન' પર રહીને લડી ચૂકેલા અને જાપાનની ખુમારીનો પરચો મેળવી ચૂકેલા ફ્લેચરે એ જ વિમાનવાહક જહાજ સાથે મિડવેનો સંગ્રામ ખેલવાનો હતો. એડમિરલ નિમિટ્ઝે બન્ને કાફલાઓ માટે પ્લાન નક્કી કર્યો : પહેલાં રેમન્ડ સ્પ્રુઆન્સનો ટાસ્ક ફોર્સ નં. ૧૬ મિડવેની દિશામાં હંકારી જાય, બે દિવસ પછી 'યોર્કટાઉન'ની રહીસહી મરામત પૂરી થાય ત્યારે ફ્રેન્ક ફ્લેચરનો ટાસ્ક ફોર્સ નં. ૧૭ તેનો પ્રવાસ શરૂ કરે, બન્ને કાફલા મિડવેની ૬૦૦ કિલોમીટર ઉત્તર-પૂર્વે 'પોઇન્ટ લક' નામની (માત્ર નકશા પર આંકેલી) જગ્યાએ મળે અને જાપાનના નૌકાકાફલા કયા માર્ગે આવી રહ્યા છે તેની બાતમી મળે ત્યાં સુધી રાહ જુએ. આ બાતમી મિડવે ટાપુ પરથી ઊડતાં ચોકિયાત વિમાનોએ ૧,૨૯૫ કિલોમીટરની ત્રિજ્યામાં ફરી વળીને પ્રાપ્ત કરવાની હતી.

મે ૨૮, ૧૯૪૨ ના દિવસે રીઅર-એડમિરલ રેમન્ડ સ્પ્રુઆન્સનો ટાસ્ક ફોર્સ નં. ૧૬ તેનાં બે વિમાનવાહક જહાજો 'એન્ટરપ્રાઇઝ' તથા 'હોર્નેટ' ઉપરાંત ૬ ભારે ક્રૂઝર મનવારો અને ૯ વિનાશિકાઓ સાથે પર્લ હાર્બરથી ઉત્તર-પશ્ચિમ દિશા તરફ રવાના થયો. બે દિવસ પછી મે ૩૦, ૧૯૪૨ ની સવારે રીઅર-એડમિરલ ફ્રેન્ક ફ્લેચરના ટાસ્ક ફોર્સ નં. ૧૭ ના એકમાત્ર વિમાનવાહક જહાજ 'યોર્કટાઉને' તથા ૨ ભારે ક્રૂઝર મનવારોએ અને ૫ વિનાશિકાઓએ પણ એ જ દિશા સહેજ દક્ષિણે જુદો માર્ગ આંકીને પકડી. નકશા પ્રમાણે દિશા નક્કી હતી અને જોડકા કાફલાના મેળાપનું સ્થળ પૂર્વનિર્ધારિત હતું, પરંતુ દુશ્મન જહાજોનું આગમન કયા માર્ગે અંતે ક્યાં થાય છે તેના વાવડ છેવટ સુધી મળવાના ન હતા. હકીકતમાં યુદ્ધના દિવસ સુધી પણ નહિ !





♦ રીઅર-એડમિરલ સ્પ્રુઆન્સ અને રીઅર-એડમિરલ ફ્લેચર, જેમણે ટાસ્ક ફોર્સ ૧૬નું અને ટાસ્ક ફોર્સ ૧૭નું નેતૃત્વ કરવાનું હતું.

આ તરફ જાપાનીઓ પણ અમેરિકનોની હિલચાલ વિશે અજ્ઞાત હતા. મિડવે પર હુમલો થવાની ગંધ શત્રુને પહોંચી કે કેમ એની તેમને ખબર ન હતી. એ પછી ગંધ પહોંચ્યાની અટકળો તેમણે એક વાર નહિ, અનેક વાર કરવી પડે એવા પ્રસંગો બન્યા. ૩૦ મી મેના રોજ વાઇસ-એડમિરલ નગુમોના કાફલા સાથે હંકારતાં બે જહાજો ગાઢ ધુમ્મસમાં ખોટા માર્ગે ચડી ગયાં. ધુમ્મસનો પડદો ખસ્યા પછી તેમના કપ્તાનોએ આસપાસ નજર કરી તો કાફલો દેખાયો નહિ. આથી તેમણે માર્ગદર્શન પ્રાપ્ત કરવા 'રેડિઓ સાયલેન્સ' તોડ્યું. વાતચીત દસેક મિનિટ સુધી ચાલી. નગુમોએ ધારી લીધું કે એ વાર્તાલાપ જરૂર દુશ્મનોના કાને પડ્યો હોવો જોઇએ. ૧ લી જૂનના દિવસે વળી નગુમોના રેડિઓ ઑપરેટરે રિપોર્ટ આપ્યો કે પર્લ હાર્બર વાયરલેસ મથકે સંદેશાની આપ-લે વધી હતી. એક પછી એક મેસેજ પ્રસારિત થયે જતો હતો. ઓચિંતા વધી ગયેલા વાયરલેસ ટ્રાફિકનો અર્થ પણ દેખીતી રીતે એ કે અમેરિકનો ચેતી ગયા હતા અને જાપાની કાફલાનું મિડવે તરફનું પ્રયાણ હવે છાનું ન હતું. ૩ જી જૂને પશ્ચિમ ક્ષિતિજે બે-ત્રણ અજાણ્યાં 'વિમાનો' દેખાયાં, પણ વિમાનવાહક જહાજ 'અકાગી'નાં ફાઇટર વિમાનો તેમને ફૂંકી દેવાની તક પામે એ પહેલાં તેઓ વાદળોની ઓથે ગાયબ થયાં. હવે નૌકાકાફલાની હાજરી છતી થયા વિશે વાઇસ-એડમિરલ નગુમોને સંદેહ ન રહ્યો. દુશ્મન પર ત્રાટકતી વખતે સરપ્રાઇઝનું તત્ત્વ જો ન રહે અને પૂર્વતૈયારી માટે દુશ્મનને પૂરતો સમય મળી રહે તેના જેવું દુર્ભાગ્ય આક્રમક સેનાપતિ માટે બીજું એકેય નહિ. વાસ્તવમાં તેની ધારણા ખોટી હતી. પર્લ હાર્બરના સંદેશા તેના કાફલાની હિલચાલ કે હાજરી અંગેના ન હતા. આકાશમાં વિમાનો દેખાયાં એ પણ ફક્ત ભ્રમ હતો. નસીબ હજી જાપાનનો સાથ છોડી ગયું ન હતું.

અમેરિકનો મિડવેને જાપાની તજવીજનું કેન્દ્ર ધારી બેઠા હોય તો તેમનું ધ્યાન બીજે દોરવા જાપાનની ચાર મિનિ સબમરિનો ઑસ્ટ્રેલિયાના સિડની બંદરમાં ઘૂસી અને ત્યાં લાંગરેલાં જહાજોને અડફેટે લીધાં. બીજી સબમરિનોએ માદાગાસ્કરના ડિએગો સુરેઝ બંદરમાં તબાહી મચાવી દીધી. અલાસ્કાની ભૂશિર એલુશિયન તરફ ગયેલા જાપાની નૌકાકાફલાએ ત્યાંના સમુદ્રી વિસ્તારમાં દુશ્મનો સાથે છમકલું ખેલ્યું. એડમિરલ ચેસ્ટર નિમિટ્ઝને બધા રિપોર્ટ મળ્યા, પણ નાને પાયે થયેલી એ દરેક કાર્યવાહી જાપાનના વિરાટ નૌકાકાફલાને 'છાજે' એવી તેને ન લાગી. ધ્યાન બીજે દોરવાનો જાપાની પ્લાન હવે નિમિટ્ઝને સમજાવવો પડે તેમ ન હતો.

♦

મધદરિયે આંધળાપાટા જેવો ખેલ ગોઠવાયો હતો ત્યારે પ્રશાન્ત મહાસાગરની વચ્ચોવચ આવેલા મિડવે ટાપુની અમેરિકન છાવણીની દશા હાથીપગ તળે છૂંદાવાનો ભય સેવતા કીડિયારા જેવી હતી. ઇસ્ટર્ન ટાપુ અને સેન્ડ ટાપુ પરના ૩,૬૦૦ અમેરિકન સૈનિકોએ તોપોનાં નાળચાં ઉત્તર-પશ્ચિમ દિશા તરફ તાકી રાખ્યાં, ખુશ્કી હુમલાને રોકવા



ચોકિયાત વિમાન
કેટેલિના

ટાપુ ફરતે કાંટાળા તારની વાડ બાંધી, ૧૧ પેટ્રોલ બોટ અને ૧૯ સબમરિનોએ જાપાની કાફલાના સંભવિત આગમનમાર્ગ તરફ પોતપોતાની જગ્યા સંભાળીને રક્ષણાત્મક હરોળ રચી, સૈનિકોએ વિમાનવિરોધી તોપો ગોઠવી અને સમુદ્રકિનારે રેતીમાં તથા પાણીમાં દૂર સુધી હજારો સુરંગો પાથરી દીધી. મિડવેનું રક્ષણ કરવામાં નિર્ણાયક રૉલ તો ટાપુ પરનાં કુલ ૧૧૮ વિમાનોએ ભજવવાનો હતો, જેના માટે તેઓ સહેજ પણ યોગ્ય ન હતાં. એકસો અઢાર પૈકી ૩૦ તો સીપ્લેન પ્રકારનાં ચોકિયાત વિમાનો હતાં. બીજાં ૩૭ વિમાનો જૂની પેઢીનાં ખખડપંચમ્ હતાં. શત્રુનાં જહાજો પર જેમણે બાજવેગે તરાપ મારી બોમ્બ ફેંકવાનો હોય એ વિન્ડિકેટર પ્રકારનાં ડાઇવ બોમ્બર્સને તો ભારે બોજા સાથે ટેક-ઑફ કરવામાં જ આપદા જણાતી હતી--અને માટે જ તેમને મિડવેના ખાતે માત્ર સંખ્યા ગણાવવા ખાતર પધરાવાયાં હતાં. બફેલો પ્રકારનાં ફાઇટર વિમાનોને 'ઊડતી શબપેટી'નું બિરૂદ મળી ચૂક્યું હતું. આ વિમાનો આકાશી દ્વંદ્વયુદ્ધ વખતે ડૂબકી મારી જેટલી સ્પીડ હાંસલ કરી શકે તેના કરતાં દોઢી ઝડપ જાપાનનાં ઝીરો પ્રકારનાં ફાઇટર્સની હતી. અસરકારક પ્રતિકારની આશા જગાડી શકે તેવાં વિમાનો હોય તો ચાર એન્જિનોવાળાં B-17 બોમ્બર, પણ તેમની સંખ્યા માંડ બે ડઝન હતી. અધૂરામાં પૂરું, મિડવે પર બળતણનો પુરવઠો સીમિત હતો.

આ કહેવાતી સંરક્ષણ હરોળનો ચાર્જ કમાન્ડર લોગાન રામ્સેએ સંભાળ્યો હતો. અગાઉ તે પર્લ હાર્બરનો કમાન્ડર હતો અને ત્યાંના જાપાની હુમલા પછી નૌકાદળે તેને નિષ્ફળતાની આડકતરી સજારૂપે ઓછા મહત્ત્વના અને વધુ સલામત ગણાતા મિડવે ખાતે નીમ્યો હતો. મે ૩૦ થી તેણે જાપાની કાફલાની તલાશ માટે કેટેલિના પ્રકારનાં ચોકિયાત વિમાનોને ટાપુની ચોતરફ ૧,૨૯૫ કિલોમીટરની ત્રિજ્યામાં નિરીક્ષણ અર્થે મોકલવાં શરૂ કર્યાં. આ તલાશી અભિયાને બળતણની પરિસ્થિતિને ઓર નાજૂક કરી મૂકી અને તે મુસીબતમાં હજી થોડીઘણી ઉણપ રહેતી હોય તેમ બીજે દિવસે બળતણના મોટા ડેપોમાં વિદ્યુત શોર્ટ સરકીટને લીધે આગ લાગી. એડમિરલ નિમિટ્ઝે રાતોરાત એક માલવાહક જહાજને એવિએશન ફ્યૂલના પુરવઠા સાથે રવાના કરવું પડ્યું.

બેઉ પક્ષો તેમના શત્રુની હિલચાલ અને હાજરી વિશે અંધારામાં હતા; છતાં અનિવાર્ય બની ચૂકેલા દરિયાઇ યુદ્ધનો દાવ તેમણે પોતપોતાની દૃષ્ટિએ સંગીન રીતે ગોઠવ્યો હતો.

જાપાનની વ્યૂહરચના : જૂનની ૩જી તારીખે એલુશિયન પહોંચી જનાર વિમાનવાહક જહાજ સહિતનો કાફલો એ જ દિવસે ત્યાંના ડચ હાર્બર કહેવાતા નૌકામથક પર આક્રમણ કરે અને પછી ૨,૪૦૦ સૈનિકોને એ ભૂશિર કબજે લેવા કાંઠે ઉતારે, જેથી અમેરિકનો એલુશિયનને જાપાનનું મુખ્ય લક્ષ્યાંક સમજી પોતાના યુદ્ધજહાજોને અલાસ્કાના તે પ્રદેશની રક્ષા માટે ત્યાં મોકલે. જરૂર મોકલે, કેમ કે અમેરિકાની મુખ્ય ભૂમિ જાપાનના હાથમાં જાય એ તો વૉશિંગ્ટન સરકાર માટે ડૂબી મરવા જેવી વાત હતી. એલુશિયનનું નાટક ભજવાતું હોય એ દરમ્યાન ૪ થી જૂને વાઇસ-એડમિરલ નગુમોનાં લગભગ ૨૫૦ વિમાનો મિડવેના ઍરબેઝ પર બોમ્બમારો કરે, બે ક્રૂઝર મનવારો ગોલંદાજી ચલાવે અને ત્યાર બાદ જૂનની ૬ઠ્ઠી તારીખે એડમિરલ કોન્દોના ટ્રાન્સપોર્ટ કાફલાના ૫,૦૦૦ જાપાની સૈનિકો મિડવે પર સામુહિક ચઢાઇ કરી તેને જીતી લે. આ કામ પૂરું થયા પછી છેવટની વિધિ તરીકે અમેરિકન જહાજોની અંતિમવિધિ કરવા માટે ચારેય જાપાની કાફલાઓ ભેગા મળી તેને એલુશિયન પાસે અજગરભરડો લેવા માગતા હતા. આ પેંતરો સફળ થાય તો દુશ્મનનું એક પણ જહાજ બચવા ન પામે


બેટલ ઑફ મિડવે પહેલાંનો પકડદાવ

વાઇસ-એડમિરલ નગુમોનો કાફલો
૪ વિમાનવાહક જહાજો, ૨ બેટલશિપ પ્રકારનાં જહાજો, ૨ ભારે ક્રૂઝરો અને ૧૧ વિનાશિકાઓ

એલુશિયન પાંખનો કાફલો
૨ વિમાનવાહક જહાજો, ૪ બેટલશિપ પ્રકારનાં જહાજો, ૨ ભારે ક્રૂઝરો, ૩ સૈનિકવાહક જહાજો અને કુલ ૨,૪૦૦ સશસ્ત્ર સૈનિકો

એડમિરલ યામામોતોનો કાફલો
૧ વિમાનવાહક જહાજ, ૩ બેટલશિપ પ્રકારનાં જહાજો તથા ૨ ક્રૂઝરો

એડમિરલ કોન્દોનો ટ્રાન્સપોર્ટ કાફલો
૧ વિમાનવાહક જહાજ, ૨ બેટલશિપ પ્રકારનાં જહાજો, ૪ ભારે ક્રૂઝરો, ૧૨ સૈનિકવાહક જહાજો અને કુલ ૫,૦૦૦ સશસ્ત્ર સૈનિકો



અને ખરેખર તો એડમિરલ યામામોતોએ ઘડેલા એ વ્યૂહાત્મક પ્લાન કરતાં વધુ સારી વ્યૂહરચના કલ્પી પણ શકાય નહિ.

હવે અમેરિકાની વ્યૂહરચના : એડમિરલ નિમિટ્ઝે અણદેખ્યા શત્રુ સામે માંડેલી રમત સાવ જુદી હતી. બધું મળીને ૨૩૦ લડાયક વિમાનો ધરાવતા બન્ને અમેરિકન કાફલા મિડવેની ૬૦૦ કિલોમીટર ઉત્તર-પૂર્વે રહી શત્રુના આગમનની રાહ જુએ. મિડવે પર હુમલો થવાનો હોય, છતાં આટલું લાંબું અંતર જાળવવાનું કારણ એ કે જાપાની વિમાનવાહક જહાજોનાં નિરીક્ષક વિમાનોની રેન્જ તેના કરતાં ઘણી ઓછી હતી. પરિણામે અમેરિકન જહાજો પોતાની હાજરી ગુપ્ત રાખી શકે તેમ હતા. જાપાની કાફલાને શોધી કાઢી તેના અક્ષાંશ-રેખાંશ, દિશા અને પ્રવાસગતિ જણાવવાનું કામ મિડવે પરથી નિરંતર ઊડાનો ભરતાં કેટેલિના પ્રકારનાં નિરીક્ષક વિમાનોનું હતું, જેમની રેન્જ ૧,૨૯૫ કિલોમીટર હતી. લડાઇના દાવપેચનો સામસામા બેય પક્ષોને સમાન ધોરણે લાગુ પડતો નિયમ છે કે સૌ પહેલાં જેની 'ચાલચલગત' ખુલ્લી પડે તેના માટે યુદ્ધ જીતવાનું મુશ્કેલ બને. દુશ્મન તેના જહાજ પર flanking attack કરી શકે--એટલે કે સાંકડી રેખાકૃતિ/profile રચના તેના ફ્રન્ટ પૉઝને બદલે લાંબા પથરાતા તેના પડખા તરફ કાટકોણે આગળ વધી તેને પ્રમાણમાં આસાનીથી વીંધી નાખે. સ્વાભાવિક છે કે જહાજનો બસ્સોથી અઢીસો મીટર લાંબો સાઇડ પૉઝ નજર સામે હોય ત્યારે ટોરપિડો વડે નિશાન લેવાનું કામ વિમાનો માટે પણ સુગમ બને. રીઅર-એડમિરલ રેમન્ડ સ્પ્રુઆન્સ અને રીઅર-એડમિરલ ફ્રેન્ક ફ્લેચર એવા લાગને ટાંપી રહ્યા હતા.


એડમિરલ યામામોતોની અને વાઇસ-એડમિરલ નગુમોની ઉત્કંઠા તે સમયે જુદા કારણે વધી રહી હતી. પર્લ હાર્બરથી મિડવે તરફના માર્ગ પર જાસૂસી કરવા માટે જાપાની સબમરિનોના કાફલાને દિવસો પહેલાં મોકલી દેવાયો હતો, જ્યાં તેમણે નાકાબંધી જેવી હરોળ ફક્ત પેટ્રોલિંગના આશયે રચીને મિડવે કે એલુશિયન તરફ રવાના થતાં અમેરિકન જહાજો વિશે જાપાની નૌકાકાફલા માટે સંદેશો પ્રસારિત કરવાનો હતો. જૂન મહિનો બેસી ચૂક્યો હોવા છતાં સંદેશો કેમ ન પહોંચ્યો ? ફક્ત એ કારણસર કે સબમરિનો તેમના નિર્ધારિત સ્થળે મોડી પહોંચી હતી અને ટાસ્ક ફોર્સ નં. ૧૬ અને ટાસ્ક ફોર્સ નં. ૧૭ નાં જહાજો એ પહેલાં નીકળી ચૂક્યાં હતાં. ગણતરીના કલાકોનો જ ફરક પડ્યો હતો. જાપાનનું એ દુર્ભાગ્ય, કેમ કે અમેરિકન જહાજો મિડવે તરફ જતાં હોવાની સબમરિનો દ્વારા મે માસના અંતે ખબર પડી હોત તો એલુશિયન તરફ આગળ વધતાં બે વિમાનવાહક જહાજોને, બે ભારે ક્રૂઝર મનવારોને તથા ચાર બેટલશિપને મિડવે તરફ વાળ્યા પછી જાપાનીઓ તેમની વધેલી તાકાત સાથે અમેરિકન જહાજોનો ઘડોલાડવો કરી શકે તેમ હતા. આ બનાવ આકસ્મિક બનાવોની ઘટમાળનો વધુ એક નમૂનો હતો. હવે તકદીર જાપાનનો સાથ છોડી રહ્યું હતું.

જૂન ૪, ૧૯૪૨ ના દિવસે સવારે ૦૯:૨૦ વાગ્યાનો સમય. કેટેલિના વિમાન ઊડાડતા પાયલટ જૅક રીડે તેના પેટ્રોલિંગની ઊડાન પૂરી કરતી વખતે પાછો મિડવે તરફ વિમાનનો મોરો હજી તો નહોતો ફેરવ્યો ત્યાં તેનું ધ્યાન ક્ષિતિજ પાસે દેખાતાં સંખ્યાબંધ ટપકાં તરફ ગયું. ધુમાડા જેવી આછી કાળી ટશરો પણ દેખાતી હતી.

'વિન્ડસ્ક્રીન પર ધાબાં છે કે શું ?' કૉ-પાયલટને સવાલ કરી તેણે દૂરબીન માંડ્યું. સેકન્ડવારમાં એ બોલી ઊઠ્યો : 'માય ગોડ! આ તો દુશ્મન જહાજો છે !'


'લાવ, મને જોવા દે.' કૉ-પાયલટે દૂરબીન હાથમાં લીધું. ધાબાં ખરેખર વિન્ડસ્ક્રીન પર નહિ, ક્ષિતિજ પર હતાં. 'હવે મર્યા સમજો !'

બે મિનિટ પછી જૅક રીડે ઉત્તેજિત સાદે મિડવેના ઍરબેઝને સંદેશો પાઠવ્યો : 'અગિયાર જહાજો આપણી તરફ આવી રહ્યાં છે. એક વિમાનવાહક જહાજ, બે બેટલશિપ અને ક્રૂઝર ઉપરાંત કેટલીક વિનાશિકાઓ છે. દિશા ૯૦°... ઝડપ ૧૯ નૉટ... સંદેશો દોહરાવું છું...'



♦ ...અને આખરે ઍટેક ! જાપાનના વિમાનવાહક જહાજ 'અકાગી'ના તૂતક પર ટેક-ઑફની તૈયારી કરતું જાપાની વિમાન.

પાયલટ જૅક રીડે અને તેના કૉ-પાયલટે જોયો તે કાફલો એડમિરલ કોન્દાના સૈનિકવાહક બેડાનો હતો, જેણે પ્રારંભના યુદ્ધમાં ભાગ લેવાનો ન હતો. દરિયાઇ અને હવાઇ યુદ્ધની લગભગ સમાપ્તિ થાય એ પછી જ તેના ભૂમિયુદ્ધ માટે તેના ૫,૦૦૦ સૈનિકોએ લેન્ડિંગ ક્રાફ્ટમાં બેસી કાંઠે પહોંચવાનું હતું. મિડવેથી એ કાફલો હજી ૯૬૦ કિલોમીટર છેટે હોવા છતાં તેની હાજરી ખુલ્લી પડી એ (વિમાનને દેખી ચૂકેલા) જાપાનીઓ માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ બૂરા ખબર હતા. એડમિરલ કોન્દાએ તે ખબર સર્વોચ્ચ નૌકાસેનાપતિ યામામોતોને પહોંચાડ્યા. યામામોતોએ તરત વાઇસ-એડમિરલ નગુમોના ધ્વજજહાજ 'અકાગી'ને સાબદા કર્યું, પરંતુ એ જહાજના અફસરોએ નગુમોને તેની જાણ ન કરી ! કદાચ એટલા માટે કે ટ્રાન્સપોર્ટ કાફલાનું અસ્તિત્વ પકડાયું એ બહુ મહત્ત્વની વાત ન હતી. હુમલામાં અગ્રેસર રહેનાર નગુમોનાં જહાજોનું અસ્તિત્વ હજી દુશ્મનો પામી નહોતા શક્યા એ જ અગત્યનું હતું.




◆ બચોળિયું, પણ બરકંદાજ ! જાપાની નૌકાદળનું મારકણું વિમાન ઝીરો ફાઇટર.

અફસરોએ બહુ મોટી ગફલત કરી નાખી. પૂર્વયોજના અનુસાર મિડવે પર હુમલો જૂનની ૪થી તારીખે કરવાનો હતો. આગલે દિવસે અમેરિકનોને જાપાનના આક્રમણની ગંધ મળી ચૂક્યાની બાબતે નગુમોને જો વાકેફ કરાયો હોત તો એ જરૂર નિર્ધારિત પ્લાન બદલીને આક્રમણ વહેલું શરૂ કરી દેત, કેમ કે અમેરિકન જહાજો 'અકાગી'નાં નિરીક્ષક વિમાનોને આસપાસમાં ક્યાંય દેખાયાં ન હતાં. આ સંજોગોમાં નગુમો એમ માનતો રહ્યો કે દુશ્મનોને જાપાની પ્લાન વિશે બિલકુલ જાણકારી ન હતી. અમેરિકનોએ જહાજોને કદાચ પર્લ હાર્બરમાં જ રાખી મૂક્યાં હતાં અથવા તો એલ્યુશિયનના બચાવ માટે રવાના કર્યાં હતાં. આથી તેણે કાફલાની ઝડપ ન વધારી અને કાફલો છેક બીજે દિવસે પરોઢે ૦૪:૩૦ વાગ્યે મિડવેની ઉત્તર-પશ્ચિમે ૪૪૫ કિલોમીટર છેટેના નિયત સ્થળે પહોંચ્યો. વચગાળાનો જે સમય વીત્યો એ દરમ્યાન અમેરિકી ટાસ્ક ફોર્સ નં. ૧૬ નાં અને નં. ૧૭ નાં જહાજોએ મિડવે તરફનું ખાસ્સું અંતર કાપી નાખ્યું. અફસરોએ નગુમોને વાયરલેસ મેસેજ અંગે વાકેફ ન કર્યો એ ગફલત છેવટે જાપાનને વસમી પડી જવાની હતી.

◆

પ્રભાત ખીલે અને મળસ્કાનું અજવાળું ફેલાય તે પહેલાં વિમાનવાહક જહાજો 'અકાગી', 'કગા', 'હિરયુ' અને 'સોરયુ'ના તૂતકો પર કુલ મળીને ૧૦૮ વિમાનોનાં એન્જિનો વારાફરતી ગજર્યાં. ધુમાડાના છૂંકારાએ અંધારિયા વાતાવરણને ધૂંધળું કરી મૂક્યું. વિમાનોમાં ૩૬ ડાઇવ બોમ્બર્સ, ૩૬ લેવલ બોમ્બર્સ અને ૩૬ પેલાં વેગવાન કાળભૈરવ ઝીરો ફાઇટર્સ હતાં. એક પછી એક વિમાન તૂતક પર દોડી આકાશમાં ચડ્યું અને દક્ષિણ-પૂર્વ તરફ મિડવેની દિશા પકડી. વાતાવરણમાં હજી પરોઢનો ઉજાસ ન હતો, પણ દોઢેક કલાક પછી વિમાનો મિડવે ટાપુ પહોંચે તેની મિનિટો પહેલાં સૂર્યપ્રકાશ ચોમેર પ્રસરી જવાનો હતો.





મિડવેનું ઍરબેઝ પણ હુમલાના પ્રતિકાર માટે તૈયાર હતું. એકમેકના કાટખૂણે બાંધવામાં આવેલા બે રન-વેના છેડે વિન્ડિકેટર અને બફેલો પ્રકારનાં ૨૬ ફાઇટર-ઇન્ટરસેપ્ટર વિમાનો એન્જિન ચાલુ રાખીને ટેક-ઑફના સંકેતની રાહ જોતાં હતાં. બરાબર ૦૬:૦૫ વાગ્યે મિડવેના રેડાર પર દુશ્મન ધાડાંનાં ટપકાં ચળક્યાં અને ચેતવણીનો આલાર્મ વાગ્યો. મિડવે તરફ આવતા ૧૦૮ ડંખીલા ભમરાના ઝૂંડને અધરસ્તે રોકવા માટે ૨૬ પતંગિયાંનું જૂથ ઊડ્યું. લડાઇ સાચે જ સરખેસરખાની ન હતી. મિડવેથી ૫૦ કિલોમીટર ઉત્તર-પશ્ચિમે જે આકાશી સંગ્રામ ખેલાયો તે અમેરિકનો માટે જીવનમરણનો હતો. મિડવેના કમાન્ડર લોગાન રામ્સેની મૂળ યોજના તો ફક્ત બાર ફાઇટરો વડે દુશ્મનનાં ૧૦૮ વિમાનોને દાવપેચમાં રોકી બીજાં વિમાનોને મિડવેના આકાશમાં હવાઈ છત્ર તરીકે ઊડતાં રાખવાની હતી, જેથી પ્રમાણમાં ધીમી ગતિનાં બોમ્બર વિમાનોને ત્યાં આંતરી લેવાનું સુગમ બને. આ યોજના કારગત નીવડવાનો પ્રશ્ન ન હતો, કેમ કે જાપાની બોમ્બર વિમાનો ઝીરો ફાઇટર્સનું રક્ષણ ધરાવતાં હતાં. મધદરિયે જે યુદ્ધ ટાળવાનું કમાન્ડર રામ્સેએ વિચાર્યું તે છેવટે મિડવેના આકાશમાં જામવાનું હતું.

આક્રમણના પ્રતિકાર માટે ૧૨ ને બદલે ૨૬ વિમાનો મોકલવાનો પ્લાન પણ અંતે તો બાતલ ગયો. અડધા કલાક પછી મિડવે પર જાણે કે આફત વરસી. વિમાનવિરોધી તોપોએ આરંભમાં બે લેવલ બોમ્બર્સને તોડી પાડ્યાં, પણ ત્યાર બાદ પહેલો બોમ્બ ઈસ્ટર્ન ટાપુના રન-વે પર ટીચાયો અને વચ્ચોવચ ગાબડું પડ્યું. બીજાએ તે ટાપુના પાવરમથકને ઊડાવ્યું. સેન્ડ ટાપુ પર બળતણના ત્રણ ડેપોમાં હુતાશની સળગી. સૈનિકોનું ભોજનાલય ધરાશયી બન્યું અને હોસ્પિટલના ફૂરચા નીકળ્યા. જાપાની પાયલટોએ સેન્ડ ટાપુના રન-વેને પણ નુકસાન પહોંચાડ્યું. અમેરિકનોનું સદ્ભાગ્ય હોય તો એટલું કે હુમલાનો દોર લાંબો ન ચાલ્યો. સવારે ૦૬:૪૮ વાગ્યે મિડવેના (ચમત્કારિક રીતે સલામત રહેવા પામેલા) રેડારમથકે રિપોર્ટ આપ્યો કે 'દુશ્મનો પાછા વળી રહ્યા છે.' કમાન્ડર રામ્સેએ પોતાના સૌ પાયલટોને રેડિઓ મેસેજ પાઠવ્યો : 'તમે ઍરબેઝ પર પાછા ફરો.' ફાઇટર સ્ક્વૉડ્રનના ૨૬ પૈકી ૧૪ પાયલટોએ તેનો પ્રતિસાદ ન આપ્યો. જીવનમરણના સંગ્રામમાં તેઓ હારી ચૂક્યા હતા. અમેરિકી ઍરબેઝના ૨૦ કર્મચારીઓ પણ ગ્રાઉન્ડ ઍટેકમાં માર્યા ગયા હતા. આની સામે જાપાને ૮ બોમ્બર્સ અને ૩ ઝીરો ફાઇટર્સ ગુમાવ્યાં.

બોમ્બમારો ભીષણ હોવા છતાં જાપાની પાયલટો મિડવેને ધાર્યું નુકસાન પહોંચાડી ન શક્યા એટલું જ નહિ, પણ તેઓ વિદાય થયા ત્યારે મિડવેની ઘણી ખરી વિમાનવિરોધી તોપો અને જહાજવિરોધી (તટરક્ષક) મોટી તોપો હજી ગરજતી હતી. વાઇસ-એડમિરલ નગુમોએ જ્યારે નુકસાનનો અહેવાલ તેમના મોઢે જાણ્યો ત્યારે એને બીજો હુમલો કરવાનું જરૂરી લાગ્યું. વિપરિત બુદ્ધિનો માર્યો તે એમ પણ વિચારી બેઠો

કે બીજો હુમલો વિશેષ મોટા પાયે કરવો જોઇએ. આથી તેણે એન્ટિ-શિપ ટોરપિડો વડે સજ્જ થયેલાં વિમાનોને પણ બોમ્બ વડે સજ્જ કરવાનો નિર્ણય લીધો. ઈતિહાસના પાને ભાગ્યે જ નોંધાય એવા સામાન્ય નિર્ણયો ઈતિહાસ માટે કેટલી હદે ટર્નિંગ પોઇન્ટ નીવડી શકે તેનો એકાદ સચોટ દાખલો ટાંકવો હોય તો એ નગુમોએ લીધેલા નિર્ણયનો હતો. વિમાનોના એન્ટિ-શિપ ટોરપિડોને કાઢી તેમની પાંખ નીચે અને પેટાળની અંદર ટનના હિસાબે બોમ્બ ગોઠવવામાં બે કલાક નીકળી જવાના હતા. યુદ્ધની તૈયારીનું એ કામ યુદ્ધના ધોરણે ચાલ્યું. પ્રથમ એક કલાક ટોરપિડો કાઢવામાં વીત્યો.


બીજો કલાક વીતાવવા માટે ગુંજાશ ન રહી, કેમ કે પ્રશાન્ત મહાસાગરને 'જાપાની સરોવર' બનાવવાનો અવસર જ તે દરમ્યાન વીતી ચૂક્યો હતો. કાફલાની ચોતરફ પેટ્રોલિંગ કરવા માટે ઊડી રહેલા નિરીક્ષક વિમાનના પાયલટે આપત્તિનો સંદેશો પ્રસારિત કર્યો : 'ઉત્તર-પૂર્વથી દુશ્મન વિમાનો મોટી સંખ્યામાં આપણી તરફ આવી રહ્યાં છે !'

નિર્ણય લીધા બાદ હવે તો પસ્તાવા માટે પણ નગુમો પાસે સમય ન હતો. વિમાનોના આગમનની દિશા ઉત્તર-પૂર્વ હોવાનો અર્થ એ કે તેઓ અમેરિકન નૌકાકાફલાના હતા--એ કાફલો કે જેનું મિડવે પાસે અસ્તિત્વ હોવાની જાણ નગુમોને અત્યાર સુધી ન હતી. હવે તે જ્ઞાન રહી રહીને પ્રાપ્ત થયું ત્યારે ઘણાંખરાં જાપાની વિમાનો જહાજવિરોધી ટોરપિડોને બદલે બોમ્બ વડે સજ્જ હતા, જેમના વડે દુશ્મન જહાજો પર હુમલો કરવાનો મોકો ભાગ્યે જ મળે તેમ હતો. ટોરપિડોની વાત જુદી, કેમ કે એ શસ્ત્રને સલામત અંતરે રહી દરિયામાં ફેંકી શકાય અને બાકીનું અંતર તે પોતાના એન્જિનબળે કાપી નાખે.

પ્રતિકાર કરતાં સ્વબચાવનું કાર્ય વાઇસ-એડમિરલ નગુમો માટે વિશેષ અગત્યનું બન્યું. પૂર્વ-દક્ષિણના મિડવે તરફ જતા કાફલાનાં બધાં જહાજોને તેણે ઉત્તર-પૂર્વ તરફ વાળ્યાં, જેથી દુશ્મન વિમાનોએ ધાર્યું હોય એ સ્થળે તેમને કાફલાનો ભેટો થાય નહિ. આશરે ૩૫૦ કિલોમીટર છેટેથી આવતાં તે વિમાનોની ફ્યૂલ ટેન્કનો તકાદો જોતાં તેઓ કાફલાની શોધખોળ માટે લાંબો સમય અહીંતહીં ઊડી શકે એ પોસિબલ ન હતું. નગુમોનો દાવ સફળ રહ્યો. અમેરિકાના 'હોર્નેટ' વિમાનવાહક જહાજે મોકલેલાં ૩૫ ડાઇવ બોમ્બર અને ૧૦ ફાઇટર વિમાનો જ્યારે તેમના અંદાજ મુજબના નિયત સ્થળે પહોંચ્યા ત્યારે કાફલો ત્યાં ન હતો. આસપાસના વિસ્તારમાં તેમણે શોધખોળ કરી અને વળતી મજલ પૂરતું બળતણ છેવટે બચ્યું ત્યારે પાછાં જતાં રહ્યાં.

ચઢાઇના બીજા આક્રમક મોજાને દોરી લાવનારો અમેરિકન સ્ક્વૉડ્રન લીડર જરા ચબરાક અને કલ્પનાશીલ હતો. દુશ્મનની વજીર ચાલ વિશે તેણે સાચું અનુમાન કરી પોતાનાં ૧૫ ટોરપિડો બોમ્બર્સને જુદી દિશામાં વાળી કાફલાને શોધી કાઢ્યો. ચાર જાપાની વિમાનવાહક જહાજો સાગરસપાટી પર ત્રિકોણાકાર ગોઠવણે ઉત્તર-પૂર્વ તરફ સામાં આવી રહ્યાં હતાં. સૌથી મોખરે એટલે કે ત્રિકોણની ઉત્તરી ટોચે ૧૭,૩૦૦ ટનનું 'હિરયુ' તેના ઝીરો ફાઇટર્સના રક્ષણ નીચે હંકારી રહ્યું હતું. ત્રિકોણના દક્ષિણ છેડે ડાબો-જમણો ખૂણો ૩૮,૨૦૦ ટનના 'કગા' અને ૧૫,૯૦૦ ટનના 'સોરયુ' વિમાનવાહક જહાજોએ સંભાળ્યો હતો, જ્યારે તેમની વચ્ચે નગુમોનું ૩૬,૫૦૦ ટનનું 'અકાગી' હતું. આ ત્રિકોણને અમેરિકાનાં ૧૫ હુમલાખોર વિમાનો ખલેલ પહોંચાડી શકે તે પહેલાં ગરુડરાજ જેવાં જાપાની ઝીરો ફાઇટર્સ તેમને થાળે પાડી દીધાં. લડાઇના અડધા કલાકમાં જ અમેરિકાએ ૬૦ વિમાનો ગુમાવ્યાં. જાપાનને થયેલું નુકસાન : શૂન્ય.

નગુમો ખુશ હુઆ. ચારેય જાપાની વિમાનવાહક જહાજો પર 'બાન્ઝાઇ ! બાન્ઝાઇ !' (ઝિન્દાબાદ! ઝિન્દાબાદ !) એવા હર્ષના પોકારો ઊઠ્યા. પરંતુ એ હર્ષોલ્લાસની ભરતીને ઓટાવી દેતો વળી બીજો આકસ્મિક બનાવ જોગસંજોગે ૦૯:૨૦ ના સમય બન્યો. અગાઉના કેટલાય બનાવોની જેમ એ પણ બનવાપાત્ર ન હતો, છતાં જાપાનના દુર્ભાગ્યે બનવાકાળ જ બન્યો. અમેરિકાના વિમાનવાહક જહાજ 'એન્ટરપ્રાઇઝ'ના લેફ્ટનન્ટ-કમાન્ડર ક્લેરેન્સ મેક્લુસ્કીના નેતૃત્વ હેઠળ ૩૩ ડાઇવ બોમ્બર્સ પણ તેમની પહેલાંના વિમાનોની માફક એ મુકામે પહોંચ્યા કે જ્યાં દુશ્મન જહાજો હોવાની ધારણા હતી. કોઈ જહાજ તેમણે ન દીઠું. મેક્લુસ્કી વિમાસણમાં પડ્યો કે હવે કરવું શું ? પાછા 'એન્ટરપ્રાઇઝ' તરફ જતા રહેવું કે આસપાસમાં શોધખોળનો પ્રયાસ કરી જોવો ? તલાશી માટે ફાજલ બળતણ ફક્ત ૧૫ મિનિટ ચાલે એટલું હતું. નાસીપાસ થવા ન માગતા ક્લેરેન્સ મેક્લુસ્કીએ ૬૫ કિલોમીટર પશ્ચિમે જવાનો નિર્ણય લીધો. નિર્ણય ઐતિહાસિક પુરવાર થવાનો હતો. લડાઇની પૂર્ણાહૂતિ બાદ એડમિરલ ચેસ્ટર નિમિટ્ઝ પોતે તેને ધ બેટલ ઑફ મિડવે દરમ્યાન લેવાયેલા 'સૌથી મહત્ત્વના નિર્ણય' તરીકે બિરદાવવાનો હતો.



♦ ડૉગફાઇટ : જાપાની નૌકાકાફલાની ખબર લેવા આવેલા ખુદ અમેરિકી વિમાનોની ઝીરો ફાઇટરોએ ખબર લઇ નાખી

બન્યું એવું કે વિહંગાવલોકન માટે આકાશમાં ૫,૮૦૦ મીટર (૧૯,૦૦૦ ફીટ) ઊંચે ચડીને મેક્લુસ્કીનાં ૩૩ ડાઇવ બોમ્બર્સ જાપાની કાફલા સુધી પહોંચ્યાં એ જ સમયે વાઇસ-એડમિરલ ફ્રેન્ક ફ્લેચરનાં વિમાનવાહક જહાજ 'યોર્કટાઉન'નાં ૧૭ બોમ્બર વિમાનોનું સીધી

લીટીના માર્ગે ત્યાં આગમન થયું. જુદી રીતે કહો તો દુશ્મનને પડકારવામાં મેક્લુસ્કી લગભગ પા કલાક મોડો પડ્યો હોવા છતાં એ ટાઇમસર હતો, કેમ કે જાપાનના ઝીરો ફાઇટર્સ માટે ઓચિંતા બે મોરચા જુદી જુદી દિશામાં ખૂલ્યા. આ વિમાનો હજી ત્રિકોણના અગ્રખૂણે હંકારી રહેલા 'હિરયુ'ને રક્ષણ આપવામાં વ્યસ્ત હતાં, કેમ કે તેના પર ત્રીજી અમેરિકન હવાઇ ટુકડીનું (બેશક આત્મહત્યા જેવું) આક્રમણ ચાલુ હતું.

આ મોકો સાધીને 'યોર્કટાઉન'નાં વિમાનો 'સોરયુ' તરફ વળ્યાં, જ્યારે ૫,૮૦૦ મીટર ઊંચેથી ક્લેરેન્સ મેક્લુસ્કીનાં ૩૩ ડાઇવ બોમ્બર્સે મોરો નમાવી 'કગા' પર ત્રાટકવા માછીમાર કલકલિયાની જેમ ડૂબકી મારી અને વારાફરતી બોમ્બ મુક્ત કર્યા. પ્રથમ ત્રણ નિશાનચૂક થયા, પણ છેવટે ૫૦૦ કિલોગ્રામનો ચોથો બોમ્બ 'કગા'ના તૂતક પર જેવો ફાટ્યો કે તરત આગ ભભૂકી ઊઠી. બ્રિજનું માળખું તૂટ્યું અને તૂતક પર રહેલાં વિમાનોના આલિયાખાલિયા ચોતરફ ઊડ્યાં. પોલાદી રન-વે પર વિસ્ફોટના સ્થળે ગાબડું પડ્યું. બીજા અને ત્રીજા બોમ્બના પ્રહારની અસર છેક ભંડકિયામાં પહોંચી અને ત્યાં પડેલો ગોળાબારૂદનો પુરવઠો ફાટતાં 'કગા'નાં આંતરડાં જાણે કે બહાર નીકળી આવ્યાં. પડખું ચીરાતાં સમુદ્રનું પાણી ધોધમાર વેગે એ જહાજના ફાલકામાં ઘૂસ્યું. ચોથા પ્રહારની જરૂર ન હતી. 'કગા'નાં એન્જિનો બંધ પડ્યાં હતાં અને તે ડાબા પડખે નમી રહ્યું હતું. વીસ મિનિટ પછી તેના કેપ્ટન જિસાકુ ઓકાદાએ ભગ્ન હૃદયે નાવિકોને ફરમાન આપ્યું : 'જહાજને તજી દો! લાઇફબોટ ઉતારો!'



♦ અંતિમ ક્ષણો ગણી રહેલું અમેરિકન જહાજ યોર્કટાઉન.

આ ફરમાન પહેલાં વાઇસ-એડમિરલ નગુમોના ધ્વજજહાજ 'અકાગી'ને પણ મરણતોલ ફટકા વાગી ચૂક્યા હતા. ક્લેરેન્સ મેક્લુસ્કીનાં ફક્ત ત્રણ વિમાનોએ ૩૬,૫૦૦ ટન વજન ધરાવતા 'અકાગી' પર હુમલા કર્યાં અને તે ત્રણ જ પૂરતાં નીવડ્યાં. પહેલા બોમ્બનો વાર લગભગ ખાલી ગયો, પણ બીજાએ 'અકાગી'ના તૂતકને વીંધી નાખ્યું અને સીધો ભંડકિયામાં પહોંચ્યો, જ્યાં ટોરપિડોનો ઢગ ખડકેલો હતો. વિશિષ્ટ રચનાવાળો દરેક અમેરિકી બોમ્બ ફ્લાઇટ ડેકના પોલાદને વીંધી ૧.૨૫ મીટર (૪ ફીટ) અંદર ઘૂસ્યા પછી જ ફાટે એ પ્રકારનો હતો. પરિણામે 'અકાગી'ના ભંડકિયામાં પણ કર્ણભેદી ગાજવીજ થવા લાગી. ટોરપિડોના ધડાકા પર ધડાકા થયા, જેમણે તૂતકને ખળભળાવી મૂકતા ત્યાંના આશરે ૨૦૦ જાપાની નાવિકોને સમુદ્ર તરફ ફંગોળી દીધા. સાધારણ રીતે બે પોલાદભેદી બોમ્બ આવડા મોટા વિમાનવાહક જહાજને મરણતોલ રીતે જખમી ન કરી શકે, પણ આંતરિક વિસ્ફોટોએ તેના શસ્ત્રભંડાર, એન્જિનરૂમ તથા બળતણની ટાંકીઓનો નાશ કરવા ઉપરાંત પડખાં ચીરી નાખ્યાં ત્યારે 'અકાગી'ના બચવાનો ચાન્સ ન રહ્યો. જહાજ પર વડવાનલ ભભૂકતો હતો. 'જહાજનો ત્યાગ કરો !' નાવિકો માટે હુકમ છૂટ્યો.

નાવિકોએ ૧૪ બચાવનૌકાઓ ઉતારી. વાઇસ-એડમિરલ નગુમો સહિત જીવતા રહેવા પામેલા અફસરો તેમજ નાવિકો મૃત:પ્રાય જહાજને છોડી ગયા. 'અકાગી'ની સ્મૃતિરૂપે તેઓ જાપાની શહેનશાહની જહાજના બ્રિજને શોભાવતી તસવીર કાઢીને સાથે લેવાનું ભૂલ્યા નહિ. જહાજ પોતે સ્મૃતિ બનવા તૈયાર ન હતું. અનેક જખમો વેઠીને પણ તે પંગુ દશાએ તરતું રહ્યું. આ સોગાદને વિજયની ટ્રોફિ તરીકે અમેરિકનોના હાથમાં જતી રોકવા માટે થોડી વાર પછી એક જાપાની વિનાશિકાએ એડમિરલ યામામોતોની વાયરલેસ સૂચના મુજબ તેને ટોરપિડો મારી દીધો. 'અકાગી'એ ત્યારે અફાટ પ્રશાન્ત મહાસાગરની જલપિછોડીને ઓઢી લેવાની શરૂઆત કરી. લાઇફબોટના હતાશ નાવિકોએ સહેજવાર માટે જુસ્સો એકઠો કરી 'અકાગી, બાન્ઝાઇ !'ના પોકારો સાથે તેને વિદાય આપી.

આ મહાતાંડવે 'સોરયુ'ને પણ અસ્પૃશ્ય રહેવા દીધું ન હતું. 'યોર્કટાઉન' જહાજનાં અમેરિકી વિમાનોએ તેને ફક્ત ત્રણ મિનિટમાં ત્રણ બોમ્બ ઝીંક્યા તેવો જ 'સોરયુ'ની પાંચ વર્ષ લાંબી કારકિર્દીનો છેડો આવી ગયો. જાપાની કાફલાનાં ચાર વિમાનવાહક જહાજોમાં સૌથી નાનું (૧૫,૯૦૦ ટનનું) 'સોરયુ' કુલ દોઢ ટનના ત્રણ બોમ્બ સામે ટકી ન શક્યું અને વીસ મિનિટમાં જ તેણે સાગરસમાધિ લીધી.

બાકી રહ્યું કાફલાની મોખરે હંકારતું તેનું જોડકું વિમાનવાહક જહાજ 'હિરયુ', જેને બે ડઝન ઝીરો ફાઇટર્સ અમેરિકી વિમાનો સામે મજબૂત રક્ષણ આપી રહ્યાં હતાં. આકાશમાં લગભગ ૬૦૦ મીટર ઊંચે તુમુલ ડૉગફાઇટ ચાલતી હતી અને ત્યાં લડતાં બધાં અમેરિકી વિમાનો ક્રમશ: પીછેહઠ કરતાં હતાં. કઇ દિશામાં ? 'યોર્કટાઉન'ની જ દિશામાં ! જાણે બે આખલા ઝાડનો ખોડો કાઢવા તેની નજીક સરકતા હોય તેમ બાથંબાથીમાં સંડોવાયેલાં જાપાની-અમેરિકી વિમાનો અને 'યોર્કટાઉન' વચ્ચેનું અંતર ઘટ્યે જતું હતું. એક પછી એક ગુલાંટ તેમને એ જહાજની ઓર નજીક લાવી રહી હતી. સલામત અંતરે રહેવા 'યોર્કટાઉને' પોતાની ઝડપ ઘટાડી એટલું જ નહિ, પણ વાઇલ્ડકેટ પ્રકારનાં વધુ કેટલાંક વિમાનોને દુશ્મનના પ્રતિકાર માટે આકાશમાં ચડાવ્યાં.

'હિરયુ'એ પોતાનાં ટોરપિડો બોમ્બર્સને 'યોર્કટાઉન'ની ખબર લેવા મોકલ્યાં. અમેરિકન જહાજનાં બધાં વિમાનો ડૉગફાઇટમાં વ્યસ્ત હતાં, એટલે તેના પર જાપાની હુમલો સફળ રહ્યો. પડખામાં થયેલા બે પ્રચંડ વિસ્ફોટોએ તેને જોતજોતામાં ૨૬° ના ખૂણે ડાબી તરફ નમતું કરી દીધું. ઝોક વધતો ગયો. નાવિકોએ 'યોર્કટાઉન'ને તજી દીધા પછી એકાદ કલાકે તે જહાજ મહાસાગરમાં ગરક થયું. બેટલ ઑફ ધ કોરલ સીના યુદ્ધ




આકાશમાં ૬૦૦ મીટર ઊંચે તુમુલ ડૉગફાઇટ ચાલતી હતી અને ત્યાં લડતાં બધાં અમેરિકી વિમાનો ક્રમશ: પીછેહઠ કરતાં હતાં

વખતે અનેક જખમો સાથે મળેલું જીવતદાન કદાચ તેને કોઠે નહોતું પડ્યું. અલબત્ત, દિલાસાની વાત એ ખરી કે 'હિરયુ'ના વિમાનોએ 'યોર્કટાઉન'નો ફેંસલો આણ્યો તે દરમ્યાન ફાઇટર કવર વિના રેઢા પડેલા 'હિરયુ'ને ખુદ 'યોર્કટાઉન'નાં ૧૦ વિમાનોએ ખતમ કરી નાખ્યું.

આમ જૂન ૪, ૧૯૪૨ ની સવારે આરંભાયેલા હવાઇ અને દરિયાઇ યુદ્ધના ફક્ત ૨૪ કલાકમાં વાઇસ-એડમિરલ નગુમોના કાફલાએ તેના ચારે ચાર વિમાનવાહક જહાજો ગુમાવી દીધાં. આ કારમા નુકસાને માત્ર એ કાફલાની નહિ, જાપાનના નૌકાદળની કરોડરજ્જુ તોડી નાખી. ૧૯૪૨ માં જાપાન પાસે ૧૦ વિમાનવાહક જહાજો હતાં, જેમાંનાં શ્રેષ્ઠ ચારને તેણે ધ બેટલ ઑફ મિડવે માટે પસંદ કર્યાં હતાં અને ચારેયને ખોયાં હતાં. ઘણાંખરાં દરિયાઇ યુદ્ધો બેટલશિપને બદલે વિમાનો વડે હવાઇ યુદ્ધો ખેલીને જ જીતી શકાય એવી વ્યૂહાત્મક થિઅરીમાં માનતા જાપાન માટે એ જબરજસ્ત ફટકો હતો.

આ ધબડકાના સમાચાર વાઇસ-એડમિરલ નગુમોના કાફલાની ૯૬૦ કિલોમીટર પાછળ રહીને હંકારતા સર્વોચ્ચ નૌકાસેનાપતિ એડમિરલ યામામોતોને મળ્યા ત્યારે મિડવેના નામે મન વાળી લેવું કે અમેરિકનોને જાપાનના મનોબળનો પરચો આપવો તે સમજાયું નહિ. વિશ્વના સૌથી વિરાટ યુદ્ધજહાજ 'યામાતો'ની ભવ્ય રીતે સજાવેલી કેબિનમાં બેઠેલા અને 'સાગરના સિંહ'નું બિરૂદ પામેલા યામામોતોની દશા તે માઠા સમાચાર મળ્યા પછી પાંજરે પડેલા સિંહ જેવી હતી. પહેલો વિચાર એ આવ્યો કે પોતાના કાફલા સાથે મિડવે તરફ આગળ વધવું, વાઇસ-એડમિરલ કોન્દોના ટ્રાન્સપોર્ટ કાફલાને તથા એલુશિયન મોકલાયેલાં જહાજોને પણ ત્યાં તાકીદે બોલાવવાં અને સંયુક્ત આક્રમણ વડે અમેરિકી મનવારોનો સફાયો કરી નાખવો. બીજા વિચારે થયું કે જ્વલંત વિજય માટે ઝીણામાં ઝીણું આયોજન કર્યા પછીયે કારમો પરાજય મળ્યો, તો હવે જાપાની નૌકાદળનાં બાકી રહેલાં કિંમતી સોગઠા વડે જુગાર ન ખેલવામાં જ સાર હતો. જૂન ૫, ૧૯૪૨ ના રોજ મધરાત પછી ૦૨:૫૫ વાગ્યે તેણે બધા કાફલાને પાછા વળવા સૂચના આપી. નૌકાદળના બધા અફસરો, નાવિકો અને પાયલટોજોગ તેણે સંદેશો પ્રસારિત કર્યો : 'કોઇએ આપણા પરાજય માટે કોઇને દોષ આપવાનો નથી. દોષ હોય તો મારા એકલાનો છે.'

મહાશક્તિશાળી જાપાની નૌકાદળને ધ બેટલ ઑફ મિડવેમાં પરાજય તરફ ધકેલવા માટે ખરેખર 'દોષિત' હોય તો એ યામામોતો નહિ, બલકે મહદ્ અંશે નસીબજોગે બનેલા એ બનાવો કે જેની કલ્પના યામામોતોને ન હતી. જાપાની નૌકાદળે રચેલી સાંકેતિક ભાષાના AF શબ્દનો અર્થ દુશ્મનોએ જાણી લીધો, અમેરિકન જહાજોની હિલચાલનો રિપોર્ટ મેળવવા પર્લ હાર્બર તરફ ગયેલી સબમરિનો ત્યાં મોડી પહોંચી, વાઇસ-એડમિરલ નગુમોએ તેના ટોરપિડોસજ્જ વિમાનોમાં બોમ્બ ફિટ



♦ વળતો જવાબ : 'યોર્કટાઉન'નો હિસાબ અમેરિકાના લડાયક વિમાનોએ 'હિરયુ'ને જળસમાધિ આપીને પૂરો કર્યો.

કરાવ્યા પછી એકાએક દુશ્મનોનું આક્રમણ થયું, લેફ્ટનન્ટ-કમાન્ડર મેક્લુસ્કીનાં ડાઇવ બોમ્બર્સ તેમનાં લક્ષ્યાંકે મોડાં પહોંચ્યાં તોય સમયસર પહોંચ્યાં વગેરે બનાવો પૈકી એકાદ પણ જો ન બન્યો હોત તો જાપાન માટે વિજય નિશ્ચિત હતો, પણ તેના દુર્ભાગ્યે બધા સામટા બન્યા.

મિડવેના ઐતિહાસિક મહાસંગ્રામે પ્રશાન્ત મહાસાગરમાં જાપાની સામ્રાજ્યની આગેકૂચ રોકી પાડી એટલું જ નહિ, પણ નૌકાતાકાત હણાયા પછી તેનું સામ્રાજ્ય ઉત્તરોત્તર સંકેલાતું ગયું અને ત્રણ વર્ષ પછી તો અમેરિકાના બે અણુબોમ્બે જાપાની 'સામ્રાજ્ય'ને તદ્દન સંકોચી જાપાનમાં જ સમાવી દીધું.■

4

નાઝી સામ્રાજ્યનો ફેંસલો લાવી દેનાર મહાસંગ્રામ : ધ લૉંગેસ્ટ ડે

જૂન ૬, ૧૯૪૪ની સવારે ફ્રાન્સના નોર્મન્ડીને સાગરકાંઠે બીજા વિશ્વવિગ્રહનો નિર્ણાયક સંગ્રામ શરૂ થયો. દિવસ આખો ભીષણ યુદ્ધ ખેલાયું. દિવસના અંતે કિનારાની રેતીનો ધોળો પટ હજારો સૈનિકોના લોહી વડે રાતો બન્યો ત્યાં સુધીમાં ઇતિહાસે હિટલરના નાઝી જર્મનીનું ભાવિ નક્કી કરી નાખ્યું. આ રોમાંચક સત્યકથા 'ધ લૉંગેસ્ટ ડે' તરીકે યાદગાર બનેલા જૂન ૬, ૧૯૪૪ના એ દિવસની છે કે જેણે સૂર્ય ઢળતા સુધીમાં જગતનો ઇતિહાસ પણ નક્કી કરી નાખ્યો.

'લેફ્ટનન્ટ જોન્સ ? હું કર્નલ ડેવિડ નિવેન બોલું છું--સૈન્યના ફિલ્મ વિભાગમાંથી.' ટેલિફોન પર ધીમો અવાજ સંભળાયો, જેમાં વિનમ્રતાનો પણ સૂર હતો. 'ઓળખ્યો મને ?'

'કેમ નહિ ?'

એક બ્રિટિશ ફિલ્મ કલાકારને બીજો બ્રિટિશ ફિલ્મ કલાકાર ઓળખતો ન હોય એવું ભાગ્યે જ બને. વર્ષો પછી તો ડેવિડ નિવેન (જમણો ફોટો) તેની 'ગન્સ ઑફ નેવેરોન' જેવી યાદગાર ફિલ્મો બદલ જગતભરમાં ખ્યાતિ પામવાનો હતો.

'સૈન્ય માટે અમુક ટૂંકી ફિલ્મો બની રહી છે. અભિનય કરવામાં રસ ખરો ?'

'એકદમ.' લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સ બોલ્યો. 'મારું ગમતું કામ છે.'

'સરસ.' કર્નલ નિવેને ખુશ થતા કહ્યું. 'વહેલી તકે લંડન પહોંચો. સરનામું લખી લો.'

વાર્તાલાપના અંતે વધુ ખુશાલી કદાચ લેફ્ટનન્ટ જોન્સને થતી હતી. ફિલ્મોમાં અને ખાસ કરીને રંગમંચ પર અભિનય કરવામાં તેણે પચ્ચીસેક વર્ષ ગુજાર્યાં હતાં. સાઇડ રોલનાં કહી શકાય એવાં જ પાત્રો તેના ભાગે આવ્યાં હતાં, તો પણ ચરિત્ર અભિનેતા તરીકે બ્રિટનમાં તેની શાખ હતી.



સપ્ટેમ્બર, ૧૯૩૯ માં બીજું વિશ્વયુદ્ધ આવી પડ્યું ત્યારે રણમોરચાના અંગ્રેજ સૈનિકોનું મનોરંજન કરવા તેણે સંરક્ષણ મંત્રાલય સમક્ષ ઑફર મૂકી, પરંતુ મંત્રાલયે તેને ભળતા જ કામમાં જોતરી દીધો. સૈનિકોના પગારનો અને ભથ્થાંનો હિસાબકિતાબ રાખતા Pay Corp/પે કૉરમાં તેને સામેલ કર્યો. અહીં ટૂંક સમય પછી બઢતી મળી અને તે લેફ્ટનન્ટનો હોદ્દો પામ્યો, છતાં જન્મજાત કલાકારને શુષ્ક આંકડા સાથે લમણાં ફોડવાનું કેમ ગમે ? કર્નલ ડેવિડ નિવેનનો પ્રસ્તાવ સાંભળીને તે એટલે જ ખુશ થયો હતો. ઘણા વખતે અભિનય કરવાની તક મળવાની હતી, જેની તેને સત્તાવાર રીતે જાણ કરતો પત્ર પણ કર્નલ નિવેને દરમ્યાનમાં મોકલી આપ્યો હતો.

લેફ્ટનન્ટ જોન્સ તેને લખાવવામાં આવેલા સરનામે પહોંચ્યો. લંડનની કર્ઝન સ્ટ્રીટ પરનું મકાન ખુશ્કીદળના મથક જેવું લાગતું ન હતું. સૈન્યના ફિલ્મ ડિપાર્ટમેન્ટની કચેરીનો દબદબો લશ્કરી અડ્ડા જેવો ન હોય તે સ્વાભાવિક પણ હતું. કર્નલ ડેવિડ નિવેન તેને આવકારવા બહાર જ રાહ જોતો હતો. ખબરઅંતર પૂછ્યા બાદ નિવેન બોલ્યો : 'આવો મારી સાથે.'

બેઉ જણા અંદરના એક મોટા ઓરડામાં ગયા, જ્યાં વચ્ચોવચ મૂકેલા લાંબાપહોળા ટેબલ પાછળ



MAYfair 9400/319

The War Office, A.K.1(b),
Curzon Street House,
Curzon Street,
LONDON. W.1

B.O.(D.N.) DN/HS

21 April, 1944.

Dear Clifton-Jones,

Colonel Lister arrived back today and brought all the photographs and particulars which you were kind enough to give him.

I have a part in a forthcoming production which I think would suit you admirably. However, I must ask you to make a few tests before we mutually decide that you and it fit each other! It would therefore be necessary for you to come down to London for at least one week as soon as possible.

In order to speed up this arrangement do you think you could arrange with your Commanding Officer on the strength of this letter to allow you a week's unofficial attachment here while we are making the tests? If we ask for you officially for only one week through the usual channels it inevitably takes about a month to arrange, by which time the picture would be finished!!

If your C.O. would like this done through the usual channels then I will, of course, set the creaking wheels in motion. However, the production is of the greatest importance and urgency, and has been ordered by the Chiefs of Staff. If the tests are successful we should require your services for a few weeks longer, and would, of course, make official application for the additional time.

Would you let me know as soon as possible if and for which dates you have been able to arrange this week's absence from your unit with your Commanding Officer.

I am writing on behalf of the Director of Army Kinematography.

Yours sincerely,

Lieut.Col.
A.D.A.K.

Lieut.Clifton-Jones,
Army Pay Corps,
Newark Street,
LEICESTER.

કર્નલ ડેવિડ નિવેને ૨૧મી એપ્રિલના રોજ લેફ્ટનન્ટ જોન્સ ક્લિફ્ટનને લખેલો પત્ર, જેમાં તેણે લેફ્ટનન્ટ જોન્સને સૈન્યની આગામી ફિલ્મમાં કામ કરવા માટે થોડા દિવસ લંડન આવવાનું જણાવ્યું


સાદા વેશમાં બેઠેલો અફસર તરત ઊભો થયો.

'આમને મળો.' ડેવિડ નિવેને કહ્યું. 'મારા સહયોગી કર્નલ લેસ્ટર.'

'હું લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સ, સર !' જોન્સે સેલ્યૂટ મારી. બેઉને એકલા મૂકી ડેવિડ નિવેન બહાર નીકળી ગયો.

'બેસો, લેફ્ટનન્ટ.' કહી લેસ્ટરે ખુરશી તરફ સંકેત કર્યો. 'સૌ પહેલાં તમને એ જણાવી દઉં કે એમ. આઇ. ફિફ્ટીનનો હું સભ્ય છું. તમારૂં કામ પડ્યું છે, પરંતુ ફિલ્મ બનાવવા માટે નહિ.'

લેફ્ટનન્ટ જોન્સનો ઉત્સાહ તત્કાળ ઓસરી ગયો. બીજી તરફ ઉત્કંઠા પણ જાગી, કારણ કે MI 15 બ્રિટિશ સૈન્યની ગુપ્તચર સંસ્થા હતી અને તેનાં જાસૂસી પરાક્રમો વિશે અછડતા સમાચારો વખતોવખત બ્રિટિશ વર્તમાનપત્રોમાં છપાતા હતા. વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલે પણ તેની કામગીરીને અનેક વાર બિરદાવી હતી.



જનરલ મોન્ટગોમેરી

'ફિલ્મ બનાવવાની નથી ?'

'ના.' કર્નલ લેસ્ટર બોલ્યો. 'મારી વાત સાંભળી તમને આંચકો લાગ્યો હોય તો દિલગીર છું, પણ તમને અહીં જુદા કામસર બોલાવવામાં આવ્યા છે--અને ફિલ્મ કરતાં એ કામ વધુ અગત્યનું છે. તમારે જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરીનો પાઠ અદા કરવાનો છે.'

'એટલે ?' જોન્સની ઉત્કંઠા વધી.

'તમારે મોન્ટગોમેરી બનવાનું છે.' કર્નલ લેસ્ટરે ધડાકો કર્યો.

હવે જોન્સને ખરો આંચકો લાગ્યો. કંઇક સમજાવા પણ લાગ્યું. 'મોન્ટી'ના હુલામણા નામે ઓળખાતો જનરલ (ભાવિ ફિલ્ડ-માર્શલ) બર્નાર્ડ મોન્ટગોમેરી બ્રિટનનો સેનાપતિ હતો. ઉત્તર આફ્રિકાના બેટલ ઑફ અલ અલામીન તરીકે બહુચર્ચિત થયેલા ટેન્કયુદ્ધમાં જર્મન ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલના લશ્કરને તેણે ૧૯૪૨માં હરાવ્યા પછી બ્રિટિશ પ્રજા તેના પર આફ્રિન હતી. ઘેરા લાલ રંગની સાદી અને ચપટી બેરે/beret કેપ, ઊનનું લાંબી બાંયનું સ્વેટર, પહોળી મોરીનું ખાખી પેન્ટ અને જાડો બેલ્ટ પહેરતો મોન્ટગોમેરી ચીફ કમાન્ડરને બદલે મધ્યમ હોદ્દાના અફસર જેવો લાગે, પરંતુ એ લેબાશ તેને વિશિષ્ટ પ્રતિભા બક્ષતો ટ્રેડમાર્ક બની ગયો હતો.

કર્નલ લેસ્ટરની વાત સાંભળીને લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સે પોતાના સાથી કલાકારોના મોઢે અગાઉ કેટલીયે વખત સાંભળેલી ટકોર યાદ કરી : 'તમે અને મોન્ટી જોડિયા ભાઇઓ તો નથી?' એક વાર બ્રિટનના 'ન્યૂઝ ક્રોનિકલ' અખબારે મોન્ટગોમેરીની તસવીરમાંથી બેરે કેપ સિફતપૂર્વક કાપી અને જોન્સના ફોટા પર ચોંટાડી એ તસવીર પહેલા પાને ચમકાવી હતી. ઉપર (છેતરાયેલા) વાચકોને સંબોધીને લખાયેલું શીર્ષક હતું : YOU ARE WRONG--HIS NAME IS LT. CLIFTON JONES

આ જાતના પ્રસંગોને વારાફરતી યાદ કરતો લેફ્ટનન્ટ જોન્સ કેટલોક સમય વિચારમગ્ન સ્થિતિમાં ખામોશ બેસી રહ્યો. કર્નલ લેસ્ટરે પણ મૌન સેવવાનું પસંદ કર્યું.

'હું જાણી શકું કે વાત શી છે?' જોન્સે અંતે મુદ્દાનો સવાલ કર્યો.

'તમારે જાણવું પણ જોઇએ, પરંતુ યોજના વિશે તમારે ગુપ્તતા જાળવવાની છે એટલું ધ્યાન રાખજો. દેશની સલામતીનો પ્રશ્ન છે.'

'હું સમજું છું. તમે નિશ્ચિંત રહી શકો છો.'

'જોન્સ...' કર્નલે જમણી દીવાલ પરનો નકશો ચીંધી બતાવતા કહ્યું. 'ફ્રાન્સને મુક્ત કરાવવાનો સમય પાકી ગયો છે. ખાડી ઓળંગીને ફ્રાન્સ પર જબરજસ્ત હલ્લો બોલાવવાનો છે અને પછી આગળ વધીને બર્લિન સુધી પહોંચવાનું છે. હવે રાહ જોવાય તેમ નથી. દિવસો ગણાય છે. જનરલ આઇઝનહોવરે હુમલાની યોજનાને મંજૂરી આપી દીધી છે--અને જર્મનો માટે પણ એ બાબત અજાણી નથી. પરંતુ સાગરતટે કયા સ્થળે હુમલો થવાનો છે એ વાતની તેમને છેવટ સુધી ગંધ ન આવવી જોઇએ. આપણાં બંદરો પાસે જંગી પૂર્વતૈયારી થતી હોય અને તેના ખબર હિટલરને ન પહોંચે એવું બને જ નહિ, એટલે જર્મની માટે ભ્રમ એ જાતનો પેદા કરવો છે કે હુમલો તાત્કાલિક થવાનો નથી. આ કાર્યમાં તમારી મદદની અમને જરૂર છે.'

સૈન્યની દસ્તાવેજી કે પ્રચારાત્મક ફિલ્મો માટે અભિનય કરવાની ગણતરીએ આવેલા

ક્લિફ્ટન જોન્સને એકાએક સાવ જુદી દુનિયામાં પ્રવેશ્યાની લાગણી થવા લાગી. કંઈક અસાધારણ બની રહ્યું હતું અથવા તો બનવાનું હતું.

'મદદને હું મારી ફરજ ગણીશ.' તેણે કર્નલ લેસ્ટરને કહ્યું.

'જનરલ મોન્ટગોમેરી હાલ બ્રિટનમાં છે. અમે થોડા સમય માટે તેમને વિદેશમાં એકાદ બીજા લશ્કરી મુકામ પર મોકલી દેવા માગીએ છીએ. મોન્ટગોમેરી વિદેશમાં હોવાનું ફક્ત નાટક રચવું છે, જેમાં મોન્ટીની ભૂમિકા તમારે અદા કરવાની છે.'

'તમે એમ કહેવા માગો છો કે મારે જનરલના હમશકલ બનીને...'

'ના, હમશકલ નહિ.' કર્નલ લેસ્ટરે તરત સુધારો કર્યો. 'તમારે જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરી બનવાનું છે. માત્ર જર્મનોને નહિ, આપણા સૈનિકોને અને અફસરોને પણ એ ભ્રમમાં રાખવાના છે કે તમે જ મોન્ટી છો ! જુઓ, લેફ્ટનન્ટ ! અમુક યુદ્ધમાં દેશનું ભાવિ ક્યારેક તેના શક્તિશાળી સૈન્યને બદલે તેના સામાન્ય નાગરિકો વડે નક્કી થતું હોય છે. અત્યારે તમે એવા નાગરિક છો—અને તમારી અગત્યતા એટલી છે કે એ સમજાવવા મારી પાસે શબ્દો નથી.'


લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સને બધું સમજાવવાની જરૂર પણ ન હતી, કેમ કે વિશ્વવિગ્રહને ફાટી નીકળ્યાનાં સાડા ચાર વર્ષ પછી એપ્રિલ, ૧૯૪૪માં લશ્કરી પરિસ્થિતિ જગજાહેર હતી. હિટલરનું સૈન્ય પૂર્વ મોરચે રશિયા સામેના તુમુલ સંગ્રામમાં હારી ચૂક્યું હતું. ઉત્તર આફ્રિકામાં હિટલર-મુસોલિનીએ બેટલ ઑફ અલ અલામીન પછી મોરોક્કો, અલ્જિરિયા, ટ્યુનિશિયા તથા લિબિયા પણ ગુમાવ્યા હતા. ઍટલાન્ટિક મહાસાગર પર નૌકાદળનું જોર શમી ચૂક્યું હતું. 'પ્રિન્સ બિસ્માર્ક', 'એડમિરલ ગ્રાફ સ્પી', 'સ્કેનહોર્સ્ટ' અને 'પ્રિન્સ યુજેન' સહિત પ્રથમ હરોળનાં બધાં યુદ્ધજહાજો ઉપરાંત લગભગ ૫૫૦ સબમરિનોની બાદબાકી થયા પછી બાકી રહેલા જહાજો તથા સબમરિનોની સંખ્યા જોતાં તેને વિશ્વયુદ્ધના ધોરણ અનુસાર નૌકાદળ કહેવાય પણ નહિ. હવે ઍટલાન્ટિક મહાસાગરમાં વર્ચસ્વ બ્રિટન-અમેરિકાનું હતું. હવાઈ આક્રમણ વડે બ્રિટનને મહાત કરવાની જર્મન હવાઈ દળની કોશિશો પણ વ્યર્થ નીવડી હતી. બેટલ ઑફ બ્રિટન નામના ભીષણ હવાઈ યુદ્ધમાં જર્મન ઍર-માર્શલ હેરમાન ગોરિંગની વાયુસેના લુફ્ટવાફે ૧,૭૩૩ વિમાનો ગુમાવી દીધાં હતાં. પરિણામે લુફ્ટવાફેની કમર હવે ભાંગી ચૂકી હતી.

આ વ્યાપક અને જબરજસ્ત નુકસાન દેખીતી રીતે પરાજયનું એંધાણ લેખાય, છતાં બર્લિનમાં હિટલરના ફૂંફાડા હજી શાંત પડ્યા ન હતા. નાઝી જર્મની સામે અંતિમ જંગ ખેલવા માટે યુરોપની ભૂમિ પર દુશ્મનો પગ ન મૂકે ત્યાં સુધી પરાજય થવાનો પ્રશ્ન ક્યાં હતો? પોલેન્ડ, નોર્વે, ડેન્માર્ક, બેલ્જિયમ, નેધરલેન્ડ (હોલેન્ડ), ઑસ્ટ્રિયા, લક્ઝેમ્બર્ગ, યુગોસ્લાવિયા, હંગેરી, ગ્રીસ અને ફ્રાન્સ હજી જર્મનીના તાબામાં હતા, જ્યારે તટસ્થ રહેલું સ્પેન તેના પાળેલા ગલુડિયાની જેમ હિટલરનો પડ્યો બોલ ઝીલતું હતું.

મુસોલિનીનું ઇટાલિ તો વિશ્વયુદ્ધમાં જર્મનીનું સક્રિય પાર્ટનર હતું. આ બધા દેશો ભૌગોલિક અને વ્યૂહાત્મક રીતે જર્મની માટે બફર ઝોન હતા. શત્રુના આક્રમણને તરત બુઠ્ઠું કરી મૂકે એવા શૉક એબ્સોર્બર્સ હતા. એકાદને જીતી તેની આરપાર ચઢાઈનો માર્ગ બનાવ્યા વિના બ્રિટિશ-અમેરિકન સૈન્ય જર્મની સુધી પહોંચી શકે નહિ.

એકાદને જીતી લેવાની વાત પણ જો કે પછીની હતી. સૌ પહેલાં દરિયો ઓળંગવો રહ્યો. લાખો સૈનિકો, હજારો રણગાડીઓ અને તોપો, બખ્તરિયાં વાહનો, બળતણ, ખાધાખોરાકી તથા દારૂગોળો ભરેલાં અસંખ્ય ખટારા, સંદેશાવ્યવહાર માટેનાં સાધનો, એમ્બ્યુલન્સ, સુરંગ ખસેડતાં યંત્રો વગેરેના જંગી રસાલાને સમુદ્રપાર એકાદ જર્મનશાસિત દેશ તરફ મોકલવો, સામેના કિનારે તેના આગમનની રાહ જોતા તૈયાર બેઠેલા પૂરેપૂરા શસ્ત્રસજ્જ જર્મન લશ્કરને મારી હટાવવું, ત્યાર પછી નાઝી કબજાવાળા એ યુરોપી દેશની આરપાર નીકળતી વખતે ડગલે ને






◆ રામ ઔર શ્યામ ! જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરી (જમણે) અને તેનો હમશકલ લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સ.

પગલે નાઝી પ્રતિકારને ધૂળભેગો કરતા જવું અને છેવટે હિટલરના ગઢ જર્મનીને પણ જીતી ત્યાં વિજયધ્વજ લહેરાવવો એ બધું વહેલી પરોઢે આવતા મીઠા સ્વપ્ન તરીકે બહુ રોમાંચકારી લાગે, પરંતુ વાસ્તવિકતા કઠોર હતી.

સૌથી વધુ અડચણરૂપ હોય તો તટરક્ષક તોપો/coastal artillery, સિમેન્ટ કોન્ક્રિટનાં બંકર્સ, જમીનમાં દાટેલી સુરંગો અને તારની કાંટાળી વાડ ધરાવતો દરિયાકિનારો, જેને હિટલર 'ઍટલાન્ટિક વૉલ' તરીકે ઓળખાવતો હતો. ઉત્તરે નેધરલેન્ડથી શરૂ કરી પશ્ચિમે ફ્રાન્સને રાઉન્ડ લગાવી દક્ષિણે ઇટાલિ સુધી ફેલાયેલી એ 'દીવાલ' ૯,૬૦૦ કિલોમીટર લાંબી હતી. લગભગ આખું નાઝીશાસિત યુરોપ તેની બીજી તરફ સુરક્ષિત હતું. હિટલરે આપેલી ઉપમા કરતાં વધુ સારી ઉપમા યોજીને એમ કહી શકાય કે પાણી ભરેલી થાળીની વચ્ચોવચ યુરોપ કહેવાતી મધની વાટકી હતી અને કીડિયારા જેવી બ્રિટિશ-અમેરિકન ફોજે એ વાટકીને આંબી લેવાની હતી. આ બુલંદ પડકાર સામે બુલંદ પ્રયાસ માનો કે કરવામાં આવે તો મિશન ફતેહ થવાની સંભાવના કેટલી ? સોએ કદાચ દસ ટકા પણ નહિ. આમ છતાં પ્રયાસ કરવાનું અનિવાર્ય







◆ ૫ ઍટલાન્ટિક વૉલ : નેધરલેન્ડથી છેક ફ્રાન્સ સુધીના સમુદ્રકાંઠે કાંટાળી વાડ અજગરની માફક પથરાયેલી હતી. વધુમાં સિમેન્ટ-કોન્ક્રિટનાં ભૂગર્ભ બંકર્સ તથા તટરક્ષક તોપો બ્રિટિશ-અમેરિકી આક્રમણનો મુકાબલો કરવા તૈનાત હતી.

હતું. એડોલ્ફ હિટલરની ભૂમિ પર આમનેસામનેનું નિર્ણાયક યુદ્ધ ન ખેલાય ત્યાં સુધી બાકીના મોરચા જીત્યાનો ખાસ મતલબ ન હતો. વિશ્વયુદ્ધનો ફેંસલો એ વગર આવવાનો ન હતો.

◆


એપ્રિલ, ૧૯૪૪ના આખરી સપ્તાહની એક સવારે જર્મન સૈન્યની નાઝી ધ્વજવાળી પોણો ડઝન ચમકદાર મોટરોનો રસાલો પશ્ચિમ ફ્રાન્સના નોર્મન્ડીને કાંઠે પહોંચ્યો. સૌથી પ્રભાવશાળી દેખાતી કન્વર્ટિબલ મર્સિડિઝ કારમાંથી ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલ નીચે ઊતર્યો. આ તેની પંદરમી મુલાકાત હતી કે પચ્ચીસમી એ કોણ જાણે, પરંતુ નવેમ્બર, ૧૯૪૩ માં ફ્રાન્સ આવ્યા પછી તેના વિચારોનું હોકાયંત્ર ફરી ફરીને નોર્મન્ડીના સાગરતટની દિશા બતાવતું હતું. 'હેઇલ હિટલર !'ના નારા સાથે નાઝી સલામી આપતા સૈનિકોની હરોળને વટાવી તે સમુદ્રતટની 'ઍટલાન્ટિક વૉલ' પાસે ગયો અને સંભવિત હુમલાનાં ચિન્હો ક્યાંય ન હોવાની રૂબરૂ ખાતરી કરવા માગતો હોય તેમ ઇંગ્લિશ ખાડી તરફ દૂરબીન માંડયું. હવામાન ખરાબ હતું, મોજાં ઉછાળા મારતાં હતાં. દરિયાઇ માર્ગે નોર્મન્ડી પર આક્રમણ કરવા માટે સંજોગો માફકસરના ન કહેવાય, એટલે રોમેલને કદાચ રાહત વળી. હંમેશની ટેવ મુજબ અફસરોને સતર્ક રહેવાની સૂચના આપી ફરી તે પોણોસો કિલોમીટર છેટે લા રૉશ ખાતે આવેલા પોતાના હેડક્વાર્ટર તરફ હંકારી ગયો.

પશ્ચિમ યુરોપમાં નાઝી લશ્કરનો કમાન્ડર ઇન ચીફ તો ફિલ્ડ-માર્શલ વૉન રૂન્ડસ્ટેટ નામનો ૬૮ વર્ષીય સેનાપતિ હતો, જેણે પ્રથમ વિશ્વવિગ્રહ દરમ્યાન પણ અનેક મોરચા સંભાળ્યા હતા. રણનીતિમાં તેનો અનુભવ જોતાં હિટલરે આખા પશ્ચિમ યુરોપનો લશ્કરી કાર્યભાર તેને સોંપ્યો હતો. બીજી તરફ Desert Fox/ રેગિસ્તાનની લોંકડી એવું પ્રશંસાસૂચક બિરૂદ પામેલા ફિલ્ડ-માર્શલ રોમેલને આફ્રિકી મોરચો સોંપાયો હતો. અહીં ઇજિપ્તના રેગિસ્તાનમાં જનરલ મોન્ટગોમેરીના ટેન્કદળ સામે તે હારી ગયો હતો. અલબત્ત, હિટલરે તેને શસ્ત્રોનો અને દારૂગોળાનો જરૂરી પુરવઠો ન મોકલ્યો એ તેની શિકસ્તનું મુખ્ય કારણ હતું. આમ છતાં હારેલા સેનાપતિને હિટલરે ફિલ્ડ-માર્શલ વૉન રૂન્ડસ્ટેટનું અવમૂલ્યન કરી તેની સમાંતરનો દરજ્જો આપ્યો તે વાતનું બીજા જર્મન અફસરોને સહેજ આશ્ચર્ય થયું હતું.

હિટલરે વધુ ભરોસો રોમેલ પર મૂકયો તેનું કારણ એટલું કે 'ઍટલાન્ટિક વૉલ' અંગે રોમેલના પણ વિચારો તેના જેવા હતા. આ જાતની કિલ્લેબંધી વડે યુરોપના સમગ્ર દરિયાકિનારાને સુરક્ષિત બનાવવાનો નુસખો હિટલરના દિમાગમાં રહી રહીને સ્ફૂર્યો હતો. વિશ્વયુદ્ધના પ્રથમ નવ મહિનામાં અડધો ડઝન યુરોપી દેશો પછી ફ્રાન્સ પણ જૂન ૨૨, ૧૯૪૦ના દિવસે જર્મનીના શરણે થયું ત્યારે નાઝી લશ્કરનો ઝંઝાવાતી સપાટો જોતાં હિટલરે ધારી લીધેલું કે હવે બ્રિટને પણ શસ્ત્રો પડતાં મૂકી શાંતિપ્રસ્તાવ રજૂ કર્યા વિના છૂટકો ન હતો. બધે મોરચે ફટકા ખાતું બ્રિટન સમુદ્રી માર્ગે યુરોપ પર આક્રમણ કરે એવું તો સ્વપ્નેય ન બને, એટલે ડેન્માર્ક, નેધરલેન્ડ, બેલ્જિયમ અને ફ્રાન્સના સાગરતટે તારની વાડ, સુરંગો, તોપખાનું, સિમેન્ટ કોન્ક્રિટના બંકર્સ વગેરેની રક્ષણાત્મક હરોળ રચવાનીયે જરૂર નહિ. તત્કાલીન સંજોગો પ્રમાણે હિટલરનું લોજિક ખરેખર સાચું હતું, પરંતુ સંજોગો બદલાતા પણ વાર ન લાગી. બ્રિટનને પરાજયના ભણકારા સંભળાતા હોવા છતાં તે મક્કમપણે લડત આપતું રહ્યું. અમેરિકાની લશ્કરી તેમજ


◆ નાઝી ફોજના ફિલ્ડ-માર્શલ્સ : ઇરવિન રોમેલ (ડાબે) તથા વૉન રૂન્ડસ્ટેટ.





આર્થિક સહાય તેના માટે ઑક્સિજન બની. વિજય પર વિજય મળ્યાના કેફમાં હિટલર વળી તેની સૌથી મોટી ભૂલ કરી બેઠો. મહાસાગર જેવડા રશિયાને જીતી લેવા તેણે જૂન, ૧૯૪૧માં તેના પર જબરજસ્ત આક્રમણ કર્યું. અગાઉ પશ્ચિમ યુરોપમાં ફ્રાન્સ સહિત એકેય દેશ સામે તેણે ૨૩ કરતાં વધુ ડિવિઝનો ખડકી ન હતી, જ્યારે રશિયાને ખોખરૂં કરવા ૨૫૨ ડિવિઝનો મોકલી ! અને છેવટે એ જંગી સંખ્યાબળના પ્રમાણમાં શિકસ્ત પણ જબરજસ્ત મળી. જાપાને ત્યાં વળી ડિસેમ્બર ૭, ૧૯૪૧ના રોજ અમેરિકાના પર્લ હાર્બર નૌકામથક પર હુમલો કર્યો. પરિણામે બ્રિટનને ફક્ત પરોક્ષ રીતે મદદ કરતા રહેલા અમેરિકાએ વિશ્વયુદ્ધમાં ઝંપલાવ્યું અને જર્મની માટે નવો ભોરિંગ જાગ્યો. બે વર્ષ પછી તો યુરોપની ભૂમિ પર બ્રિટન-અમેરિકાની સંયુક્ત ચઢાઇ લગભગ નિશ્ચિત બની.

બીજા વિશ્વયુદ્ધનું પ્રકરણ બીજું : બાજી જ્યારે પલટાઇ



હવે 'ઍટલાન્ટિક વૉલ' ખડી કર્યા વિના આરો ન હતો. હિટલરે બર્લિનમાં જર્મન હાઇ કમાન્ડની મિટિંગ બોલાવી અને કમાન્ડના વરિષ્ઠ સેનાપતિઓને પોતાનો વ્યૂહાત્મક પ્લાન સમજાવ્યો. વાતાવરણ ગંભીર હતું--અને જનરલ ફ્રાન્ઝ હેલ્ડર નામના નાઝી સેનાપતિએ જ્યારે મિટિંગમાં પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં ત્યારે ઓર તંગ બન્યું.

'કિલ્લેબંધી તદ્દન સમુદ્રકિનારે હોય એ યોગ્ય નથી. કિનારાથી સહેજ પાછળ હોવી જોઇએ.' હેલ્ડરે કહ્યું.

'શા માટે ?' હિટલરે પૂછ્યું.

'આક્રમણ લાવતો દુશ્મન નૌકાકાફલો છેટે રહીને ગોલંદાજી ચલાવે તો ઘણું નુકશાન પહોંચે.' હેલ્ડરે દલીલ કરી અને પછી બીજા સેનાપતિઓને પૂછયું : 'તમે સૌ શું માનો છો? આપણી સંરક્ષણ હરોળ દુશ્મન તોપોની પ્રહારમર્યાદા કરતાં દૂર સલામત અંતરે હોય એ વધુ ઉચિત નથી?'

'એટલે ? દુશ્મન સૈન્ય લાખોની સંખ્યામાં કિનારા પર ચડી આવે ત્યાં સુધી આપણે શું રાહ જોતા બેસી રહીએ?' કોઇ સેનાપતિ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી શકે એ પહેલાં હિટલરે બરાડો નાખ્યો. જનરલ હેલ્ડર કરતાં વધુ તો દુશ્મનો પ્રત્યે ક્રોધિત બની તે ઊભો થયો અને ટેબલ પર બિછાવેલા ફ્રાન્સના નકશા પર આંગળી મૂકીને ઓર મોટા અવાજે બોલ્યો : 'આ રહી કિલ્લેબંધી, જુઓ ! તોપોના કેટલાક ગોળા તેની પાછળ અને કેટલાક તેની આગળ પડશે--અને બાકીના થોડા કિલ્લેબંધીનું નિશાન તાકી લે તો પણ મજબૂત ભોંયરામાં આપણા સૈનિકોને આંચ આવવાની નથી. છેવટે તેઓ બહાર નીકળીને લડત આપશે. દુશ્મનને કાંઠા સુધી ચડી આવવાનો મોકો ન મળવો જોઇએ ! સમજો છો તમે બધા ? મોકો હરગીઝ અપાય નહિ !'

સેનાપતિઓ ચૂપ રહ્યા. કોઇએ બોલવાપણું ન હતું, કેમ કે હિટલરે પ્રસ્તાવ તરીકે રજૂ કરેલી રણનીતિ એ જ તેનો નિર્ણય હતી. અલબત્ત, નિર્ણયની સાર્થકતા વિશે સૌના મનમાં સંદેહ હતો. બ્રિટન તો ઠીક, પણ અમેરિકા પાસે સેંકડોના હિસાબે યુદ્ધજહાજો હતાં અને તેમની સામટી ગોલંદાજી સામે ગમે તેટલી મજબૂત હરોળ પણ સલામત રહી શકે તેમ ન હતી. એક વાર હરોળ તૂટે, એટલે પછી હજારો રણગાડીઓ, મોબાઇલ તોપો અને બખ્તરિયાં વાહનો સાથે કિનારે આવી જતા લાખો સૈનિકોના ઘોડાપૂરને રોકી શકાય નહિ. આ સૈનિકો જેના પર આક્રમણ લાવે તે દેશ વળી નાઝી હકૂમત સામે મુક્તિસંગ્રામ ચલાવતા તોડફોડિયાં ગેરિલા જૂથોનો હોય, એટલે સરવાળે પઠારી વિસ્તારોમાં ખેલાતા યુદ્ધ વખતે તેઓ જર્મન લશ્કરની પુરવઠા લાઇનો કાપી નાખી તેને લાચારીભરી સ્થિતિમાં મૂકી દે. હાઇ કમાન્ડના લગભગ દરેક સેનાપતિને લાગ્યું કે સાવ દરિયાકિનારે કિલ્લેબંધી ખડી કરવાનું ઉચિત ન હતું.

ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલનો મત જુદો પડ્યો. હિટલરની વ્યૂહ-રચનાને તેણે સમર્થન આપ્યું. બીજા વિશ્વયુદ્ધના આખરી સંગ્રામનું વિશ્લેષણ કરનારા યુદ્ધનિષ્ણાતો આજે ૬૦ વર્ષ પછી ડહાપણ દેખાડી એમ કહી શકે કે હિટલરે અને રોમેલે ખોટો દાવ ખેલ્યો, માટે જર્મની હાર્યું. હકીકતે બેઉ જણા યોગ્ય દિશામાં વિચારી રહ્યા હતા. બ્રિટન,

અમેરિકા તથા બીજા allied/મિત્ર દેશોનું સંયુક્ત લશ્કર એક વાર કિનારે આવી જાય, એટલે પછી તેની આગેકૂચને રોકવાનું મુશ્કેલ હતું, કારણ કે ત્યાર બાદનું ખુશ્કીયુદ્ધ લડવા માટે તે લશ્કર પાસે સૈનિકોની અને શસ્ત્ર-સરંજામની કમી ન હતી. વળી સહિયારા હુમલામાં ખાસ કરીને અમેરિકાની હાજરીને લીધે બહુ મોટો ફરક પડી જાય તેમ હતો. બીજી તરફ, સપાટ તળિયાંવાળાં લેન્ડિંગ ક્રાફ્ટ પ્રકારનાં સૈનિકવાહક જહાજો અને યુદ્ધજહાજો દરિયા પર ધીમા વેગે અને નાકની દાંડીએ હંકારીને આવતાં હોય એ વખતે તટરક્ષક જર્મન તોપો વડે તેમનું નિશાન લેવાનું પણ સુગમ બને. મિનિટના સેંકડો લેખે છૂટતા તોપગોળાના ઘા ચૂકાવવા માટે એ જહાજો ખુદ તેમની ટોળાગત ભીડભાડને લીધે આટાપાટા પણ રમી શકવાનાં ન હતાં.



◆ ફ્રાન્સના મોરચે દુશ્મન આક્રમણના ભણકારા વાગતા હતા, એટલે હિટલર હાઈ કમાન્ડ અફસરો સાથે વળતા પ્રહારનું આયોજન કરાવવામાં વ્યસ્ત બન્યો.

આમ નવેમ્બર, ૧૯૪૩માં હિટલરે સમગ્ર યુરોપના સાગરતટે 'ઍટલાન્ટિક વૉલ' ખડી કરવાની જવાબદારી ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલના શિરે નાખી. સાથોસાથ તેને અમર્યાદ સત્તા આપીને ફિલ્ડ-માર્શલ વૉન રૂન્ડસ્ટેટનું ફરી અવમૂલ્યન કરી નાખ્યું. રોમેલ માટે સ્પષ્ટ ફરમાન હતું : 'બને તેટલા વધુ માણસોને કામે લગાડો અને કામ દિવસરાત ચાલુ રાખો.' અલબત્ત, રોમેલને ફરમાનની જરૂર ન હતી. દરિયાકિનારે અત્યંત સંગીન કિલ્લેબંધી વહેલી તકે ખડી કરવા માટે ખુદ તેનો જુસ્સો કાફી હતો. ફ્રાન્સના લા રૉશ ગામે ૧,૨૦૦ વર્ષ જૂના છતાં હજી અડીખમ રહેલા પ્રભાવશાળી કિલ્લામાં પોતાનું હેડક્વાર્ટર તેણે સ્થાપ્યું અને સૌ પ્રથમ નાઝીશાસિત ફ્રાન્સના ૩,૭૦૦ કિલોમીટર લાંબા સમુદ્રતટે 'ઍટલાન્ટિક વૉલ'નું બાંધકામ શરૂ કરાવ્યું. વીસમી સદીમાં પનામા નહેર પછીનું એ સૌથી મોટું ઇજનેરી અભિયાન હતું. સમગ્ર યુરોપમાંથી લાખો ટન સિમેન્ટ અને પોલાદ લાવવામાં આવ્યા, જેમના વડે લગભગ ૫,૦૦,૦૦૦ મજૂરોએ સિમેન્ટ કોન્ક્રિટનાં હજારો બંકર્સ તૈયાર કર્યાં. બેએક ફીટ જાડી દીવાલ ધરાવતા દરેક બંકરનો અડધા ઉપરાંત હિસ્સો ભૂસપાટી નીચે હતો. સપાટીની બહારના ભાગમાં સાંકડી, લંબચોરસ બારી હતી. જર્મન સૈનિકો એ ખુલ્લી જગ્યા વાટે મશીન ગન અને બઝૂકા તોપો વડે ફાયરિંગ કરી શકે તેમ હતા. બંકર્સની પછવાડે બીજી હરોળ મહાકાય તોપોને સુરક્ષિત રાખે તેવા ચારથી છ ફીટ જાડી દીવાલના કાળમીંઢ ચણતરની હતી. દરમ્યાન રોમેલની સૂચના અનુસાર સ્ફોટક બારૂદની નિષ્ણાત જર્મન ટુકડીએ દરિયાકાંઠાની રેતાળ જમીનમાં એન્ટિ-ટેન્ક તેમજ એન્ટિ-પર્સોનેલ જાતની કુલ ૫૦,૦૦,૦૦૦ સુરંગો દાટી અને ત્યાર પછીયે રોમેલને સંતોષ ન થતાં તેણે બીજી ૬૦,૦૦,૦૦૦ સુરંગો માટે બર્લિનના હાઈ કમાન્ડને ઑર્ડર મોકલ્યો. સ્કૂટરના વ્હીલ જેવડા કદ-માપની એન્ટિ-ટેન્ક સુરંગનો વિસ્ફોટ દુશ્મન રણગાડીના કેટરપીલર પટ્ટાને તોડી નાખે, જ્યારે સ્પ્રિંગવાળી એન્ટિ-પર્સોનેલ સુરંગ પર દુશ્મન સૈનિક અજાણતા પગ મૂકે કે તરત એ સુરંગ તેના ધડ તરફ પેડુના લેવલ સુધી ઉછળીને ફાટે અને મૂત્રપિંડનો તેમજ લીવરનો ખુરદો કાઢી નાખે. સુરંગોની જાજમ પર કાંટાળા તારના ગૂંચળાં બિછાવવામાં આવ્યાં. તારની કુલ લંબાઈ ૨૫,૦૦૦ કિલોમીટર હતી ! રોમેલને એ પણ ઓછી લાગી, એટલે તેણે તારના વધુ કેટલાક ફિરકા મંગાવ્યા.

'ઍટલાન્ટિક વૉલ'માં જરા સરખું પણ 'છીંડું' રહી જાય તે રોમેલને સ્વીકાર્ય ન હતું. પરિણામે સિમેન્ટ કોન્ક્રિટનાં બંકર્સ, તટરક્ષક તોપો, સુરંગો, મશીનગન, બઝૂકા વગેરે પરંપરાગત શસ્ત્રો અને સરંજામ ખડકીને તે અટક્યો નહિ. લા રૉશ ખાતેના કિલ્લામાં નવરાશની પળો દરમ્યાન અમુક કરામતી, તો અમુક કઢંગાં શસ્ત્રો-સાધનો તેણે વિચારી કાઢ્યાં અને તૈયાર પણ કરાવ્યાં. ટચૂકડા કદની, છતાં ડેવિડને બદલે ગોલિઆથ તરીકે ઓળખાતી સ્વયંસંચાલિત રણગાડીનો તેમાં સમાવેશ થતો હતો. વાયરલેસ દ્વારા એન્જિન ચાલુ કરાયા પછી એ કામીકાઝી રણગાડીનું કામ હુમલાખોર સૈનિકોની દિશામાં આગળ વધી પોતાના અડધા ટન બારૂદ વડે તેમની



◆ ફ્રાન્સના સાગરકાંઠે તૈયાર કરાયેલાં સેંકડો પૈકી એક ભૂગર્ભ બંકરના ઇન્સ્પેક્શન માટે આવેલો ઇરવિન રોમેલ.

લાશો ઢાળી દેવાનું હતું ! દુશ્મનના બખ્તરિયા દળની કૂચને રોકવા માટે રોમેલે સમુદ્રતટ પછી તરતના પઠારી વિસ્તારમાં સિમેન્ટ કોન્ક્રિટના શંકુ આકારવાળા 'મિનિ પિરામિડો' ચણાવ્યા, જેમને તેણે 'દૈત્યના દાંત' એવું નામ આપ્યું ! રણગાડીઓ માટે અવરોધ બની રહે તેવી ખાઇનો પણ બંદોબસ્ત કરાવવાનું તે ચૂક્યો નહિ. રણગાડીઓ લાંબું ચક્કર મારીને વૈકલ્પિક માર્ગે ન જાય એટલા ખાતર ત્યાંની જમીન પર ડીઝલનાં પીપડાં ઠાલવી માટીને નરમ બનાવવાનો અખતરો પણ તેણે કરાવ્યો. આ જડબેસલાક કિલ્લેબંધી હજી તો દરિયાઇ રસ્તે આવનાર હુમલાના 'લાભાર્થે' હતી. આક્રમણનું બીજું ખતરનાક મોજું આકાશી માર્ગે આવવાનું હતું. બ્રિટિશ, અમેરિકી, કેનેડિયન, ઑસ્ટ્રેલિયન વગેરે સૈનિકોનો બહુ મોટો કાફલો વિમાનો પાછળ દોરડાં વડે બંધાયેલાં સૈનિકવાહક ગ્લાઇડરોમાં બેસીને યુદ્ધરેખાની પાછળ ઉતરાણ કરે એ નક્કી વાત હતી. દોરડાનું બંધન છૂટ્યા બાદ ક્રમશઃ ઊંચાઇ ગુમાવતા જે તે ગ્લાઇડરને સલામત ઉતરાણ માટે સ્વાભાવિક રીતે સપાટ મેદાનની જરૂર પડે, પરંતુ રોમેલ તેમને એ સવલત પણ આપવા માગતો ન હતો. હજારો વૃક્ષો તેણે કપાવ્યાં અને તેમનાં થડ ખુલ્લાં મેદાનોમાં અહીંતહીં પથરાવી દીધાં.




♦ દૈત્યના દાંત : સમુદ્રકિનારે રોમેલે તૈયાર કરાવેલાં સિમેન્ટ-કોન્ક્રિટના પિરામિડો.

આ બધી રક્ષણાત્મક કાર્યવાહીમાં જીવ પર આવી ગયેલા તેમજ આત્મવિશ્વાસ ગુમાવી બેઠેલા સેનાપતિની મનોદશા કદાચ વ્યક્ત થતી જણાય, પણ ખરૂં પૂછો તો રોમેલનું તલસ્પર્શી આયોજન તેના દૃઢ મનોબળનું સૂચક હતું. વિશ્વયુદ્ધનો આખરી જંગ ખેલવા માટે બહુરાષ્ટ્રીય દળો કેવું પ્રચંડ આક્રમણ યોજે તેનું અનુમાન તે જર્મન હાઇ કમાન્ડના બીજા દરેક સેનાપતિ કરતાં વધુ સારી રીતે કરી શકતો હતો, એટલે પ્રતિકાર માટે ભરવું પડતું દરેક પગલું તેને મન અનિવાર્ય હતું. 'રેગિસ્તાનની લોંકડી'નો બિનસત્તાવાર શિરપાવ રોમેલને મળેલો તે વિના કારણે નહિ. કિલ્લેબંધીની પ્રત્યેક હરોળ તેની ચાલાકી, પૂર્વધારણા, લુચ્ચાઇ અને પેંતરાબાજીની સાબિતી આપતી હતી. નમૂના તરીકે અહીં ફોટામાં બતાવેલી ૮૮ મીલીમીટરના નાળચાવાળી અને ૪૪ કિલોગ્રામનો તોપગોળો ૧૪.૮ કિલોમીટર છેટે સુધી ફેંકી શકતી તોપની વાત કરો તો વળતી ગોલંદાજી સામે તેની હિફાજત કરતું બાંધકામ અનોખી ડિઝાઇનનું હતું.

ચઢાઇ લાવતા યુદ્ધજહાજોનો ગોળો એ જર્મન તોપની છતને (૧) વાગે તો શિરસ્ત્રાણ જેવી છતની મરોડદાર સપાટી તેને સરોવર પર ત્રાંસી લીટીમાં ફેંકાયેલા પથરાની જેમ 'બાઉન્સ' આપી ફંટાવી દે. ગોળાનો પ્રહાર આગળની બાજુએ થાય તો કાટકોણ બનાવતા ખાંચાની (૨) આડી તેમજ ઊભી આંતરિક સપાટી તેના વિસ્ફોટનો ઘણોખરો માર વેઠી લે. પરિણામે તોપને એ ધડાકાની અસર ખાસ જણાય નહિ. પગથિયાં જેવી રચનાવાળી ઊભી દીવાલને (૩) વાગતા ગોળા માટે તોપની દિશા તરફનું ઉપસેલું 'પગથિયું' અવરોધક બને. એ જ રીતે તોપની સહેજ આગળ પછડાટ ખાતા ગોળાના વિસ્ફોટને ત્યાંના પગથિયાનો કાટકોણ ખાંચો (૪) સહી લે, માટે તેની વિનાશક અસર તોપ સુધી પહોંચે નહિ. સૌથી અગત્યની વાત એ કે બારૂદી વિસ્ફોટ આવા કોન્ક્રિટના ચણતરમાં આઘાતનાં જે મોજાં જન્માવે તે આવી ખાંચાવાળી પેટર્નને લીધે અવ્યવસ્થિત ફેલાવો પામીને કમજોર પડી જવાનાં હતાં.

નવેમ્બર, ૧૯૪૩ થી શરૂ કરીને જાન્યુઆરી, ૧૯૪૪ સુધીમાં ફિલ્ડ-માર્શલ રોમેલે 'ઍટલાન્ટિક વૉલ'ને અત્યંત સંગીન બનાવી દીધી. ઇજનેરી કાર્યવાહી ચાલી એ દરમ્યાન ફ્રાન્સનાં જુદાં જુદાં તટવર્તી સ્થળોની મુલાકાત પણ લેતો રહ્યો. ઘણા સમય બાદ પોતાના અંગત મદદનીશ કેપ્ટન હેલ્મટ લેન્ગ અને બીજા અફસરો સાથે દરિયાકિનારે ચાલતી વખતે રોમેલ સહેજ અટક્યો. હાથમાં પકડેલી ફિલ્ડ-માર્શલની બે ફીટ લાંબી તેમજ ધાતુના નકશીદાર ટોપકાંવાળી બૅટન સ્ટીક સમુદ્રના રેતાળ પટ તરફ ચીંધીને તેણે કહ્યું : 'કોણ જીતે અને કોણ હારે તે અહીં





દુશ્મન હુમલાનાં સંભવિત સ્થળો

નક્કી થવાનું છે--આ કિનારે ! જીતવાનો આપણી પાસે એક જ મોકો છે. કિનારા પર આવવા માટે દુશ્મન સૈનિકો હજી સમુદ્રનાં મોજાં વચ્ચે સંઘર્ષ કરતા હોય ત્યારે આપણે તેમને રોકી શક્યા તો ઠીક છે, નહિતર એ પછી બાજી આપણા હાથમાં રહેવાની નથી. હારજીતનો ચુકાદો આક્રમણના પ્રથમ દિવસે જ આવી જશે--અને તે દિવસ આપણા સૌ માટે અને તેમના માટે પણ લાંબામાં લાંબો હશે.'

બીજા વિશ્વવિગ્રહના સૌથી ભીષણ અને લોહિયાળ સંગ્રામને રોમેલે વાતવાતમાં જ ઐતિહાસિક લેબલ આપી દીધું : ધ લૉંગેસ્ટ ડે !

ફ્રાન્સના સાગરતટે ચોક્કસ કયા સ્થળ પર એ લાંબામાં લાંબા દિવસનો સૂર્યોદય થવાનો હતો ? હિટલરને બાદ કરો તો બાકીના દરેક નાઝી સેનાપતિને એ પ્રશ્ન મૂંઝવતો હતો. આક્રમણની સવારી બ્રિટનથી નીકળે એટલું તેઓ જાણતા હતા, કેમ કે બ્રિટન અને યુરોપ ખંડ વચ્ચે ઝાઝું છેટું ન હતું. આક્રમણનું લક્ષ્યાંક ફ્રાન્સ જ હોય એમાં પણ બેમત નહિ. ઉત્તરે નાઝી જર્મન કબજાના બેલ્જિયમની અને નેધરલેન્ડની તટવર્તી ભૂમિ અનેક ઠેકાણે સાગરસપાટી કરતાં નીચી હોવાને લીધે ત્યાં સમુદ્રની રોકથામ માટે પાળા કરવામાં આવ્યા હતા. બ્રિટિશ-અમેરિકન લશ્કર તે અડચણને પાર ન કરી શકે, એટલે છેવટે માત્ર ફ્રાન્સ બાકી રહેતું હતું. પ્રશ્ન એ કે હુમલા માટે બ્રિટન-અમેરિકાનો ડોળો ૩,૭૦૦ કિલોમીટર સુધી પથરાયેલા ફ્રેન્ચ સાગરતટના કયા ભાગ પર મંડાયો હતો?

'ઍટલાન્ટિક વૉલ' અંગે બધા સેનાપતિઓ કરતાં જુદું મંતવ્ય ધરાવતા ફિલ્ડ-માર્શલ રોમેલે આક્રમણ વિશે તેમના જેવું જ અનુમાન બાંધ્યું : ઉત્તર ફ્રાન્સના કેલાઇ બંદર પાસેના દરિયાકિનારાને દુશ્મનોએ નિશાન બનાવવાનું નક્કી કર્યું હોય એવો પૂરો સંભવ હતો. બ્રિટનના ડોવર બંદર અને ફ્રાન્સના કેલાઇ વચ્ચે ઇંગ્લિશ ખાડી સાંકડામાં સાંકડી હતી. (નકશો જુઓ.) અંતર માંડ ૩૪ કિલોમીટર હતું. સૈનિકવાહક લેન્ડિંગ ક્રાફ્ટને તથા યુદ્ધજહાજોને એટલો પ્રવાસ ખેડતા બહુ તો દોઢ કલાક થાય અને હુમલાના આરંભ પછી દારૂગોળા, બળતણ તેમજ ખોરાકનો વધુ સપ્લાય લાવવા માટે પુરવઠા જહાજો ઘણા આંટાફેરા કરી શકે એ બીજો લાભ હતો. ત્રીજો વ્યૂહાત્મક ફાયદો એ કે દરિયાકિનારે યુદ્ધ જામ્યું હોય ત્યારે ભૂમિદળને આકાશી છત્ર પૂરું પાડવા માટે બ્રિટનથી ઊડાન ભરતાં વિમાનોએ ઝાઝું અંતર કાપવાનું ન રહે, એટલે દરેક વિમાન ભરપૂર બળતણ વડે કેલાઇના આકાશમાં લાંબો સમય હાજરી આપી શકે તેમ હતું.

ફિલ્ડ-માર્શલ રોમેલ અને ફિલ્ડ-માર્શલ રૂન્ડસ્ટેટ સહિત બધા નાઝી સેનાપતિઓ આવા ખ્યાલોમાં રાચી કેલાઇને જ સંભવિત હુમલાનું લક્ષ્યાંક માનતા રહ્યા. માત્ર હિટલરનું અનુમાન જુદું હતું. માર્ચ, ૧૯૪૪માં (આક્રમણના દોઢ મહિના પહેલાં) રોમેલને તેણે સંદેશો પાઠવ્યો :

'હું ધારું છું કે દુશ્મનો શેર્બુર અને સિયેં વચ્ચેના નોર્મન્ડી દરિયાકિનારે ત્રાટકશે; એટલે ત્યાં આપણો મોરચો ઢીલો ન પડવો જોઇએ.'

આશ્ચર્ય ! હિટલરે આટલું સચોટ અનુમાન શેના આધારે કર્યું ? શેર્બુર-સિયેંના દરિયાકાંઠા અને બ્રિટનના દક્ષિણી કિનારા વચ્ચે ૧૮૦ કિલોમીટરનો ફાસલો હતો. દરિયાઇ માર્ગે લાવવામાં આવતા હુમલાની સફળતા મુખ્યત્વે 'સરપ્રાઇઝ' તત્ત્વ પર અવલંબે, પણ આટલી લાંબી યાત્રા ખેડનારાં હજારો જહાજોનું સરઘસ છ-સાત કલાક સુધી પોતાનું અસ્તિત્વ છૂપાવી શકે એ સંભવિત ન હતું. વિમાનોને પણ નોર્મન્ડીનો કાંઠો બહુ છેટો પડી જાય, માટે 'ઍર કવર'નો વ્યૂહાત્મક તકાદો પૂરેપૂરો સચવાય નહિ. પુરવઠા જહાજોની દડમજલ પણ વધી જાય તેમ હતી.

ચઢાઇ માટે નોર્મન્ડીને પ્રતિકૂળ ઠરાવતાં આવાં નકારાત્મક પાસાં હિટલરના ધ્યાનબહાર ન હતાં. આમ છતાં સેંકડો યુદ્ધજહાજો મારફત યુરોપમાં દાખલ થવા માગતી બ્રિટન, અમેરિકા અને મિત્રદેશોની ફોજોને પ્રવેશદ્વાર તરીકે ફ્રાન્સના એકાદ મોટા બંદરની જરૂર પડે અને નોર્મન્ડીના શેર્બુર બંદરને જીતવાનો પ્લાન તેમણે ઘડી કાઢ્યો હોય એવું ધારી હિટલરે ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલને ચેતવ્યો હતો. હિટલર પોતે કેમ ન ચેત્યો તેની વળી જુદી રામકહાણી હતી.

◆

જાન્યુઆરી, ૧૯૪૪ નો શિયાળો.

પચાસ હજાર ટનની વૈભવશાળી 'ટાઇટેનિક' કરતાંય મોટી બે વિખ્યાત સ્ટીમરો 'ક્વીન મેરી' (૮૦,૭૭૫ ટન) અને 'ક્વીન એલિઝાબેથ' (૮૩,૬૭૦ ટન) સંખ્યાબંધ લડાયક જહાજોના રક્ષણ હેઠળ ઍટલાન્ટિક મહાસાગરમાં પ્રવાસો અને વળતા પ્રવાસો ખેડી અમેરિકી સૈનિકોને



બીજા વિશ્વવિગ્રહના સૌથી ભીષણ અને લોહિયાળ સંગ્રામને રોમેલે વાતવાતમાં જ ઐતિહાસિક લેબલ આપી દીધું : ધ લૉંગેસ્ટ ડે !

બ્રિટન પહોંચાડવા લાગી. હજારેક જેટલાં માલવાહક જહાજો મારફત અમેરિકન તોપો, રણગાડીઓ, બખ્તરિયાં વાહનો, મશીન ગન, પોન્ટૂન બ્રિજ, લશ્કરી ખટારા, બોમ્બગોળા, ટેન્કર વાહનો, રોકેટ લોન્ચર્સ, અગ્નિશિખા છોડતાં ફ્લેમ થ્રોઅર વાહનો, એમ્બ્યુલન્સ વગેરે સરંજામનો ખડકલો દક્ષિણ બ્રિટનમાં થવા લાગ્યો. આ 'મૈત્રીપૂર્ણ ચઢાઈ' સામે બ્રિટિશ નાગરિકોએ પીછેહઠ કરવી પડી, કેમ કે બધું મળીને ૧૭ લાખ અમેરિકન સૈનિકોના પડાવ માટે તેમજ શસ્ત્રસરંજામ રાખવા માટે પૂરતી જગ્યા ન હતી. સમરસેટ, હેમ્પશાયર, ડોર્સેટ અને સસેક્સ પરગણાંમાં અનેક લોકોનાં ઘર ખાલી કરાવવામાં આવ્યાં. હોટલ, ગેસ્ટહાઉસ, શાળા-કોલેજ અને હોસ્પિટલનાં મકાનો પણ અમેરિકી સૈન્ય માટે ફાજલ પાડવામાં આવ્યાં. પોર્ટ્સમાઉથ બંદર પાસેનાં આઠ ગામોના તો બધા રહીશોને બીજે ખસેડ્યા પછી દરેક ગામની ફરતે તારની વાડ બાંધી તેને અલિપ્ત કરી દેવામાં આવ્યું. હુમલાની રૂપરેખા સમજાવવા માટે જે અમેરિકન સૈનિકોને ગામમાં પ્રવેશ અપાય તેમને એ પછી બહાર નીકળવાની કે ટેલિફોન વડે બહારના સૈનિક મિત્રનો સંપર્ક કરવાની છૂટ ન હતી. દિવસો વીત્યા અને રોજેરોજ વધુ ને વધુ શસ્ત્રસરંજામ આવતો ગયો તેમ દક્ષિણ બ્રિટનનો પ્રદેશ વિરાટ લશ્કરી છાવણીમાં ફેરવાતો રહ્યો. હેર-કટિંગ સલૂન, લોન્ડ્રી, બાથરૂમ અને (૪,૫૦૦ રસોઇયા ધરાવતા) કીચનથી માંડીને નવી ગટર લાઇનો નાખવા સુધીની જફાને પણ ધ્યાનમાં લો તો આવડું મોટું વ્યવસ્થાતંત્ર માનવ તવારીખમાં અગાઉ કદી ઊભું કરાયું ન હતું. આ તંત્ર જેના માટે ગોઠવવું પડ્યું તે લશ્કરી અભિયાનનું નામ હતું : 'ઑપરેશન ઑવરલોર્ડ'.



રોજેરોજ વધુ ને વધુ શસ્ત્રસરંજામ આવતો ગયો તેમ દક્ષિણ બ્રિટનનો પ્રદેશ વિરાટ લશ્કરી છાવણીમાં ફેરવાતો રહ્યો.


ઑવરલોર્ડનો મતલબ થાય સર્વશક્તિમાન, એટલે માનવ તવારીખે અગાઉ કદી ન જોયેલા પ્રચંડ આક્રમણ માટે પણ તે યોગ્ય નામ હતું. આક્રમક ફોજમાં વધુ સંખ્યા અમેરિકન સૈનિકોની હોવાને કારણે 'ઑપરેશન ઑવરલોર્ડ'નું નેતૃત્વ અમેરિકાના જનરલ ડ્વાઇટ આઇઝનહોવરને સોંપાયું હતું. વિશ્વયુદ્ધની સમાપ્તિ બાદ ૧૯૫૩ માં અમેરિકાના પ્રમુખ બનેલા આઇઝનહોવરનો લશ્કરી હોદ્દો આમ તો બ્રિગેડિઅર-જનરલનો હતો. બ્રિટનના વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અમેરિકાના સેનાપતિ (અને ભાવિ વિદેશ મંત્રી) જનરલ જ્યોર્જ સી. માર્શલને બહુરાષ્ટ્રીય દળોના સેનાપતિ બનાવવાની દરખાસ્ત પ્રમુખ રૂઝવેલ્ટ સમક્ષ મૂકી હતી, પણ રૂઝવેલ્ટને વૉશિંગ્ટનમાં માર્શલની હાજરી અનિવાર્ય લાગતાં તેમણે આઇઝનહોવરની પસંદગી કરી. બ્રિટિશ સેનાપતિ જનરલ મોન્ટગોમેરીએ પોતાના કરતાં નીચલા દરજ્જાના અફસરનો હુકમ ઝીલવો પડે તેમાં ઔચિત્યનો ભંગ થાય, એટલે પ્રમુખ રૂઝવેલ્ટે એ પરિસ્થિતિ નિવારવા ફોર સ્ટાર બ્રિગેડિઅર-જનરલ આઇઝનહોવરને તરત ફાઇવ સ્ટાર જનરલનો હોદ્દો આપ્યો. લશ્કરી શિષ્ટાચારના નામે આવું પગલું લેવાયા પછી 'ઑપરેશન ઑવરલોર્ડ'માં જનરલ મોન્ટગોમેરીના રોલનું મહત્ત્વ ઘટ્યું નહિ. અમેરિકન સૈનિકો ૧૭ લાખ હતા, મોન્ટગોમેરીના વ્યક્તિગત કમાન્ડ હેઠળના બ્રિટિશ તથા કેનેડિયન સૈનિકોની તાદાદ ૧૦,૦૦,૦૦૦ કરતાં ઓછી ન હતી. 'મોન્ટી'એ તે સૌને નોર્મન્ડીના મોરચે વિજય મેળવવા દોરવણી આપવાની હતી. હિટલર અને રોમેલ પણ મોન્ટગોમેરીના વ્યૂહાત્મક આયોજન કે નેતૃત્વ વિનાનું આક્રમણ કલ્પી શકતા ન હતા, એટલે 'મોન્ટી'ની દરેક હિલચાલ પર નજર રાખવાની જર્મન ખૂફિયા એજન્ટોને સૂચના હતી.

◆

'જોન્સ...' બ્રિટિશ ગુપ્તચર સંસ્થા MI 15 ના કર્નલ લેસ્ટરે 'મોન્ટી'ના હમશકલ લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સ તરફ સહેજ મલકીને કહ્યું. જનરલ મોન્ટગોમેરીના યુનિફોર્મમાં સજ્જ થયેલો અભિનેતા લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સ તેની સામે બેઠો હતો. 'કાલે આપણે નાટક શરૂ કરીએ છીએ.'

'તમને ખાતરી છે કે સૈનિકો મને સાચે જ મોન્ટી સમજી લેશે?

◆ આ તસવીર ત્યારની છે કે જ્યારે અમેરિકી સૈન્યને જહાજો મારફત બ્રિટન લાવવામાં આવી રહ્યું હતું.



સેનાપતિની પ્રતિભા ક્યાં અને ક્યાં મારી !' દિવસો સુધી રિહર્સલ કર્યા છતાં જોન્સના મનમાં હજી સંશય હતો.

'એ તો આવતી કાલે ખબર પડી જશે-- અને હું જાણું છું કે ત્યાર પછી તમે નિશ્ચિંત બની જશો.' લેસ્ટરે પ્રોત્સાહન આપતા જણાવ્યું. 'કાલે સાંજે ૬:૩૦ વાગ્યે જનરલની મોટરને દબાદબાપૂર્વક ઍરપોર્ટ તરફ હંકારી જવાશે અને તેમાં બેઠેલા જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરી તમે હશો. ઍરપોર્ટ પર વડા પ્રધાનનું ખાસ વિમાન તમારી રાહ જોતું હશે. મોટરની બહાર નીકળ્યા બાદ ત્યાં સૈનિકો અને કર્મચારીઓ ઉપરાંત બીજા શક્ય એટલા લોકોની નજરે ચડવાનો તમે પ્રયાસ કરશો, કેમ કે લોકોના સમુદાયમાં કદાચ હિટલરના એજન્ટો પણ સામેલ હશે. વિમાન તમને પરમ દિવસે સવારે જિબ્રાલ્ટર પહોંચાડશે, જ્યાં ગવર્નર રાલ્ફ ઇસ્ટવૂડ લશ્કરી સન્માન સાથે તમારૂં સ્વાગત કરશે.'



♦ લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સ : 'મોન્ટી'ના લેબાશમાં.

'મેં ધારેલું એ કરતાં ઘણું મુશ્કેલ કામ છે.' લેફ્ટનન્ટ જોન્સ બોલ્યો. 'કોઇને શંકા ન જાય તો સારૂં.'

'જનરલ સાથે તમારા શારીરિક બાંધાનું સામ્ય જોતાં શંકા પેદા થવાનો મને ડર નથી.' કર્નલ લેસ્ટરે ભરોસો અપાવ્યો. 'તમે ફક્ત અભિનય સાથે નિસ્બત રાખો.'

બીજી સાંજે જનરલ મોન્ટગોમેરીનો આલિશાન મોટરકાફલો ઍરપોર્ટની દિશામાં રવાના થયો. જનરલની રૉલ્સ-રોઇસના બૉનેટ પર કમાન્ડર-ઇન-ચીફનો વ્યક્તિગત ધ્વજ ફરકી રહ્યો હતો. જિબ્રાલ્ટરની મુલાકાત વિશે સવારે વર્તમાનપત્રોમાં સમાચાર આવી ચૂક્યા હતા, એટલે વિશ્વયુદ્ધના માયૂસીભર્યા સંજોગો વચ્ચે મોન્ટીમાં પોતાના તારણહારને જોતા ઘણા લોકો રસ્તાની બેય તરફ ખડા રહી ગયા હતા. રૉલ્સ-રોઇસની પાછલી સીટ પર બેઠેલા મોન્ટીએ (લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સે) તેમની શુભકામનાનો સ્મિત વડે જવાબ આપ્યો. બિલકુલ એવી જ સ્થિતિ ઍરપોર્ટની બહાર હતી. જોન્સ નીચે ઊતર્યો કે તરત 'ગૂડ ઑલ્ડ મોન્ટી!'ના લાડભર્યા પોકારો થયા અને લોકો તેને ઘેરી વળ્યા. કેટલાક પ્રેસ ફોટોગ્રાફરોએ ઘણીબધી તસવીરો ખેંચી. બ્રિગેડિઅર હેવૂડ અને કેપ્ટન મૂર નામના બે અફસરો તેમજ અંગરક્ષક સૈનિકો જોન્સને માંડ વિમાન સુધી દોરી ગયા.

વિમાન ઊપડ્યું. વડા પ્રધાન વિન્સ્ટન ચર્ચિલનું એ ખાસ વિમાન અને સવારી પાછી બ્રિટનના સેનાપતિ જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરીની, એટલે વળાવિયા તરીકે બે લડાયક વિમાનો તેની સાથે ઊડ્યાં.

સવારે લેફ્ટનન્ટ જોન્સ ઊર્ફે જનરલ મોન્ટગોમેરી જિબ્રાલ્ટર પહોંચ્યો ત્યારે ઍરપોર્ટ પર લશ્કરી ટુકડી તેને 'ગાર્ડ ઑફ ઑનર' વડે સત્કારવા ત્યાં હાજર હતી. જિબ્રાલ્ટરનો બ્રિટિશ ગવર્નર રાલ્ફ ઇસ્ટવૂડ પણ હતો--અને બેશક, હિટલરના છૂપા જાસૂસો પણ ઍરપોર્ટના ટર્મિનલમાં લટારો મારતા હતા.

'હલ્લો, મોન્ટી !' રાલ્ફ ઇસ્ટવૂડે હાથ મિલાવતા કહ્યું. 'આપણે ઘણા વખતે મળ્યા.'

'અને તમે એ દરમ્યાન તબિયત સુધારી છે !' લેફ્ટનન્ટ જોન્સ પહેલી વાર મુક્ત રીતે હસ્યો.

આ સંવાદ પણ નાટકનો જ એક ભાગ હતો. જનરલ મોન્ટગોમેરી બનેલા લેફ્ટનન્ટ જોન્સને બ્રિટનની MI 15 જાસૂસી સંસ્થાએ બીજે ક્યાંય નહિ ને જિબ્રાલ્ટર મોકલ્યો તેનું ખાસ કારણ હતું. ભૂમધ્ય સમુદ્ર તરફ ભૂશિરની જેમ લંબાતો અને ફક્ત ૬.૫ ચોરસ કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવતો જિબ્રાલ્ટરનો ખડક બાકાયદા સ્પેનનો ગણાય, પરંતુ સામ્રાજ્યવાદી બ્રિટને તેના પર કબજો રાખ્યો હતો. (કબજો આજે પણ છે.) જિબ્રાલ્ટરના ઘણા રહેવાસીઓ સ્પેનિશ હતા એટલું જ નહિ, પણ સ્પેનના નાગરિકો પૂર્વમંજૂરી લીધા પછી સામાન્ય ફાટક જેવું નાકું વટાવીને જિબ્રાલ્ટરમાં નોકરી કે રોજગારી માટે આવ-જા કરી શકતા હતા. બીજા વિશ્વયુદ્ધમાં સ્પેન તટસ્થ રહ્યું હતું, તો પણ તેની સહાનુભૂતિ હિટલરના જર્મની પ્રત્યે હતી અને જર્મન ગુપ્તચરોને તેણે જાસૂસી અડ્ડા સ્થાપવા દીધા હતા. જિબ્રાલ્ટરના કેટલાક સ્પેનિયાર્ડો પણ જર્મની વતી જાસૂસી કરતા હતા. આ જોખમકારક પ્રવૃત્તિને ધ્યાનમાં લેતાં વડા પ્રધાન ચર્ચિલે બ્રિટનના ભુતપૂર્વ સેનાપતિ જનરલ રાલ્ફ ઇસ્ટવૂડને જિબ્રાલ્ટરના ગવર્નરપદે નીમ્યો હતો અને લેફ્ટનન્ટ જોન્સે કરેલા સ્વાંગપલટા વિશે એ ગવર્નર માહિતગાર હતો!

'થોડી વારમાં મને બે સ્પેનિશ વેપારીઓ રૂબરૂ મળવા આવવાના છે.' સાંજે ગવર્નર હાઉસના બગીચામાં લટાર મારતી વખતે રાલ્ફ ઇસ્ટવૂડે કહ્યું. 'મળવાનું તો ફક્ત બહાનું છે. બેઉ જણા એડોલ્ફ હિટલરનો પગાર ખાય છે. યાદ છે, આપણે શેના અંગે સંવાદ ચલાવવાનો છે ?'

'પ્લાન ૩૦૩ વિશે ચર્ચા કરવાની છે.' જોન્સે તરત જવાબ દીધો.

'હા, પણ એવી ગાફેલ રીતે કે તેઓ બન્ને અચાનક ટપકી પડ્યાની આપણને જાણે કે ખબર નથી.'

'અને ખબર પડે કે તરત આપણે ચોંકી જવાનું !'

બગીચાનો મુખ્ય દરવાજો ખૂલ્યો. સૂટેડ-બૂટેડ એવા બે સ્પેનિયાર્ડો અંદર પ્રવેશ્યા. ઇસ્ટવૂડ અને જોન્સ એ તરફ ધ્યાન આપ્યા વિના પૂંઠ ફેરવી ગયા. પ્લાન ૩૦૩ વિશે ગંભીરતાભર્યું પીંજણ શરૂ કર્યું. જોન્સે ત્યારે અનાયાસે જોયું કે થોડે દૂર ત્રણ મજલાની ઇમારતનું સમારકામ ચાલતું હતું અને રંગારા જેવો લાગતો એક માણસ ટેલિસ્કોપ વડે તેની સામે તાકી રહ્યો હતો !

વેપારીઓ છેક નજીક આવી પહોંચ્યા. જોન્સે પ્લાન ૩૦૩નો વારંવાર ઉલ્લેખ કરીને બોલવાનું ચાલુ રાખ્યું. ઇસ્ટવૂડે ત્યાર પછી એકાએક જોન્સનો હાથ પકડી તેને બોલતો અટકાવ્યો. બેઉ જણા પાછળ ફર્યા. પહેલાં સ્પેનિયાર્ડો પર તેમની નજર પડી અને ત્યાર બાદ પોતે ઉલઝનમાં પડ્યા હોય તેમ એકબીજા સામે જોવા લાગ્યા. વાર્તાલાપ સાંભળ્યા પછી વધુ આશ્ચર્ય કદાચ સ્પેનિયાર્ડોને થયું હતું.

આ બાતમીદાર ભાડૂતી એજન્ટો પોતાનો વેપારધંધો ચલાવવામાં

કેટલા પ્રવીણ હોય તે કોને ખબર, પણ જાસૂસીના બિઝનેસ માટે તેઓ પૂરેપૂરા લાયક હોવાનો પુરાવો માત્ર બે કલાકમાં બ્રિટન ખાતે MI 15 ની કચેરીને મળી ગયો. સ્પેનથી બર્લિન ગયેલા સાંકેતિક વાયરલેસ સંદેશાને આંતરી લેવાયો, જેનો તરજુમો આમ હતો :

'કોઇ પણ રીતે પ્લાન ૩૦૩ ની રૂપરેખા જાણવાનો પ્રયાસ કરો ! જનરલ મોન્ટગોમેરી પોતે તેની ચર્ચા કરતા સંભળાયા છે, એટલે તાકીદે બધી જ વિગતો મેળવો !'

જિબ્રાલ્ટરની વિદાય લેતા ક્લિફ્ટન જોન્સને ઍરપોર્ટ સુધી વળાવવા માટે ગવર્નર રાલ્ફ ઇસ્ટવૂડ તેની સાથે ગયો. ઇરાદાભેર ગયો, કેમ કે ઍરપોર્ટની કેન્ટિનનો એક નોર્વેજિયન કર્મચારી જર્મનીનો એજન્ટ હોવાનું તે જાણતો હતો અને જોન્સને પણ જણાવી ચૂક્યો હતો. કોલાહલ ન થાય અને નોર્વેજિયન બધું સાંભળી શકે એટલા ખાતર બારણે તત્પુરતું CLOSED નું બોર્ડ મારેલી કેન્ટિનમાં જોન્સે વળી નાટકના ડાયલોગ શરૂ કર્યા :

'વડા પ્રધાનને મેં જણાવ્યું છે કે બંદરની ચોથી ગોદીનું કદ જરા મોટું કરવું પડશે. નાના જહાજમાં વધારે રણગાડીઓ ચડાવી શકાય નહિ. વધારે ફેરા કરવાનું પણ ન ફાવે, કેમ કે મારા હિસાબે પ્લાન ૩૦૩ માં બધી કાર્યવાહી ઝડપભેર થવી જોઇએ.'

'હું ધારૂં છું કે અલ્જિયર્સ તમારી ઘણીખરી જરૂરિયાતોને પહોંચી વળે એવું બંદર છે.' ઇસ્ટવૂડે પણ હાંક્યું.

'એ તો રૂબરૂ જોયા પછી જ ખબર પડશે. લડાઇ પછીની સ્થિતિ મને ખબર નથી.' જોન્સ બોલ્યો. 'પહોંચતા બે કલાક તો થશે, ખરૂં ?'

'ના, દોઢ કલાક.' ઇસ્ટવૂડે કહ્યું.

ઉત્તર આફ્રિકાને મુક્ત કરાવવા બ્રિગેડિઅર-જનરલ આઇઝનહોવરની સાથે રહીને જર્મનો સામે લડેલો અને જીતેલો અલ અલામીનનો હીરો 'જનરલ મોન્ટગોમેરી' અલ્જિરિયાના પાટનગર અલ્જિયર્સ પહોંચ્યો, અલ્જિરિયા સહિત ભૂમધ્ય સમુદ્રના બધા યુદ્ધમોરચાનો સુપ્રિમ કમાન્ડર બ્રિટિશ સેનાપતિ જનરલ મેઇટલેન્ટ વિલ્સન હતો. અલ્જિયર્સ ખાતે મોટા ભાગના સૈનિકો જો કે અમેરિકન હતા. કેટલાક ફ્રેન્ચ પણ હતા. બ્રિટનથી MI 15 ની કચેરીએ થોડા કલાક અગાઉ પાઠવેલી સૂચના પ્રમાણે જોન્સને ઍરપોર્ટ પર જ અંગરક્ષક સૈનિકોએ ઘેરી લીધો અને મોટરમાં બેસાડી દીધો. જનરલ મોન્ટગોમેરીની હત્યા કરવા માટે જર્મન ગુપ્તચર સંસ્થા ગેસ્ટાપોના ભાડૂતી શાર્પશૂટર્સ અલ્જિરિયામાં તેની રાહ જોતા હોવાના ગુપ્ત ખબર હતા. ઍરપોર્ટથી જનરલ વિલ્સનના બંગલા સુધીનો પ્રવાસ લેફ્ટનન્ટ જોન્સને હંમેશ માટે યાદ રહી જાય એવો પુરવાર થયો. લોકોની ભીડને સડસડાટ પસાર કરતો મોટરોનો કાફલો એકધારી તીવ્ર ગતિએ હંકાર્યો, કેમ કે ટોળા વચ્ચે ટાંપી રહેલા સંભવિત નિશાનબાજનું સંભવિત નિશાન ચૂકાવવાનું હતું. ક્લિફ્ટન જોન્સનો બિનફૌજી જીવ તાળવે ચોંટ્યો. જનરલ વિલ્સનના બંગલે પહોંચ્યા સુધીની દરેક મિનિટ તેણે એકેક કલાકની જેમ ગુજારી.

બીજે દિવસે બધું નોર્મલ હતું. અલ્જિયર્સ બંદરગાહનું નિરીક્ષણ કરવાનો અને વાતવાતમાં પ્લાન ૩૦૩ નો ઉલ્લેખ કરી તેની પૂર્વતૈયારી અંગે સૂચનાઓ આપવાનો કાર્યક્રમ પૂરો થયા બાદ જોન્સ માટે અલ્જિરિયાનો પ્રવાસ આખરે પૂરો થયો. પરંતુ એ વાત માત્ર જોન્સ અને તેના હમરાઝ અંગ્રેજ તથા અમેરિકન સેનાપતિઓ જાણતા હતા. સત્તાવાર રીતે તેનો પ્રવાસ ચાલુ રહેવાનો હતો. સત્તાવાર રીતે પ્લાન ૩૦૩ વિશે જનરલ વિલ્સનના બંગલે મિટિંગો પણ યોજાયા કરવાની હતી.

એક લશ્કરી સ્ટેશન વેગન ગાડી મોડી રાત્રે અલ્જિયર્સના વિમાનીમથકે પ્રતિબંધિત ઝોનમાં પ્રવેશી. રન-વેના છેડે પાર્ક થયેલા લશ્કરી વિમાન પાસે આવીને થોભી. કોઇની નજર ભેદી ન શકે તેવા ગાઢ અંધકાર વચ્ચે મોટરનો પેસેન્જર વિમાનનો પેસેન્જર બન્યો અને પછી વિમાન ઇજિપ્તના પાટનગર કૈરો જવા ઉપડ્યું. જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરીનાં ફૌજી વાઘાં તજીને પાછો લેફ્ટનન્ટ ક્લિફ્ટન જોન્સ બનેલો 'મોન્ટી'નો હમશકલ અભિનેતા તેમાં નિરાંતનો શ્વાસ લેતો બેઠો હતો. જનરલ આઇઝનહોવરની સરદારી હેઠળ ફ્રાન્સ પર હુમલો થાય ત્યાં સુધી તેણે બ્રિટિશ વહીવટ નીચેના ઇજિપ્તમાં અજ્ઞાતવાસી તરીકે રહેવાનું હતું. હજારો કિલોમીટર દૂર બ્રિટનમાં જનરલ મોન્ટગોમેરી પોતે ત્યાં સુધી અજ્ઞાતવાસ ચાલુ રાખવાનો હતો--અને સાચો મોન્ટગોમેરી બ્રિટનમાં જ બેઠો બેઠો આઇઝનહોવર સાથે આક્રમણના પેંતરા ઘડી રહ્યો છે એ હકીકત વિશે હિટલર અને તેનો સેનાપતિ રોમેલ છેલ્લી ઘડી સુધી અજ્ઞાત રહેવાના હતા.

◆

જૂન ૧, ૧૯૪૪.

હવે 'ઑપરેશન ઑવરલોર્ડ'ની વ્યૂહાત્મક પૂર્વતૈયારીઓ લગભગ પૂરી થવાની તૈયારીમાં હતી. ઇજનેરી પડકારો, સાધનસરંજામનો જથ્થો, શસ્ત્રોનું વૈવિધ્ય, યુદ્ધજહાજોની તેમજ વિમાનોની સંખ્યા, સૈનિકોની તાદાદ અને ખાસ તો એ બધાના વહીવટ માટે ગોઠવવામાં આવેલા વ્યવસ્થાતંત્ર વિશે બધું સુપરલેટિવ હતું. બ્રિટન-અમેરિકાનો સંયુક્ત હુમલો અત્યંત ભીષણ નીવડી શકે એવું માનતા ફિલ્ડ-માર્શલ રોમેલને એ સુપરલેટિવ બાબતોની પૂરી જાણ હોત તો તેણે 'ઍટલાન્ટિક વૉલ'ને ચીનની દીવાલ જેવી બાંધી હોત, પરંતુ ઘણી ખરી બાબતો તેની કલ્પના બહારની હતી. જેમ કે...

■ ચઢાઇ કર્યા બાદ 'ઑપરેશન ઑવરલોર્ડ'ના સૈન્યને દારૂગોળો, શસ્ત્રો, બળતણ અને ખાધાખોરાકીનો પુરવઠો જહાજો દ્વારા રોજેરોજ પહોંચાડવાનો થાય અને સૈનિકો ફ્રાન્સને જીતવા આગળ વધે ત્યારે પણ એ સપ્લાય લાઇન ચાલુ રહેવી જોઇએ. પરંતુ જહાજોની વણઝાર તેનો લાખો ટન પુરવઠો જ્યાં ઊતારી શકે તેવું એક પણ બંદર નોર્મન્ડીના કિનારે ન હતું.


◆ 'ઑપરેશન ઑવરલોર્ડ'ના મિશન-ઇન-ચાર્જ નિમાયેલા સેનાપતિ જનરલ ડ્વાઇટ આઇઝનહોવર.




આથી 'મલ્બેરી' (શેતૂર) એવા સાંકેતિક નામે ઓળખાતાં બે કૃત્રિમ બારાં ખાસ તૈયાર કરાયાં હતાં. (જમણો ફોટો.) દરેક બારૂં સિમેન્ટ કોન્ક્રિટની લંબચોરસ આકારની ૧૪૫ તરતી caisson/ પાયાકોઠીમાં વહેંચાયેલું હતું અને દરેક પાયાકોઠી ૬૦૦ ટનની હતી. ટગનૌકાઓ તેમને સમુદ્રપાર તાણી જાય અને નોર્મન્ડીના કિનારે તેમને છીછરા તળિયે હરોળબંધ છીતાવી દેવાય એટલે દરેક બારૂં ત્યાં બ્રિટનના ડોવર બંદર જેવડું તોસ્તાન બનવાનું હતું.



■ ફ્રાન્સમાં આગળ વધતા રસાલાના ૫૦,૦૦૦ વાહનો માટે રોજ ૬૦ લાખ લીટર પેટ્રોલ તથા ડીઝલ પહોંચાડવાનું થાય. આ કામને પહોંચી વળવાનું તેલવાહક જહાજોનું ગજું નહિ. ઇજનેરોએ બ્રિટનથી નોર્મન્ડી સુધી લંબાતી પાઇપલાઇન સમુદ્રના તળિયે બિછાવવા માટે અહીં ફોટામાં બતાવ્યા મુજબ ગંજાવર તરતા ફિરકા બનાવ્યા હતા. ટગનૌકા પાછળ ફિરકો ખેંચાતો જાય તેમ આડી ધરી પર ગલોટિયાં લેતો જાય અને ધીમે ધીમે ઉકેલાતો પાઇપ સાગરતળિયે બેસવા લાગે !



■ આક્રમક સૈન્યની ભારે રણગાડીઓ નોર્મન્ડીની ફસકતી અને પોચી રેતીમાં ખૂંપી જાય એવો સંભવ હતો. સાગરકિનારો વટાવ્યા પછી કળણની અને લીસ્સાં કણસલાંની નરમ ભૂમિ આવતી હતી. રણગાડીના કેટરપીલર પટ્ટા તેમાંય કદાચ પકડ ન જમાવી શકે એમ માની બ્રિટિશ સૈન્યના મુખ્ય ઇજનેર મેજર-જનરલ પર્સી હોબર્ટે જાડા કેનવાસનો ઇન્સ્ટન્ટ રસ્તો પાથરતાં ખાસ વાહનો બનાવ્યાં હતાં. (જમણો ફોટો.) વાહનનું નામ તેણે બોબિન ટેન્ક રાખ્યું હતું. કેનવાસનું વીંટલું સૂતર વીંટવાના રીલ યાને બોબિન જેવું દેખાતું હતું.



■ નોર્મન્ડીથી શરૂ કરીને જર્મન પાટનગર બર્લિન સુધીની અત્યંત સંઘર્ષમય આગેકૂચ દરમ્યાન બ્રિટિશ-અમેરિકન સૈન્યને રોજના ૨૦,૦૦૦ ટન પુરવઠાની જરૂર પડવાની હતી. સરેરાશ ખટારો તો માંડ સાતેક ટન બોજો ખમી શકે, એટલે પહાડ સમા તે જથ્થાના પરિવહન માટે બ્રિટનના પોર્ટ્સમાઉથ તથા સાઉધમ્પ્ટન બંદરો પાસે ૧,૦૦૦ રેલ્વે એન્જિનો તેમજ ૨૦,૦૦૦ જેટલાં ગૂડ્સ અને ટેન્કર ભારખાનાં તૈયાર રખાયાં હતાં. છેવટે જહાજો મારફત તેમને નોર્મન્ડી ટ્રાન્સફર કરવાનાં હતાં. રેલ્વે એન્જિનોની સંખ્યા વધુ હોવાનું કારણ એ કે આક્રમક લશ્કરની પુરવઠા લાઇન કાપવા માગતા જર્મનોના ટાઇમ બોમ્બની ઘાતક અસર ટ્રેનના એન્જિનને થાય એ નક્કી હતું.

■ 'ઑપરેશન ઑવરલોર્ડ' ફક્ત ભૂમિયુદ્ધનું મિશન ન હતું. દરિયાઇ અને હવાઇ યુદ્ધો પણ તેની વ્યૂહાત્મક યોજના સાથે વણાયેલાં હતાં. નોર્મન્ડી પર હલ્લો કરવા હજારો વિમાનોને એકસામટાં મોકલવાની ગણતરી હોય તો તેમણે ટેક-ઑફ પણ સામટું કરવું જોઇએ. દક્ષિણ બ્રિટનમાં એ માટે પૂરતાં ઍરબેઝ ન હતાં. અલબત્ત, ન હોય તેથી શું ? ઇજનેરોની અને મજૂરોની પલટણોએ મચી પડીને બે મહિનામાં ૧૬૩ નવાં ઍરફિલ્ડ બાંધી નાખ્યાં!

■ 'ઍટલાન્ટિક વૉલ'નાં જે કોન્ક્રિટ બંકર્સની અંદર નાઝી સૈનિકો પોતાને સુરક્ષિત માનતા હોય તેમને ચૂલામાં ફેરવી નાખવા બ્રિટિશ ઇજનેરોએ સેંકડો રણગાડીઓને ફ્લેમ થ્રોઅર તોપ વડે સજ્જ કરી હતી.



(ઉપરનો ફોટો.) ક્રોકોડાઇલ નામની દરેક રણગાડી પ્રતિમિનિટે ૧૩.૫ લીટર પેટ્રોલિયમ જેલી બાળીને પોતાની ધધૂકતી અગનજ્વાળાનો લબકારો ૨૦૦ મીટર છેટે સુધી ફેંકી શકતી હતી. બંકરની આગલી લંબચોરસ ફાટ દ્વારા અંદર પ્રવેશતો લબકારો મૃત્યુ નીપજાવવા ભેગો અગ્નિસંસ્કાર પણ કરી આપે, છતાં એ ભયાનક શસ્ત્રનું મુખ્ય કામ તો નાઝી સૈનિકોને ડરાવવાનું અને ભગાડી મૂકવાનું હતું.

બ્રિટનના દક્ષિણ છેડે ૧૬૦ કિલોમીટરના તટવર્તી પટ્ટામાં આવાં ૨૦,૦૦,૦૦૦ ટન શસ્ત્રો ખડકવામાં આવ્યાં હતાં, લગભગ ૨૭,૦૦,૦૦૦ સૈનિકોની ૭૦ મોટી અને બીજી સંખ્યાબંધ નાની છાવણીઓ હતી, પોણા બસ્સો ઍરફિલ્ડ પર બધું મળીને ૧૦,૦૦૦ વિમાનો અને ગ્લાઇડરો એકઠાં કરાયાં હતાં અને સાઉધમ્પ્ટન તથા પોર્ટ્સમાઉથ ઉપરાંત બીજાં છએક મોટાં બંદરો પાસે કુલ ૧૨,૫૦૦

માલવાહક જહાજો, લેન્ડિંગ ક્રાફ્ટ, વિનાશિકાઓ, પેટ્રોલ બોટ, સુરંગ ખસેડનાર જહાજો, ક્રૂઝર મનવારો અને હોસ્પિટલ શિપનો જાણે કે જબરજસ્ત મોટો મેળો ભરાયો હતો.

◆

ઇંગ્લિશ ચેનલના એક કિનારે જાન્યુઆરી, ૧૯૪૪ થી મે, ૧૯૪૪ સુધી આટઆટલી સંગીન લશ્કરી પૂર્વતૈયારી થતી રહી એ દરમ્યાન ઇંગ્લિશ ચેનલના બીજા કિનારે (ન્યૂનતમ અંતર જોવા બેસો તો ફક્ત ૩૪ કિલોમીટર છેટે) નાઝી જર્મનોને તેની ગંધ કેમ ન પહોંચી ?

--એટલા માટે કે ગંધને પહોંચતી રોકવા સશસ્ત્ર યુદ્ધની પહેલાં જાસૂસી યુદ્ધ આરંભી દેવાયું હતું. જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરીએ લીધેલી જિબ્રાલ્ટરની તથા અલ્જિરિયાની 'મુલાકાત' તો એ સિક્રેટ વૉરની માત્ર એક વજીર ચાલ હતી. બીજા અનેક નાટકીય દાવ વારાફરતી ખેલાયે જતા હતા અને નોર્મન્ડી અંગે જર્મનો નિશ્ચિંત બન્યે જતા હતા.

ફેબ્રુઆરી ૧૭, ૧૯૪૪ ની રાત્રે ૮:૦૦ વાગ્યે સ્પેનના પાટનગર મેડ્રિડમાં જર્મનોના મુખ્ય જાસૂસી મથકને બ્રિટનથી ટ્રાન્સમીટ કરાયેલો સાંકેતિક મેસેજ પ્રાપ્ત થયો : 'દક્ષિણ બ્રિટનમાં બધે ફરી વળ્યો, પરંતુ લશ્કરી જમાવટ ક્યાંય દેખાતી નથી. પરિસ્થિતિ સામાન્ય છે.' સંદેશો જુઆન ગાર્શિયા નામના સ્પેનિયાર્ડે મોકલ્યો હતો. જર્મન ગુપ્તચર સંસ્થા ગેસ્ટાપો તેને પોતાનો બ્રિટન ખાતેનો શ્રેષ્ઠ એજન્ટ માનતી હતી, પણ ખરેખર તે ડબલ એજન્ટ હતો. બ્રિટનની MI 15 ના કાઉન્ટર-ઇન્ટેલિજન્સ વિભાગે ગાર્શિયાને રંગે હાથ પકડ્યા બાદ તેને જર્મની વિરૂદ્ધ કામગીરી બજાવવા ફરજ પાડી હતી. બીજી તરફ ગેસ્ટાપોને શંકા ન જાય એટલા માટે તેઓ ગાર્શિયાને બ્રિટિશ નૌકાકાફલાની હિલચાલ અંગે ખાનગી અને ખરી છતાં વ્યૂહાત્મક રીતે મહત્ત્વ વગરની માહિતી વખતોવખત આપતા હતા. ગાર્શિયા પોતાના વાયરલેસ દ્વારા એ માહિતી ગેસ્ટાપોને પહોંચાડતો હતો.

આ રીતે જર્મનોના મગજમાં ભ્રમનું પ્રથમ બીજ રોપ્યા પછી બીજો દાવ ખેલવામાં આવ્યો. બ્રિટિશ હવાઇદળનાં વિમાનોએ ફ્રાન્સના કેલાઇ બંદરની આસપાસના વિસ્તારો પર દિવસો સુધી બોમ્બમારો ચલાવ્યો. રેલ્વે ટ્રેક, પુલો, રસ્તા તેમજ બળતણના ડેપોને નિશાન બનાવ્યા. ફિલ્ડ-માર્શલ વૉન રૂન્ડસ્ટેટ અને ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલ પણ એમ ધારી બેઠા કે દુશ્મનો કેલાઇના સાગરકિનારે આક્રમણ લાવતા પહેલાં જર્મન સૈન્યની પુરવઠા લાઇનો કાપી નાખવા માગતા હતા. બેઉનું અનુમાન તાર્કિક હતું, જેમાં શંકાને સહેજ પણ સ્થાન હોય તો તેનુંયે સમાધાન થોડા દિવસ પછી હવાઇ નિરીક્ષણ માટે બ્રિટન તરફ મોકલવામાં આવેલાં જર્મન લુફ્ટવાફેનાં ચોકિયાત વિમાનોએ કરી આપ્યું. વિમાનના પાયલટોએ જોયું કે કેલાઇની સામે પાર બ્રિટનના ડોવર બંદરગાહ પાસે હજારો રણગાડીઓ કતારબંધ પડી હતી. નહિ નહિ તોય ૧,૫૦૦ થી ૨,૦૦૦ જેટલી હતી. પાયલટોએ તસવીરો લીધી, પરંતુ તેમની આંખોને જેમ ધોખો થયો એમ ફોટામાં પણ તથ્ય ન હતું. હકીકતમાં બધી જ રણગાડીઓ હવા ભરેલા રબ્બરની બનેલી 'ડમી' હતી ! આ જાતની બીજી તસવીરોમાં ડોવર બંદરગાહ પાસેનો સેંકડો લેન્ડિંગ ક્રાફ્ટનો જમેલો અંકિત થયો. વાસ્તવમાં તે કેનવાસ પર અને પ્લાયવૂડ પર કરાયેલું ચિત્રકામ હતું. ડોવરની પાસે આવેલાં બધાં ઍરબેઝ પર જ્યાં નજર પડે ત્યાં ફાઇટર-બોમ્બર વિમાનો એકમેકની સાવ અડોઅડ ગોઠવાયાં હતાં. અલબત્ત, બધાં કાર્ડબોર્ડનાં ! મોખરાની હરોળમાં બેએક વિમાનો સાચાં પણ ખરાં. દૃશ્યને 'જીવંત' બનાવવા માટે તેમનાં પ્રોપેલર ફરતાં રખાયાં હતાં. રાત્રિના સમયે ફ્લડ લાઇટોના અજવાળામાં રણગાડીઓ 'જીવંત' બનતી હતી. હુમલાની તૈયારીઓ દિવસરાત ચાલતી હોવાનું જાસૂસી દુશ્મન વિમાનોને બતાવવા અંગ્રેજ સૈનિકો રણગાડીઓને ઊંચકી બંદરગાહ તરફ પદયાત્રા કરતા હતા. (જુઓ, નીચેનો ફોટો.) રેડાર યંત્રમાં આગંતુક વિમાનનું ટપકું ડોકાય કે તરત કૂચ શરૂ! રણગાડીઓને જહાજો પર ચડાવાય છે એમ જર્મન પાયલટને લાગવું જોઇએ!


સિક્રેટ વૉરના બીજા પણ કેટલાક રસપ્રદ પહેલુઓ હતા. અમેરિકન સેનાપતિ જનરલ જ્યોર્જ પેટનના કમાન્ડ હેઠળ ડોવરના કેન્ટ પરગણામાં ફર્સ્ટ યુ.એસ. આર્મી ગ્રૂપનું હેડ્ક્વાર્ટર સ્થાપવામાં આવ્યું. ટેન્કયુદ્ધના નિષ્ણાત ગણાતા જનરલ પેટનની બિનપરંપરાગત રણનીતિ, આક્રમકતા તેમજ સાહસ ખેડવાની વૃત્તિ જર્મન હાઇ કમાન્ડ માટે અજાણી ન હતી, એટલે તેની નિમણૂંકના સમાચારે બર્લિનમાં ચહલપહલ મચાવી દીધી. જનરલ પેટનના હેડ્ક્વાર્ટર દ્વારા પ્રસારિત થતા બધા વાયરલેસ સંદેશાનું મોનિટરિંગ કરવાના હુકમો છૂટ્યા. કેલાઇ પર ત્રાટકતા પેટનના બખ્તરિયા દળનો પ્રતિકાર શી રીતે કરવો તેના અંગે પણ વિચારણા ચાલી. હાઇ કમાન્ડને બીજા સમાચાર એ મળ્યા કે છેક ઉત્તરે સ્કોટલેન્ડના એડિનબર્ગ ખાતે ફોર્થ યુ.એસ. આર્મી ગ્રૂપનું હેડ્ક્વાર્ટર સ્થાપવામાં આવ્યું હતું, જેનો ડોળો જર્મન કબજાના નોર્વે પર હતો.



આ તો હદ થઇ ! નોર્વેમાં આશરે ૩,૫૦,૦૦૦ જર્મન સૈનિકો હતા. કેલાઇનો મોરચો વધુ દૃઢ થાય એ માટે તેમાંના કેટલાકને ફ્રાન્સ લાવવાની જરૂર હતી, પણ હવે તેમને ખસેડાય નહિ. ઇંગ્લિશ ખાડી તરફના પશ્ચિમ યુરોપી કિનારાનું (નેધરલેન્ડ, બેલ્જિયમ અને ફ્રાન્સનું) રક્ષણ કરવા માટે ફિલ્ડ-માર્શલ રોમેલ પાસે ૫,૦૦,૦૦૦ સૈનિકો હતા, જે પૈકી ૨,૧૩,૦૦૦ ની જમાવટ નોર્મન્ડીના સમુદ્રતટે હતી. હિટલર તેમનું સંખ્યાબળ ઘટાડવાના મતનો

ન હતો. આમ છતાં જાસૂસી બાતમી પ્રમાણે હુમલાનો ભય હવે કેલાઇના માથે તોળાતો હતો, એટલે નોર્મન્ડી તરફ રવાના કરાયેલી ત્રણ બખ્તરિયા ડિવિઝનોને હિટલરે અધવચ્ચે રોકી પાડી અને વખત આવ્યે તેમને કેલાઇ અથવા નોર્મન્ડી મોકલી શકાય એ માટે તેમને પોતાના વ્યક્તિગત નિયંત્રણ હેઠળ મૂકી. આ ત્રણ ડિવિઝનોમાં ટાઇગર-૧ પ્રકારની ૧૦ સેન્ટિમીટર જાડા બખ્તરવાળી ૬૦૦ બળવાન રણગાડીઓ હતી. (વજન ૫૫ ટન; તોપના નાળચાનો વ્યાસ ૮૮ મીલીમીટર.) લડાઇના શતરંજ ખેલમાં તેઓ રાણીના મહોરા જેવી નિર્ણાયક ભૂમિકા અદા કરી શકી હોત, કેમ કે જર્મનીના દુશ્મનો ટૂંકી રેન્જની અને વધુમાં વધુ ૩.૫ કિલોગ્રામના ગોળા ફેંકી શકતી તોપોવાળી રણગાડીઓ ધરાવતા હતા. આમ છતાં હિટલરે નિર્ણય લીધા પછી ટાઇગર-૧ ની (નીચેનું ચિત્ર) ત્રણ ડિવિઝનો પર ન રોમેલનો અધિકાર રહ્યો કે ન રુન્ડસ્ટેટનો રહ્યો.

સૌથી ટ્રેજિક (અને સામી છાવણી માટે કોમિક) વાત હોય તો એ કે એડિનબર્ગમાં તથા કેન્ટમાં જેમનાં હેડ્ક્વાર્ટ્સ સ્થપાયેલાં એ ફોર્થ યુ.એસ. આર્મી ગ્રૂપનું અને ફર્સ્ટ યુ.એસ. આર્મી ગ્રૂપનું અસ્તિત્વ જ ન હતું. સવા ચાર લાખ સૈનિકોના બનેલા કહેવાતા એ બન્ને સૈન્યોનો જે વાયરલેસ ટ્રાફિક ગેસ્ટાપોના મોનિટરિંગ સ્ટેશને ગુપચુપ સાંભળ્યા કર્યો તે બોગસ હતો. બ્રિટિશ અખબારોમાં બન્ને ગ્રૂપના સેનાપતિઓના જે ફોટા છપાયા એમાં તેમની કૅપ પર અને ખભાપટ્ટી પર દેખાતું બે પંચકોણો જેવું મુદ્રાચિહ્ન અમેરિકાની આર્મી ઇન્સ્ટિટ્યૂટ ઑફ હેરાલ્ડ્રીએ તૈયાર કર્યું હતું--અને તે પણ બોગસ હતું !



આમ છતાં જર્મનોનું ધ્યાન ફર્સ્ટ યુ.એસ. આર્મી તેમજ ફોર્થ યુ.એસ. આર્મી પર કેન્દ્રિત થયેલું હતું. કેલાઇની અને નોર્વેની દિશામાં હુમલો આવવાનો છે એમ તેઓ ધારતા રહ્યા. પરિણામે ફિલ્ડ-માર્શલ રોમેલ નોર્મન્ડી અંગે નિશ્ચિંત બન્યો. રવિવાર, જૂન ૪, ૧૯૪૪ ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે તે પાંચેક દિવસની રજા ભોગવવા સ્વદેશ જવા ઉપડ્યો. બે દિવસ પછી ૬ઠ્ઠી જૂને તેની પત્નીનો જન્મદિન હતો.

◆

છઠ્ઠી જૂનનો દિવસ 'લોંગેસ્ટ ડે' હતો, પણ રોમેલને તેની ખબર ન હતી. માત્ર ૪૮ કલાકનો સવાલ હતો, છતાં એટલા નજદીકના ભવિષ્યમાં પણ તેની નજર ન પહોંચી. ઇતિહાસે તેના સહિત બધા નાઝી જર્મનોની આંખે ક્યારના પાટા બાંધી દીધા હતા. સૌથી લાંબો દિવસ જૂન ૬, ૧૯૪૪ નો જ પુરવાર થાય તેની પાકી જાણ તો જનરલ આઇઝનહોવરને કે જનરલ મોન્ટગોમેરીને પણ છેવટ સુધી ન હતી. ચઢાઇ માટેનો અનુકૂળ દિવસ નક્કી કરવામાં તેમના હાથ ઘણીબધી રીતે બંધાયેલા હતા. એક નહિ તો બીજો અને બીજો નહિ તો ત્રીજો દિવસ એ જાતની પસંદગી માટે બહુ અવકાશ રહેતો ન હતો, કેમ કે વ્યૂહાત્મક તકાદા જેવી પૂર્વશરતોની સૂચિ લાંબી હતી.

ફિલ્ડ-માર્શલ રોમેલે સાગરતટે છીછરા પાણીમાં ઠેર ઠેર કાંટાળા તારનાં અનેક ગૂંચળાં, ડાઇનામાઇટના સ્પ્રિંગ-એક્શન પલીતા, સુરંગો અને બીજા પણ જે અવરોધો પથરાવ્યા હોય તેમને નજરે દેખી શકાય એ માટે હુમલા ટાણે નોર્મન્ડીના કાંઠે સમુદ્રી ઓટનો સમય હોવો જોઇએ. આ જાતના દિવસો જૂન માસમાં ફક્ત ૬ હતા. ચઢાઇનો આરંભ થાય કે તરત સૌ પહેલાં વિમાનો દ્વારા છત્રીસૈનિકોએ અને વિરાટ ગ્લાઇડરોમાં બેસીને ઇન્ફન્ટ્રી સૈનિકોએ યુદ્ધરેખાની પાછળ ઊતરવાનું હતું. બ્રિટનથી તેમનો આકાશી પ્રવાસ શરૂ થાય એ વખતે પ્રકાશિત ચંદ્રની હાજરી અનિવાર્ય હતી, કેમ કે દોરડા વડે ખેંચાયે જતા એન્જિનરહિત ગ્લાઇડરના પાયલટને તેની આગળનું વિમાન બરાબર દેખાવું જોઇએ. થોડા કલાક પછી ફ્રાન્સમાં ઉતરાણનો વખત આવે ત્યાં સુધીમાં ચંદ્ર ક્ષિતિજ તરફ ઢળી ચૂક્યો હોય એ જરૂરી હતું. દુશ્મનના વિસ્તારમાં ઉતરાણના સમયે વાતાવરણ અંધકારમય હોવું જોઇએ. આ જાતના સંજોગો જૂન માસના ૬ અનુકૂળ દિવસો પૈકી માત્ર ૩ દિવસોએ (૫ મી, ૬ ઠ્ઠી અને ૭ મી જૂને) સર્જાય તેમ હતા.

આમ ત્રણ દિવસો વચ્ચે પસંદગી કરવાની રહી, પરંતુ ઇંગ્લિશ ખાડીનું હવામાન જ્યારે ખરાબ ન હોય એ દિવસ કયો ? કિનારાથી છેટે રહીને યુદ્ધજહાજો 'ઍટલાન્ટિક વૉલ' પર ગોલંદાજી ચલાવતા હોય એ વખતે પવન દરિયા તરફની દિશા પકડી અને ધુમાડાના ગોટેગોટાને યુદ્ધજહાજો તરફ ધકેલી તેમની દૃષ્ટિમાં અંધાપો ન લાવી દે એ દિવસ કયો ? લગભગ ૧૮૦ કિલોમીટરના જહાજી પ્રવાસ દરમ્યાન સૈનિકોને ફેર ચડે અને સીસિકનેસ/seasickness કહેવાતી ઉપાધિ સર્જાય એટલી હદે દરિયાઇ મોજાં ન ઉછળતાં હોય એ દિવસ કયો?

એક પણ નહિ ! ઇંગ્લિશ ખાડીના વિસ્તાર માટે બ્રિટિશ હવાઇદળના મુખ્ય હવામાનશાસ્ત્રી ગ્રૂપ કેપ્ટન જે. એન. સ્ટેગે કાઢેલા વર્તારા પ્રમાણે જૂનના પ્રથમ સપ્તાહમાં હવામાન ખરાબ રહેવાનું હતું. દરિયો લઇ પડવાનો હતો. પવનનું જોર વધવાનું હતું. મોજાંની વાંછટોને લીધે વાતાવરણ ધૂંધળું થાય, એટલે જહાજો માટે visibility/દૃશ્યતા ઘટી જવાની હતી. બનવાજોગ કે રાત્રિનું આકાશ ઘેરાતાં ચંદ્ર પણ દેખાય નહિ. 'ઑપરેશન ઑવરલોર્ડ'ને પાછળ ઠેલવું જ રહ્યું. જૂનની ૫ મી, ૬ ઠ્ઠી અને ૭ મી પછી આગામી સમુદ્રી ઓટ જૂનની ૧૯ મીએ હતી, પરંતુ એ દિવસે ચંદ્ર પૂર્ણરૂપે આકાશમાં ચમકવાનો ન હતો.

જૂનના પ્રથમ અઠવાડિયામાં હવામાન ખરાબ રહે એવા મતલબનો વર્તારો નાઝી સૈન્યના હવામાન વિભાગે પણ કાઢ્યો હતો. ફિલ્ડ-માર્શલ રોમેલને એટલે જ નોર્મન્ડીમાં પોતાની હાજરી અનિવાર્ય લાગી નહિ. ફિલ્ડ-માર્શલ વૉન રુન્ડસ્ટેટ તથા નોર્મન્ડીના ચાર વરિષ્ઠ ડિવિઝન કમાન્ડરો પણ હવામાનની આગાહી જાણ્યા પછી બેથી ત્રણ દિવસની છુટ્ટી પર જતા રહ્યા. હિટલર પણ ત્યારે દક્ષિણ જર્મનીના બાવેરિયા

પ્રાન્તમાં શનિ-રવિની રજા માણી રહ્યો હતો.

રવિવાર, જૂન ૪ ની રાત્રે જનરલ આઇઝનહોવર, જનરલ મોન્ટગોમેરી અને બીજા સેનાપતિઓ પરિસ્થિતિનું વિશ્લેષણ અને વિચારવિનિમય કરવા ભેગા મળ્યા. 'ઑપરેશન ઑવરલોર્ડ' માટેની તૈયારીઓ આટલા જંગી પાયે થયા પછી તેમજ લાખો સૈનિકોને તેમના કાર્ય અને કર્તવ્ય અંગે વાકેફ કરી ચૂક્યા પછી ગુપ્ત લશ્કરી અભિયાન હવે વધુ દિવસ ગુપ્ત રહી શકવાનું ન હતું--અને ખુલ્લું પડ્યા બાદ તો હુમલાને સાવ જ ભૂલી જવો રહ્યો. યુરોપના ડઝનેક પરાધીન દેશોનું ત્યાર પછી શું થાય એ તેમનું નસીબ જાણે !

નસીબમાં આઝાદી લખી હતી, એટલે થોડી વાર બાદ મિટિંગ રૂમનો દરવાજો ખૂલ્યો અને હવામાનશાસ્ત્રી ગ્રૂપ કેપ્ટન સ્ટેગ તેના ત્રણ વિજ્ઞાની મદદનીશો સાથે અંદર પ્રવેશ્યો.


'એક સારા ખબર છે.' ઇંગ્લિશ ખાડીનો વાયુશાસ્ત્રીય ચાર્ટ તેણે ટેબલ પર બિછાવતાં કહ્યું. 'હવામાનમાં ઝડપી અને ન ધારેલો ફેરફાર થયો છે. આવતી કાલે સાંજ પછી હવામાન સુધરે અને પરમ દિવસે છઠ્ઠી જૂનની રાત સુધી માફકસરના સંજોગો રહે એમ જણાય છે. બહુ તો ૨૪ કલાક, પણ સ્થિતિ ત્યાર પછી બગડવાની છે.'

મિટિંગ રૂમમાં સન્નાટો વ્યાપી ગયો. કોઇ બોલ્યું નહિ. સૌ જનરલ આઇઝનહોવરને તાકી રહ્યા. હવે 'ઑપરેશન ઑવરલોર્ડ'ના સર્વોચ્ચ સેનાપતિએ પોતાનો અંતિમ ફેંસલો જણાવવાનો હતો, જે સૌને માટે બંધનકર્તા હતો. કોઇ એક માણસે યુરોપના અનેક દેશોનું ભાવિ એકસાથે નક્કી કર્યાનો વિરલ અવસર કદી આવી શકે તેમ હોય તો અત્યારે તે આવ્યો હતો. ઘડી ઐતિહાસિક હતી.

'આપણે જઇએ છીએ.' કહી જનરલ આઇઝનહોવરે ફક્ત ત્રણ શબ્દો વડે ઇતિહાસ સર્જી નાખ્યો. એડોલ્ફ હિટલરનો કરુણ અંજામ પણ એ સાથે નિશ્ચિત બની ચૂક્યો.

◆


જૂન ૫, ૧૯૪૪ ની રાત્રે ૧૦:૦૦ વાગ્યા પછી દક્ષિણ બ્રિટનનાં હવાઇમથકો પર સેંકડો વિમાનોનાં પ્રોપેલર એન્જિનો ગરજવાં લાગ્યાં. અમેરિકાની ૮૨ મી અને ૧૦૧ મી ઍરબોર્ન ડિવિઝનનાં એ વિમાનોની સંખ્યા કુલ મળીને ૮૮૩ હતી ! ઘણાં ખરાં વિમાનો C-47 પ્રકારનાં ડાકોટા હતાં. લગભગ દરેક પાછળ અત્યંત મોટા ફાલકાનું સૈનિકવાહક ગ્લાઇડર આશરે ૪૦૦ ફીટ લાંબા દોરડે બંધાયેલું હતું, જેમાં ઇન્ફન્ટ્રી (પાયદળ) ડિવિઝનના ૧૫ થી ૨૦ સૈનિકો બેઠા હતા. વિમાનોમાં છત્રીસૈનિકો હતા. નોર્મન્ડીની સમુદ્રી યુદ્ધરેખા પાછળ તેમણે પેરેશૂટ વડે કૂદી પડવાનું હતું. ગ્લાઇડરના સૈનિકો માટે ઉતરાણની પદ્ધતિ સાવ જુદી અને સહેજ જોખમી હતી. ગ્લાઇડરને તાણી જતું ડાકોટા વિમાન નિર્ધારિત સ્થળના આકાશમાં પહોંચે, એટલે દોરડું છોડી નખાય અને ત્યાર બાદ એકધારી ઊંચાઇ ગુમાવ્યા કરતા ગ્લાઇડરના પાયલટે અંધકાર વચ્ચે પણ ક્યાંક સમતળ મેદાન શોધી કાઢી ગ્લાઇડરને નીચે ઊતારવાનું! અંધારામાં ભૂપૃષ્ઠને ઓળખવામાં તે ભૂલ કરી બેસે તો સૌનું આવી બને !


◆ વિમાનમાર્ગે નોર્મન્ડી પહોંચેલા છઠ્ઠી ઍરબોર્ન ડિવિઝનના છત્રીસૈનિકો.

રાત્રે ૧૦:૦૦ વાગ્યે શરૂ કરીને મધરાત સુધી અમેરિકાની ૮૨ મી અને ૧૦૧ મી ઍરબોર્ન ડિવિઝનના ૧૩ હજાર સૈનિકો રવાના થયા. ઉતરાણ માટે પસંદ કરાયેલો પ્રદેશ નોર્મન્ડીના પશ્ચિમી કિનારાનો પઠારી વિસ્તાર હતો. 'ઑપરેશન ઑવરલોર્ડ'ના પ્લાન મુજબ તે કિનારાને અપાયેલું સાંકેતિક નામ ઉટાહ હતું. (જુઓ, નીચેનો નકશો.) અમેરિકાના જનરલ ઓમર બ્રેડલીની સરદારી નીચે ત્યાં દરિયાઇ આક્રમણ શરૂ થાય એ પહેલાં ઍરબોર્ન સૈનિકોએ ત્યાં જર્મન લશ્કરની પુરવઠાલાઇન કાપવાની હતી.

બ્રિટનની છઠ્ઠી ઍરબોર્ન ડિવિઝનના આઠ હજાર છત્રીસૈનિકોનું અને ગ્લાઇડર-સવાર ઇન્ફન્ટ્રી સૈનિકોનું ધાડું એ દરમ્યાન ઉત્તર નોર્મન્ડીના સ્વૉર્ડ/sword એવા સાંકેતિક નામના કિનારા તરફ આકાશી માર્ગે આગળ વધી રહ્યું હતું. (ઉપરનો ફોટો.) ઉતરાણ પછી અમેરિકન તથા બ્રિટિશ ઍરબોર્ન ડિવિઝનોએ પરસ્પર 'લિન્ક-અપ' સ્થાપવા એકમેકની દિશામાં આગળ વધવાનું હતું અને માર્ગમાં આવતા પુલો, રેલ્વેલાઇન, ફ્યૂઅલ ડેપો, ટેલિફોનના તાર અને જર્મન ચોકિયાતોના અડ્ડાનો નાશ કરતા જવાનું હતું.

બ્રિટિશ-અમેરિકી આક્રમણનો પ્લાન અને પ્રવાસમાર્ગ



સૈનિકવાહક ગ્લાઇડરોનું સંતુલન ન ખોરવાય એ માટે ફરજિયાત ધીમા વેગે ઊડતાં ડાકોટા વિમાનો ત્રણ કલાકે નોર્મન્ડીના આકાશી સીમાડામાં પહોંચ્યાં. મધરાત વીતી ચૂકી હતી. રોમેલની એક ડિવિઝનનો કમાન્ડિંગ ઑફિસર મેજર વર્નર પ્લસ્કાટ સમુદ્રકિનારાથી સાતેક કિલોમીટર છેટે પોતાના ડિવિઝનલ

હેડ્ક્વાર્ટરમાં સૂતો હતો. એકધારી મેઘગર્જના જેવો અવાજ કાને પડતાં તે જાગ્યો અને હોટલાઇનના ફોનનું રીસીવર ઊપાડ્યું.

'શું બની રહ્યું છે ?' રેજિમેન્ટના કમાન્ડર પાસે તેણે જવાબ માગ્યો. 'મને તાત્કાલિક ખબર કેમ આપતા નથી?'

'તપાસ કરીએ છીએ. અમારી પાસે પાકી બાતમી નથી.'

વાર્તાલાપ પૂરો થયો. આકાશ ગાજતું રહ્યું. મેજર વર્નર પ્લસ્કાટ હવે ઊંઘી શકે તેમ ન હતો. થોડી મિનિટો પછી ફોનની ઘંટડી વાગી. મેજરે તરત રીસીવર કાને માંડ્યું.

'મામલો શો છે?'

'દુશ્મનોએ છત્રીસૈનિકોને ઊતારવાનું નાટક ખેલ્યું છે. જાણવા મળ્યું છે કે એ સૈનિકો નથી. રબ્બરનાં પૂતળાં છે. આપોઆપ ફૂટતાં કારતૂસો તેમની સાથે બાંધવામાં આવ્યાં છે.' રેજિમેન્ટ કમાન્ડરે માહિતી આપી.

માહિતી સાચી હતી. 'ઑપરેશન ઑવરલોર્ડ'ના સશસ્ત્ર યુદ્ધની સમાંતર જાસૂસી યુદ્ધ પણ ચાલવાનું હતું અને છત્રીસૈનિકોની હારોહાર ઊતારવામાં આવેલાં રબ્બરિયાં પૂતળાં એ યુદ્ધના 'સૈનિકો' હતાં. ધાર્યા મુજબની અસર તેમણે પેદા કરી. પહેલાં મેજર પ્લસ્કાટે અને પછી એ વિસ્તારના દરેક ડિવિઝન કમાન્ડરે ફિલ્ડ-માર્શલ રૂન્ડસ્ટેટના પેરિસ ખાતેના હેડ્ક્વાર્ટરને સતર્ક કર્યું. સૌના મેસેજમાં અર્થસૂચક વાત સરખી હતીઃ દુશ્મનો નોર્મન્ડી પર હુમલાનું નાટક કરી જર્મન લશ્કરનું ધ્યાન એ તરફ વાળી રહ્યા હતા. અસલમાં તેમનું નિશાન કેલાઇ હોવું જોઇએ.

કેલાઇ બંદરે સ્થિતિ શી હતી ? જર્મન રેડાર ઑપરેટરના મતે અત્યંત ચિંતાજનક હતી. ફ્રાન્સના કાંઠા તરફ આવતાં સેંકડો યુદ્ધજહાજો રેડારના ડાયલ પર ટપકાંરૂપે દેખાતાં હતાં. કેલાઇ પર તેમનું આક્રમણ થવાને ઝાઝી વાર ન હતી. ચારેકોર અંધાધૂંધી, ગેરસમજ, દલીલબાજી અને પૂછપરછનો દોર ચાલ્યો. કેલાઇના જર્મન તોપચીઓ શત્રુ જહાજો સામે લડવા તૈયાર થયા, પરંતુ તેમણે લડવાનો વખત આવવાનો જ ન હતો. કેલાઇથી પચ્ચીસેક કિલોમીટર છેટે ઇંગ્લિશ ચેનલમાં સેંકડો નાની પેટ્રોલ બોટ જર્મનોની રેડાર ફ્રિક્વન્સી પર વિદ્યુતચુંબકીય મોજાં વહેતાં મૂકી બહુ મોટા નૌકાકાફલાની રેડાર ઈમેજ ખડી કરી રહી હતી. કેટલીક માછીમાર નૌકાઓ પણ હતી, જેમના કૂવાસ્થંભ પર જડી લેવાયેલાં ટીનનાં ચળકતાં પતરાં જર્મન રેડારનાં મોજાંને જેમનાં તેમ જ રિફ્લેક્ટ કરતાં હતાં.

આ તરફ નોર્મન્ડીના પઠારી વિસ્તારમાં અમેરિકન તથા બ્રિટિશ ઍરબોર્ન ડિવિઝનના છાપામાર સૈનિકોએ રાત્રિના અંધકારનો લાભ ઊઠાવી જર્મન સૈન્યની ધોરી નસ જેવી પુરવઠા લાઇનો કાપવાનું ચાલુ રાખ્યું. જર્મનો પણ બેશક અંધારામાં હતા, પણ તે અંધકાર નરી અજ્ઞાનતાનો હતો. મોડી રાત્રે ૩:૦૦ વાગ્યા પછી તેમના મગજમાં જ્ઞાનનો પહેલો ચમકારો એ વખતે થયો કે જ્યારે નોર્મન્ડીના કિનારે જર્મન નૌકાદળે પાણીની અંદર ગોઠવેલાં સબમર્સિબલ માઇક્રોફોન દૂરવર્તી જહાજોનાં એન્જિનોની ઘરેરાટી ઝીલવાં લાગ્યાં. શરૂઆતના ધીમા અવાજની માત્રા ધીમે ધીમે વધવા લાગી!

જ્ઞાનનો ચમકારો થયો, પરંતુ બૂઝાઇ જવા માટે થયો. માઇક્રોફોનના યુનિટનું સંચાલન કરતા નૌકાઅફસરે ફિલ્ડ-માર્શલ રોમેલના હેડક્વાર્ટરને આગંતુક હુમલાની જાણ કરી, જ્યાંના નાયબ કમાન્ડિંગ ઑફિસરે પેરિસ ખાતે ફિલ્ડ-માર્શલ વૉન રૂન્ડસ્ટેટને આફતના સમાચાર તાકીદે પાઠવ્યા. વૉન રૂન્ડસ્ટેટે તરત હિટલરનો સંપર્ક કરવા ટેલિફોન જોડાવ્યો, કેમ કે પેલી ટાઇગર-૧ રણગાડીઓની ત્રણ બખ્તરિયા ડિવિઝનોની હવે તાતી જરૂર હતી અને તે ડિવિઝનોને હિટલરે પોતાના નિયંત્રણ હેઠળ રાખી હતી. હિટલરનો બારોબાર તો સંપર્ક થાય નહિ, એટલે રૂન્ડસ્ટેટે હંમેશની જેમ બર્લિન ખાતેના ઑપરેશનલ કમાન્ડર જનરલ આલ્ફ્રેડ જૉડલનો ફોન ખખડાવ્યો. જૉડલ ઊંઘતો હતો. રૂન્ડસ્ટેટે પરિસ્થિતિની ગંભીરતા જણાવ્યા છતાં જૉડલના અંગત મદદનીશે તેને જગાડ્યો નહિ. સવારે ૫:૦૦ વાગ્યે એ જનરલ ઊઠ્યો. એક કલાક પહેલાં ૪:૦૦ વાગ્યે હિટલર સ્લીપિંગ પિલ્સ લીધા પછી ઊંઘવા જતો રહ્યો હતો, માટે જૉડલ તેને જગાડવાની હિંમત કરી શક્યો નહિ. ખરેખર તો નાઝી જર્મનીનું નસીબ જ લાંબી નિદ્રામાં પોઢી ગયું હતું.

◆

સવારે ૬:૦૦ વાગ્યે નોર્મન્ડીના તટરક્ષક લશ્કરે આખરે વાસ્તવિકતાનો સાક્ષાત્કાર કરવાનો વખત આવ્યો. સાગરક્ષિતિજે નાનાં-મોટાં મળીને ૬,૫૫૬ યુદ્ધજહાજો, ક્રૂઝર મનવારો, લેન્ડિંગ ક્રાફ્ટ, સુરંગવિરોધી જહાજો અને વિનાશિકાઓના ઓળા ઉપસ્યા. વિરાટ કદનાં અમેરિકન યુદ્ધજહાજો 'અર્કાન્સાસ' અને 'ટેક્સાસ'ની ૩૫૫ મીલીમીટર વ્યાસની કુલ દસ તોપો, ૩૦૫ મીલીમીટર વ્યાસની કુલ બાર તોપો અને ૧૨૫ મીલીમીટર વ્યાસની વધુ બાર તોપો ધણધણી. હિટલરની 'ઍટલાન્ટિક વૉલ' પર તેમણે પાંચ મિનિટમાં ૬૦૦ ગોળા



બ્રિટન-અમેરિકાનું ઘોડાપૂર જેવું લશ્કર છેવટે નોર્મન્ડીના કાંઠે પહોંચ્યું...


ઝીંક્યા ત્યારે નોર્મન્ડીની ધરતી પણ ધણધણી ઊઠી. નૌકાકાફલાઓ બધું મળીને ૫૯ હતા, એટલે ટૂંક સમય પછી તો મિનિટના ૨,૪૦૦ લેખે તોપગોળા વરસવા લાગ્યા ! આ તરફ ૧૫૫ મીલીમીટરના અને ૮૮ મીલીમીટરના વ્યાસની જર્મન તોપોનાં મોઢાં ખૂલ્યાં, પરંતુ અક્ષૌહિણી સૈન્ય જેવા બ્રિટિશ-અમેરિકી કાફલાની તોપો સામે તેમની વિસાત ન હતી. દરિયાઇ આક્રમણની પ્રચંડતાનો જર્મનોને પૂરો અંદાજ મળે એ પહેલાં તો હવાઇ આક્રમણ શરૂ થયું અને સામટાં ૧૧,૦૦૦ ફાઇટર-બોમ્બર વિમાનો આકાશમાં ચડી આવ્યાં. સ્પિટફાયર, લેન્કેસ્ટર, મુસ્ટાંગ, ટાઇફૂન અને બોઇંગ-૨૬ પ્રકારનાં વિમાનોએ તીડનાં ટોળાંની જેમ આકાશને ઢાંકી લીધું. 'ઍટલાન્ટિક વૉલ'ના ભુક્કા કાઢી નાખવા તેમણે ૨૨૫ કિલોગ્રામથી માંડીને ૨,૨૫૦ કિલોગ્રામ સુધીના થોકબંધ બોમ્બ વરસાવ્યા.

ઇંગ્લિશ ચેનલના કિનારે જર્મન લશ્કરનું સંખ્યાબળ ૫,૦૦,૦૦૦ જેટલું હતું, પરંતુ 'ઑપરેશન ઑવરલોર્ડ'નું નિશાન બનેલા (અનુક્રમે ઉટાહ, ઓહામા, ગોલ્ડ, જૂનો અને સ્વૉર્ડ એવા સાંકેતિક નામો પામેલા) તટ પર જર્મન સૈનિકો પૂરા ૭૦,૦૦૦ પણ ન હતા. અહીં સાચે જ હુમલો કરાયાનું ભાન થયું ત્યારે ફિલ્ડ-માર્શલ વૉન રૂન્ડસ્ટેટે બાકીના સૈનિકોને તાબડતોબ નોર્મન્ડી પહોંચવાનો આદેશ ફરમાવ્યો. ટાઇગર-૧ રણગાડીઓની ત્રણ ડિવિઝનોને પણ નોર્મન્ડી જવા સૂચના આપી, પરંતુ તેમનો સેનાપતિ હિટલરની મંજૂરી સિવાય ચસકવા તૈયાર ન હતો ! અને હિટલર તો હજી બાવેરિયામાં ઊંઘતો હતો ! બર્લિનથી રવાના થયેલા ફિલ્ડ-માર્શલ રોમેલની ચીલઝડપી મોટરસવારીએ જર્મનીના સીમાડા પણ વટાવ્યા ન હતા. 'ઓહ ! હું કેવો મૂરખ છું !' એમ વારંવાર બોલીને જાત પર ગુસ્સો કાઢતા રોમેલનો 'ધ લોંગેસ્ટ ડે' લાંબા મોટરપ્રવાસમાં જ વીતી જવાનો હતો.

હવે નોર્મન્ડી અને નૌકાકાફલા વચ્ચે ફક્ત દોઢ કિલોમીટરનું અંતર રહ્યું. સુરંગ ખસેડનાર ૨૪૫ જહાજો એકદમ સ્પીડ વધારીને કિનારા તરફ ધસ્યાં અને તેમની પાછળ કુલ ૧,૨૦,૦૦૦ સૈનિકો ધરાવતાં લેન્ડિંગ ક્રાફ્ટ પ્રકારનાં ૧,૫૦૦ જહાજોએ ઝડપ વધારી.

આક્રમણ જોરદાર હતું, તો જર્મનો દ્વારા કરાતો તેનો પ્રતિકાર પણ લૂલો ન હતો. કંઇ નહિ તો શરૂઆતમાં બિલકુલ નહિ. જર્મન તોપખાનાએ જોતજોતામાં ૧૦ લેન્ડિંગ ક્રાફ્ટને ફૂંકી દીધાં. મધદરિયે નિશાન બનેલાં છએક લડાયક જહાજો ડૂબી રહ્યાં હતાં. બીજાં ડઝનેક જહાજો ભડકે બળતાં હતાં. જીવનમરણનો ખરો સંગ્રામ તો બ્રિટિશ તથા અમેરિકન સૈનિકોને એક પછી એક લેન્ડિંગ ક્રાફ્ટે નોર્મન્ડીના કિનારે પહોંચાડ્યા ત્યારે શરૂ થયો, કેમ કે તેઓ મશીન ગનની રેન્જમાં આવ્યા. સિમેન્ટ કોન્ક્રિટનાં ઘણાં બંકર્સ હજી અકબંધ હતાં, એટલે તેમાં રહેલા જર્મનોએ લગભગ સામૂહિક હત્યાકાંડના ધોરણે જ તેમના દુશ્મનોને વીંધ્યા. બીજી તરફ એન્ટિ-પર્સોનેલ સુરંગો ભોરિંગની જેમ ગોઝારા ફૂંફાડા મારતી હતી. ડાઇનામાઇટના ધડાકા થતા હતા. કોન્ક્રિટના મજબૂત કવચની ફિલ્ડ-માર્શલ રોમેલે કરેલી વિશિષ્ટ રચનાને કારણે તેમની પણ ઘણી તોપો સુરક્ષિત અને સક્રિય હતી. ઊંચા ખડકો પરની મોર્ટાર તોપો પણ આક્રમક સૈનિકો તરફ તોપગોળા ઉછાળવા માંડી ત્યારે નોર્મન્ડીનો સાગરકિનારો યુદ્ધનું નહિ, કતલનું મેદાન બન્યો.

કતલ થવા માટે વારાફરતી આવ્યે જતા અંગ્રેજોની અને અમેરિકનોની કમી પણ ક્યાં હતી ? સપાટ તળિયાનું એક પછી એક લેન્ડિંગ ક્રાફ્ટ જહાજ શક્ય એટલી ઝડપે 'દોટ' મૂકીને રેતાળ કાંઠે ચડી જતું હતું અને પાર્ટિશન જેવો તેનો આગલો દરવાજો ખોલીને કિનારા પર લેટે કે તરત રાફડાના વધુ ૮૦ સૈનિકો બહાર નીકળતા હતા.


બ્રિટિશ-અમેરિકી જહાજોના સેંકડો ગોળા નોર્મન્ડીના કાંઠે ઝીંકાવા લાગ્યા

બે કલાકના ભીષણ યુદ્ધ પછી નોર્મન્ડીનો સાગરપટ લાલઘૂમ હતો. સવારનો નીલવર્ણો દરિયો પણ રાતો બની ચૂક્યો હતો. હજારો લાશો ઢળી હતી અને સાંજ પડતા સુધીમાં બેઉ પક્ષે ૧૯,૦૦૦ સૈનિકો માર્યા ગયા હતા. બૂરી રીતે જખમી થનાર સૈનિકોનો આંકડો ૫૩,૦૦૦ સુધી પહોંચી ગયો. લગભગ ૪૩૦ વિમાનો, ૪૫ ગ્લાઇડરો, ૨૧૦ ભારે તોપો, ૧૩૦ રણગાડીઓ, ૨૫ મનવારો અને ૧,૧૦૦ હળવી તોપોનો પણ ખાત્મો બોલી ચૂક્યો હતો. સૌથી અગત્યની વાત એ કે 'ધ લોંગેસ્ટ ડે'નો સૂર્ય આથમે ત્યાં સુધીમાં હિટલરના નાઝી સામ્રાજ્યના સૂર્યાસ્તનો ફેંસલો આવી ગયો. બ્રિટિશ-અમેરિકી દળોને નોર્મન્ડીમાં પગથિયું મળ્યા બાદ હવે પાછું વાળીને જોવાનો પ્રશ્ન જ ન હતો. આગામી લક્ષ્યાંક પેરિસ અને ત્યાર પછી બર્લિન!

ઇતિહાસનું ગમે તે પ્રકરણ તપાસો, પણ તેમાં 'જો' અને 'તો'ના સામસામે ત્રાજવે તોલવા જેવા પ્રશ્ન ન જડે એવું ન બને. 'ઑપરેશન ઑવરલોર્ડ'ના કેસમાં તો પ્રશ્નાર્થોનો સુમાર ન હતો : જૂન ૬, ૧૯૪૪ના દિવસે માત્ર ૨૪ કલાક પૂરતું હવામાન સુધર્યું ન હોત તો? આક્રમણની તૈયારીઓનો ભાંડો જો છેલ્લી ઘડીએ ફૂટી ગયો હોત તો? હિટલરે જો બખ્તરિયા ડિવિઝનોને પોતાના કબજામાં રાખી મૂકી ન હોત તો ? ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલ પોતે જો યુદ્ધના દિવસે નોર્મન્ડીમાં હાજર રહ્યો હતો તો?

--તો શી ખબર આજે આટલાં વર્ષ પછી કેવી હોત યુરોપની ભૂગોળ અને કેવો હોત વીતેલાં વર્ષનો ઇતિહાસ?■

5

બીજા વિશ્વયુદ્ધનું પ્રકરણ છેલ્લું : નોર્મન્ડીથી નરેમ્બર્ગ

ઇતિહાસમાં 'ધ લોંગેસ્ટ ડે' તરીકે જાણીતા બનેલા જૂન ૬, ૧૯૪૪ ના દિવસે નાઝી જર્મનીના અંતનો આરંભ થયો. વિજય પર વિજય મેળવતા રહેલા જર્મની માટે કારમા પરાજયનો, નામોશી તથા યાતનાભર્યો કસોટીકાળ નોર્મન્ડીના કાંઠે શરૂ થયો અને 'યુદ્ધગુનાઓ' બદલ ૧૮૫ નાઝી સેનાપતિઓ અને નાઝી પક્ષના સભ્યો પર નરેમ્બર્ગ ખાતે ચલાવવામાં આવેલા વિવાદાસ્પદ ખટલા સાથે પૂરો થયો. બીજા વિશ્વયુદ્ધનું એ છેલ્લું પ્રકરણ જર્મન પ્રજા માટે કાળરાત્રિ જેવું હતું.

વિગ્રહોની તવારીખમાં નોંધાયેલું સૌથી મોટું આક્રમણ જૂન ૬, ૧૯૪૪ ના દિવસે ફ્રાન્સના નોર્મન્ડીને કિનારે થયું અને તે દિવસ 'ધ લોંગેસ્ટ ડે' તરીકે યાદગાર બની ગયો, એટલે આજે ઘણા લોકોના મનમાં એવો ખ્યાલ છે કે નોર્મન્ડીના સંગ્રામે બીજા વિશ્વયુદ્ધનો નીવેડો લાવી દીધો. હકીકત જુદી હતી. હિટલરના નાઝી લશ્કરે નોર્મન્ડીનો મોરચો ગુમાવ્યા છતાં જર્મની પોતે હજી અણનમ હતું. બીજા વિશ્વયુદ્ધનો અંત પણ હજી દેખાતો ન હતો--અને તે અંત બીજા ૧૧ મહિના (૩૩૪ દિવસ) સુધી આવવાનો ન હતો.



આ છેવટનો તબક્કો કેવો હતો ? પાંચ વર્ષ, આઠ મહિના અને એક સપ્તાહ લાંબા વિશ્વયુદ્ધમાં એ તબક્કો સૌથી વધુ ખુવારીજનક હતો. દુનિયાના નકશા પર જર્મનીનું અસ્તિત્વ તેના ફક્ત ભૌગોલિક સીમાડા બતાવવા પૂરતું અને સીમાડા વચ્ચે તેનું નામ લખવા પૂરતું રહ્યું. બાકી તો લાખો મકાનો, કારખાનાં, પુલો, વાહનો, રસ્તા, બંધો, રેલ્વે, ગોદામો, જહાજવાડા તથા બંદરોનો વેરણછેરણ ભંગાર અને કાટમાળ જ રહ્યો. હિટલર જો કે પોતાના 'આર્ય' દેશની બેહાલી જોવા માટે જીવ્યો નહિ. વિજેતા દેશોનું સૈન્ય જર્મનીમાં પ્રવેશી તેના ભૂગર્ભ અડ્ડા સુધી પહોંચે અને તેની યુદ્ધકેદી તરીકે ધરપકડ કરે એ પહેલાં હિટલરે આત્મહત્યા વડે સ્વૈચ્છિક મોત સ્વીકારી લીધું.

ઍડોલ્ફ હિટલરની સરદારી નીચે યુદ્ધમાં લડેલા ઘણા ખરા સેનાપતિઓ ધરપકડને ટાળી ન શક્યા એટલું જ નહિ, પણ વિજેતા દેશોએ હિટલર પ્રત્યેની દાઝ છેવટે તેમના પર ઊતારી. 'યુદ્ધગુનાઓ' બદલ જર્મન શહેર નરેમ્બર્ગ ખાતે તેમણે દરેક નાઝી સેનાપતિ પર આક્ષેપોનો ખડકલો કરીને અદાલતી ખટલો ચલાવ્યો. ન્યાય તોળવાનું તો માત્ર બહાનું હતું, કેમ કે ચુકાદો ક્યારનો નક્કી હતો. અમુકને જન્મટીપની, તો અમુકને મોતની સજા આપવાની હતી. કિન્નાખોરીની છાપ ન પડે અને ન્યાય તટસ્થ રીતે તોળાયો જણાય એ ખાતર કેટલાકને સહેજ ઓછી મુદતનો કારાવાસ પણ ફરમાવવાનો હતો. ઇતિહાસમાં 'ધ નરેમ્બર્ગ ટ્રાયલ' તરીકે ઓળખાતા ૧૯૪૫-૪૬ ના કેસની પહેલાં, કેસની અદાલતી સુનાવણી વખતે અને કેસ પૂરો થયા પછી શું બન્યું તેનો સળંગ ઘટનાક્રમ પણ પ્રસ્તુત પ્રકરણમાં રજૂ કર્યો છે...



તારીખ જૂન ૧૩, ૧૯૪૪ નો મંગળવાર—એટલે કે બ્રિટન, અમેરિકા તથા કેનેડાનાં બહુરાષ્ટ્રીય દળોએ ફ્રાન્સના નોર્મન્ડીને કાંઠે સફળ હલ્લો બોલાવ્યા પછીનો સાતમો દિવસ.

નોર્મન્ડીની ઉત્તરે ફ્રેન્ચ બંદર કેલાઇ પાસે એક પછી એક ગૂડ્સ ટ્રેન આવીને થોભી. હથિયારબંધ નાઝી સૈનિકો નીચે ઊતર્યા. ખુલ્લાં વેગનો પર જંગી કદનો સરંજામ ગોઠવેલો હતો, જેના પર મટોડી રંગનું કેનવાસ નાખેલું હતું. વારાફરતી દરેક વેગનનું કેનવાસ દૂર કરવામાં આવ્યું. હિટલર જેને 'ટેરર વેપન' યાને ભયાનક શસ્ત્ર તરીકે ઓળખાવવામાં ગર્વ લેતો તે V-1 પ્રકારનાં રોકેટોનો ખરેખર ઘાતક જણાતો આકાર પ્રકાશમાં આવ્યો. હિટલરના બાહોશ રોકેટશાસ્ત્રી વર્નર વૉન બ્રાઉને (ચંદ્રયાત્રી નીલ આર્મસ્ટ્રોંગના સેટર્ન-૫ રોકેટનું સર્જન કરનાર વિજ્ઞાની અને નાસાના ભાવિ નિયામકે) બનાવેલું V-1 વાસ્તવમાં ફ્લાઇંગ બોમ્બ હતું. રોકેટને પાંખો ન હોય, પરંતુ ૭.૮ મીટર લાંબા અને ૨,૨૦૦ કિલોગ્રામ વજનના V-1 ને ૪.૯ મીટર વ્યાપની રીતસરના વિમાન જેવી પાંખો હતી. (નીચે આપેલો ફોટો જુઓ.) રોકેટએન્જિન માટે તેના વચ્ચેના હિસ્સાની ટાંકીમાં ૫૦૦ કિલોગ્રામ બળતણ ભરેલું હતું, જ્યારે ટેરવા પાસે ૮૫૦ કિલોગ્રામ હાઇ-એક્સ્પ્લોઝિવ બારૂદ ભરેલો હતો. અધિકતમ ઝડપ કલાકના ૫૭૦ કિલોમીટર હતી. જર્મનીથી ટ્રેનો ભરીને ફ્રાન્સના કેલાઇ બંદર નજીક એકત્રિત કરાતાં સેંકડો V-1 રોકેટોનું સમાન લક્ષ્યાંક હતું : ઇંગ્લિશ ખાડીની સામે પારનું બ્રિટન.

ઈંટનો જવાબ પથ્થર વડે આપવાની યોજના હતી ? જવાબ કેવો પૂરવાર થાય એ તો નીવડ્યે ખબર, પણ હિટલરને V-1 રોકેટો પર પાકો ભરોસો હતો. જનરલ આઇઝનહોવરનું તથા જનરલ મોન્ટગોમેરીનું સંયુક્ત લશ્કર નોર્મન્ડીના સાગરકિનારે હિટલરની 'ઍટલાન્ટિક દીવાલ' નામની કિલ્લેબંધી તોડીને યુરોપી ભૂમિ પર ચડી આવ્યા પછી એ સરમુખત્યારનું મગજ વિફર્યું હતું. ચિંતિત કે હતાશ થવાને બદલે તેનો જુસ્સો અને ગુસ્સો વધ્યા હતા. દરિયાકિનારાની સંરક્ષણ હરોળ તૂટી ત્યારે પશ્ચિમ યુરોપી મોરચાનો જર્મન સેનાપતિ ફિલ્ડ-માર્શલ વૉન રૂન્ડસ્ટેટ ફ્રાન્સના ભીતરી પ્રદેશ તરફ વ્યૂહાત્મક પીછેહઠ કરી સહેજ દૂર બીજી હરોળ રચવા માગતો હતો. ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલની (ડાબા ફોટોમાં જમણી તરફ) પણ એ જ ગણતરી હતી. બેઉ જણા રૂબરૂ બર્લિન ગયા અને પોતાની રણનીતિ માટે પરવાનગી લેવા હિટલર સમક્ષ દરખાસ્ત મૂકી ત્યારે એ ફ્યુરર ટેબલ પર મુક્કી પછાડતો બોલ્યો : 'પાછીપાની કરવાનો તમને વિચાર કેમ આવ્યો ? જ્યાં છો ત્યાં રહી દુશ્મનને લડત આપો ! બાકીનું કામ મારા પર છોડી દો ! તમે જોશો કે ટૂંક સમયમાં આપણાં નવાં રોકેટો બ્રિટનના પાટનગરનું અસ્તિત્વ ભૂંસી નાખશે અને ચર્ચિલ યુદ્ધવિરામ માટે તૈયાર થશે !'

હિટલરની નૈતિક હિંમત દાદ માગી લે તેવી હતી. વર્નર બ્રાઉનના V-1 રોકેટો પર તેણે મૂકેલો વિશ્વાસ વધુ પડતો ન હતો. અલબત્ત, નિશાન તેણે ખોટું પસંદ કર્યું હતું. બ્રિટનથી સમુદ્રમાર્ગે આવતો પેટ્રોલ, ડીઝલ, શસ્ત્રો, ખાધાખોરાકી અને દારૂગોળાનો પુરવઠો અવિરત મળ્યા કરે તો જ ફ્રાન્સમાં આઇઝનહોવરના તથા મોન્ટગોમેરીના સૈનિકો નાઝી લશ્કર સામે લડી શકવાના હતા. પ્રત્યેક ડિવિઝનને રોજેરોજ ૭૦૦ ટન પુરવઠાની જરૂર પડતી હતી. ફ્રાન્સમાં લડી રહેલી ડિવિઝનો કુલ ૪૭ હતી અને દરેકમાં સરેરાશ ૧૭,૦૦૦ સૈનિકો હતા. આ સૌને પુરવઠો મોકલવા બ્રિટનના પોર્ટ્સમાઉથ અને સાઉથમ્પ્ટન બંદરે રોજનાં સેંકડો માલવાહક જહાજો ભરાતાં હતાં. બ્રિટનભરમાંથી એ પહેલાં અનેક ટ્રેનો તરેહ તરેહનો શસ્ત્રસરંજામ અને ખોરાક બેઉ દક્ષિણી બંદરો સુધી પહોંચાડતી હતી. ફિલ્ડ-માર્શલ રૂન્ડસ્ટેટે અને ફિલ્ડ-માર્શલ રોમેલે સૂચવ્યું કે V-1 રોકેટો વડે દુશ્મનોનાં બંદરો પર મારો ચલાવવો જોઇએ. દુશ્મનોએ નોર્મન્ડીના કાંઠે જે તરતું બંદરગાહ ખડું કરેલું તેનો પણ રોકેટો વડે સંપૂર્ણ નાશ કરી નખાય તો દુશ્મનો પુરવઠા વિના ફ્રાન્સમાં સદંતર લાચાર બને.



હિટલરનું V-1 રોકેટ, જેનો દેખાવ રોકેટ કરતાં વિમાન જેવો વધુ લાગતો હતો

સેનાપતિઓનો પ્રસ્તાવ સોનેરી હતો, જેનું મહત્ત્વ સમજવા માટે ઝાઝી બુદ્ધિમત્તાની પણ જરૂર ન હતી. આમ છતાં ઘણું કરીને વિનાશકાળ નક્કી હોવાને લીધે હિટલરની બુદ્ધિ હવે વિપરિત પાટે ચાલતી હતી. બ્રિટનના પાટનગર લંડનને ખતમ કરી દેવાય તો એ દેશનું સત્તાકેન્દ્ર નાબૂદ થતાં યુદ્ધ અટકી પડે એવું ગણિત તેના મગજમાં ગોઠવાયું હતું. ટૂંકમાં, હિટલર V-1 રોકેટો વડે મનોવૈજ્ઞાનિક અસર પેદા કરવા માગતો હતો, જ્યારે રૂન્ડસ્ટેટ અને રોમેલ વ્યૂહાત્મક અસર જન્માવતો દાવ ખેલવાના આગ્રહી હતા. હિટલરની જીદ અને જોહૂકમી સામે તેમનો આગ્રહ ટકી શક્યો નહિ.

જૂન ૧૩, ૧૯૪૪ ના દિવસે જ હિટલરના રોકેટશાસ્ત્રી વર્નર બ્રાઉનના ટેક્નિશિયનોએ ફ્રેન્ચ બંદર કેલાઇ પાસે V-1 રોકેટનું ૪૫ મીટર લાંબું અને ૫° નો આરોહી (ચઢાણવાળો) એન્ગલ ધરાવતું લોન્ચિંગ પ્લેટફોર્મ બ્રિટિશ પાટનગરની દિશાસીધમાં ગોઠવ્યું. પાંખાળા રોકેટને તેના પર તૈનાત કરીને દાગ્યું. સાઇરન જેવી કર્કશ અને તીક્ષ્ણ કિકિયારી બોલાવતું એ રોકેટ લગભગ ૩૦૦ કિલોમીટર છેટેના લક્ષ્યાંક તરફ ઉપડ્યું. રોબોટિક હુમલાના લાંબા દોરનો એ સાથે આરંભ થયો. મહિનો પૂરો થાય એ પહેલાં લંડન પર આવાં ૨,૭૦૦ અગ્ન્યાસ્ત્રો ત્રાટકવાનાં હતાં. રોજનાં સરેરાશ ૧૫૮ લેખે ! આક્રમણનો દોર જો આટલા મોટા પાયમાને ચાલુ રહેવાનો હોય તો બ્રિટનના એ શહેરનું નિકંદન કાઢી નાખવા માગતા હિટલરની ગણતરી ખોટી ન હતી. લંડનનું ક્ષેત્રફળ ૧,૮૦૦ ચોરસ કિલોમીટર હતું. દરેક રોકેટ લગભગ ૨,૧૦,૦૦૦ ચોરસ મીટરમાં તબાહી ફેલાવી શકે, માટે દર વખતે સચોટ નિશાન લેવાય તો અંદાજે ૮,૬૦૦ રોકેટો લંડનનાં બધાં મકાનોને જમીનદોસ્ત કરી નાખે. અલબત્ત, ઘણાં રોકેટો એકની એક જગ્યાએ પડે એ સ્પષ્ટ વાત હતી, પરંતુ બે કાંકરે એક પક્ષી મારવાનું થાય તો પણ જર્મની પાસે હજારો V-1 રોકેટો હતાં અને દર મહિને ૭૦૦ થી ૧,૦૦૦ નવાં V-1 બનાવવાની ઔદ્યોગિક ક્ષમતા હતી.

જૂન ૧૩, ૧૯૪૪ થી શરૂ કરીને એટલો જોરદાર રોકેટમારો ચલાવાયો કે માર્ચ ૨૯, ૧૯૪૫ સુધીમાં બ્રિટન પર (અને ત્યાર પછી બીજાં યુરોપી લક્ષ્યાંકો પર) ઝીંકવામાં આવેલાં V-1 નો સ્કોર ૧૮,૦૦૦ ના આંકડે પહોંચી જવાનો હતો ! દરમ્યાન વર્નર બ્રાઉનની ઇજનેરી ટીમે V-1 ની સુધારેલી આવૃતિ V-2 તૈયાર કરી. આ રોકેટો ફ્લાઇંગ બોમ્બ નહિ, પણ નખશિખ રોકેટો હતા. લંબાઇ ૧૪.૩ મીટર, પહોળાઇ ૧.૬૭ મીટર અને ઝડપ ૫,૬૦૦ કિલોમીટર હતી. ગજબનાક રફતાર પ્રાપ્ત થવાનું રહસ્ય એ કે રોકેટમાં પ્રવાહી ઇથાનોલ સાથે પ્રવાહી ઑક્સિજનનું પ્રતિસેકન્ડે ૧૩૫ કિલોગ્રામ લેખે દહન થતું હતું. પ્રવાહી ઑક્સિજનને લીધે વેઇટ-ટુ-વેઇટના હિસાબે વધુ થ્રસ્ટ મળતો હતો. પરિણામે રોકેટ ૮૦ કિલોમીટર ઊંચે પૃથ્વીના ઘટ્ટ વાતાવરણની બહાર પોતાનો ઘણો ખરો પ્રવાસ ખેડતું હતું, જ્યાં તેને હવાનું ઘર્ષણ ખાસ વરતાય નહિ. વર્નર બ્રાઉનના ટેક્નિશિયનોએ V-2 ને ૧,૦૦૦ કિલોગ્રામ હાઇ-એક્સ્પ્લોઝિવ બોમ્બ વડે સજ્જ કર્યું હતું. સપ્ટેમ્બર ૮, ૧૯૪૪ ના દિવસે પહેલું V-2 બ્રિટનના સરનામે મોકલાયા પછી માર્ચ ૨૭, ૧૯૪૫ સુધીમાં રોજના સોએક લેખે એવાં કુલ ૩,૫૦૦ રોકેટો છોડવામાં આવ્યાં. ફ્લાઇંગ બોમ્બ V-1 અને V-2 ના સંયુક્ત હુમલાએ બધું મળીને ૩૧,૬૦૦ અંગ્રેજોનો ભોગ લીધો. પાટનગર લંડનમાં હજારો મકાનો જમીનદોસ્ત થયાં, પરંતુ બ્રિટનનું સૈન્યબળ તથા શસ્ત્રબળ જેવું ને તેવું રહ્યું. બ્રિટનના ૧૦,૭૩,૦૦૦ સૈનિકો તો ફ્રાન્સને મુક્ત કરાવવા અને પછી જર્મની તરફ ધસી જવા યુરોપી મોરચે લડતા હતા, જ્યારે હિટલરે મુખ્યત્વે નાગરિક વસ્તીવાળા બ્રિટન પર રોકેટો વરસાવ્યાં અને વેડફ્યાં હતાં.

જર્મની માટે જીવનમરણનો સંઘર્ષ યુરોપની મુખ્ય ભૂમિ પર ખેલાતો હોવા છતાં હિટલરની નજર ઇંગ્લિશ ખાડીની પેલી તરફ મંડાયેલી રહી એ વાતે કેટલાક નાઝી સેનાપતિઓ એવા ક્રોધે ભરાયા કે હિટલરને મારી નાખવાનું તેમણે કાવતરૂં ઘડ્યું. જુલાઇ ૨૦, ૧૯૪૪ ના દિવસે હિટલરે યોજેલી હાઇ કમાન્ડની મિટિંગ દરમ્યાન તેના ટેબલ નજીક બ્રીફકેસમાં મૂકી રખાયેલો બોમ્બ ફાટ્યો. આ સરમુખત્યારના પગ અને બ્રીફકેસ વચ્ચે ટેબલના પાયાનું જાડું પાટિયું ન હોત તો ધડાકામાં એ ચોક્કસ માર્યો જાત, છતાં લોહીલુહાણ થયા પછી તેને જીવતદાન મળ્યું તે પણ ઐતિહાસિક દષ્ટિએ જોતાં એક કટાક્ષ હતો. ઘણા સમય અગાઉ રેનહાર્ડ હેડ્રિચ નામના જર્મન સેનાપતિની મોટરકાર નીચે ચેકોસ્લોવેકિયન ક્રાંતિકારોએ મૂકેલો બોમ્બ ફાટ્યો ત્યારે બૂરી રીતે ઘવાયેલા હેડ્રિચના જખમો વકરી પડતાં તે મૃત્યુ પામ્યો હતો. ‘બ્લડ પોઇઝનિંગ’ને લીધે તે મર્યો હોવાનું મરણોત્તર તપાસમાં જાણવા મળ્યું હતું. પેનિસિલિનનું ઇન્જેક્શન તેને અપાયું હોત તો એ જરૂર બચી જાત, પણ તે અરસામાં પેનિસિલિન દુર્લભ ગણાતું હતું અને તેનો નિયંત્રિત જથ્થો ફક્ત બ્રિટન-અમેરિકા પાસે હતો.

હિટલરના અંગત તબીબ ડૉ. થિઓ મોરેલે તેના જખમો તપાસતી વખતે જોયું કે ટેબલના છિન્નભિન્ન થયેલા પાટિયાની કેટલીક ફાંસ તેના પગમાં ઊંડે સુધી પેસી હતી. સેપ્ટિક થવાનો પૂરો સંભવ હતો. પેનિસિલિનનું ઇન્જેક્શન તરત આપવું પડે તેમ હતું--અને તે દવા જર્મની પાસે ન હતી. બીજા વિશ્વયુદ્ધ પહેલાં જર્મન સંશોધકોએ પેનિસિલિન બનાવવાના જે પ્રયાસો કર્યા તે વ્યર્થ ગયા હતા. હવે જર્મનીના અવ્વલ વી.વી.આઇ.પી.





◆ અગ્ન્યાસ્ત્ર નંબર ટુ : વર્નર બ્રાઉને બનાવેલું V-2 રોકેટ, જેને ખાસ પ્રકારના લોન્ચિંગ પેડ (જમણો ફોટો) પરથી દાગી શકાતું હતું.

માટે તે એન્ટિબાયોટિક દવાની તાકીદે જરૂર હતી. ડૉ. થિઓ મોરેલે સ્થિતિની ગંભીરતા સમજાવ્યા પછી જર્મન હાઇ કમાન્ડે દેશભરમાં તપાસ કરાવી અને જર્મન કબજા હેઠળના દેશોમાં પણ સંદેશા મોકલ્યા. જરૂરિયાત કરતાં ઘણો વધારે જથ્થો યુદ્ધકેદીઓની છાવણીમાં મળી આવ્યો. જર્મની પર બોમ્બમારો કરવા નીકળતા બ્રિટિશ-અમેરિકી પાયલટો તેમના ફર્સ્ટ-એઇડ બૉક્સમાં પેનિસિલિન રાખતા હતા. વિમાન તોડી પડાયા બાદ ગિરફ્તાર થયેલા પાયલટોની એ દવા (કદાચ તેનું મહત્ત્વ સમજ્યા વિના) જર્મન ચોકિયાતોએ જપ્ત કરી હતી. હાઇ કમાન્ડે તેમાંનું કેટલુંક પેનિસિલિન ખાસ વિમાન દ્વારા બર્લિન મંગાવ્યું. ડૉ. થિઓ મોરેલે તેને લેબોરેટરીમાં તપાસીને શુદ્ધતાની ખાતરી કરી અને કેમિકલ બંધારણ યોગ્ય જણાયા પછી હિટલરને તેનું ઇન્જેક્શન આપ્યું. ન આપ્યું હોત તો શું થાત એ મુદ્દે તો કશું ખાતરીપૂર્વક કહી શકાય નહિ, પણ એટલી વાત નિર્વિવાદ કે બ્રિટિશ વિજ્ઞાની સર એલેક્ઝાન્ડર ફ્લેમિંગે પેનિસિલિનની શોધ ૧૯૨૮ માં કર્યા છતાં તેનું વ્યાપારી ઉત્પાદન હજી શરૂ થયું ન હતું અને સોએ ૭૦-૭૫ જખમી સૈનિકો septicaemia ના બાયોટિક ચેપને લીધે મરી જતા હતા.


♦ બોમ્બધડાકા પછી એકાદ 'ક્લૂ'ની શોધ ચલાવી રહેલા નાઝી અફસરો.

હિટલર જીવતો રહ્યો, એટલે બોમ્બ વડે તેને પૂરો કરી નાખવા માગતા કાવતરાબાજો માટે જીવવાનો ચાન્સ ન રહ્યો. નાઝી ગુપ્તચર સંસ્થા ગેસ્ટાપોના જાસૂસોએ સૌને શોધી કાઢ્યા. બનવાજોગ છે કે દોષિતો ભેગા નિર્દોષો પણ ગેસ્ટાપોની ચુંગાલમાં ફસાયા, છતાં જુલાઇ ૨૦, ૧૯૪૪ ની મિટિંગ વખતે હિટલરના પગ નજીક બ્રિફકેસ મૂકનાર લેફ્ટનન્ટ-કર્નલ વૉન સ્ટાફેનબર્ગ તો બેશક કસૂરવાર હતો. કાર્લ સ્ટ્રોલિન નામના બીજા કાવતરાબાજને પણ ગેસ્ટાપોએ અટકાયતમાં લીધો. વરિષ્ઠ દરજ્જાનો નાઝી સેનાપતિ લેફ્ટનન્ટ-જનરલ હાન્સ સ્પાઇડલ પણ ષડ્યંત્રમાં સામેલ હતો. ગેસ્ટાપોની તપાસ આગળ ચાલી તેમ ઉધઇની માફક બીજા ઘણા અફસરો ઉઘાડા પડ્યા, જેઓ માત્ર ઉપરછલ્લી રીતે હિટલર પ્રત્યે વફાદારી દાખવતા હતા. કાવતરાખોરોનાં નામોનું લિસ્ટ સતત લંબાતું રહ્યું. સૌથી ચોંકાવનારૂં નામ દિવસો પછી ઉમેરાયું: ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલનું!

હિટલરના મગજનો જ્વાળામુખી ફાટ્યો. લેફ્ટનન્ટ-કર્નલ વૉન સ્ટાફેનબર્ગ સહિત ત્રીસેક જણાને તો ફાયરિંગ સ્ક્વૉડ સામે ખડા કરાવી તેણે વીંધી નખાવ્યા, પણ નાઝી સૈન્યમાં રોમેલની પ્રતિષ્ઠા તેમજ પ્રભાવ જોતાં તેને મોતની સજા આપી શકાય તેમ ન હતી. સૈન્યમાં અસંતોષ ફેલાવાનું જોખમ હતું. બીજી તરફ રોમેલની પ્રતિષ્ઠા અને પ્રભાવ જોતાં તેને માફ પણ કરી શકાય નહિ. સૈન્યમાં તેની વગ ઓર ફેલાવાનું જોખમ હતું. હિટલરે છેવટે વચલો માર્ગ અપનાવ્યો. પરિણામમાં જો કે ફરક પડવાનો ન હતો.

ફિલ્ડ-માર્શલ રોમેલનું નિવાસસ્થાન દક્ષિણ જર્મનીના ઉલ્મ શહેરમાં હતું અને રોમેલ પોતાના કુટુમ્બીજનોને મળવા ત્યાં ગયો હતો. બર્લિનથી એ શહેર ૫૨૫ કિલોમીટર છેટે હતું. ઑક્ટોબર ૧૩, ૧૯૪૪ ના દિવસે તેને બર્લિનના લશ્કરી હેડક્વાર્ટરનો ટેલિફોન સંદેશો મળ્યો. હિટલરનો અંગત મદદનીશ જનરલ વિલ્હેમ બર્ગડોર્ફ તેને રૂબરૂ મળવા રવાના થયો હતો અને રોમેલે તેની રાહ જોવા પોતાના નિવાસસ્થાને હાજર રહેવાનું હતું. હેડક્વાર્ટરનો બીજો સંદેશો ઉલ્મ ખાતેની લશ્કરી છાવણીને પહોંચ્યો. બર્લિનથી ખાસ ટ્રેન દ્વારા ખાસ શબપેટી અને ફૂલોનો અંજલિહાર/wreath બીજી સવારે ઉલ્મ આવી રહ્યા હતા અને છાવણીના વરિષ્ઠ કમાન્ડરે તેમનો કબજો સંભાળવા સ્ટેશને હાજર રહેવાનું હતું.

જનરલ વિલ્હેમ બર્ગડોર્ફ અને બે અફસરો બીજે દિવસે ફિલ્ડ-માર્શલ રોમેલને ત્યાં ગયા. રોમેલની પત્નીએ તેમને આવકાર્યા. નાસ્તા-કૉફીનો આગ્રહ કર્યો. જનરલે આમંત્રણ નકારી ફિલ્ડ-માર્શલને એકાંતમાં મળવાની ઇચ્છા વ્યક્ત કરી. રોમેલે પોતે તેમને અભ્યાસખંડમાં બોલાવ્યા. બંધ દરવાજે થયેલી વાતચીત કદી જગજાહેર થવાની ન હતી, પણ જનરલ બર્ગડોર્ફે તેને હિટલરનો મેસેજ કહી સંભળાવ્યો એટલું નક્કી




♦ ઇરવિન રોમેલને (ડાબે) તેના નિવાસસ્થાને ગુપ્ત સંદેશો પહોંચાડવા આવેલા હિટલરના દૂત.

હતું. રોમેલે એ ફરમાનાત્મક મેસેજનો અમલ કરવાનો હતો.

સંદેશાના દૂતનું કાર્ય બજાવી ત્રણેય અફસરો મોટરમાં બેસી હંકારી ગયા. બર્લિનથી સ્પેશ્યલ ટ્રેન પણ એકાદ કલાક પહેલાં રેલ્વે સ્ટેશને આવી પહોંચી હતી. 'ડેઝર્ટ ફોક્સ'ના હુલામણા નામે ઓળખાતા તેમજ બેટલ ઑફ અલ અલામીનના હીરો કહેવાતા અને નોર્મન્ડીની કાળમીંઢ 'ઍટલાન્ટિક વૉલ' રચ્યા બદલ જનરલ મોન્ટગોમેરી જેવા દુશ્મનોના મોઢે પણ વખણાતા ફિલ્ડ-માર્શલ ઇરવિન રોમેલની કિંમત હવે સરમુખત્યાર હિટલરની નજરે કોડીની હતી. જનરલ વિલ્હેમ બર્ગડોર્ફે આપેલી હળાહળ ઝેરી સાઇનાઇડની શીશી તેણે હોઠે માંડી. નેવું મિનિટ પછી લશ્કરી સન્માન અને દબદબા સાથેની ભવ્ય સ્મશાનયાત્રા માટે તેનો મૃતદેહ તૈયાર હતો. દફનવિધિ કરવામાં આવી અને તે જવાઁમર્દને સલામી આપતો નાઝી જર્મન ક્રોસ સમાધિ પર ખોડવામાં આવ્યો. (જમણો ફોટો જુઓ.) હિટલરના તારાંકિત સેનાપતિઓ પૈકી સૌ પહેલો સુપરસ્ટાર ખરી ચૂક્યો. બાકીના સેનાપતિઓ વધુ ભૂંડા અંજામને ભેટે એ પહેલાં લગભગ આખું જર્મની સ્મશાન બનવાનું હતું.



◆

જનરલ આઇઝનહોવરની સરદારી હેઠળ ફ્રાન્સના નોર્મન્ડી કાંઠે 'ઑપરેશન ઑવરલોર્ડ' નામનું જંગી આક્રમણ કરાયા પછી સૈનિકો, રણગાડીઓ, બખ્તરિયા વાહનો, મોબાઇલ તોપો અને લશ્કરી ખટારાનાં ઘોડાપૂર આગળ વધ્યાં. બ્રિટનથી નવો શસ્ત્રસરંજામ અને સૈનિકોનો એક પછી એક કાફલો આવતો ગયો તેમ પેરિસ તરફની કૂચ ઝડપી બની. 'ધ લોંગેસ્ટ ડે' પછીના માત્ર પાંચ દિવસોમાં બ્રિટનથી ૩,૨૬,૦૦૦ નવા સૈનિકો અને ૫૪,૦૦૦ વાહનો ઉપરાંત ૧,૦૦,૦૦૦ ટન નવો પુરવઠો ઇંગ્લિશ ખાડીની સામે પાર ફ્રાન્સ પહોંચ્યો. બીજા પાંચ મહિનામાં સૈનિકસંખ્યા વધીને ૨૬,૨૮,૨૪૦ અને વાહનોની સંખ્યા વધીને ૫,૪૯,૬૬૦ થવાની હતી. પુરવઠો કુલ ૪૫,૨૨,૧૯૦ ટન !

આ પ્રલયકારી જુવાળ સામે ફિલ્ડ-માર્શલ વૉન રૂન્ડસ્ટેટના જર્મન સૈનિકો મરણિયા બનીને લડ્યા અને મોટા ભાગના તો ફ્રાન્સના મોરચે જ ખપી ગયા. ફ્રાન્સ પારકો દેશ હતો, જેના માટે લોહી રેડવાની બિલકુલ જરૂર ન હોવા છતાં જર્મનો એમ ધારીને ઝઝૂમ્યા કે અહીં જો દુશ્મન સૈન્યને રોકી ન દેવાય તો આગળ વધીને તે જર્મની પર ફરી વળવાનું હતું. આ ભય ઉત્તરોત્તર સાચો ઠરવા લાગ્યો. ઑગસ્ટ ૨૫, ૧૯૪૪ ના દિવસે જનરલ ઓમર બ્રેડલીની આગેવાની નીચે અમેરિકાનું સૈન્ય જર્મન હરોળનો પૂરેપૂરો ખાત્મો કરી ફ્રાન્સના પાટનગર પેરિસમાં દાખલ થયું. વિશ્વયુદ્ધનાં ચારેક વર્ષ સુધી નાઝી હકૂમતની જંજિરોમાં બંધાયેલું એ નગર આઝાદ બન્યું. નાઝી સેનાપતિ ફિલ્ડ-માર્શલ રૂન્ડસ્ટેટ ગિરફતારીનું બંધન સ્વીકારવા અમેરિકન ફોજના શરણે થયો. ડિસેમ્બર ૧૨, ૧૮૭૫ ના દિવસે (ઓગણીસમી સદીમાં) જન્મેલા, પ્રથમ વિશ્વવિગ્રહમાં ચાર ડિવિઝનોના સેનાપતિ તરીકે લડેલા અને હવે બીજા વિશ્વયુદ્ધમાં ૬૯ વર્ષના થયેલા રૂન્ડસ્ટેટ સાથે તેનો અફસર દીકરો પણ યુદ્ધકેદી બન્યો. લાંબી કારકિર્દીનો સંધ્યાકાળ એ ફિલ્ડ-માર્શલ માટે બધી રીતે અમાસરાત હતો. અલબત્ત, સક્રિય કારકિર્દીનું છેલ્લું કૃત્ય તેને દિલાસો આપી શકે તેમ હતું. જનરલ બ્રેડલીની સેના પેરિસની ભાગોળે પહોંચે એ પહેલાં ફ્રેન્ચ પાટનગરનાં બધાં મકાનોને આગ લગાડીને કે બારૂદ ચાંપીને ખંડિયેર બનાવી દેવાનું હિટલરે ફરમાન આપ્યું હતું, પણ રૂન્ડસ્ટેટે તેનો અમલ કર્યો ન હતો. બર્લિનથી રેડિઓ વાયરલેસ દ્વારા વારંવાર કરાતી 'પેરિસ ભડકે બળી રહ્યું છે ?' એવી પૂછપરછના જવાબમાં રૂન્ડસ્ટેટ દર વખતે હકાર ભણતો હતો, પણ ૧,૪૩૭ વર્ષ જૂનું એ પાટનગર સલામત હતું. ફ્રાન્સની નિર્વાસિત સરકારના વડા જનરલ ચાર્લ્સ દ'ગોલ સ્વાધીન પ્રજાના હર્ષનાદો ઝીલતા વાજતેગાજતે પેરિસમાં દાખલ થયા અને કામચલાઉ સરકાર રચી. વર્ષો પછી તેઓ ફ્રાન્સના પ્રમુખ બનવાના હતા એટલું જ નહિ, પણ હિટલરના પાંજરે પૂરાયેલા ગુલામ ફ્રેન્ચોને મુક્તિ અપાવનાર અમેરિકા-બ્રિટન સામે શીંગડાં ભરાવવાના હતા!

પેરિસની ઉત્તર-પૂર્વે બચ્યુંકુચ્યું જર્મન સૈન્ય હવે યથાશક્તિ લડત આપતું રહીને જેટલી ઝડપે પીછેહઠ કરી શકે તેના કરતાં વધુ વેગ બ્રિટિશ-અમેરિકી સૈન્યોની આગેકૂચનો હતો. રીતસરની સ્પર્ધા જામી હતી. અલબત્ત, સ્પર્ધામાં બ્રિટિશ-અમેરિકી સૈન્યોનું પ્રતિસ્પર્ધી સૈન્ય જર્મન નહિ, પણ રશિયન સૈન્ય હતું ! લેનિનગ્રાદ, કુર્સ્ક, સ્તાલિનગ્રાદ અને બીજા દરેક રૂસી મોરચા પર જર્મનોને રગદોળી નાખ્યા પછી સરમુખત્યાર જોસેફ સ્તાલિનની લાલ સેના વાયા પોલેન્ડ આગળ વધી રહી હતી. બર્લિન તેનું પણ લક્ષ્યાંક હતું--અને ત્યાં પહોંચવામાં વહેલો તે પહેલો! એટલે કે હાથમાં તેના મોંમાં ! ઓર સ્પષ્ટતાપૂર્વક કહો તો અમેરિકાના પ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ, બ્રિટિશ વડા પ્રધાન વિસ્ટન ચર્ચિલ અને રશિયન સરમુખત્યાર જોસેફ સ્તાલિન વિશ્વવિગ્રહના છેલ્લા તબક્કે હવે વર્તમાન ઉપરાંત ભવિષ્યના સંદર્ભમાં પણ વિચારી રહ્યા હતા. સ્તાલિનને પોતાનો સામ્યવાદ યુરોપ સુધી ફેલાવવો હતો, જેના માટે શક્ય એટલો વધુ પ્રદેશ કબજે મેળવાય એ જરૂરી હતું. સ્તાલિનની

◆ અમેરિકી અફસર સાથે ફિલ્ડ-માર્શલ રૂન્ડસ્ટેટ (વચ્ચે) અને તેનો દીકરો.



નેમ આખા જર્મનીને કોળિયો બનાવવાની હતી. સામ્યવાદી રશિયાનો લશ્કરી તથા રાજકીય પ્રભાવ છેક પશ્ચિમ યુરોપ સુધી પથરાય તે બ્રિટન-અમેરિકાને (અને હવે મોટે પાયે યુદ્ધમાં સામેલ થયેલા આઝાદ ફ્રાન્સને પણ) મંજૂર ન હતું. આથી જનરલ આઇઝનહોવરને તથા જનરલ મોન્ટગોમેરીને વહેલી તકે બર્લિન પહોંચવાનો આદેશ મોકલાયો હતો. સ્તાલિને એવો જ હુકમ પોતાના મુખ્ય સેનાપતિ માર્શલ ઝુકોવને આપ્યો હતો. આ સ્પર્ધાત્મક હૂંસાતૂંસીમાં છેવટે મરો બિચારી જર્મન પ્રજાનો થવાનો હતો.

પ્રજાની ફસામણ માટે બ્રિટન-અમેરિકાની નવી રણનીતિ કારણભૂત બની. જર્મનીને તાત્કાલિક શરણે લાવવું હોય તો શ્રેષ્ઠ ઉપાય તેના લશ્કરની કરોડરજ્જુ સમાન શસ્ત્રઉદ્યોગને ખતમ કરી દેવાનો હતો. ઉદ્યોગો એટલે માત્ર રણગાડી, તોપો, વિમાનો અને બોમ્બગોળાનાં કારખાનાં નહિ. આ કારખાનાંને શસ્ત્રોના ઉત્પાદન માટે કાચો માલ, છૂટક પૂરજા, યાંત્રિક સરંજામ અને બીજી સુવિધા-સગવડ આપતા દરેક ઔદ્યોગિક સંકુલને પણ નષ્ટ કરી દેવું જોઇએ. તર્કસંગત ગણતરીએ જોતાં શસ્ત્રો વગર જર્મન સૈનિકો તેમના વતનની રક્ષા માટે અસરકારક લડત ન આપી શકે, સંઘર્ષ લાંબો ન ખેંચાય અને બ્રિટિશ-અમેરિકી દળોની બર્લિનતરફી કૂચ ઝડપી બને. નોર્મન્ડીથી શરૂ થયેલી કૂચ અનેક ફાંટે વહેંચાયેલી હતી. (નકશો જુઓ.) મુખ્ય ફાંટા ત્રણ હતા.

(૧) બ્રિટનના જનરલ બર્નાર્ડ મોન્ટગોમેરીનું સૈન્ય બેલ્જિયમને તથા નેધરલેન્ડને મુક્ત કરાવ્યા બાદ જર્મન શહેરો ડસેલડોર્ફ, કોલોન અને ત્યાર પછી હેનોવર, બ્રેમેન તથા હેમ્બર્ગ તરફ ધસી જવાનું હતું.

(૨) અમેરિકાના જનરલ ઓમર બ્રેડલીનું લશ્કર પેરિસને આઝાદ કરાવી ચૂક્યું હતું. આગામી નિશાન જર્મન શહેર ડ્રેસ્ડેન હતું, જ્યાંથી ઉત્તર તરફ વળી તેણે બર્લિન પહોંચવાનું હતું.


(૩) અમેરિકાના મેજર-જનરલ જ્યોર્જ પેટનની સેનાએ જર્મન શહેર મ્યુનિકની દિશા પકડી હતી એટલું જ નહિ, પણ વાયા હંગેરી આવતું રશિયન લશ્કર આગળ વધીને ઑસ્ટ્રિયા પહોંચે એ પહેલાં તેણે ઑસ્ટ્રિયા પર કબજો જમાવી દેવાનો હતો.

સપ્ટેમ્બર ૧, ૧૯૩૯ ના દિવસે બીજા વિશ્વયુદ્ધના આરંભ પછી વિજય પર વિજય મેળવતા રહેલા તથા ડઝનેક યુરોપી દેશોને લશ્કરી એડી નીચે કચડી ચૂકેલા જર્મનીએ મોતનાં આકાશી વાદળો નીચે રક્તસ્નાન કરવાના દિવસો આવી ગયા હતા. પહેલો દિવસ જૂન ૨૧, ૧૯૪૪ નો હતો. બ્રિટિશ હવાઈદળના બોમ્બર કમાન્ડના સેનાપતિ ઍર-માર્શલ આર્થર 'બોમ્બર' હેરિસે (નીચેનો ફોટો) એ દિવસે બર્લિનને ઘમરોળી નાખવા એકસામટાં ૧,૨૩૫ વિમાનો મોકલ્યાં. (હેરિસને તેની નિર્દયતાના શિરપાવ તરીકે 'બોમ્બર' તખલ્લુસ ખુદ બ્રિટિશ પ્રજાજનોએ આપ્યું હતું.) લેન્કેસ્ટર પ્રકારનાં અમુક વિમાનો ૫,૪૪૩ કિલોગ્રામના 'ટોલ બૉય' કહેવાતા મહાવિનાશક બોમ્બ વડે સજ્જ હતાં. બર્લિન પર બોમ્બવર્ષા નહિ, પણ ઉલ્કાવર્ષા થતી હોય તેમ સેંકડો મકાનો ધરાશયી બન્યાં. ચોમેર આગ ફાટી નીકળી. મૃતકોની અને ઘાયલોની સંખ્યા ગણવાનું તો દૂર




હિટલરના જર્મની પર દ્વિપક્ષી હુમલો











રહ્યું, સંખ્યા અંદાજી પણ શકાય તેમ ન હતી. આ હુમલો આર્થર 'બોમ્બર' હેરિસના પોલાદી હથોડાના પ્રહારનો હજી પહેલો નમૂનો હતો. જર્મનીના નકશા પર તેણે બર્લિન, હેમ્બર્ગ, ડસેલ્ડોર્ફ, લિપઝિગ, ડ્રેસ્ડેન, નરેમ્બર્ગ, મ્યુનિક, હેનોવર, બોન, ફ્રેન્કફર્ટ, કોલોન વગેરે મળીને ૧૦૦ શહેરો ફરતે નિશાનરૂપી લાલ વર્તુળો દોરી તેમને ઢાળી દેવાનું નક્કી કર્યું હતું.

રાત પડે અને જંગલની અવાવરૂ ગુફામાંથી વડવાગોળોનાં મનહૂસ છાયાકૃતિ જેવાં ટોળાં નીકળે એમ દરરોજ રાત્રે બ્રિટિશ (તથા અમેરિકન) બોમ્બર વિમાનો ૫૦૦ થી ૧,૦૦૦ ની તાદાદમાં ઊડી જર્મનીનાં શહેરો પર ટનના હિસાબે બોમ્બ ફેંકતાં રહ્યાં--અથવા તો કહો કે ઠાલવતાં રહ્યાં. આમાં કેટલાક ફાયર બોમ્બ હતા, જેમના વિસ્ફોટ પછી ચોમેર વેરાતા પેટ્રોલિયમ જેલીના કાકડા ઠેરઠેર આગ લગાડતા હતા. આ જાતના દરેક હવાઈ આક્રમણ વખતે જો કે બ્રિટન-અમેરિકાનાં પંદરથી પચાસેક જેટલાં વિમાનોનું પણ આવી બનતું હતું, કારણ કે જર્મનો પાસે લગભગ ૧૫,૦૦૦ વિમાનવિરોધી તોપો હતી. જર્મન વાયુસેના પાસે લુફ્ટવાફનાં આશરે ૩,૦૦૦ નાઇટ ફાઇટર વિમાનો પણ સક્રિય હતાં. સૌથી નોંધપાત્ર વાત એ કે જર્મન અર્થતંત્રની કરોડરજ્જુ હજી સાજીસમી હતી અને વિવિધ પ્રકારનાં શસ્ત્રો બનાવતાં કારખાનાં પણ દિવસરાત ધમધમી રહ્યાં હતાં. આકાશમાંથી રોજેરોજ વિનાશનો માતમ વરસતો હોવા છતાં ૧૯૪૪ ના વર્ષ દરમ્યાન એ કારખાનાંમાં દૃઢનિશ્ચયી ઇજનેરો, ટેક્નિશિઅનો અને કારીગરોએ જર્મન સૈન્યો માટે ૩૯,૮૦૭ વિમાનો અને ૨૨,૧૦૦ રણગાડીઓ ઉપરાંત ૧૮૯ સબમરિનો, ૧૨,૦૦,૦૦૦ મશીન ગન અને રાયફલો તથા ૯,૨૦૦ ભારે તોપોનું ઉત્પાદન કર્યું ! એક લાખ કરતાં વધારે લશ્કરી ખટારા બનાવ્યા ! દુશ્મનોની સંહારશક્તિ કરતાં જર્મનોની સર્જનશક્તિ બે વેંત ચડિયાતી હતી.


આ સમીકરણ લાંબો સમય જળવાયું નહિ. બ્રિટન-અમેરિકાએ ફેબ્રુઆરી, ૧૯૪૫ માં પોતાનાં હુમલાખોર વિમાનોનું સંખ્યાબળ વધારીને ૯,૦૦૦ કર્યું અને ૫,૪૪૩ કિલોગ્રામના (૧૨,૦૦૦ રતલના) 'ટોલ બૉય' પછી ૯,૯૬૬ કિલોગ્રામના (૨૨,૦૦૦ રતલના) 'ગ્રાન્ડ સ્લામ' કહેવાતા ભૂકંપજનક બોમ્બ વાપરવાનું શરૂ કર્યું ત્યારે જર્મન અર્થતંત્રની કરોડરજ્જુનો એક પછી એક મણકો ભાંગવા લાગ્યો. એક સમયનું રોનકદાર હેમ્બર્ગ શહેર લગભગ ૮૫% જેટલું નાશ પામ્યું. લાગલગાટ ૧૧ દિવસ સુધી તેના પર કરાયેલા બોમ્બમારામાં માર્યા જનાર નાગરિકોની સંખ્યા આખા વિશ્વયુદ્ધ દરમ્યાન સમગ્ર બ્રિટનમાં થયેલી નાગરિકોની જાનહાનિ કરતાં વિશેષ હતી ! હેમ્બર્ગની દક્ષિણ-પશ્ચિમે ડોર્ટમન્ડ નામના શહેરમાં પાકા બાંધકામનાં ૫૦,૦૦૦ મકાનો હતાં. બ્રિટિશ-અમેરિકી વિમાનોના ભીષણ બોમ્બમારાએ ફક્ત ત્રણ મહિનામાં ૪૭,૫૦૦ મકાનોને જમીનદોસ્ત કરી દીધાં. બર્લિન, ડસેલ્ડોર્ફ, બ્રેમેન, ફ્રેન્કફર્ટ અને ડોર્ટમન્ડ પણ શહેરો તરીકે ઓળખાવાને લાયક ન રહ્યાં. હવાઈ આક્રમણોમાં જે લોકો નસીબજોગે બચી ગયા અને નિરાશ્રિત પણ થયા તેમણે વિમાનોની ઊડ્ડયન રેન્જની બહાર નીકળી જવા છેક પૂર્વના ઐતિહાસિક નગર ડ્રેસ્ડેનમાં આશરો લીધો. ફેબ્રુઆરી ૧૩, ૧૯૪૫ ના દિવસે એ નગરનો વસ્તીઆંક ૧૨,૦૦,૦૦૦ સુધી પહોંચી ગયો, જે તેની સ્થાયી આબાદી કરતાં બમણો હતો. આ તારીખ પણ ઇતિહાસના દૃષ્ટિબિન્દુએ મહત્ત્વની હતી, કેમ કે સાડા છ મહિના બાદ જાપાનના હિરોશિમા અને નાગાસાકી શહેરોમાં બે અણુબોમ્બે કરેલી માનવખુવારી પણ ડ્રેસ્ડેનનો 'કીર્તિમાન' તોડી શકવાની ન હતી--અને છતાં યુદ્ધોનો ઇતિહાસ લખનારા પશ્ચિમી તવારીખકારો ડ્રેસ્ડેનની આપવીતીને યાદ કરવાના કે કરાવવાના ન હતા. ફેબ્રુઆરી ૧૩, ૧૯૪૫ ની રાત્રે ૧૦:૧૫ ના સમયે ઍર માર્શલ આર્થર 'બોમ્બર' હેરિસનાં વિમાનોનું પ્રથમ ધાડું ડ્રેસ્ડેનના આકાશમાં પહોંચ્યું. લેન્કેસ્ટર પ્રકારનાં તોતિંગ વિમાનો કુલ મળીને ૨૪૪ હતાં. આ નગરને શોભાવતી લગભગ ૧,૦૦૦ વર્ષ જૂની અને કલાત્મક બાંધણીની ઇમારતો પર ઓચિંતા સેંકડો ફાયર બોમ્બ વરસ્યા. સેંકડો નહિ, હજારો વરસ્યા--અને જૂજ મિનિટો પછી બીજાં ૫૨૯ લેન્કેસ્ટર આવ્યાં ત્યારે તો અગ્નિવર્ષાનું તાંડવ મચ્યું. વિમાનોએ બધું મળીને ૬,૫૦,૦૦૦ ફાયર બોમ્બ ફેંક્યા. ઘણાં ખરાં જૂનવાણી મકાનોના બાંધકામમાં પચાસથી પાંસઠ ટકા લાકડું વપરાયું હતું. આખું નગર ભડકે બળવા લાગ્યું. નાગરિકો માટે ભાગવાનો માર્ગ ક્યાંય ન રહ્યો, કેમ કે ચારેકોર અગનજ્વાળા ભભૂકતી હતી. સ્ત્રી-પુરુષો અને બાળકો તેમાં હોમાતાં ગયાં. ઉત્તર જર્મનીના આકાશમાં ત્યારે ૩૨૫ કિલોમીટર છેટે ઊડી રહેલાં બ્રિટિશ વિમાનોના પાયલટો ડ્રેસ્ડેનના ભડકાને દેખી શકતા હતા! આ તરફ ડ્રેસ્ડેનના લાલઘૂમ આકાશમાં છેલ્લા વિહંગાવલોકન માટે ઊડતા વિમાનના




◆ બ્રિટિશ-અમેરિકી બોમ્બવર્ષામાં જર્મનીના ઘણાંખરાં શહેરો ખંડિયેરમાં ફેરવાયા હતા

પાયલટે કોકપિટમાં અસહ્ય ગરમી વરતાતી હોવાની ફરિયાદ કરી!

ફરિયાદ તો ડ્રેસ્ડેનનાં નિર્દોષ સ્ત્રી-પુરુષો અને બાળકોએ કરવી જોઇએ, કારણ કે દરેક ફાયર બોમ્બના વિસ્ફોટસ્થળે તેમને ૧,૦૦૦° સેલ્શિયસનું તાપમાન વરતાતું હતું. એ વાત જુદી છે કે ઘણા ખરા લોકો ફરિયાદ કરવા માટે જીવિત ન હતા. બ્રિટિશ તથા અમેરિકન તવારીખકારોના રીપોર્ટ પ્રમાણે ડ્રેસ્ડેનમાં ૧,૩૫,૦૦૦ લોકો માર્યા ગયા હતા અને ૯૦,૦૦૦ મકાનો નગરવ્યાપી દાવાનળમાં સળગીને રાખ થયાં હતાં. મકાનોની ખુવારી જો નેવું હજાર જેટલી હોય તો માનવખુવારીનો ફિગર ખોટો ઠરે, કેમ કે ડ્રેસ્ડેનનાં મકાનોમાં તેમનાં છએક લાખ મૂળ રહીશો ઉપરાંત પરગામના છએક લાખ બીજા નિરાશ્રિતોએ આશરો લીધો હતો. લાકડું ૨૫૦° સેલ્શિયસના ટેમ્પ્રેચરે બળીને રાખ થાય અને સીસાનો ગઠ્ઠો ૩૨૭° સેલ્શિયસે પીગળી જાય, તો ૧,૦૦૦° સેલ્શિયસના ઉષ્ણતામાન વચ્ચે હાડમાંસનો માણસ કેમ બચે ? આ શયતાની કૃત્ય માટે ઍર માર્શલ આર્થર 'બોમ્બર' હેરિસ વ્યક્તિગત રીતે જવાબદાર હતો, છતાં વાયુસેનાપતિના હોદ્દા પર તેને ચાલુ રાખવામાં આવ્યો.


ટોલ બૉય

નૈતિકને બદલે ફક્ત વ્યૂહાત્મક દૃષ્ટિએ વિચારો તો બ્રિટનથી સેંકડો કિલોમીટર છેટેના ડ્રેસ્ડેન પર એકસામટાં ૭૭૩ લેન્કેસ્ટર વિમાનોએ બેધડક હુમલો કર્યો એ બ્રિટન-અમેરિકાની હવાઇ તાકાતનો પુરાવો હતો. જર્મન વાયુસેનાપતિ હેરમાન ગોરિંગનાં ન વિમાનો તેમને રોકી શક્યાં કે ન વિમાનવિરોધી તોપોનો પ્રતિકાર તેમને નડ્યો, કારણ કે બાજી હવે પલટાવા માંડી હતી. નાઝી સૈન્યોને મળતું ઔદ્યોગિક પીઠબળ ઉપરાઉપરી થતાં હવાઇ આક્રમણોને લીધે ભાંગી રહ્યું હતું. બ્રિટનની 'ધ ડેમ બસ્ટર્સ' તરીકે પંકાયેલી લેન્કેસ્ટર વિમાનોની જ ટુકડીએ જર્મનીના ઔદ્યોગિક વિસ્તાર રૂહરની નદી પરનો બંધ તોડી નાખ્યો ત્યારે નદીનું પાણી કોલસાની ખાણોમાં ભરાતાં ક્રુપ નામની વિખ્યાત શસ્ત્રફેક્ટરીને પાણી અને કોલસો બેયના પુરવઠા મળતા બંધ થયા હતા. આમ છતાં ભારે તોપોનું, ટેન્કોનું અને V-1, V-2 પ્રકારનાં રોકેટોનું ઉત્પાદન જેમ તેમ કરીને ચાલુ રાખવામાં આવ્યું હતું. એક 'ગ્રાન્ડ સ્લામ' બોમ્બ છેવટે એ ફેક્ટરી પર વરસ્યો અને ઉત્પાદન હંમેશ માટે બંધ પડ્યું. રૂહર વિસ્તારમાં પાણીની અને કોલસાની ખેંચને લીધે પોલાદનું ઉત્પાદન પણ સાવ ઘટી જવા પામ્યું. ૧૯૪૧ માં જર્મનીએ ૨૦ કરોડ ટન પોલાદ બનાવ્યું હતું, જ્યારે ૧૯૪૪ માં તેના પચ્ચીસ ટકા જેટલું પણ નહિ અને પછી ૧૯૪૫ માં એક ટકો પણ નહિ ! એકમાત્ર પોલાદે જર્મની માટે હારજીતનો ફેંસલો નક્કી કરવામાં શો રોલ ભજવ્યો તેનું એક જ દૃષ્ટાંત જુઓ : પશ્ચિમમાં ફ્રાન્સથી, બેલ્જિયમથી અને નેધરલેન્ડથી આવી રહેલાં બ્રિટિશ-અમેરિકી સૈન્યોના અને પૂર્વમાં વાયા પોલેન્ડ અને ચેકોસ્લોવેકિયા આવી રહેલા રશિયન સૈન્યના હુમલાનો પ્રતિકાર કરી શકતી ભારે તોપો અને રણગાડીઓ જર્મની પાસે હતી, પરંતુ તેમને યુદ્ધમોરચા સુધી પહોંચાડવા માટે સાજીસમી રેલ્વેલાઇન ન હતી. હવાઇ બોમ્બમારામાં પાટા નુકસાન પામ્યા હતા, એટલે નવા પાટાની જરૂર હતી. પાટા બનાવવા પોલાદ જોઇએ. રહ્યાં સહ્યાં કારખાનાં પોલાદ બનાવી શકે તેમ હતાં, પરંતુ એ માટે તેમને કાચું લોખંડ અને કોલસો પહોંચાડી શકે એવી હેમખેમ જળવાયેલી રેલ્વેલાઇન ન હતી. લાઇનને દુરસ્ત કરવા પાટાની આવશ્યકતા હતી.


ગ્રાન્ડ સ્લામ

પોલાદ જેવું જ બીજું દુષ્ચક્ર પેટ્રોલિયમનું હતું. ઉત્તર આફ્રિકામાં તેલસમૃદ્ધ દેશો અલ્જિરિયા, મોરોક્કો, લિબિયા અને ટ્યુનિશિયા પર જર્મનીનો કબજો રહ્યો ન હતો. ફિલ્ડ-માર્શલ રોમેલ ત્યાંના બેટલ ઑફ અલ અલામીનમાં પરાજિત થયા પછી એ દેશો પર બ્રિટન-અમેરિકાનું પ્રભુત્વ હતું. વિપુલ તેલભંડારો ધરાવતા પૂર્વ યુરોપી દેશ રૂમેનિયા (રોમાનિયા) પણ રશિયનોના હાથમાં ગયો હતો. હિટલરને પેટ્રોલિયમની કારમી ખેંચ પડવા લાગી, એટલે તેણે કોલસામાંથી સિન્થેટિક પેટ્રોલ અને ડીઝલ બનાવવાનો ઊચ્ચ ટેક્નોલોજિનો પ્રોજેક્ટ શરૂ કરાવ્યો હતો. આ જાતના બળતણનું ઉત્પાદન કરતી ખાસ ફેક્ટરીઓ પણ જાન્યુઆરી, ૧૯૪૪ પછી સ્થાપવામાં આવી હતી. એક ફેક્ટરી લિપઝિગ શહેર પાસે હતી. હવાઇ આક્રમણ સામે તેને રક્ષણ આપવા માટે આસપાસનાં વિમાનમથકો પર લગભગ ૧,૦૦૦ ફાઇટર વિમાનો તૈનાત હતાં. વિમાનવિરોધી તોપો ૪૫૦ હતી. હવાઇ આક્રમણ વખતે ધૂમાડો પેદા કરી તેની ઓથે ફેક્ટરીને ઢાંકી દેતાં રાસાયણિક-કમ-યાંત્રિક સાધનો પણ હતાં. આ ફેક્ટરી જર્મન સૈન્યની ૧૨ બખ્તરિયા ડિવિઝનોને ત્રણ મહિના સુધી ચાલે એટલું સિન્થેટિક પેટ્રોલિયમ દરરોજ બનાવતી હતી, માટે બ્રિટિશ તથા અમેરિકન વિમાનોએ તેના પર

વારાફરતી ૨૧ વખત હુમલા કર્યા અને છેવટે તેનો નાશ કરીને જંપ્યાં. સિન્થેટિક પેટ્રોલિયમનું ઉત્પાદન કરતી બીજી જર્મન ૬ ફેક્ટરીઓ પણ બોમ્બમારામાં નાનું-મોટું નુકસાન પામી. મહિને દહાડે ૧,૬૦,૦૦૦ ટન જેટલું સિન્થેટિક પેટ્રોલિયમ વાપરી નાખતી જર્મન વાયુસેના માટે રેશનિંગ દાખલ કરવાનો વખત આવ્યો. હવાઇ સુરક્ષાનો મોરચો તેને લીધે કમજોર પડ્યો અને જર્મન આકાશમાં ચડી આવતાં દુશ્મન વિમાનો ભયમુક્ત બની ઍટેક પર ઍટેક કરવા લાગ્યાં--અને જ્યારે તેમણે બોલ-બેરિંગના સૌથી મોટા કારખાનાનો સફાયો કરી નાખ્યો ત્યારે જર્મનીનાં ઔદ્યોગિક ચક્રો લગભગ સ્થગિત બન્યાં. વિશ્વવિગ્રહમાં જર્મનીને પડેલો એ કદાચ સૌથી ગંભીર ફટકો હતો. વિમાનનાં પ્રોપેલર, રણગાડીનાં પૈડાં, V-1 અને V-2 રોકેટોની દિશાસુધારક સર્વો મોટર, સબમરિનના જાયરોસ્કૉપ અને સેલ્ફ-પ્રોપેલ્ડ તોપોના ગીઅર બૉક્સ સહિત બધા પૂરજા અને યંત્રો બોલબેરિંગ વિના વ્યર્થ હતાં. થોડા વખત પછી જર્મનીનું શસ્ત્રબળ આંકડાકીય રીતે હજી પ્રભાવિત કરે તેવું હતું, પરંતુ કાર્યાત્મક ભૂમિકા અદા કરી શકે તેવાં શસ્ત્રોની સંખ્યા તે આંકડાની સરખામણીએ ક્યાંય ઓછી હતી. દા. ત. માર્શલ ઝુકોવના રશિયન લશ્કરે પૂર્વ સરહદ પાસે ૧૨૫ જર્મન રણગાડીઓને જોયા પછી તેની સામે તોપમારો ચલાવ્યો અને સામો પ્રતિકારાત્મક જવાબ ન મળ્યો ત્યારે ફાયરિંગ રોકી દેવામાં આવ્યું. રણગાડીઓ સુધી પહોંચ્યા બાદ ખબર પડી કે બળતણ ખૂટી જતાં તેમને જર્મનોએ ત્યાં જ તજી દીધી હતી.


♦ રશિયન ફોજનો સેનાપતિ માર્શલ ઝુકોવ.

વિદ્યુતવેગી આક્રમણની તદ્દન નવી યુદ્ધનીતિ જેણે શોધી કાઢી અને તેવા આક્રમણ માટે વપરાતો જર્મન શબ્દ blitzkrieg જેણે વિશ્વભરના યુદ્ધનિષ્ણાતો પાસે વિના કહે ગોખાવડાવ્યો એ સેનાપતિ હિટલરનું જર્મની આટલી ખરાબ દશામાં કેમ આવી પડ્યું ? ઉત્તર આફ્રિકા, રશિયા, ઇટાલિ, ફ્રાન્સ અને બીજા દેશોના મોરચે તેણે વ્યૂહાત્મક ભૂલો કરી એ સાચું, પણ તે પોતાના દેશને અડગ ન રાખી શક્યો એમાં બધો વાંક તેનો ન હતો. બ્રિટન-અમેરિકાએ ઘડી કાઢેલી સ્ટ્રેટેજિક બોમ્બમારાની નવી યુદ્ધનીતિ જર્મનીના લશ્કરી પતન માટે વધુ જવાબદાર નીવડી હતી. વિશ્વયુદ્ધનાં પ્રથમ ત્રણ વર્ષો દરમ્યાન બેઉ પક્ષનાં વિમાનોએ ટેક્ટિકલ/tactical એટલે કે મોરચાલક્ષી બોમ્બમારા કર્યા હતા. લડાઇ ચાલતી હોય એ મોરચે શત્રુ સૈન્યને હવાઇ ઍટેકનું નિશાન બનાવવામાં આવ્યું હતું અને દરેક મોરચે એવા હુમલા કરવાના થતા હતા. આ કામ શત્રુએ પોતાની ભેંસને રોજેરોજ દોહીને જે તાંબડી ભરી હોય તેને રોજેરોજ ઠોકર મારી દૂધ ઢોળી નાખવા જેવું હતું. ધ્યેય એ કે શત્રુને દૂધ પીવા મળે નહિ અને તે શક્તિમાન થાય નહિ. બ્રિટન-અમેરિકાનાં વિમાનોએ નવી યુદ્ધનીતિ પ્રમાણે tactical ને બદલે strategic/સ્ટ્રેટેજિક અર્થાત્ વ્યૂહાત્મક બોમ્બમારા કર્યા. લડાઇના મોરચે બળપ્રદર્શન કરતા શત્રુ સૈન્યને નહિ, પણ એ સૈન્ય માટે શસ્ત્રો તથા સરંજામ બનાવતાં ઔદ્યોગિક સંકુલો પર લાખો ટન બોમ્બ ફટકાર્યા. આ કામ રોજેરોજ દૂધની તાંબડી ભરતા શત્રુની ભેંસને મારી નાખવા જેવું હતું.

♦

એપ્રિલ ૨૦, ૧૯૪૫. નાઝી જર્મનીના અંતનો આરંભ થયાનો દિવસ, જે યોગાનુયોગે હિટલરનો જન્મદિવસ પણ હતો. બર્લિનમાં તેના વહીવટી મકાનની ૧૫.૨૫ મીટર નીચે 'ફ્યુરર બન્કર' કહેવાતા ભૂગર્ભમથકમાં હવાઇદળનો સેનાપતિ હેરમાન ગોરિંગ, આલ્બર્ટ સ્પીઅર, જાસૂસી વિભાગનો નિયામક હાઇનરિશ હિમલર, લશ્કરી આયોજનનો સૂત્રધાર કર્નલ-જનરલ આલ્ફ્રેડ જૉડલ, પ્રચારમંત્રી પૉલ ગોબેલ્સ, રાજકીય ચાણક્ય માર્ટિન બોરમાન અને નાઝી પક્ષના કેટલાક વરિષ્ઠ સભ્યો એકઠા થયા હતા. હિટલરનો જન્મદિન હોવા છતાં વાતાવરણમાં ઉલ્લાસ ન હતો. ગંભીરતા અને ગમગીની હતી. પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાનું હતું. ફિલ્ડ-માર્શલ વિલ્હેમ કિટેલે દરેક મોરચાની પરિસ્થિતિનો તાજો અહેવાલ વાંચી સંભળાવ્યો. કિટેલ જર્મન હાઇ કમાન્ડનો મુખ્ય સેનાપતિ હતો, માટે જર્મનીનો તે યુદ્ધમંત્રી પણ હતો. હિટલરને ટાઇમ બોમ્બ વડે મારી નાખવાનું ષડ્યંત્ર ઘડવા બદલ સાચી યા ખોટી રીતે દોષિત ઠરેલા ત્રીસેક જણાને મોતની સજા તેણે આપી હતી. રોમેલ પણ તેની નિષ્ઠુરતાનો ભોગ બન્યો હતો.

'આપણે બધી તરફથી ઘેરાયા છીએ. શું કરવું તે હવે વિચારી લેવું જોઇએ.' કિટેલે એવો પ્રસ્તાવ મૂક્યો કે જેના વિશે હવે વિચારવાનો સમય કે મતલબ પણ ન હતો. 'દુશ્મન સૈન્યોને રોકવાં મુશ્કેલ છે.'

'હું માનતો નથી.' હિટલરનો જુસ્સો હજી યથાવત હતો. 'રશિયનોને તેમનો સૌથી ખરાબ પરાજય આપણે બર્લિનના સીમાડે આપીશું ! બ્રિટિશ કે અમેરિકન લશ્કરનું પણ બર્લિનમાં પ્રવેશવાનું ગજું નથી.'

હિટલરની વાત હવાઇદળના વડા હેરમાન ગોરિંગને માનવા જેવી

♦ હિટલરના નાઝી હવાઇદળ લુફ્ટવાફેનો વડો સેનાપતિ હેરમાન ગોરિંગ.



ન લાગી, છતાં તેના મતે જર્મની માટે બાજી સાવ બગડી ન હતી. હિટલરને તેણે થોડા કિલોમીટર છેટે આવેલા પહાડી લશ્કરી મથકે જતા રહી ત્યાંથી યુદ્ધનું સંચાલન કરવાની સલાહ આપી.



'હું જાણું છું કે તમે શું કહેવા માગો છો!' હિટલર બોલ્યો. 'હકીકતમાં તમારે સલામત જગ્યાએ જતા રહેવું છે--તો જાવ, તમને હું મુક્ત કરું છું !'

ગોરિંગ પાસે જવાબ ન હતો. હિટલરનું વધુ ફટકે એ પહેલાં તેણે અદબપૂર્વક 'હેઇલ હિટલર!' કહીને વિદાય લીધી. બખ્તરબંધ મર્સિડિઝમાં બેસીને તે પોતાની લશ્કરી મોટરોના કાફલા સાથે બાવેરિયાના મનોહર જંગલવિસ્તાર તરફ હંકારી ગયો.

'એક વાત ધ્યાનથી સાંભળો !' હિટલરે શસ્ત્રખાતાના પ્રધાન આલ્બર્ટ સ્પીઅર સામે જોતા કહ્યું. 'જર્મન પ્રજા દુશ્મનો સામે ઝૂકી પડે તો હું માનું છું કે તેને જર્મની માટે ગર્વ લેવાનો અધિકાર નથી. પ્રજામાં નૈતિક બળ નથી, એટલે સમૃદ્ધ જર્મનીને તે લાયક નથી. જો એવું થાય તો તમારે દેશના બધાં પુલો, કારખાનાં, નહેરો, બંધો અને બંદરોનો નાશ કરવાનો છે. આ મારો હુકમ છે.'

આલ્બર્ટ સ્પીઅર ચોંકી ઊઠ્યો. હિટલરની દેશદાઝ વધુ પડતી હતી. દુશ્મનોને બર્લિનમાં પ્રવેશતા રોકવા માટે દરેક સશસ્ત્ર સૈનિક જ નહિ, દરેક શસ્ત્રહીન નાગરિક પણ લડે અને મરી ફીટે એવી તે અપેક્ષા રાખતો હતો. પરંતુ યુદ્ધનાં પોણા પાંચ વર્ષ દરમ્યાન નાગરિકો દેશ માટે ઘણું વેઠી ચૂક્યા હતા. લાખો જણા મોતને પણ ભેટ્યા હતા. સ્પીઅરે નક્કી કર્યું કે ગમે તે થાય, પણ હિટલરના ફરમાનનો અમલ કરવો નહિ અને થવા પણ દેવો નહિ.

ભૂગર્ભમથકમાં દરરોજ મિટિંગો યોજાતી રહી અને દરરોજ વધુ માઠા સમાચારો આવતા રહ્યા. બે દિવસ પછી ખબર મળ્યા કે રશિયાના માર્શલ ઝુકોવનું સૈન્ય બર્લિનના સીમાડે આવી પહોંચ્યું હતું. રણગાડીઓ પાટનગરને ચોતરફ ઘેરો નાખી રહી હતી.



The Philadelphia Inquirer
STAR EDITION

HITLER DEAD

Killed Fighting in Berlin; Doenitz Rules

'મારે હવે મર્યા સિવાય કંઇ બીજું કરવાનું રહેતું નથી.' હિટલરે પોતાનો આખરી ફેંસલો સંભળાવ્યો. હાઇનરિશ હિમલર, વિલ્હેમ કિટેલ તથા આલ્ફ્રેડ જૉડલ સહિત બધા સેનાપતિઓ મોજૂદ હતા. 'મારે અહીં જ મરવું છે. તમે સૌ પોતપોતાની મરજી પડે ત્યાં જઇ શકો છો. ગોરિંગને જણાવો કે બ્રિટન અને અમેરિકાના પ્રતિનિધિઓ સાથે તે યુદ્ધવિરામની વાટાઘાટો શરૂ કરી દે.'

ગોરિંગને સંદેશો મોકલાયો કે તરત હિટલરને તેનો પ્રત્યુત્તર આવ્યો : 'ફ્યુરર, તમારો નિર્ણય મેં જાણ્યો. નવા સંજોગોમાં હું જર્મનીનો નેતા બનું તો તમને વાંધો છે ? તમારો જવાબ આજે રાત્રે દસ વાગ્યા સુધીમાં નહિ મળે તો તમારી મંજૂરી છે એવું હું માનીશ.'

ગોરિંગને વળતો જવાબ પણ તરત પહોંચ્યો --અને તે એવે સમયે કે જ્યારે તે જનરલ આઇઝનહોવર સાથે વાટાઘાટો કરવા વિમાનમાર્ગે જવાની તૈયારી કરતો હતો. હિટલરના જવાબે તેની યોજના ઊંધી વાળી દીધી :

'ગોરિંગ, તમારી હરકત જોતાં મારે તમને મોતની સજા ફરમાવવી જોઇએ, છતાં સ્વેચ્છાએ ત્યાગપત્ર આપી દો તો તમને માફ કરી શકાય તેમ છે. નહિતર હું યોગ્ય પગલાં લઇશ.'

બાવેરિયા પ્રાન્તના રમણીય પહાડી વિસ્તારના બંગલામાં ૧,૦૦૦ અંગરક્ષકો વચ્ચે પોતાને સુરક્ષિત માનતો વાયુસેનાપતિ હેરમાન ગોરિંગ ટૂંક સમય પછી એ જ અંગરક્ષકોનો કેદી બન્યો. હિટલરના આદેશ પ્રમાણે ગુપ્તચર ખાતાના નિયામક હાઇનરિશ હિમલરે બાવેરિયાની સ્થાનિક લશ્કરી ટુકડી મોકલી તેને નજરકેદ કરાવ્યો. વાયુસેનાપતિનો હોદ્દો, ખિતાબો અને માનચાંદ, પ્રશસ્તિપત્રો, માર્શલનો હીરાજડિત નકશીદાર બેટન વગેરે બધું છીનવી લેવામાં આવ્યું. દેખીતી રીતે હિટલર જીવતાજીવત સત્તાની લગામ બીજાને સોંપવા માગતો ન હતો. ગોરિંગ કે બીજો અફસર લગામને સેરવી લેવાનો પ્રયાસ કરે એ પણ તેના માટે અસહ્ય હતું. એપ્રિલ ૨૯, ૧૯૪૫ ના દિવસે તેના ભૂગર્ભમથકની બહાર રશિયન ટેન્કોના અને તોપોના ગોળા ફાટવા માંડ્યા અને જીવનનો અંત લાવવાનો સમય પાક્યો ત્યારે હિટલરે પોતાનું વારસનામું સેક્રેટરીને લખાવ્યું. એડમિરલ કાર્લ ડોનિટ્ઝને તેણે પોતાનો સત્તાવારસ નીમ્યો.

બીજે દિવસે સવારે હિટલર તેના ૨૬ સેનાપતિઓને અલવિદા કહેવા માટે વારાફરતી મળ્યો. હાથ મિલાવ્યા. જર્મનીનું ભાવિ ઉજ્જવળ હોવાની સૌને ખાતરી આપી. 'હેઇલ હિટલર !'ના કર્ણપ્રિય પોકારો ઝીલ્યા અને ત્યાર બાદ પત્ની ઇવા બ્રાઉન સાથે અંદરના રૂમમાં જતો રહ્યો. દરવાજો વાસી દીધો. રૂમની બહાર ઊભેલા માર્ટિન બોરમાન, આલ્બર્ટ સ્પીઅર અને પૉલ ગોબેલ્સે થોડી મિનિટોમાં પિસ્તોલના ધડાકાનો અવાજ સાંભળ્યો.

એપ્રિલ ૩૦, ૧૯૪૫ ની એ તારીખ હતી. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયાને ૨,૦૬૫ દિવસો પૂરા થયા હતા--અને યુદ્ધના વસમા પરિણામનો રેલો આખરે પાટનગર બર્લિન સુધી આવી પહોંચ્યો હતો. રેલો નહિ, અક્ષૌહિણી સૈન્યોની રેલ આવી હતી. બે દિવસ પછી બર્લિનના પૂર્વ વિસ્તાર પર રશિયન સૈન્ય ફરી વળ્યું. ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ વિસ્તારોને અનુક્રમે ફ્રેન્ચ, બ્રિટિશ તથા અમેરિકન સૈનિકોએ કબજે લીધા. બર્લિનની ફરતેનો ૧,૦૮,૨૦૦ ચોરસ કિલોમીટર જેટલો વિશાળ પ્રદેશ વળી રશિયનોએ હસ્તગત કર્યો,

જે વખત જતાં સામ્યવાદી પૂર્વ જર્મની તરીકે ઓળખાવાનો હતો. ટૂંકમાં, જર્મની બે ભાગે વહેંચાવાનું હતું.

મે ૭, ૧૯૪૫ ના રોજ મધરાત પછી ૨:૪૧ વાગ્યે એડમિરલ કાર્લ ડોનિટ્ઝની કામચલાઉ જર્મન સરકારના લશ્કરી પ્રતિનિધિ તરીકે કર્નલ-જનરલ આલ્ફ્રેડ જૉડલે બિનશરતી શરણાગતિના દસ્તાવેજ પર સહી કરી. અમેરિકા, બ્રિટન અને તેમના મિત્રદેશો વતી અમેરિકન ફૌજી અફસર લેફ્ટનન્ટ-જનરલ વૉલ્ટર સ્મિથે દસ્તાવેજ પર શેરો માર્યો. ઇતિહાસના સૌથી લોહિયાળ અને સંહારક યુદ્ધની સમાપ્તિ લાવતો એ દસ્તાવેજ પણ ઐતિહાસિક ગણાય, છતાં તેના પર દસ્તખત કરનાર સામસામા પક્ષના બન્ને અફસરોનાં નામો લગભગ અજાણ્યાં હતાં.

બીજા વિશ્વયુદ્ધે જર્મનીના ૩૨,૫૦,૦૦૦ સૈનિકોનો અને ૩૮,૧૦,૦૦૦ નાગરિકોનો ભોગ લીધો. આર્થિક નુકસાન બેહિસાબ હતું, છતાં ડૉલરમાં તેનો આંકડો ૩૦,૦૦૦ કરોડ અંદાજવામાં આવ્યો. જર્મનીનાં ૨૮ મોટાં શહેરો સંપૂર્ણ રીતે નાશ પામ્યાં હતાં અને રેલ્વેલાઇન, પુલો, રસ્તા, બંધો, વિદ્યુતમથકો, કારખાનાં, ટેલિફોનતંત્ર વગેરેમાં ગણાતી રાષ્ટ્રીય સંપત્તિનો વિનાશ ૮૬% જેટલો હતો. વિજેતા દેશોએ જર્મનીના બે ટુકડા કરી નાખ્યા હતા, જે પૈકી રશિયન કબજાનો પૂર્વ ટુકડો પિસ્તાલીસ વર્ષ સુધી (ઑક્ટોબર ૩, ૧૯૯૦ સુધી) એ મહાસત્તાની સામ્યવાદી એડી નીચે પરાધીન રહેવાનો હતો. મારણ પર બેઠેલા ચાર સિંહોની જેમ પાટનગર બર્લિનને ચાર વિજેતા દેશોએ વહેંચી ખાધું હતું. વિજેતા દેશોના હાથે જર્મનીએ અપમાનનો હજી તો વધુ એક ઘૂંટડો પીવાનો બાકી હતો : હિટલરના નાઝી સેનાપતિઓને તથા નાઝી પક્ષના કાર્યકરોને તેમના યુદ્ધગુનાઓ/war crimes બદલ સજા આપવાની તૈયારીઓ થતી હતી. અદાલતી ખટલાનો તખ્તો ગોઠવાયો હતો--અને તે પણ બર્લિન, મ્યુનિક, હેનોવર, ફ્રેન્કફર્ટ, સ્ટટગાર્ટ કે હેમ્બર્ગ જેવા અગ્રગણ્ય શહેરને બદલે નરેમ્બર્ગ નામના એ જ શહેરમાં કે જ્યાં વર્ષો પહેલાં નાઝી પક્ષ સ્થપાયો હતો ! શહેરની પસંદગી વિજેતા દેશોના કિન્નાખોર વલણની અને ખોરી દાનતની પ્રથમ સાબિતી હતી.

◆

નવેમ્બર ૨૦, ૧૯૪૫ ના દિવસે 'પેલેસ ઑફ જસ્ટિસ' એવા શંકાસ્પદ નામે ઓળખાતી નરેમ્બર્ગની અદાલતમાં ૨૧ મુખ્ય આરોપીઓ પર મુકદ્દમો શરૂ થયો. અદાલતનું નામ એટલા માટે શંકાસ્પદ માનવું પડે કે ન્યાયાધીશો ફરિયાદી પક્ષોના હતા, આરોપો સાચા પુરવાર થાય એ હેતુસર યુદ્ધગુનાને લગતો નવો કાયદો ઘડી કઢાયો હતો અને જજમેન્ટ અપાયા બાદ કથિત અપરાધીઓને નરેમ્બર્ગ કોર્ટના ફેંસલા સામે અપીલ કરવાની છૂટ ન હતી. ટૂંકમાં, મુકદમાનું ફક્ત નાટક ભજવવાનું હતું --અને તે નાટકનો આંખે દેખ્યો અહેવાલ લેવા પશ્ચિમી રાષ્ટ્રોના ૨૫૦ પત્રકારો અદાલતમાં મોજૂદ હતા. આ સૌએ પહેલી વખત હિટલરના દરબારી રત્નોને નજરે દીઠા.

સૌથી પ્રભાવશાળી વ્યક્તિત્વ હેરમાન ગોરિંગનું હતું. અંજામ ખબર હોવા છતાં હજી તેની ખુમારી અકબંધ હતી. સુનાવણીના પ્રથમ દિવસે કાન પર ઇઅરફોન ચડાવી તેણે અમેરિકન સરકારના વકીલ જસ્ટિસ રોબર્ટ જેક્સનની દલીલો સાંભળ્યા બાદ કહ્યું : 'આ માણસ લવારા કરે છે. અમે જર્મની માટે લડ્યા, તો એમાં ગુનો શો કર્યો? મને એકાદ સૈનિક એવો દેખાડો કે જે પોતાના દેશ માટે લડ્યો નથી !'

બીજો આરોપી જનરલ રૂડોલ્ફ હેસ અદાલતી કાર્યવાહી વખતે પુસ્તક વાંચી રહ્યો હતો. આ કેસમાં તેને દિલચસ્પી હોય એમ જણાતું ન હતું. આમેય તે અસ્થિર મગજનો ગણાતો હતો, કેમ કે ૧૯૪૧ માં યુદ્ધકાળ વખતે બ્રિટન સાથે શાંતિની વાટાઘાટો કરવા જાતે વિમાન ઊડાડી તે ઇંગ્લિશ ખાડીની પાર ગયો હતો અને ત્યાં પેરેશૂટ વડે કૂદી પડ્યો હતો. રૂડોલ્ફ હેસના રહસ્યમય પ્રવાસે જર્મનોને તો ઠીક, અંગ્રેજોને



◆ ૯ નરેમ્બર્ગ ટ્રાયલ : નાઝી અફસરો તથા કાર્યકરો (પાછલી બે હરોળમાં બેઠેલા) વિરુદ્ધ તેમના યુદ્ધગુના બદલ ચાલેલો એવો ખટલો કે જેનો ચૂકાદો વિજેતા દેશોએ પહેલેથી નક્કી રાખ્યો હતો.

પણ ચોંકાવી દીધા હતા. બ્રિટિશ સરકારે તેની જોડે વાટાઘાટો ન કરી, બલકે કારાવાસમાં પૂરી દીધો. ૧૯૪૧ પછી હેસની જિંદગીનાં ૪૬ વર્ષો કારાવાસમાં જ વીતવાનાં હતાં.

ત્રીજો આરોપી હિટલરનો ઉત્તરાધિકારી અને જર્મન નૌકાદળની સબમરિન શાખાનો સેનાપતિ એડમિરલ કાર્લ ડોનિટ્ઝ હતો. નૌકાદળના મુખ્ય સેનાપતિ ગ્રાન્ડ એડમિરલ એરિક રીડરને, કર્નલ-જનરલ આલ્ફ્રેડ જૉડલને, શસ્ત્રખાતાના મંત્રી આલ્બર્ટ સ્પીઅરને, ફિલ્ડ-માર્શલ વિલ્હેમ કિટેલને તેમજ યહૂદીઓના જલ્લાદ તરીકે નામચીન બનેલા નાઝી સરદાર જુલિઅસ સ્ટ્રેઇકરને પણ તહોમતદારોના લિસ્ટમાં સામેલ કરાયા હતા. નાઝી પક્ષનો નેતા આલ્ફ્રેડ રોઝેનબર્ગ, હિટલરશાસિત પોલેન્ડનો ગવર્નર-જનરલ હાન્સ ફ્રેન્ક, જર્મનીનો વિદેશમંત્રી જોઆકિમ રિબેનટ્રોપ અને ગૃહમંત્રી વિલ્હેમ ફ્રિક બીજા અભિયુક્તો હતા. ત્રણ જણાના માથે 'ગંભીર' ઇલજામો હોવા છતાં અદાલતમાં તેમની મોજૂદગી ન હતી. એક તો જગતભરમાં નામાંકિત અને નામચીન પણ બનેલો હાઇનરિશ

હિમલર, જે વેશપલટો કરીને ભાગી છૂટવામાં સફળ થયો હોવા છતાં તેને ઓળખી કઢાયો હતો. હિમલરે દાંત વચ્ચે ભરાવેલી સાઈનાઈડની કેપ્સુલ ત્યારે ચાવી ખાધી હતી. રોબર્ટ લી નામના બીજા નાઝી સરદારે ધરપકડ બાદ જેલના બાથરૂમની છત નીચે લટકી ફાંસો ખાધો હતો. ત્રીજો આરોપી માર્ટિન બોરમાન છેલ્લી ઘડી સુધી હિટલર સાથે તેના ભૂગર્ભમથકમાં હતો, પણ ત્યાર પછી ઓચિંતો છટકીને ક્યાં ગયો એ અકળ રહસ્ય હતું.

નરેમ્બર્ગનો કેસ ૨૧૮ દિવસ સુધી ચાલ્યો. ન્યાયધીશોએ જે ચૂકાદો લખ્યો તે અત્યંત લાંબો હતો. કેસના અભિયુક્તોને તે વાંચી સંભળાવવામાં સપ્ટેમ્બર ૩૦, ૧૯૪૬ અને ઑક્ટોબર ૧, ૧૯૪૬ એમ બે દિવસો લાગી ગયા. વાયુસેનાપતિ હેરમાન ગોરિંગ, ફિલ્ડ-માર્શલ વિલ્હેમ કિટેલ, નાઝી પક્ષના નેતા આલ્ફ્રેડ રોઝેનબર્ગ, પોલેન્ડના ગવર્નર-જનરલ હાન્સ ફ્રેન્ક અને વિદેશમંત્રી જોઆકિમ રિબેનટ્રોપ સહિત ૧૨ જણાને ફાંસીની સજા મળી. નૌકાદળનો ગ્રાન્ડ એડમિરલ એરિક રીડર અને જનરલ રૂડોલ્ફ હેસ જન્મટીપની સજા પામ્યા. બાકીના ગુનાગારો પૈકી શસ્ત્રમંત્રી આલ્બર્ટ સ્પીઅરને ૨૦ વર્ષની, એડમિરલ કાર્લ ડોનિટ્ઝને ૧૦ વર્ષની સજા મળી. ત્રણ જણા બેકસૂર પૂરવાર થયા. નરેમ્બર્ગ કેસમાં પોતાને કેમ આરોપી તરીકે સામેલ કરાયા એ વાતનું ત્રણેયને આશ્ચર્ય હતું. નિષ્પક્ષ રીતે ન્યાય તોળાયાની છાપ ઉપસાવવા અમુક તહોમતદારોને નિર્દોષ ઠરાવવા પડે એટલા માટે તેમનો ઉપયોગ કરાયો હતો?

ઐતિહાસિક ગણાયેલા નરેમ્બર્ગ કેસે આવા ઘણા સવાલો પેદા કર્યા. વિજેતા દેશોનાં અખબારો, રેડિઓ, ટેલિવિઝન અને પુસ્તકોએ તેમના વિશેની ચર્ચા પ્રયત્નપૂર્વક ટાળી. વખત જતાં એ સવાલોને ભૂલી જવામાં આવ્યા, છતાં અહીં તેમને ટાંક્યા વિના બીજા વિશ્વયુદ્ધની કથાને પૂરો ન્યાય મળે તેમ નથી.

યુદ્ધગુના/war crimes એટલે શું ? દુનિયાના કોઈ પણ દેશની એકેય કાયદાપોથીમાં યુદ્ધના ગુના વિશે ઉલ્લેખ સુદ્ધાં ન હતો. આંતરરાષ્ટ્રીય ધોરણે બધા દેશોને લાગુ પડતી war crimes ને લગતી કશી આચારસંહિતા પણ ન હતી. વિજેતા દેશો જો કે પરાજિત જર્મનીના નાઝી આગેવાનોને મારી નાખી અથવા લાંબી જેલસજા આપી તે દેશમાં નવી (પોતાને માફક આવતી) નેતાગીરી ખડી કરવા માગતા હતા, એટલે તેમણે યુદ્ધગુનાનો કાયદો ગોરિંગ એન્ડ કંપનીને અપરાધી સાબિત કરે એવી કલમો સાથે ઘડી કાઢ્યો! રહી રહીને એ કાયદો ઘડાયાની તારીખ ઑગસ્ટ ૮, ૧૯૪૫ હતી અને જર્મની તેના ત્રણ મહિના અગાઉ મે ૭, ૧૯૪૫ ના દિવસે હારી ચૂક્યું હતું.

■ હિટલરના જર્મનીએ સપ્ટેમ્બર ૨, ૧૯૩૯ ના દિવસે પોલેન્ડ પર આક્રમણ કર્યું એ તેનો અને તેના સેનાપતિઓનો war crime સાબિત થયો, તો એ જ મહિને સ્તાલિનના રશિયાએ સપ્ટેમ્બર ૩૦, ૧૯૩૯ ના દિવસે વિના કારણે ફિનલેન્ડ પર હુમલો કરી તેનો ૪૫,૭૦૦ ચોરસ કિલોમીટર જેટલો પ્રદેશ આંચકી યુદ્ધને વિશ્વયુદ્ધ બનાવવામાં ફાળો આપ્યો તે પગલું war crime કેમ નહિ?

■ વિશ્વયુદ્ધની શરૂઆતમાં જર્મની અને રશિયા વચ્ચે ગાઢ મૈત્રી હતી. હિટલરે અને સ્તાલિને પોલેન્ડનું અસ્તિત્વ મિટાવી તેના પ્રદેશને બે ભાગે વહેંચી પોતપોતાના દેશમાં ભેળવી દેવા માટે ગુપ્ત સમજૂતી કરી હતી. આ સમજૂતીના દસ્તાવેજની નાઝી સરકાર પાસેની નકલને જ્યારે ગોરિંગ અને બીજા નાઝી તહોમતદારોના વકીલે નરેમ્બર્ગની અદાલતમાં રજૂ કરી ત્યારે ન્યાયાધીશોએ તેને પુરાવા તરીકે સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો. હિટલર-સ્તાલિનની મિલિભગત જગજાહેર હતી. ફોરેન્સિક તપાસ કરાયા પછી સમજૂતીનો દસ્તાવેજ પણ સાચો જણાયો હતો, છતાં અદાલતે તેને રદિયો કેમ આપ્યો? કેમ કે ન આપ્યો હોત તો યુદ્ધગુના બદલ સ્તાલિન પર મુકદમો ચલાવવો પડે તેમ હતો!

■ હિટલરના સેનાપતિઓ યહૂદી પ્રજાનો સંહાર કર્યાના ગુનાસર દોષિત હતા, તો ડ્રેસ્ડેનનો જલ્લાદ ઍર માર્શલ આર્થર 'બોમ્બર' હેરિસ વ્યક્તિગત રીતે દરેક નાઝી કરતાં વધુ નિર્દોષોની કતલ માટે જવાબદાર હતો. હેરિસ પર તેનાં શયતાની કૃત્યો બદલ કાનૂની પગલાં લેવાની જરૂર હતી, છતાં બ્રિટિશ સરકારે તેને ૧૯૫૩ માં બેરોનેટના શાહી ખિતાબ વડે નવાજ્યો ! અમેરિકાએ હિરોશિમા અને નાગાસાકીના નિર્દોષ લોકોને બે અણુબોમ્બ વડે ભૂંજી નાખ્યા એ પણ શું જેવો તેવો યુદ્ધગુનો હતો ?

■ વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મનીના ઉદ્યોગપતિ ગુસ્તાવ ક્રૂપની જગવિખ્યાત (૧૮૪૪ માં સ્થપાયેલી અને હજી અસ્તિત્વ ધરાવતી) કંપની જર્મન સૈન્યો માટે શસ્ત્રોનું ઉત્પાદન કરતી હતી. વિજેતા દેશો ગુસ્તાવ ક્રૂપને લાંબી જેલસજા આપવા માગતા હતા, પણ ૭૮ વર્ષનો ક્રૂપ વયોવૃદ્ધ થયો હતો અને હવે યાદદાસ્ત પણ ગુમાવી બેઠો હતો. આથી તેના પુત્રને નરેમ્બર્ગની અદાલતમાં ખડો કરાયો અને ન્યાયાધીશોએ તેને પિતાની અવેજીમાં કારાવાસ ભોગવવા મોકલી આપ્યો ! બાપની દાઝ બેટા પર ઊતારી--અને તે પણ ન્યાય તોળ્યાના નામે! ન્યાયનો એ વળી કેવો પ્રકાર ?

■ હેરમાન ગોરિંગ સહિત બધા નાઝી સેનાપતિઓએ પોતાના બચાવમાં એમ કહ્યું કે, 'અમે ફક્ત લશ્કરી અમલદારો હતા. ઉપરી અધિકારીના તેમજ સરકારના હુકમોનો અમલ કરવો તે અમારી ફરજ હતી.' આ બચાવને નકારી કાઢનાર વિજેતા દેશોએ પોતાનાં સૈન્યો માટે military manual માં એટલે કે લશ્કરી કાનૂનની કિતાબમાં શું લખ્યું હતું ? એ જ કે ઉપરી કમાન્ડના હુકમનું ઉલ્લંઘન કરનાર સૈનિકને લશ્કરમાંથી કોર્ટ માર્શલ કરવામાં આવશે; હુકમ અનુચિત હોય અને તેને અમલમાં મૂકવા જતાં ગુનો થાય તો એ ગુનો લેખાશે નહિ. આ લશ્કરી કાયદાનો લાભ જર્મનીના નાઝી અફસરોને તેમજ સેનાપતિઓને કેમ આપવામાં ન આવ્યો ?

ફાંસી માંચડે લટકવાનું અપમાન સહેવા ન માગતા હેરમાન ગોરિંગે કારાવાસમાં સાઈનાઈડની કેપ્સુલ ચાવી જતા પહેલાં નરેમ્બર્ગની અદાલતને જે ટકોર કરી એમાં તે પ્રશ્નનો જવાબ મળી રહે છે. હેરમાન ગોરિંગના જર્મન ભાષાના વાક્યનો તરજુમો આમ હતો :

'The victor will always be the judge, the vanquished the accused--વિજેતા હંમેશા ન્યાયાધીશ હોય અને પરાજિત હંમેશા આરોપી.'

માનવજાતની સમગ્ર યુદ્ધ તવારીખનો ટૂંકસાર એ ટૂંકા વાક્યમાં આવી જતો હતો.■

યુરેનસ બુક્સ તથા મૌર્ય મીડિયાનાં બેનમૂન અને બેસ્ટ-સેલર પ્રકાશનો

નરમાંસ આરોગીને મોત સામે ઝઝૂમેલા બહાદુરોની રોમાંચક સત્યકથા



એક જ બેઠકે વાંચી જવા મજબૂર કરે તેવી થ્રિલરકથાનો અનુભવ કરાવતી કલમનું નામ છે--

વિજયગુપ્ત મૌર્ય

સંપાદન : નગેન્દ્ર વિજય

કુલ પાનાં : ૯૬ કિંમત : ₹૫૦/-

પળે પળે ઉત્તેજના, સસ્પેન્સ અને રોમાંચ જગાડતી જાસૂસી થ્રિલરકથા



મોસાદ એ ઇઝરાયેલની જાસૂસી સંસ્થાનું નામ છે, જેના ગુપ્તચરોની જાસૂસી-કથાઓમાં તેમના બુદ્ધિચાતુર્ય, દેશપ્રેમ, નીડરતા વગેરે જેવા સદ્‌ગુણોનો પરચો મળે છે. આ જાસૂસી સંસ્થાએ અપનાવેલું અને પ્રેક્ટિકલ રીતે અલમમાં પણ મૂકેલું ગોલ્ડન સૂત્ર છે : દુશ્મનના હાથે ઊંઘતા ન ઝડપાવું હોય તો દુશ્મનને જ ઊંઘતો ઝડપી લો !

લેખક : નગેન્દ્ર વિજય

કુલ પાનાં : ૧૦૪ કિંમત : ₹૫૦/-



જગતના સૌથી ઊંચા અને સૌથી વિષમ યુદ્ધક્ષેત્રની રૂબરૂ મુલાકાતના સફરનામાનું દળદાર પુસ્તક

આ પુસ્તક જગતની સૌથી ઊંચી યુદ્ધભૂમિ સિઆચેનનું વ્યૂહાત્મક વિશ્લેષણ છે તેમ એક એવી પ્રવાસ-કમ-સાહસકથા છે કે જેના હિરો ભારતીય ખુફીદળના શેરદિલ સીમાપ્રહરીઓ છે

લેખક : હર્ષલ પુષ્કર્ણા

કુલ પાનાં : ૨૩૨ (તમામ પાનાં રંગીન)

કિંમત : ₹450


અંગ્રેજી ભાષા શીખવતા ગુજરાતી પુસ્તકની વ્યાખ્યા નવેસરથી આંકતું પુસ્તક...


અનેક લોકોને અંગ્રેજી શીખવું અઘરું યા માથાકૂટિયું જણાય છે.


અંગ્રેજી ભાષા સાચે જ અઘરી છે?

બિલકુલ નહિ--અને **નગેન્દ્ર વિજય** જ્યારે પોતાની અનોખી શૈલીમાં અંગ્રેજી શીખવે ત્યારે તો મુદ્દલે નહિ.

કુલ પાનાં : ૨૨૪ કિંમત : ₹૩૦૦/-










પ્રથમ તેમજ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ખેલાયેલા અપ્રતીમ સાહસોની સત્યકથાઓ

લેખક : નગેન્દ્ર વિજય

દરેક ભાગનાં કુલ પાનાં : ૮૮

દરેક ભાગની કિંમત : ₹૫૦/-



વીસમી સદીના ઈતિહાસને બદલી નાખનાર પચાસ અજોડ સત્યઘટનાઓ

વિતેલી સદીમાં કયો બનાવ ક્યારે, શી રીતે અને શા માટે બન્યો તેનું રેડી-રેફરન્સ જેવું સંસ્કરણ

સંપાદક : હર્ષલ પુષ્કર્ણા

કુલ પાનાં : ૮૮ કિંમત : ₹૫૦/-



ઈતિહાસનાં સૌથી અજાણ્યાં પાસાં પહેલી વખત રજૂ કરતો સ્પેશ્યલ અંક...

કુલ પાનાં : ૯૬

કિંમત : ₹૫૦/-

આજે જ આપના ફેરિયા પાસે ઉપરોક્ત પ્રકાશનો માગો અથવા નજીકના બૂકસ્ટોલ પરથી ખરીદી લો અથવા guj.safari-india.com પરથી ઓનલાઇન ખરીદો.